Barcode : 99999990811545
Title - Mathuradhish Prabhunu Mangal Prayan
Author -
Language - gujarati
Pages - 212
Publication Year - 0
Barcode EAN.UCC-13



गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराईट विभाग]
अनुक्रमांक ૮૦૮-૮ वर्गांक
पुस्तकनुं नाम મધુરાધરામૃતકુંજગામૃથાજી
विषय પરચૂરણ [illegible]

॥ શ્રીકૃષ્ણઃ ॥

શ્રીમન્મથુરાધીશ પ્રભુની

મંગલયાત્રા

શ્રીકોટાવાળા શ્રીમન્મથુરાધીશ પ્રભુનું શ્રીકોટાથી શ્રીજીદ્વાર,
શ્રીકાંકરોલી, શ્રીવ્રજ વિગેરે સ્થલે પધારવું, ત્યાં બિરાજી
થયેલા મનોરથો, માર્ગના મુકામો વિગેરેનું તથા શ્રી
મહાપ્રભુજીથી આરંભી શ્રીરણછોડલાલજી મહારાજ
અને તેઓશ્રીના લાલજી શ્રીજીવનલાલજી સુધીનાં
શ્રીકોટાની ગાદી ઉપર બિરાજેલાં શ્રીગોસ્વામિ
બાલકોનાં ટૂંક જીવનચરિત્ર ઇત્યાદિનું
અલૌકિક આનંદપ્રદ
સંક્ષિપ્ત વર્ણન.

ઉત્તેજક.	લેખક અને પ્રકાશક.
શ્રીયુત ભગવદ્ધર્મપરાયણ	વલ્લભદાસ મગનલાલ શુક્લ.
રા. રા. શેઠ ગિરિધરલાલ (મણીલાલ)	(માતરવાળા.)
હરીલાલ. અમદાવાદ.	મેસર્સ. શુક્લ બ્રધર્સ.
(શેઠ. હરિવલ્લભ મૂલચંદવાળા)	મુંબાઈ નં૦ ૨
(પરી. ઝવેરચંદ લક્ષ્મીચંદ. વડોદરા.)	

પ્રથમાવૃત્તિ—પ્ર૦ ૫૦૦.

વિક્રમ સમ્વત ૧૯૭૪. ઈ૦ સ૦ ૧૯૧૮.

ન્યોછાવર (મૂલ્ય) રૂ. ૧-૦-૦ પોષ્ટેજ ૦-૪-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૮૫૫૮

(સર્વ હક્ક પ્રકાશકે પોતાને સ્વાધીન રાખેલા છે.)

શ્રી 'સત્યવિજય' પ્રિન્ટિંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરિલાલે છાપી.

ઠે. પાંચકુવા નવા દરવાજા—**અમદાવાદ.**

श्री रणछोडलालजी महाराज.

श्री कोटा.
जन्म संवत १९०७ पोष शुद ७.

[illegible] undari.

॥ श्रीवल्लभः ॥

પ્રસ્તાવના

" **निजेच्छातः करिष्यति** " એ સિદ્ધાન્તાનુસાર શ્રીપ્રભુ આનંદનિધિ પરમકૃપાલુની નિજેચ્છા પ્રમાણેજ, જે વખતે જે જેવું બનવાનું હોય છે તે વખતે તે તેવુંજ બને છે; એ નિર્વિવાદ સપ્રમાણ અનુભવસિદ્ધ સત્યજ છે.

આ એક મંગલયાત્રાના નાના પુસ્તકને પ્રસિદ્ધ કરવા માટે વિશેષત્વરા અને પૂર્ણકાળજી હોવા છતાં, વિચારોની અમુક ફેરફારી તેમજ આવી પડતાં અમુક ખાસ કારણોથી, યદ્યપિ વિશેષ સમય વ્યતીત થયો છે; તથાપિ જેમ સમય લંબાતો ગયો તેમ કંઈને કંઈ નવીન વિશેષ વધારો પ્રાપ્ત થતો ગયો હોવાથી, શ્રીપ્રભુકૃપાથી ઘણા લાંબા વિલમ્બે લગભગ દશ વર્ષે પણ, પ્રસિદ્ધ થવાનો આ શુભ પ્રસંગ પ્રાપ્ત થવાથી પરમસંતોષ અને અત્યાનંદજ પ્રાપ્ત થાય છે.

આ મંગલયાત્રામાં શ્રીકોટામાં બિરાજતા શ્રીમન્મથુરાધીશ પ્રભુનું શ્રીકોટાથી શ્રીજીદ્વાર, શ્રીકાંકરોલી, અને શ્રીવ્રજનાં કેટલાંએક સ્થલોએ પધારવું, ત્યાં બિરાજવું તથા તે સ્થલોએ તે વખતે થયેલા મનોરથોનો આનંદ તેમજ શ્રીવ્રજથી શ્રીકોટા પાછું પધારવું, દરેક વખતે માર્ગમાં થયેલા મુકામો વિગેરેનું સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવેલું છે. સાથે ઉપોદ્ઘાતમાં શ્રીમહાપ્રભુજીથી શ્રીરણછોડલાલજી તથા તેઓશ્રીના લાલજી શ્રીજીવનલાલજી મહારાજ સુધીના વંશવર્ણનરૂપથી ટૂંક જીવનચરિત્ર પણ સંગ્રહ કરેલાં છે; જે વૈષ્ણવ વર્ગને વધુ આનંદદાયી અને ઉપયોગી થવા સંભવ છે.

શ્રીમન્મથુરાધીશ પ્રભુ જ્યારે શ્રીકોટાથી શ્રીજીદ્વાર પધાર્યા ત્યારે શ્રીપ્રભુની કૃપાથી આ સેવક પણ દર્શનાભિલાષાથી શ્રી....

ચરણ સન્નિધિમાં શ્રીજીદ્વાર ઉપસ્થિત થયેલો, જેથી તે વખતના પ્રાપ્ત થતા અલૌકિકાનંદથી આકર્ષાઇનેજ, આ મંગલયાત્રા સંબંધી મંગલ સમાચાર વિદેશમાં વૈષ્ણવબંધુઓના આનંદને માટે પ્રસિદ્ધ કરવા એકાએક પ્રેરણા થવાથી નિત્યપ્રતિના આનંદની સાધારણ નોંધ યથામતિ લખવાનો પ્રારંભ કર્યો અને તેમાંનો કેટલોએક ભાગ તેજ વખતમાં "શ્રીવૈષ્ણવ ધર્મ પ્રકાશ" "શ્રીવૈષ્ણવોદય માર્ત્તંડ" વિગેરે સામ્પ્રદાયિક માસિકો તેમજ બીજા એક બે હિન્દી સમાચાર પત્રો વિગેરેમાં પ્રકાશ પણ કરવામાં આવ્યો હતો; પરંતુ પૂર્ણ વર્ણન પ્રકાશ નહીં થવાથી તેમજ પૃથક્ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થવાથી વૈષ્ણવવર્ગને વધુ આનંદપ્રદ અને ઉપયોગી થઇ પડવાનો સંભવ જણાવાથી, રા. રા. ભગવદ્ધર્મપરાયણ શ્રીપ્રભુનાકૃપાપાત્ર ઉત્તેજક સદ્‌ગૃહસ્થ મહાશયજીના અનુમોદનથી, પુસ્તકરૂપે પ્રકાશ કરવાનો આ શુભ સમય પ્રાપ્ત થયો છે.

આ પુસ્તકમાં કેટલીએક પ્રાચીન વિશેષ હકીકત તથા શ્રી રણછોડલાલજી મહારાજશ્રીના જીવનચરિત્ર સંબંધમાં એક જોઈતો વધારો સંગ્રહ કરવા વિચાર થયેલો, અને તે પ્રમાણે તે સંબંધી બનતી યોજના કરવા પ્રબંધ પણ કરેલો; પરંતુ કેટલાંએક કારણોથી યોગ્ય પ્રયત્ન કરવા છતાં, જોઈતી હકીકત પ્રાપ્ત ન થવાથી અને તેમાં કેટલાંએક વિઘ્નો જણાયાથી, શ્રીપ્રભુઇચ્છાદ્વારા આ પ્રાપ્ત થયેલા સંગ્રહથીજ સંતોષ માની શ્રીભગવદ્ગુણાનુવાદરૂપ આ મંગલયાત્રાનું પુસ્તક સુજ્ઞ વૈષ્ણવવૃંદના આનંદને માટે પ્રકાશ કરવા નિમિત્તરૂપ થવાથી હું પોતાનું અહોભાગ્ય માનું છું.

શ્રીજીદ્વાર, વ્રજ વિગેરે સ્થલે, સમય ઉપર શ્રી....સન્નિધિમાં ઉપસ્થિત થઈ, શ્રીપ્રભુના અલૌકિકાનંદ લાભથી આનંદિત થયેલા ભગવદ્ ભક્તો પુનઃ પુનઃ તે આનંદનું સ્મરણ કરી શ્રીભગવલ્લીલા ગુણાનુવાદમાં મગ્ન થાય, અને તે શુભસમય ઉપર અનુપસ્થિત

ભગવદીયસમાજને તે અલૌકિક મનોરથોના આનંદનું કંઇક શબ્દોદ્વારા સુખ પ્રાપ્ત થાય, એવા શુભ હેતુથી જ આ પુસ્તકરૂપે શ્રીપ્રભુલીલાના આનંદના વર્ણનનો પ્રયત્ન આદરવામાં આવેલો હોવાથી, આશા છે કે વૈષ્ણવબંધુગણ યોગ્ય આદરદ્વારા શ્રીભગવલ્લીલાગુણાનુવાદનો આનંદ પ્રાપ્તકરી આ પ્રયત્નને સાર્થક કરશે.

ઉપોદ્ઘાતનો લેખ ઝાલાવડ છાવણી (રાજપુતાના) નિવાસી ભટ્ટ જીવનલાલજી તરફથી પ્રસિદ્ધ થયેલા “ સદ્ધર્મ ચંદ્રોદય ” (હિન્દી–વ્રજભાષા) પુસ્તકના આશય ઉપરથી કેટલાએક સુધારા વધારા સાથે લખવામાં આવેલો છે. આ “સદ્ધર્મ ચદ્રોદય” નું પુસ્તક પણ શ્રીપ્રભુની મંગલયાત્રાના ઉપોદ્ઘાતરૂપ લેખ નિમિત્તેજ લખવામાં આવ્યું હોય એમ તેમાંના છેવટના લખાણ ઉપરથી અનુમાન થાય છે; પરંતુ હજુ સુધી તે લખાણમાં જણાવ્યા પ્રમાણે શ્રીપ્રભુના મંગલપ્રયાણથી આરંભી આગળનો લેખ પ્રસિદ્ધ થયેલો જણાતો નથી. શ્રવણ કરવામાં આવેલું છે કે જલદી પ્રસિદ્ધ કરવાની યોજના ચાલે છે. આ ઉત્સાહને માટે શ્રીયુત જીવનલાલજીને ધન્યવાદ ઘટે છે; અને અત્રે તેઓનો આભાર પણ માનવો યોગ્યજ છે.

આ લેખના સંગ્રહમાં, શ્રીપ્રભુ શ્રીજીદ્વાર બિરાજતા હતા અને તે વખતમાં જે મનોરથો થયા હતા, તે મનોરથો વિગેરેના આનંદની જોઈતી નોંધ લેવા માટેની યોગ્ય અનુકૂલતા કરી આપવાને વખતો વખત મને જે ઉત્તમ સહાયતા આપેલી તે માટે શ્રીમાન્ ટિકેત મહારાજ શ્રીગોવર્ધનલાલજીના શ્રીવિદ્યાવિભાગના પ્રમુખ અધ્યક્ષ શ્રીયુત શાસ્ત્રીજી રવિશર્મા (રવજીભાઇ) મહાશયજીનો અને માર્ગના મુકામોની તથા બીજી કેટલીએક ખાસ નોંધ લખાવી, મારા વિચારને ઉત્તેજીત કરી અનુમોદન આપવા માટે, ભગવદીય સદ્ધર્મપરાયણ શ્રીયુત રા. શેઠ ગિરિધરલાલ (મણીલાલ) હરીલાલ (શેઠ હરિવલ્લભ મૂલચંદવાળા

અમદાવાદ) તથા તેઓ મહાશયજીના પુત્ર રા. શેઠ ચીમનલાલભાઇ (રાજ્યરત્ન–વડોદરા–શેઠ ઝવેરચંદ લક્ષ્મીચંદવાળા–ધી બરોડા સ્પી૦ એન્ડ વી૦ મી૦ એજ૦) અને રા. પોપટલાલભાઈ, (બાલાભાઈ) રા. ત્રીકમલાલભાઈ વિગેરેનો તથા આ લેખને (મેટરને) પ્રથમ તપાસી જોઇતા સુધારા વધારાની યોગ્ય સલાહ આપવા લીધેલા પરિશ્રમ માટે શ્રીવલ્લભાધીશ ચરણમકરંદ લુબ્ધ શ્રીયુત્ ભગવત્સેવાપરાયણ પરમભગવદીય રા. રા. માસ્તર મનમોહનદાસ દલપતરામ દલાલ બી. એ. નો તેમજ કેટલીએક જોઇતી હકીકત માટે રા. રા. ઉત્તેજક મહાશયજીના પત્રોનો, બનતી તજવીજ કરી પોતાના ઉત્તમ સમયમાંથી અવકાશ કાઢી પ્રત્યુત્તર આપવા, લીધેલા પરિશ્રમ માટે શ્રીમન્મથુરાધીશ પ્રભુના મુખ્ય સેવાકર્ત્તા વિદ્વદ્વર્ય શ્રીયુત્ મુખીયાજી પંડિત ગોકુલદાસશર્મા વિગેરે સજ્જનોનો ધન્યવાદ સહ આભાર માનવો અત્ર આવશ્યક હોવાથી, હું શુદ્ધાન્તઃકરણદ્વારા તેઓ સર્વેનો આભાર માનું છું. અન્ય પણ જે સ્નેહી ભગવદીય સજ્જનોએ આ કાર્યમાં યોગ્ય સલાહ કે સહાયતા આપેલી છે તેમનો સર્વેનો પણ ધન્યવાદ સહ આભાર માનું છું.

શ્રીભગવલ્લીલાગુણાનુવાદ આ પુસ્તકને લખવા માટે મારા જેવા અલ્પજ્ઞ અવિદ્યાગ્રસિત પામરજીવની લેખિની, જો કે બિલકુલ અયોગ્ય જ છે, તથાપિ શ્રીપ્રભુના અલૌકિકાનંદને અંગે આકર્ષાઈને શ્રીપ્રભુની ઇચ્છા અને કૃપાથી આ જે કંઈ સાહસ કરેલું છે, તેમાં જણાતી ત્રુટિઓને સુધારીને સુજ્ઞ ભગવદીયજન આદર યોગ્ય બનાવી પોતાની ઉદારતા પ્રદર્શિત કરશે એવી આશા છે; અને પોતાના અનુભવ પ્રમાણેનો યોગ્ય સુધારો અથવા વિશેષ વધારો કૃપા કરીને જણાવવા પરિશ્રમ લેશે કે જેથી આગળ નવીનઆવૃત્તિના સંભવ વખતે ઉપયોગી હોવાથી યોગ્ય સ્થલે દાખલ થઇ શકશે.

પ્રેસમાં પ્રકાશ થતી વખતે પ્રુફ સુધારવા વિગેરેમાં બનતી

કાળજી રાખવા છતાં પણ વિદેશના વ્યવસાયને લીધે અને અસ્વસ્થ પ્રકૃતિ તથા પ્લેગ, ઇન્ફ્લ્યુએન્ઝા વિગેરેના ઉપદ્રવના કારણે, તેમજ તેવાંજ બીજાં કેટલાંએક કારણોથી પ્રમાદ થવાનો સંભવ જરૂર બન્યો હશે, જેથી તે તરફ પણ વૈષ્ણવ વર્ગને દરગુજર કરી સુધારીને વાંચવાની ભલામણ સાથે વિજ્ઞપ્તિ કરૂં છું કે શ્રીભગવલ્લીલાગુણાનુવાદ રહસ્યને વિચારી તે આનંદનો આદર કરશો.

આ લેખ માત્ર શ્રીપ્રભુલીલાગુણાનુવાદરૂપ જ હોવાથી તેમજ શ્રીપ્રભુની ઇચ્છા અને કૃપાદ્વારાજ સંકલિત થયેલો હોવાથી સપ્રેમ. સાષ્ટાંગ પ્રણામ પૂર્વક લીલાવિશિષ્ટ રસાત્મક આનંદ મૂર્ત્તિ શ્રીપ્રભુનેજ સમર્પણ કરી આનંદ માનું છું; અને સદા આવા શુભપ્રસંગો પ્રાપ્ત કરાવી અલૌકિકાનંદનું દાન કરવા પ્રાર્થના કરતો અત્રેથીજ વિરમુંછું. શુભમિત્યલમ્.

આશ્વિન શુકલા ૧૦ સં. ૧૯૭૪
ચંદ્રવાર—(વિજયાદશમી)
બખતગઢ (માલવા)

ભગવદીયજન કૃપાભિલાષી
શુકલ.

અનુક્રમણિકા.

ઉપોદ્ઘાત.

વિષય.		અંક.
શ્રીમહાપ્રભુજીનું જીવનચરિત્ર.		૧
શ્રીગુસાંઇજીનું ” ”		૧૪
શ્રીગિરિધરજીનું ” ”		૧૮
શ્રીગોપીનાથજીનું ” ”		૧૯
શ્રીવલ્લભજીનું ” ”	(ઉપનામ શ્રીપ્રભુજી)	૨૦
શ્રીરણછોડલાલજીનું ” ”		”
શ્રીગિરિધરજીનું ” ”		”
શ્રીગોપીનાથજીનું ” ”		૨૧
શ્રીપ્રભુજીનું ” ”	(ઉપનામ શ્રીવલ્લભજી)	”
શ્રીગિરિધરજીનું ” ”		”
શ્રીગોવિંદજીનું ” ”		”
શ્રીપ્રભુજીનું ” ”		૨૨
શ્રીકન્હૈયાલાલજીનું. ” ”		”
વંશાવલીનોક્રમ		૨૪
શ્રીજીવનજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીવલ્લભજીનું જી૦ ચ૦		૨૫
શ્રીવહુજીબેટીજી પ્રભૃતિનું જી૦ ચ૦		૨૬

શ્રીરણછોડલાલજીનું જીવનચરિત્ર.

પ્રાકટ્ય માટે આજ્ઞા	૨૮
પ્રાકટ્ય	૩૦
બાલચરિત્ર	૩૧
યજ્ઞોપવીત અને શાસ્ત્રાધ્યયન	૩૪
વિદ્વત્તાનો પરિચય	”
વિવાહ અને કુટુમ્બ	૩૬
શ્રીછપ્પનભોગમનોરથ	”
યાત્રા, દેશાટન, અને અન્યચરિત્ર	૩૮
દિનચર્યા (નિત્યક્રમ)	૪૫
લૌકિકની વિરક્તતા	૪૭
અલૌકિક સ્વરૂપાનુભવ	૪૮

વિષય. અંક.

ગુણવર્ણનનાં કવિત્ત ૫૧

શ્રીજીવનલાલજીનું જીવનચરિત્ર ૫૩

મંગલયાત્રા માટે આજ્ઞા ૬૦

નિત્યલીલામાં પધારવું ૬૨

મંગલયાત્રા.

પ્રકરણ ૧ લું.

શ્રીપ્રભુની ઇચ્છા અને શુભસમય ૧

મંગલપ્રયાણની તૈયારી અને વિજય ૨

પ્રકરણ ૨ જું.

શ્રીપ્રભુનું મંગલપ્રયાણ અને માર્ગના મુકામોનું વર્ણન ૬

પ્રકરણ ૩ જું.

માર્ગના આનંદનું સંક્ષિપ્ત વર્ણન ૧૫

રથ અને અન્ય વ્યવસ્થા ૧૭

સદ્‌ગૃહસ્થભક્તોની સેવા અને શ્રીપ્રભુની કૃપા ૧૮

પ્રકરણ ૪ થું.

દીપમાલિકા (હટડી) નો ઉત્સવ ૨૨

અન્નકૂટોત્સવ ,,

પ્રકરણ ૫ મું.

શ્રીમથુરેશપ્રભુનું શ્રીકાંકરોલી પધારવું ૨૬

ટિકેત મહારાજશ્રી અને અન્ય ગોસ્વામિબાલકોનું પધારવું ૨૭

મહારાણાજી ઉદયપુરનું પધારવું અને હટડીનો મનોરથ ,,

શ્રીમથુરેશપ્રભુનું પાછું શ્રીજીદ્વાર પધારવું ૨૯

પ્રકરણ ૬ ઠું.

શ્રીદ્વારકાધીશપ્રભુનું શ્રીજીદ્વાર પધારવું ૩૧

શ્રીછપ્પનભોગનો ઉત્સવ અને મહારાણાજીનો ભક્તિભાવ ૩૨

પ્રકરણ ૭ મું.

શ્રીરણછોડલાલજી મહારાજ તરફનો છપ્પનભોગ ૩૭

પ્રકરણ ૮ મું.

ફાલ્ગુનાનંદના મનોરથો ૪૨

દોલોત્સવ ૪૬

ગુલાબની ફૂલમંડલીઓ ૪૭

વિષય. અંક.

પ્રકરણ ૯ મું.

લાલબાગમાં થયેલા મનોરથો

શ્રીમન્નવનીત પ્રિય પ્રભુનું લાલબાગમાં પધારવું ૪૯
નંદમહોત્સવનો મનોરથ ૫૧
દાનએકાદશી અને સાંઝીનો મનોરથ ૫૨
શ્રીગુસાંઇજીના ઉત્સવનો તથા હટડીનો મનોરથ ૫૪
વસંત તથા દોલોત્સવનો મનોરથ ૫૫
રથયાત્રા તથા હિંદોલાનો મનોરથ ૫૭
અક્ષયતૃતીયા અને શરદનો મનોરથ ૫૮
ચંદનના સિંહાસન ઉપર બિરાજવાનો મનોરથ ૬૦
ગુલાબના બંગલાનો મનોરથ ૬૧
વસ્ત્રહરણલીલાનો મનોરથ ૬૨
પ્રબોધિનીનો મનોરથ ૬૩
કાચના હિંદોલાનો મનોરથ ૬૪
શ્રીદ્વારકાધીશ પ્રભુનું શ્રીકાંકરોલીથી શ્રીજીદ્વાર પધારવું ૬૫
શ્રીદ્વારકાધીશ પ્રભુના શ્રીજીદ્વારના મંદિરમાં ચાંદીના બંગલામાં ત્રણે સ્વરૂપો સાથે બિરાજવાનો મનોરથ ૬૬

લાલબાગમાં છપ્પન ભોગનો મનોરથ

શ્રીવિઠ્ઠલેશ પ્રભુનું બાગમાં પધારવું ૬૯
શ્રીમથુરાધીશ અને શ્રીદ્વારકાધીશ પ્રભુનું બાગમાં પધારવું ૭૧
શ્રીપ્રભુ સ્વરૂપોનું નગરમાં પાછું પધારવું ૭૬
શ્રીનવનીતપ્રિય પ્રભુનું નગરમાં પાછું પધારવું ૭૭

પ્રકરણ ૧૦ મું.

પાંચ સ્વરૂપ સાથે બિરાજવાનો મનોરથ ૭૯

પ્રકરણ ૧૧ મું.

ટિકેત મહારાજશ્રી તરફની વ્યવસ્થા અને મનોરથોત્સાહ ૮૩

પ્રકરણ ૧૨ મું.

શ્રીછપ્પનભોગના મહાપ્રસાદની વ્યવસ્થા ૮૮

પ્રકરણ ૧૩ મું.

શ્રીમથુરેશપ્રભુનું શ્રીજીદ્વારથી વ્રજ પધારવું

મંગલપ્રયાણ ૯૧

વિષય. અંક.
માર્ગના મુકામો ૯૨
માર્ગનો આનંદ અને અન્ય વ્યવસ્થા ૧૦૨

પ્રકરણ ૧૪ મું.

શ્રીમથુરેશ પ્રભુનું વ્રજમાં બિરાજવું અને મનોરથો ૧૦૫
શ્રીગિરિરાજમાં ફૂંટવારો અને અન્નકૂટ ૧૧૧
શ્રીગોવિંદસ્વામીજીની કદમખંડીમાં હરિયાલીનો ઉત્સવ ૧૧૩
શ્રીમાનસીગંગા ઉપર લાલઘટાનો મનોરથ „
શ્રીચંદ્રસરોવર ઉપર શ્વેતઘટાનો મનોરથ ૧૧૪
શ્રીગુલાલકુંડ ઉપર કેશરીઘટાનો મનોરથ „

પ્રકરણ ૧૫ મું.

શ્રીકોટા પાછા પધારવાની તૈયારી ૧૧૬
શ્રીપ્રભુનો વિજય અને મંગલ પ્રયાણ ૧૧૭
માર્ગના મુકામોનું વર્ણન ૧૧૮
શ્રીપ્રભુનું શ્રીકોટા પહોચવું અને નિજમંદિરમાં બિરાજવું ૧૨૨
શ્રીપ્રભુના પધારવાથી થયેલો આનંદ ૧૨૩



જન્મ,
૧૯૧૨ના
વદ ૧૨.

ગીરધરલાલ હરીલાલ, અમદાવાદ.

ni Art, Bombay

શ્રીયુત ભગવદ્ધર્મપરાયણ શેઠ ગિરિધરલાલ ભાઇનો જન્મ સં. ૧૯૧૨ ના ચૈત્રકૃષ્ણ ૧૨ ને દિવસે થયોછે. પોતે સ્વભાવે શાન્ત, પેમાળ અને મિલનસારછે. વ્યાપારમાં બહુ કુશલ છે. બુદ્ધિ પણ તીવ્ર છે. ધર્મમાં ઉત્તમ પ્રકારની દઢતા ધરાવનારા પૂર્ણ શ્રદ્ધાવાળા છે.

અમદાવાદની "માણેકલાલ હરીલાલ મીલ" (જે પ્રથમ "ત્રીકમલાલ-હરીલાલ મીલ"ના નામથી ઓળખાતી હતી.) ના પ્રથમના ભાગીદારોને જુદા કરતી વખતે તેમની વિચારશક્તિ, વ્યાપારી બુદ્ધિ, અને હીમ્મત વિગેરેની તેમના બીજા ભાગીદારોએ બહુજ પ્રસંશા કરી હતી. ઈ. સ. ૧૯૦૫ માં વડોદરાની "શ્રીમંત સરકારની મીલ" તેમણે પોતાની હીમ્મતથીજ ખરીદ કરી હતી કે જે હાલ સારા પાયા ઉપર ચાલેછે. શ્રીમંત સરકાર વડોદરા તરફથી પ્રસન્ન થઇને તેમની વડોદગની "ઝવેરચંદ લક્ષ્મીચંદ"ની પેઢીને "**રાજ્યરત્ન**"ની ઉપાધિ (ઇલિકાબ) આપવામાં આવેલી છે.

અમદાવાદમાં "હિતેચ્છુ મીલ" સરકાર હરાજીમાંથી તેમનાપુત્રોએ પોતાની ખાનગી મીલકત તરીકે ખરીદ કરેલી કે જેમાં મોટો લાભ પ્રાપ્ત થતો હતો; પરંતુ પોતાના ભાઇઓની માગણીથી તેમની સાથે કુસંપ અથવા વિરોધ નહીં કરવાના કારણને લીધે મોટું મન રાખી સારો લાભ જતો કરી તે મીલને પણ મજીયારી મીલકત ગણવા પોતાની ઉદાર સમ્મતિ આપી હતી. પોતે આ ઘરના (શ્રીમથુરાધીશપ્રભુના-કોટાના-ઘરના) અનન્ય સેવક હોવાથી આ મીલ ખરીદ કરતી વખતે શ્રીમથુરાધીશપ્રભુના નેક ભોગ માટે મીલમાંથી મળતા કમીશનનો ૧/૪ ભાગ જુદો કાઢેલોછે; અને તે સંબંધી દસ્તાવેજ પણ કરેલો છે.

વૃદ્ધાવસ્થા હોવા છતાં શ્રીપ્રભુ કૃપાથી શરીરે સશકત અને નિરોગી છે. યાત્રાના પોતે પૂર્ણ વ્યસની છે. તેમનાં ધર્મપત્ની ભગ૦ અ૦ સૌ૦ યમુનાબાઇ પણ પતિપરાયણા અને સદ્ધર્મનિષ્ઠ છે. તેમના લઘુબંધુ રા૦ ભગવદ્ધર્મપરાયણ શેઠ અચરતલાલ હરીલાલ (અચાભાઈ) પણ ધર્મિષ્ઠ અને સારા છે. તેમના પુત્ર ચિ૦ રા. શેઠ ચીમનલાલભાઇ, રા. બાલાભાઇ (પોપટલાલભાઇ) રા. ત્રીકમલાલભાઇ પણ પોતાના પિતાશ્રીની આજ્ઞાને અનુકૂલ વર્ત્તનવાળા ધાર્મિકવૃત્તિના ભગવદ્ધર્મપરાયણજ છે. રા૦ ચીમનલાલભાઇને શ્રીમંત સરકાર મહારાજા વડોદરાના તરફથી વડોદરા રાજ્યની ધારાસભામા સરકાર તરફથી સભાસદ બનાવવામાં આવેલા છે.

અમદાવાદમાં સ્ટેશન પાસે પોતાના બંગલા સામે પોતાના વડીલ તરફથી બંધાવેલી હરીવલભ મુલચંદના નામથી ઓળખાતી વાડી છે તેમાં શ્રી વલ્લભકુળનાં બાળકો તથા વૈષ્ણવો ઉતરી શકે છે અને તેમાં વાવ કુવાની સવડ છે. બીજું શ્રી મથુરાધીશ પ્રભુનું શય્યા મંદીર સમરાવીને બીલોરી કાચનું બનાવરાવ્યું છે. અમદાવાદમાં પોતે પરીખ ગીરધરલાલ હરીલાલના નામથી શરાફી પેઢી ચાલુ કરી છે જેની આંટ પણ સારી છે. પ્રભુ તેમને તથા તેમના પરીવારને શુભ કર્મ વધુ કરવા તરફ પ્રેરો અને લાંબુ આયુષ્ય અર્પી વધુ સુખી કરો. ઇતિ શુભમ્.

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રીમહાપ્રભુજી.

શ્રીમત્પુરૂષોત્તમ પરબ્રહ્મ સચ્ચિદાનંદઘન નિર્દોષ પૂર્ણગુણ આનંદનિધિ, નિજકૃપાલુસ્વભાવથી નિરંતર નિજજનો ઉપર કૃપા કરી રહ્યા છે; અને દોષપૂર્ણ જીવને પણ માત્ર કૃપાએ તે અધમોદ્ધારક ઉત્તમ બનાવે છે. દૈવીજીવ સ્વધર્મ શું છે તે યથાર્થ જાણી, પતિવ્રતા સ્વકીયપતિ પ્રતિ અનન્ય રહે તદ્વત્ અનન્યતાથી પરમસેવ્ય નિજપતિ શ્રીપુરૂષોત્તમનેજ માની, ધર્મ, કર્મ, લૌકિક (લોક વ્યવહારાદિ) વૈદિક (યજ્ઞયાગ નિત્યકર્માનુષ્ઠાનાદિ) ઐહિક પારલૌકિક સર્વ સાધન તે પ્રભુના સેવનમાં જ સમાયલાં છે એમ જાણી, આનંદેન્દ્રિય તે પ્રભુમાંજ સર્વેન્દ્રિય મોહ રાખી, સર્વાત્મભાવથી તેમને શરણ થઈ, તેમના જનોમાં તદ્દ્ભાવ રાખી, આદ્યાન્ત શ્રીપ્રભુના પાદપદ્મના દાસ્યમાં સર્વ સુખ માની, ભગવન્માહાત્મ્ય યથાર્થ સમજી સ્વધર્માવલંબન કરી, સ્વકર્ત્તવ્ય પરાયણ રહી કૃતાર્થ બને એટલા માટે તે પરબ્રહ્મે પોતાના નિશ્વાસરૂપ વેદોને પોતે પ્રકટ કર્યા; તેમજ વેદ ઉપનિષદાદિના પરોક્ષાતિશય વર્ણનથી અસંતુષ્ટ ભજનપ્રિય ભક્તજનોને અતિશય આનંદ પ્રાપ્ત થઈ શકવા માટે, અતિ કૃપાથી વેદ શ્રુતિ સ્મૃત્યાદિનું રસરૂપ રહસ્ય પરમકાષ્ઠાપન્ન સ્વકીય લીલાનું યથાર્થ વર્ણન કરનાર, **નિજપ્રકટલીલાસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને સ્વસ્વરૂપે પોતે પ્રકટ ક .** કૃપાપૂર્ણના આવા કૃપાશ્રયે અનેક ભક્તો યથાર્થ સ્વકર્મ સમજી શ્રીપ્રભુ પરમાત્માના કીર્ત્તનમાંજ કર્ત્તવ્ય, શ્રવણમાંજ શાન્તિ, નામ સ્મરણમાંજ નિત્યકર્મ, પાદસેવનમાંજ પરાકાષ્ઠા, અર્ચનમાંજ આનંદ, વંદનમાંજ વેદતાત્પર્ય, દાસ્યમાંજ દેહ સાફલ્ય, સખ્યમાંજ સર્વોત્કૃષ્ટપણું. અને આત્મનિવેદનમાંજ આત્મપરમકર્ત્તવ્ય

સમજી (અનુભવ) શ્રીપ્રભુના ચરણકમલની મકરંદમાં યથાધિકાર લુબ્ધ થતા રહ્યા. તથાપિ સર્વત્ર સબલનો સંસર્ગ વધારે થાય, એ નિયમાનુસાર કલિકાલમાં દૈવી આસુરી ઉભય સ્વનિર્મિત સૃષ્ટિમાં આસુરી બલ વધતાં સંસર્ગ દોષથી વેદવિહિત કાર્યો દ્રવ્ય, દેશ, કાલ, ક્રિયા, મંત્રાદિ સર્વ દૂષિત થતાં, તથા જ્ઞાનાદિ પણ કષ્ટસાધ્ય અપ્રાપ્ત થતાં, કલિકાલાશ રાખોડીથી ધર્મ વહ્નિ ઢંકાઈ જવાથી, તેમજ શુદ્ધ વેદ વિચિત્રઅર્થ કાદવથી કલુષિત થવાને લીધે શુદ્ધ વૈદિક માર્ગ તથા તત્પ્રતિપાદિત સાધન અને નિજમાહાત્મ્ય લુપ્તપ્રાય થવાથી, દુઃખી, ક્લેશથી પીડાતા, સાધન હીન દૈવી જીવોને દેખી, માત્ર કૃપાથીજ તેમનો ઉદ્ધાર કરવા, વેદાર્થ નિર્મલ કરી, શુદ્ધ રહસ્ય પ્રકટ કરી, શુદ્ધ વૈદિક માર્ગનો પુનઃપ્રચાર કરવા, તથા નિજલીલામાહાત્મ્ય ભક્તોને પુનઃપ્રાપ્ત કરાવી કલિસંસર્ગ આસુર દોષથી ભિન્ન પાડી દૈવી જીવોને સ્વચરણ સમીપ કૃપાથી ખેંચી લેવા, અને પ્રવાહમિશ્રિત પૌષ્ટિક જીવોનું પૃથક્કરણ કરી સ્વરૂપામૃત પાન કરાવવા, તથા મર્યાદા મિશ્રિત પૌષ્ટિક જીવોનું પૃથક્કરણ કરી ઉત્તમોત્તમ રસાસ્વાદ કરાવવા, તેમજ શુદ્ધ નિજજનોને પણ લીલા નિમિત્તે નિજાનંદાનુભવ પુનઃકલિયુગમાં પ્રાપ્ત કરાવવા, કૃપાનિધિ શ્રીપ્રભુએ “ **मम वर्त्मानुवर्तन्ते.........**” એ સ્વવાક્યાનુસાર સ્વચારિત્ર્યથી અને ઉપદેશ તથા શાસ્ત્રાર્થદ્વારા અનેક મિથ્યાવાદી આદિવાદીઓ પરાસ્ત થાય, તેમજ સ્વભક્તો માહાત્મ્યજ્ઞાન પૂર્વક દૃઢ શ્રદ્ધાલુ થઈ પોતાના બને અને નિજાનંદાનુભવ પ્રાપ્ત કરીશકે, એટલા માટે પોતે પોતાનું શ્રીમુખજ પ્રકટ કરવા ઈચ્છા કરી.

(**अग्नि वै मुखम्. तस्मादग्नि रजायत.**) અગ્નિ એ શ્રીપુરૂષોત્તમનું મુખારવિંદ છે અને તેથી અગ્નિસ્વરૂપે પ્રાકટ્ય શ્રીમુખનુંજ સુપ્રસિદ્ધ છે. જ્યારે શ્રીમુખ પ્રાકટ્યની ઈચ્છા કરી ત્યારે શ્રીપ્રભુ સાતપેઢીથી શુદ્ધાચરણ યુક્ત તૈલંગ બ્રાહ્મણ યજ્ઞનારાયણાવતાર સોમયાજી યજ્ઞનારાયણ દીક્ષિતને સોમયજ્ઞથી પ્રસન્ન થઈ તેમના કુળમાં પ્રકટ થવા વરદાન આપેલું હોવાથી, તેમના કુળમાં વળી

પેઢીએ શત સોમયજ્ઞ પૂર્ણ થતાં, દક્ષિણ દેશાન્તર્ગત કાંકરવાડ ગ્રામનિ૰ વસુદેવાવતાર શ્રીલક્ષ્મણ ભટ્ટજીને ત્યાં પોતે શ્રીમુખ સ્વરૂપે પ્રકટ થયા; કે જે શ્રીભગવન્મુખાવતાર વૈશ્વાનર સ્વરૂપ શ્રીમદ્વલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય ભૂતલ ઉપર સુપ્રસિદ્ધ થયું અને સર્વત્ર સર્વ દૈવી જીવોને આનંદ પ્રાપ્ત થયો.

ભૂતલ ઉપરના નિજદૈવીજનોને કલિયુગમાં પોતાનો નિજાનંદ આપવાની ઉપર પ્રમાણે શ્રીપ્રભુની જ્યારે ઇચ્છા થઈ, ત્યારે મહાનુભાવી શ્રીગોપાલદાસજીના કથનાનુસાર "શ્રીપુરૂષોત્તમે વળી વિચાર્યું......." " મ્હારી સેવા અને કથારસ, નિરૂપવા તનુ ધરીયે." "ભક્તજીવનાં..........ઇચ્છાકરી..........." "..........પોતે પ્રકટ્યા શ્રીવલ્લભરાજકુમાર." સાક્ષાત આનંદનિધિ શ્રી પુરૂષોત્તમ આનંદમાત્ર કરપાદમુખોદરાદિ અપ્રાકૃત શ્રીનિજાસ્ય સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા. શત સોમયજ્ઞ પૂર્ણ થવાથી શ્રીપ્રભુનું પ્રાકટ્ય શાસ્ત્રનિયમાનુસાર સુપ્રસિદ્ધ હોવાથી તથા પૂર્વથીજ શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનો શાસ્ત્ર પ્રમાણો* દ્વારા સંકેત પ્રત્યક્ષ થયેલો હોવાથી, શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ શ્રીપ્રભુ સ્વરૂપેજ પ્રકટ થયા હતા એ નિર્વિવાદ સિદ્ધજ થયેલું છે.

શ્રીલક્ષ્મણભટ્ટજી પોતાનાં પત્ની ઈલમ્માગારૂજી સહિત પોતાના દેશમાંથી પ્રયાગ કાશી તરફ જતા હતા; તે વખતે ચંપારણ્યમાં ઈલમ્માગારૂજીનો સપ્તમાસનો ગર્ભશ્રાવ થતાં અગ્નિમંડલમધ્ય બાલક સ્વરૂપે સં. ૧૫૩૫ વ૦ વૈશાખ કૃષ્ણા ૧૧ રવિવારના દિવસે પોતે પોતાનું પ્રાકટ્ય જણાવ્યું હતું.

---

*आत्मानं वैश्वानरं उपास्ते ॥ (छांदो॰ उ॰)

इन्दिराया नलिनीमिन्दिराया वल्लभो वासुदेवः ॥

मुखादग्नि रजायत ॥ (श्रु॰) ब्राह्मणोऽस्य मुखमासीत् ॥(श्रु॰) आचार्यं मां विजानीयात् ॥ (श्रीभा॰) अग्निरूपो द्विजाचारो भविष्यामीह भूतले । वल्लभोह्यग्निरूपः........(अ॰ पु॰ भ॰ खं॰) हुताशनावतारस्तु वल्लभो लक्ष्मणात्मजः ॥(संमोहन तंत्रे) अग्निमिळे॰....

શ્રીલક્ષ્મણભટ્ટજીએ શ્રીપુરુષોત્તમસ્વરૂપ પોતાના પુત્રનું શુભ મુહૂર્તે જાતકર્મ નામકરણાદિ કર્મ કરી શ્રીવલ્લભ નામ રાખ્યું; અને પુત્રની અદ્ભુત બાલલીલામાં પોતે પતિપત્ની આનંદ પ્રાપ્ત કરવા લાગ્યાં. શ્રીમહાપ્રભુજીની બાલલીલા પણ અલૌકિક અને અપ્રાકૃત ધર્મયુક્તજ હતી. ખેલ પ્રકૃતિમાં પણ પોતે શ્રીકૃષ્ણ સ્વરૂપનાં જ રમકડાં વિગેરે અંગીકાર કરતા હતા. કોઈ કોઈ વખત પોતાના પિતાશ્રીની આગળ નિર્દોષ બાલ રમતમાંજ કેટલાએક વેદ મંત્રોના અર્થોનું સ્પષ્ટ સૂચવન કરી દેતા હતા.

સંવત ૧૫૪૦ ના ચૈત્ર શુકલા ૯ મીને દિવસે કાશીમાં શ્રીવલ્લભાચાર્યજીને શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ યજ્ઞોપવીત ધારણ કરાવ્યું. પોતાના પિતાશ્રી પાસેથી ગાયત્રી મંત્રોચ્ચારનું શ્રવણ કરી, પોતાનાં માતુશ્રી ઈલમ્માગારૂજી પાસેથી ભિક્ષા લઈ, પોતે વિષ્ણુ વિદ્ દીક્ષિત કે જે પોતાના કુલપુરોહિત હતા તેમને ત્યાં નિવાસ કર્યો. પોતાની જ્ઞાતિના બ્રાહ્મણને ત્યાંથીજ ભિક્ષા માગી લાવી પોતાના ગુરૂને નિવેદન કરી, ગુરૂ સેવા સુશ્રુષા પૂર્વક ભિક્ષા ભોજનાદિ બ્રહ્મચર્યાશ્રમના ધર્મો જીવ શિક્ષાર્થે પોતે પ્રસિદ્ધ કર્યા. પોતાની શાખાના ગ્રંથો અને સરહસ્ય અથર્વવેદ પોતાના પિતાશ્રી પાસેથી, બીજી યજુઃશાખાના ગ્રંથો બૃહસ્પતિના અવતાર વિષ્ણુવિદ્ પાસેથી, ઋગ્વેદ બ્રહ્માવતાર ત્રિરૂમલ્લ પાસેથી, સામવેદ તથા છ શાસ્ત્ર સાંદિપનીના અવતાર નારાયણ દીક્ષિત પાસેથી, શ્રીમદ્ ભાગવત, ગીતા, નારદપંચરાત્ર પ્રભૃતિ ભાગવતશાસ્ત્રી શાંડિલ્યાવતાર મધ્વસંપ્રદાયી આન્ધ્ર માધવેંદ્રયતિ પાસેથી, વિગેરે જુદા જુદા ગુરૂઓ પાસેથી અલ્પ સમયમાં (ચાર માસમાં) શ્રીકૃષ્ણવત્ પોતે ભણ્યા હતા. વેદાન્ત, ધર્મશાસ્ત્ર, કાવ્ય, સાહિત્ય વિગેરે તો શ્રીલક્ષ્મણભટ્ટજીની પાઠશાલામાંજ પોતે શિષ્યાધ્યાપન સમયમાંજ ધારણ કરી લીધેલું હતું; તેમજ વેદબાહ્ય નૈયાયિક, વૈશેષિક, જૈન, બૌદ્ધ, ચાર્વાક આદિ મતોનું વાદવિવાદમાંજ પોતે અવધારણ કરી લીધું હતું. પોતાની વિદ્યા ગ્રહ-

ભુની આ અદ્‌ભુત શક્તિ જોઈ વિદ્યાગુરૂઓ પણ આશ્ચર્ય ચકિત થયા હતા અને સાક્ષાત્ શ્રીપ્રભુનોજ પ્રત્યક્ષ અવતાર માનવા લાગ્યા હતા. કૃષ્ણદાસ મેઘનને સેવક કરી સ્વકીયાવતાર પ્રયોજન પ્રસિદ્ધ કરવા, અન્યમત ખંડન પૂવક શુદ્ધ બ્રહ્મવાદ સ્થાપન કરવો પ્રથમ ઉચિત ધારી, વિદ્યાપીઠ મુખ્ય નગરી કાશીમાં સં. ૧૫૪૬ માં *પત્રાવલંબન નામનો ગ્રંથ નિર્માણ કરી, શ્રી કાશીવિશ્વેશ્વરને સાક્ષી રાખી, શુદ્ધ બ્રહ્મવાદ વૈદિક વેદાન્ત સિદ્ધાન્તના ડિંડિમનો શ્રીમહાચાર્યજીએ ઉદ્‌ઘોષ કર્યો હતો.

શ્રીકાશીવિશ્વેશ્વરના મંદિરે આ ગ્રંથ ચોઢી તે સિદ્ધાન્તમાં જેને શંકા હોય તેને પુછી ખુલાસો કરવા, અથવા તે સંબંધમાં શાસ્ત્રાર્થ કરવા, પોતાની ઈચ્છા દર્શાવી બ્રહ્મવાદનો વિજય પ્રવર્ત્તાવ્યો હતો.

પત્રાવલંબન ગ્રંથ કાશીમાં સુપ્રસિદ્ધ કરી ત્યાંના વિદ્વાનોને સ્વવિદ્યાથી સંતુષ્ટ કર્યા; અને તે પછી સં. ૧૫૪૮ માં શ્રી આચાર્યજીએ પૃથ્વિપરિક્રમાનો આરંભ કર્યો. પૃથ્વિ પરિક્રમાના પ્રારંભ પૂર્વ સં. ૧૫૪૬ ના ફાલ્ગુન કૃષ્ણ ૯ મી ને દિવસે શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ શ્રીલક્ષ્મણબાલાજીમાં પ્રાકૃત શરીરનું વિસર્જન

---

*तत्र कृष्ण प्रसादेन मायावादो निराकृतः
आवैदिको महादेव स्तत्र साक्षी न संशयः ॥ १ ॥
ये वैदिका महात्मान स्तेषां चानुमति स्तथा ॥
अवेदनिघ्न मनुते मया चोपेक्षितः पुनः ॥२ ॥
स्थापितो ब्रह्मवादो हि सर्व वेदान्त गोचरः ॥
काशीपति स्त्रिलोकेशो महादेवस्तु तुष्यतु ॥ ३ ॥
कस्यचित्त्वथ संदेहः स मां पृच्छतु सर्वथा ॥
न भयं तेन कर्तव्यं ब्राह्मणाना मियं गतिः ॥ ४ ॥
डिंडिस्तु वादितो द्वारि विश्वेशस्य मयात्र हि ॥
विद्वद्भिः सर्वथा श्राव्यं ते हि सन्मार्ग रक्षकाः ॥ ५ ॥

કરી સાયુજ્ય ફલાર્થ લીલાંતઃપ્રવેશ કર્યો હતો. સં. ૧૫૪૮ ના વૈશાખ કૃષ્ણા દ્વિતીયાને દિવસે પરિક્રમાનો પોતે પ્રારંભ કર્યો. પરિક્રમાનો પ્રારંભ કરતાં શ્રીકૃષ્ણદેવ રાજાની સભાની ખબર મળવાથી પોતે ત્યાં પધાર્યા. વિદ્યાનગરના શ્રીકૃષ્ણદેવ રાજાએ વૈદિક સિદ્ધાન્તનો નિર્ણય કરાવવા ઋષ્યશૃંગના શાંકર યતિવર નૃસિંહયતિ, માધ્વસંપ્રદાયી વ્યાસતીર્થ, રામાનુજસંપ્રદાયી હનુમદાચાર્ય, નિંબાર્ક સંપ્રદાયી કેશવાચાર્ય, આદિ ઘણા વિદ્વાનોને નિમંત્રણ કરી શાસ્ત્રાર્થનો વાદવિવાદ પ્રારંભ કરાવ્યો હતો. આવાદમાં પ્રાયઃ વૈષ્ણવાચાર્ય પરાસ્ત જેવા થઈ ગયા હતા.તેજ દિવસે શ્રીમદાચાર્યજી વિદ્યાનગરમાં પધાર્યા. પોતાના મામા રાજગુરૂ તરફથી સભાનો સર્વ વૃત્તાંત સખેદ પોતે શ્રવણ કર્યો; અને પરમોત્સાહથી બીજે દિવસે પોતે સભામાં પધારવાનો નિશ્ચય કર્યો. પ્રાતઃકાલમાં પોતે સભામાં પધાર્યા કે જે વખતે પોતાના સ્વરૂપ તેજઃપુંજથી ચકિત થઈ રાજાએ સન્મુખ આવી સુવર્ણના સિંહાસન ઉપર પોતાને પધરાવ્યા હતા. દશ દિવસ સુધી માયાવાદીઓ સાથે વાદ કરી તેમને પરાસ્ત કર્યા, અને વૈષ્ણવ સિદ્ધાન્તનું મંડન કરી સર્વ વૈષ્ણવાચાર્યનું સામાન્ય સમર્થન કર્યું; તથા સ્વસિદ્ધાન્તને સવિશેષ સ્થાપન કર્યો. અવશિષ્ટ આઠ દિવસમાં સાંખ્ય મીમાંસાની સમીક્ષા કરી. સર્વ આચાર્યોની સમક્ષ પોતાનું વાગીશત્વ પ્રકટ કરી નિર્મલ કર્મમાર્ગ, શુદ્ધ જ્ઞાનમાર્ગ, અને નિરૂપાધિ ભક્તિમાર્ગનું સંસ્થાપન કર્યું; કે જેથી સર્વ આચાર્યોએ વિજયતિલક કરી શ્રીઆચાર્યજીને *વિજયપત્ર સમર્પણ કર્યું. પોતાના સર્વ સંશયોની નિવૃત્તિ થવાથી રાજાએ પોતાને કનકાભિષેક કરાવ્યો. સમર્પેલી દક્ષિણા વિ-

---

* श्रीवेद्व्यास विष्णुस्वामि सम्प्रदाय समुद्धार संभृत श्रीपुरुषोत्तम वदनावतार सर्वाम्नाय सञ्चार वैष्णवाम्नाय प्राचुर्यप्रकार श्रीबिल्वमंगलार्पित सम्राजासनाखण्डभूमण्डलाचार्यवर्य्य जगद्गुरु महाप्रभु श्रीमदाचार्यः ॥

ગેરેમાંથી સપ્ત નિષ્ક માત્રનો અંગીકાર કરી, શ્રીકૃષ્ણદેવ રાજાને શરણે લઈ, તેને *સ્વકર્ત્તવ્યનો ઉપદેશ આપી, રાજા તરફથી આપેલાં છત્ર, ચામર આદિ આચાર્ય ચિહ્ન ગ્રહણ કરી પોતે શ્રીપાંડુરંગ વિઠ્ઠલનાથ પધાર્યા. ચંદ્રભાગા નિકટ પોતે પધાર્યા તેટલામાં શ્રીવિઠ્ઠલનાથજી શ્રીઆચાર્યજીની સન્મુખ પધાર્યા અને ભેટ્યા. ઉભય સ્વરૂપ સાથેજ નિજમંદિરમાં પધાર્યા. શ્રીવિઠ્ઠલનાથજીએ આ વખતે અતિ પ્રસન્નતાથી પોતાની ઇચ્છા પ્રકટ કરી કે " હું આપને ત્યાં પુત્ર રૂપે પ્રકટ થવા ઇચ્છુંછું." શ્રીવિઠ્ઠલનાથજીની આવી ઇચ્છા પ્રકટ થતાં શ્રીઆચાર્યજીએ લગ્ન કરવા વચન આપ્યું હતું. દક્ષિણમાં મુખ્ય તીર્થ સનાથ કરી સં. ૧૫૪૮ ના શ્રાવણ કૃષ્ણા ૮ મીને દિવસે શ્રી મહાચાર્યજી વ્રજમાં પધાર્યા. પોતે શ્રીગોકુલ પધાર્યા અને શ્રી ઠકુરાનીઘાટ ઉપર બિરાજ્યા, જ્યાં શ્રીગોવર્ધનનાથજીએ શ્રી યમુનાજીના તટમાં અનુભવ જણાવ્યો; જેથી રાત્રિ પોતે ત્યાંજ બિરાજ્યા અને શ્રીયમુનાષ્ટકનો ગ્રંથ બનાવ્યો. તદનંતર પોતે વ્રજ ચોરાસી કોષની પરિક્રમા કરી. યાત્રા કરી પોતે શ્રીગોકુલ પધાર્યા અને શ્રીઠકુરાનીઘાટ ઉપર નિયમપૂર્વક પારાયણ કર્યું. સં. ૧૫૪૯ ના ફલ્ગુન શુકલા ૧૧ ને દિવસે શ્રીનાથજીએ ઝાડખંડમાં શ્રીઆચાર્યજીને પાટોત્સવ વિષયની આજ્ઞા કરી. તેજ વખતમાં સં. ૧૫૪૯ શ્રાવણ શુકલૈકાદશીને દિવસે મધ્ય

---

*दैवत्वेन गुरो रनुग्रहवशात् जाता प्रपत्ति र्यदा ॥
स्रक् पुंड्रादि विधारयेत् परजयन्त्येकादशीनां व्रतम् ॥
धर्मं भागवतं चरेत् हरिकथा माचार्यभक्तार्चनम् ।
पापं तद्विमुखाननर्पितभुजि चान्याश्रयं वर्जयेत् ॥ १ ॥
आश्रित्याश्रमधर्म मत्र भवता स्थेयं प्रजारक्षता ।
सेव्यः श्रीरमणः सदाहरिजनैः कार्याधिकासंगतिः ॥
आजीव्यं विदुषां विधाय जगतां योज्याश्च ते शिक्षणे ।
दीनानां दयया नयेन विनयैः कीर्त्ति विधेयात्मका ॥ २ ॥

રાત્રિએ શ્રીનાથજી શ્રીમદ્ ગોવર્ધનધર પ્રભુએ સાક્ષાત્ પ્રકટ થઈ બ્રહ્મસંબંધ વિષયની આજ્ઞા કરી. શ્રીઆચાર્યજીએ શ્રીનાથજીને પવિત્રાં ધરાવી મિશ્રીભોગ સમર્પણ કર્યો; અને શ્રીભગવન્મુખ શબ્દપ્રમાણાત્મક પુષ્ટિમાર્ગ ભૂતલ ઉપર પ્રકટ કર્યો કે જે દૈવીજનોનું ખાસ પ્રયોજન હતું. ચારે દિશાનાં તીર્થ સનાથ કરી સં. ૧૫૫૪ ના વૈશાખ શુકલા ૩ ને દિવસે પ્રથમ પરિક્રમા સંપૂર્ણ કરી સં. ૧૫૫૫ ના ચૈત્ર શુકલા દ્વિતીયા રવિવારને દિવસે દ્વિતીય પરિક્રમાનો પોતે પ્રારંભ કર્યો. સં. ૧૫૫૫ માં શ્રીનાથજીનું પ્રાકટ્ય સર્વાંગ થઈ ચૂકયું હતું અને આપને દર્શન આપ્યાં હતાં. શ્રીનાથજીએ પોતાને બોલાવ્યા હતા કે જેથી પોતે વ્રજમાં પધાર્યા હતા. આ વખતે શ્રીજી નરો પાસેથી દુગ્ધ આરોગતા હતા. વ્રજ પધારી પોતે પાકાદિક સામગ્રી આરોગાવી; અને શ્વેત પાઘ પીછોડાનો શૃંગાર કર્યો. રામદાસ ચોહાનને શિષ્ય કરી બધી સેવા સ્વલ્પ રીતિથી બતાવી; અને વ્રજરજનું મંદિર બનાવી શ્રીજીને પધરાવ્યા. તદનંતર પોતે પૃથિવ પરિક્રમામાં પધાર્યા. છ વર્ષમાં દ્વિતીય પરિક્રમા પૂર્ણ કરી પછી થોડે દિવસે તૃતીય પરિક્રમાનો આરંભ કર્યો; કે જે પણ છ વર્ષમાં સમાપ્ત કરી સર્વત્ર વિજય કર્યો હતો.

તદનંતર શ્રીવિઠ્ઠલનાથજીનો લગ્ન સંબંધી આગ્રહ વિચારી હવે પોતે ગૃહસ્થાશ્રમ સ્વીકારવાનો નિશ્ચય કર્યો. શ્રીવિઠ્ઠલનાથજીનો લગ્ન સંબંધી આગ્રહ સાર્થકજ હતો; કારણકે આચાર્ય માત્ર બ્રહ્મચારી, વાનપ્રસ્થ, કે સન્યાસી રહે તો તેથી શા ાકત સર્વ આશ્રમ ધર્મનું યથાયોગ્ય પ્રતિપાદન થઈ શકે નહીં. આચાર્યના લક્ષણમાંજ (............) વેદના અર્થાનો આસમંતાત સંચય કરે, તેમજ તે પ્રમાણે આચરણ કરે અને ઈતરને આચરણ કરાવે, તે આચાર્ય એમ દર્શાવેલું છે. વેદ અને તદર્થ માત્ર બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ, કે સન્યાસનોજ અંગીકાર દર્શાવતા નથી; પરંતુ ચારે આશ્રમનો અંગીકાર પ્રતિપાદન કરે છે. ચારે આશ્રમમાંથી બીજાનો પણ આચરણદ્વારા અંગીકાર બાકી

રહી જાય તો તે પ્રમાણે આચાર્યત્વ પણ એક દેશીયજ થઈ જાય. જયાંસુધી આચાર્ય સર્વ આશ્રમનું આચરણ કરી વેદાર્થ પ્રતિપાદન કરે નહિ ત્યાંસુધી ઈતરોને તે તે આશ્રમના આચરણનું જ્ઞાન પણ યથાયોગ્ય થાય નહિ. यद्यदाचरति श्रेष्ठः... શ્લોકોક્ત પ્રમાણે શ્રેષ્ઠ પુરૂષ જે આચરણ કરે તેજ આશ્રમનું આચરણ ઈતર પણ કરે. અર્થાત્ ગુરૂ ગૃહસ્થાશ્રમ ધર્માચરણ ન કરે તો શિષ્ય પણ યથાયોગ્ય ગૃહસ્થાશ્રમનું આચરણ ન કરે, અને તેમ થતાં સર્વોપકારક ગૃહસ્થાશ્રમ વ્યર્થવત્ થઈ જાય; જેથી પ્રથમ આચાર્યેજ અવશ્ય ગૃહસ્થાશ્રમનો અંગીકાર કરવો જોઇએ કે જેનું અનુકરણ કરી શિષ્ય પણ યથાધર્મ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરે. પુષ્ટિમાર્ગનો પ્રચાર (ભક્તિમાર્ગનું આચરણ) શિષ્યદ્વારા વંશવૃદ્ધિ કરીને નહી પરંતુ પુત્રપરંપરાદ્વારાજ વંશવૃદ્ધિ કરીને શ્રીઆચાર્યજીથી ભૂતલ ઉપર થાય એ પણ શ્રીવિઠ્ઠલનાથજીના લગ્ન સંબંધી આગ્રહનું સ્વારસ્ય હતું. શ્રીસર્વોત્તમમાં પણ તેથીજ "भुवि भक्तिप्रचारैक कृते स्वान्वयकृत्" એવું શ્રીઆચાર્યજીનું નામ વિરાજે છે. સારાંશ કે ભૂતલ ઉપર ભક્તિમાર્ગનો પ્રચાર કરવાજ શ્રીવલ્લભાચાર્યજીએ ગૃહસ્થાશ્રમ સ્વીકારી વંશ વૃદ્ધિ કરી છે.

શ્રીવિઠ્ઠલનાથજીના આગ્રહ પ્રમાણે કાશીનિવાસી બ્રાહ્મણ મધુમંગલની મહાલક્ષ્મી નામની કન્યાનું (૨૮ વર્ષની વયે) શ્રીવલ્લભાચાર્યજીએ આષાઢ શુકલા ૫ મીના શુભ દિવસે પાણી ગ્રહણ કર્યું. ચતુર્થનિધિ શ્રીગોકુલનાથજી જેહાલ શ્રીગોકુલમાં બિરાજે છે તે સ્વરૂપ આપને પોતાના શ્વસુર ગૃહમાંથીજ પ્રાપ્ત થયું હતું. પોતે કાશીથી અડેલ (અલર્કપુર) પધાર્યા અને ત્યાં નિવાસ કર્યો. અડેલથી પોતે વ્રજમાં પધાર્યા અને શ્રીજીનું મંદિર સિદ્ધ કરાવવા પૂર્ણમલ્લને આજ્ઞા આપી. આજ્ઞાનુસાર મંદિર તૈયાર થયું એટલે શ્રીજીને તે મંદિરમાં પધરાવ્યા. બધી રીતે મનોરથ કરી સેવારીતિ ચલાવી, બીજાં પણ સેવ્ય સ્વરૂપો યથાયોગ્ય પ્રાકટ્ય સ્થલથી પ્રાપ્ત થતાં, શ્રીજીસમીપ તેમજ નિજ-

સેવકજનોને માથે પધરાવ્યાં અને સેવાનો આનંદ પ્રદર્શિત કર્યો.

સંવત ૧૬૬૭ ભાદ્રપદ કૃષ્ણ ૧૨ ને દિવસે પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય થયું; જે પહેલાં આચાર્યશ્રીએ અલર્કપુરમાં નિવાસ કરેલોજ હતો. સં. ૧૫૭૨ માં ચરણાદ્રિમાં (ચરણાટ) સાક્ષાત આનંદનિધિ શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય માર્ગશીર્ષ કૃ૦ (વ૦ પૌષ) ૯ મીના શુભ દિવસે મંગલ મુહૂર્ત્તમાં શ્રીવિઠ્ઠલનાથજીની પૂર્વ પ્રતિપાદિત ઇચ્છાનુસાર શ્રીપ્રભુ સ્વરૂપે થયું હતું; અને નિજજનો આનંદિત થયા હતા.

બન્ને પુત્રોને ઉપનયન કરાવી, સ્વમાર્ગ તત્વ દર્શાવી, (૨૮ સં૦ ગ્રં૦ આપીને) સં. ૧૫૮૭ ના વૈશાખ કૃષ્ણ ૧૦ મીને દિવસે પોતે પ્રયાગ પધાર્યા હતા; કે જે પહેલાં શ્રીપ્રભુની બે *આજ્ઞા આપને થઈ ગયેલી હતી. પ્રથમ આજ્ઞા ગંગાસાગરમાં થઈ હતી જે દેહ ત્યાગ કરવા સંબંધમાં હતી. બીજી મધુવનમાં થઈ હતી જે દેશત્યાગ વિષયક હતી.

ભાવી જીવોનું કલ્યાણ કરવાના હેતુથી પોતે તે બન્ને આજ્ઞાનો આદર ન કર્યો. તૃતીયઆજ્ઞા અલર્કપુર (અડેલ)માંજ થવાથી અસમાપ્ત ગ્રંથ પણ તદવસ્થજ રાખી, શ્રીસુબોધિનીજીનો દશમસ્કંધ સંપૂર્ણ કરી લઈ, નિરોધ લીલાનું વિવરણ કરી, શાસ્ત્રોક્ત ફલરૂપ સંન્યાસ અંગીકાર કરવાનો નિશ્ચય કર્યો. અડેલથી પ્રયાગ પધારતાં વાનપ્રસ્થાશ્રમ ધર્મનું આચરણ કરી પ્રયાગમાં શ્રીનારાયણેંદ્રતીર્થ સ્વામી પાસે પ્રૈષ મંત્રનું શ્રવણ કરી, સશિખા સૂત્ર ત્રિદંડ સન્યાસનો આદર કર્યો. ૩૨ દિવસ હંસધર્મનું આચરણ કરી, ૮ દિવસ પરમહંસ સંન્યાસના ધર્મ પ્રકટ કર્યા. કાયિક વાચિક, માનસિક દંડ ગ્રહણ કરી, તન્નિરોધ કરી, કૌપીન

---

*आज्ञा पूर्वं तु या जाता गंगासागरसंगमे ।
याऽपि पश्चान्मधुवने न कृतं तद्द्वयंमया ॥
देह देश परित्यागस्तृतीयो लोकगोचरः ।
पश्चात्तापं कथं तत्र सेवकोऽहं न चान्यथा ॥ (अं० प्र०)

માત્ર ધારણ કરી, મૌન અનશન અંગીકાર કરી, કાશીમાં હનુમાન ઘાટ ઉપર વિરાજી પૂર્ણ ભક્તિમાર્ગીય સંન્યાસીના ધર્મ પ્રકટ કર્યા અને સંન્યાસ નિર્ણય નામનો ગ્રંથ લખ્યો; તેમજ સ્વપુત્રોને સાડાત્રણ શ્લોકોથી શિક્ષા દર્શાવી સાક્ષાત્ શ્રીગોવર્ધન નાથજી સાથે સંબંધ કરાવ્યો, કે જે વખતે શ્રીગોવર્ધનનાથજીએ પ્રત્યક્ષ થઈ આચાર્યશ્રીના *શિક્ષાશ્લોકોનું દોઢ શ્લોકથી સમર્થન કર્યું. તદનંતર આષાઢ શુક્લા દ્વિતીયા ઉપરાંત તૃતીયાને દિવસે મધ્યાન્હે શ્રીમદાચાર્યજીએ મધ્ય શ્રીગંગાજીના પ્રવાહમાં પદ્માસન કરી શ્રીમુખાગ્નિ પ્રકટ કરી, સૂર્યકીરણ સાથે તેની એકતા કરી, તેજઃ પુંજ વિસ્તાર કરીને આસુર દ્રષ્ટિનું આચ્છાદન કરી, સૂર્યદ્વારા વ્યાપિ વૈકુંઠમાં નિજલીલામાં પ્રવેશ કરી આસુરવ્યામોહલીલા કરી હતી. આ આસુરવ્યામોહલીલા હોવાથી વૈષ્ણવજનોને જરા પણ મોહ પામવા જેવું નથી; કારણ કે શ્રીપ્રભુ સર્વદા વિરાજમાન છે. શ્રીપ્રભુના આસ્યસ્વરૂપ શ્રી મહાપ્રભુજી પણ સર્વદા તેજ સ્વરૂપે વિરાજમાનજ છે. સાક્ષાત્ સર્વ ધર્મસહિત ધર્મી વંશ, ગ્રંથ, નિધિ અને પાદુકા એ ચાર સ્વરૂપથી આજે પણ પ્રત્યક્ષ વિરાજમાનજ છે. આ ચારે સ્વરૂપ

---

*यदा बहिर्मुखा यूयं भविष्यथ कथंचन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोप्युत ॥
सर्वथा भक्षयिष्यन्ति युष्मान् इति मतिर्मम ।
न लौकिकःप्रभुःकृष्णो मनुते नैव लौकिकम् ॥
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वं चैहिकश्च सः ।
परलोकश्च तेनाऽयं सर्वभावेन सर्वथा ॥
सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः ।
। मयिचेदस्ति विश्वासः श्रीगोपीजनवल्लभे ॥
। तदा कृतार्था यूयं हि शोचनीयं न कर्हिचित् ।
। मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ॥(शि० श्लो०)

સાક્ષાત્ ધર્મી છે માટે એમને જે સામગ્રી આપણે ધરીએ છીએ તેને " નૈવેદ્ય " ન કહેતાં "ભોગ" કહીએ છીએ, निवेद्यत इति नैवेद्यम्, भुज्यत इतिभोगः. જે માત્ર નિવેદન કરવામાં આવે, જેનો સાક્ષાત્ અંગીકાર કરવો વા ન કરવો એ શ્રીપ્રભુની ઈચ્છા ઉપર છે એવું પરોક્ષ સમર્પણ " નૈવેદ્ય " કહેવાય; અને જે અંગીકાર (ભોજન કરવું–આરોગવું) કરવું જ પડે તે " ભોગ " કહેવાય છે. સાક્ષાત્ ધર્મી હોવાથી એ ચારે સ્વરૂપે ભોગ અંગીકાર કરી ભક્ત વશ્યતા સૂચવે છે; અને તેથી વૈષ્ણવજનોએ સદા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં આસક્તિ રાખી, સતત તેઓશ્રીના ઉપદેશ પ્રમાણે વર્ત્તન કરી આનંદ પ્રાપ્ત કરવો. સંન્યાસ ગ્રહણ કર્યા પછી નિજલીલાન્તઃ પ્રવેશ વખતે સ્વપુત્રો શ્રીગોપીનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજી પ્રતિ આચાર્યશ્રીએ જે શિક્ષા ઉપદેશેલી છે એજ સર્વદા નિજજનોને ધ્યાનમાં રાખી, તેને પરમ ધન સમજી, તે પ્રમાણે વર્ત્તન કરવું એજ પરમ કર્ત્તવ્ય છે. શ્રીમહાપ્રભુજીએ ભૂતલ ઉપર પધારી અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે અને હજુ સુધી સ્વવંશદ્વારા ઉદ્ધાર કર્યાજ કરે છે. નિજજનોને શ્રીપ્રભુની સેવાનો રસાનુભવ શ્રીપુષ્ટિમાર્ગ પ્રકટ કરી કલિયુગમાં નિજેચ્છાથી પોતેજ કરાવ્યો. પરિક્રમા નિમિત્તે અનેક સ્થલે પધારી નિજજનોના આનંદને માટે પોતાની બેઠકો પ્રસિદ્ધ કરી, અનેક સ્વમાર્ગીય સિદ્ધાન્તના ગ્રંથો લખી, નિજજનો ઉપર કૃપા કરી; કે જે ગ્રંથોદ્વારા પ્રત્યક્ષ પોતેજ નિજસ્વરૂપાનુભવ કરાવી દૈવી જનોને આનંદનું દાન કરે છે. ચોરાશી લક્ષ યોનીના ઉદ્ધારાર્થ પોતે મુખ્ય +૮૪ સેવકો કર્યા, તથા ૮૪ બેઠકો શ્રીભાગવત સપ્તાહ પારાયણ કરી પ્રસિદ્ધ કરી, તેમજ ૮૪ મુખ્ય ગ્રંથો લખ્યા. આનંદનિધિ શ્રીપ્રભુની લીલાના રસાસ્વાદી નિજજનો ઉપર કૃપા કરવા પોતે શ્રીમદ્ ભાગવત ઉપર શ્રીસુબોધિનીજી નામની ટીકા કરી નિજલીલા રસાસ્વાદ કરાવ્યો; અને શ્રીપ્રભુની

+चतुराशीति तद्ग्रन्थाश्चतुराशीति रासिकाः ।
चतुराशीति तद्भक्ता राहुरार्यास्तुतत्कथाः ॥

સેવા એજ મુખ્ય કર્ત્તવ્ય છે એમ નિજજનોને પોતે સેવા કરી શીક્ષા દીધી હતી. સદા શ્રીપ્રભુમાં ચિત્ત રાખી સેવા કરવી એજ મુખ્ય સેવા છે. અર્થાત્ સદા શ્રીપ્રભુમાં ભાવ રાખી તે આનંદમાં મગ્ન રહેવાનીજ શ્રીઆચાર્યજી આજ્ઞા કરતા રહેતા અને સ્વમાર્ગીય ગ્રંથોમાં પણ તેજ *આજ્ઞાઓ સુપ્રસિદ્ધ છે.

આ પ્રકારે સ્વપ્રાકટ્ય પ્રયોજન સિદ્ધ કરી, +૫૨ વર્ષ ૨ માસ અને સપ્ત દિવસ ભૂતલ ઉપર વિરાજી શ્રીમહાપ્રભુજી સ્વલીલામાં પધાર્યા હતા; અને ઉત્તરીય વસ્ત્રનો અંગીકાર કરી પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીએ ઉત્તર ક્રિયા કરી હતી. શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજીએ પોતાના પિતૃચરણની આજ્ઞા પ્રમાણે પદ્મનાભદાસાદિ પોતાના પિતૃચરણના મુખ્ય કૃપાપાત્ર સેવકોની સમ્મતિથી, શ્રીપુષ્ટિમાર્ગનો વિશેષ પ્રચાર કરી નિજજનોને શરણે લેવા માંડ્યા; અને શ્રીપ્રભુની સેવાનો આનંદ વિશેષ પ્રદર્શિત કર્યો. શ્રીભગવન્મુખાવતાર આચાર્ય ચક્રચૂડામણી વાક્પતિશ્રીવલ્લભાધીશ્વર શ્રીમહાપ્રભુજીએ ભૂતલ ઉપર પધારી જે કૃપા કરી તે અનિર્વચનીયજ છે.

---

*चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनु वित्तजा ।
ततः संसारदुःखस्य निवृत्ति ब्रह्मबोधनम् ॥
कृष्णसेवा सदा कार्या मानसी सा परामता । (सि० मु०)
यथा सुंदरतां याति वस्त्रैराभरणैरपि ।
अलंकुर्वीत सप्रेम तथा स्थानपुरः सरम् ॥
सर्वापेक्षां परित्यज्य दृढं कृत्वा मनः स्थिरम् ।
दृढविश्वासतो युक्त्या यथा सिद्ध्येत्तथाचरेत् ॥
वृथालाप क्रियाध्यानं सर्वथैव परित्यजेत् ।
यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः ॥
येन स्यान्निवृत्तिश्चित्ते तत्कृष्णे साधयेद् ध्रुवम् ।
स्वयंपरिचरेद्भक्त्या वस्त्रप्रक्षालनादिभिः ॥ (त० नि०)

+ द्विपंचाशत मब्दानि द्वौ मासौ सप्त वासरान् ।
श्रीमदाचार्यचरणै र्महीतल मलंकृतम् ॥

શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજી.

શ્રીમહાપ્રભુજી (શ્રીવલ્લભાચાર્યજી) ના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય સં. ૧૫૭૨ માર્ગ૦ કૃ૦ ૯ (ગ૦ પો૦ કૃ૦) ને દિવસે *શ્રીચરણાટ (શ્રીચરણાદ્રિ) માં થયું હતું. શ્રી મહાપ્રભુજીની સાથે શ્રીપ્રભુએ પહેલાં જે પ્રમાણે પોતાની ઇચ્છા જણાવી હતી તે ઇચ્છાનુસાર આ શ્રીપ્રભુનું પોતાનું સાક્ષાત્ શ્રીપુરૂષોત્તમનુંજ પ્રાકટ્ય હતું; કે જે પ્રાકટ્યને માટે +શાસ્ત્રમાં પણ પહેલાંથી જ પ્રતિપાદન કરવામાં આવેલું છે.

---

*. ચરણાટ આજે ચુનારગઢ નામથી સુપ્રસિદ્ધ છે. સ્ટેશનનું નામ ચુનાર છે. પ્રયાગ (અલ્હાબાદ) થી કલકત્તા તરફ જતી ઇ. આઇ. આર., તેમજ જબલપુરથી કલકત્તા તરફ જતી જી. આઇ. પી. આર. અને ઇ. આઇ. આરનું, પ્રયાગથી આગળ જતાં પ્રયાગ અને મુગલસરાય જંકશનની વચમાંનું આ સ્ટેશન છે. ચરણાટમાં આપની બેઠક છે. સ્થાન પરમ રમણીય છે. સ્ટેશનથી એક બાજુ થોડે દૂર અરણ્યમાં આ બેઠકનું સ્થાન છે. આ સ્થાન **આચારજ** કૂપના નામથી ત્યાં સુપ્રસિદ્ધ છે. ગ્રામ બેઠકથી સુમારે એક માઇલ જેટલું દૂર છે. ગ્રામ શ્રીગંગાજીના તટ ઉપરજ ચરણાદ્રિની તલેટીમાં આવેલું છે. ચરણાદ્રિ (પર્વત) ચરણની આકૃતિના જેવોજ જણાય છે. ઉપર ગઢ છે. અત્રે હાલ ગઢની નીચે ગ્રામની એક બાજુ શ્રીગંગાજીના તટ આગળ યવનોની એક મસજીદના સ્થાનની સાથેજ (યવન ફકીરોના કબજામાં) ઓરડીમાં શ્રીપ્રભુનો ચરણારવિંદ બિરાજે છે; કે જે પહેલાં ચરણાદ્રિ (પર્વત) ઉપર ગઢમાં બિરાજતો હતો. આજે પણ આ સ્થાને ઘણી વખત ભાવુક શ્રદ્ધાળુ હિન્દુજનો અને યાત્રાળુઓ દર્શનાર્થે જાય છે; તેમજ મેળો પણ અમુક અમુક વખતે ભરાય છે.

+ धनुर्मासस्य कृष्णे तु नवम्यां मुनिसत्तम ।
गोप्यावतारो कृष्णस्य द्विजरूपेण भूतले ॥
भविष्यति महाप्राज्ञो दैवानुद्धरणाय च ।
वल्लभस्य गृहे नूनं गिरिराजधरो हरिः ॥

(भवि० सं० अ० १४)

પોતાના પ્રાકટ્ય વખતે પ્રાકટ્યસ્થલમાં અનેક દૈવી ચમત્કારો પ્રત્યક્ષ થયા હતા. પોતે બાલ્યાવસ્થામાં ઉપનયન સંસ્કાર થતા સુધી અનેક પ્રકારની આનંદદાથી અલૌકિક પ્રભાવ યુક્ત બાલલીલા કરતા રહ્યા હતા; અને સં. ૧૫૮૦ માં યજ્ઞોપવીત સંસ્કાર થયો ત્યારથી પોતે શાસ્ત્રાભ્યાસ પરાયણ થયા હતા. આપે પણ પોતાના પિતાશ્રી પ્રમાણેજ શાસ્ત્રાધ્યયનમાં અલૌકિક પ્રભાવ દર્શાવ્યો હતો. તદનંતર આપનો શ્રીઅડેલમાં વિશ્વનાથ ભટ્ટ અને તેમનાં પત્ની ભવાનીની કન્યા **શ્રીરૂક્મિનીજી** સાથે વિવાહ થયો હતો; અને પોતે શ્રીગિરિરાજ પધાર્યા હતા. શ્રીગિરિરાજ પધારી શ્રીનાથજીનો શૃંગાર કર્યો હતો અને સેવા વિધિ સ્થાપન કરી હતી. પોતે પોતાના શ્રીપિતૃચરણ (શ્રીમહાપ્રભુજી) ના સ્વમાર્ગીય ગ્રંથોનું સતત મનન કરતા રહેતા હતા; અને નિજજનોને તે વાક્સુધાનું દાન કરી અલૌકિકાનંદાનુભવ કરાવતા હતા.

શ્રીનાથજીની આજ્ઞાથી બંગાલીઓને સેવામાંથી દૂર કરી,

पौष कृष्ण नवम्यां च विट्ठलेशेति संज्ञकः ।
द्विजालये महादेवी काश्याः सन्निहितो हरिः ॥
गुप्त वृंदावनं यत्र नानापक्षि समाकुलं ।
गिरिराज कनिष्ठस्य चरणाद्रेश्च गह्वरे ॥
भविष्यति कलेर्मध्ये प्रथमे नंदनंदनः ।

(गौरीतंत्रे कालमहादेवोक्तम्)

अग्नि रूपो द्विजाचारो भविष्यामीह भूतले
वल्लभोग्यग्नि रूपः स्याद्विट्ठलः पुरुषोत्तमः ॥

(अग्निपु० भवि० खण्ड)

कृष्णो बुद्धो विट्ठलेशः कल्कि म्लेंच्छ निकृंतने ।
पूर्णः कृष्णो बुधश्चांशः परमानंद विट्ठलः ॥

(ब्रह्मपु० अ० ७७)

સાંચોર ગ્રામથી (ગુર્જર બ્રાહ્મણ) સાંચોરા બ્રાહ્મણને બોલાવી તેમને સેવા ક્રમ બતાવી સેવામાં દાખલ કર્યા હતા; અને રામદાસ, ગોવિંદજી, ને શ્રીપ્રભુના ચરણ સ્પર્શ કરાવી મુખીયા બનાવ્યા હતા. પોતે પણ શ્રીઅડેલ ન બિરાજતાં સહકુટુમ્બ શ્રીપ્રભુ સમીપ શ્રીવ્રજમાંજ રહેવા લાગ્યા હતા.

એક વખત શ્રીઠકુરાનીઘાટ ઉપર આપ સંધ્યા કરતા હતા; જે વખતે બાદશાહની બેગમે વિજ્ઞપ્તિ કરાવી કે “ બાદશાહ મારા વશમાં થાય તેવો મંત્ર કૃપા કરીને બતાવો.” પોતે બેગમની વિજ્ઞપ્તિના પ્રત્યુત્તરમાં નીચે પ્રમાણેનો દોહો મંત્રરૂપથી લખી આપ્યો હતો.

દોહો:—“ मंत्र यंत्र अरु तंत्र यह भूल करो मत कोय ।
पती कहे सो कीजियैं आपहिसों वश होय ॥ ”

આપના આ મંત્રનો પ્રભાવ જોઇને બાદશાહે પણ વશીકરણ મંત્રની વિજ્ઞપ્તિ કરી હતી; કે જેથી બાદશાહને પણ પોતે નીચે પ્રમાણેનો દોહો મંત્ર રૂપથી લખી આપ્યો હતો.

દોહો:—“मीठो सबसों बोलियैं सुख उपजैं चहुं ओर ।
वशीकरण यह मंत्र है तजवो बचन कठोर ॥ ”

આ મંત્ર રૂપ દોહાના ઉપદેશથી બાદશાહ બહુજ પ્રસન્ન થયા હતા, અને બીજા પણ અનેક ચમત્કારોથી પોતાનો અલૌકિક પ્રભાવ જાણી બાદશાહે શ્રીગોકુલ તથા શ્રીગિરિરાજ ગ્રામ ભેટ કર્યાં હતાં; તેમજ ચાકદાર વાઘો, ચમર, મોરછલ, છડી વિગેરે રાજ્ય ચિહ્નનું સાહિત્ય પણ ભેટ આપ્યું હતું કે જે હજુ સુધી વિદ્યમાન છે. તદનંતર પોતે શ્રીગોકુલમાં મંદિર સિદ્ધ કરાવ્યું હતું અને શ્રીગિરિરાજમાં ગોશાલા સિદ્ધ કરાવી હતી.

પોતે પોતાના દ્વિરાગમન પછી કુલધર્મ વિચારી સોમ યજ્ઞ પણ કર્યો હતો. પોતાને સાત લાલજી (પુત્ર) હતા અને

ચાર બેટીજી (પુત્રી) શોભા, યમુના, કમલા, દેવકાં, હતાં. પ્રથમ પુત્ર શ્રીગિરિધરજી સં. ૧૫૯૭ કાર્ત્તિક શુકલા ૧૨, દ્વિતીય પુત્ર શ્રીગોવિંદજી સં. ૧૫૯૯ કાર્ત્તિક કૃષ્ણા ૮, (વ્ર૦ માર્ગ૦ કૃ૦) તૃતીયપુત્ર શ્રીબાલકૃષ્ણજી સં. ૧૬૦૬ ભાદ્રકૃષ્ણા ૧૩, (વ્ર૦ આશ્વિ૦ કૃ૦) ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી સં. ૧૬૦૮ માર્ગ૦ શુકલા ૭, પંચમ પુત્ર શ્રીરઘુનાથજી સં. ૧૬૧૧ કાર્ત્તિક શુકલા ૧૨, છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજી સં. ૧૬૧૩ ચૈત્ર શુકલા ૬, સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજી સં. ૧૬૨૮ કાર્ત્તિક કૃષ્ણા ૧૩, (વ્ર૦ માર્ગ૦ કૃ૦) ને દિવસે પ્રકટ થયા હતા. પોતાને બે પત્ની હતાં. શ્રીરૂક્મિણીજી તથા *શ્રીપદ્માવતીજી. સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીનું પ્રાકટ્ય શ્રી પદ્માવતીજીથી થયું હતું. ગઢાનાં રાણી દુર્ગાવતીના આગ્રહથી પોતાનું શ્રીપદ્માવતીજી સાથેનું દ્વિતીયલગ્ન સં.૧૬૨૦ ના વૈશાખ શુકલા ૩ ને દિવસે ગોરજ સમયે ગઢા મુકામેજ થયું હતું; કે જ્યાં તે સમયમાં પોતે બિરાજતા હતા. શ્રીરૂક્મિણીજીએ લીલા પણ ગઢા મુકામેજ કરી હતી.

પોતે પોતાના પિતાશ્રી (શ્રીવલ્લભાચાર્યજી–શ્રીમહાપ્રભુજી) પ્રકટિત શ્રીપુષ્ટિમાર્ગનો શ્રીપ્રભુની આજ્ઞાનુસાર વધુ પ્રકાશ કર્યો હતો; અને બ્રહ્મવાદને વિશેષ પ્રતિપાદન કરી પુષ્ટ કર્યો હતો. શ્રી મહાપ્રભુજીના અંતરંગ ભક્તોની સાથે સદા શ્રીપ્રભુના અલૌકિકાનંદથી રસમગ્ન રહી નિજજનોને નિજરસામૃત વૃષ્ટિથી કૃપા કરીને સદા સિંચન કરતા રહેતા હતા. સેવા પ્રણાલિકા અને શ્રીપ્રભુના આનંદનો ખરો વિકાસ નિજસૃષ્ટિમાં પોતેજ કર્યો હતો; તેમજ સેવા માર્ગના આનંદનું દાન પણ નિજજનોને પોતે કર્યું હતું. પોતે સાતે સ્વરૂપો સહિત શ્રીજીને અન્નકૂટ આરોગાવ્યો હતો; તથા બીજો પણ સેવા વૈભવ ભોગ વિગેરા પ્રથમથી દ્વિગુણ કરી નાંખ્યો હતો. પોતે પરમકૃપાલુ હોવાથી સદા દૈવીજનો ઉપર કૃપાજ કરતા રહેતા હતા. અનેક જીવો ઉપર કૃપા કરવાના હેતુથી પોતે પૃથિવી પ્રદક્ષિણા તેમજ ગુજરાત તરફ પધારવા શ્રીદ્વારકા યાત્રા પણ કરી

---

* કૃષ્ણરામની કન્યા.

હતી; અને ઘણા નવીન ગ્રંથો તથા શ્રીમહાપ્રભુજીના ગ્રંથો ઉપર ટીકા, ટિપ્પણ લેખ વિગેરે લખ્યું હતું. ૨૫૨ દૈવી જીવોને પોતાના મુખ્ય સેવક બનાવી, જ્યાં જ્યાં પોતે શ્રીભાગવત સપ્તાહ પારાયણ કર્યાં ત્યાં ત્યાં બેઠકો સ્થાપન કરી, શ્રીનાથજી તથા શ્રી નવનીતપ્રિયાજી પોતાની મુખ્ય સેવામાં ગણી, સાતે શ્રીપ્રભુ સ્વરૂપ પોતાના સાત લાલજીને સેવા માટે એક એક પધરાવી આપી પોતે પોતાની ૭૦ વર્ષની વયે સં. ૧૬૪૨ પૌષકૃષ્ણા ૭ (ગુ૦ માઘ કૃ૦) ને દિવસે* ૭૦ વર્ષ અને ૨૮ દિવસ ભૂતલ ઉપર બિરાજી શ્રીગિરિરાજની કંદરામાં સદેહજ (નિજલીલામાં) પધારી ગયા હતા.

શ્રીગિરિધરજી.

શ્રીગુસાંઇજી શ્રીવિઠ્ઠલનાથજીના પ્રથમ લાલજી (જ્યેષ્ઠપુત્ર) શ્રીગિરિધરજી સં. ૧૫૯૭ કાર્ત્તિક શુકલા ૧૨ ને દિવસે પ્રકટ થયા હતા, જેમને માથે શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયાજી, તથા શ્રી મથુરેશજીની સેવા બિરાજતી હતી. પોતે જીવો ઉપર બહુજ કૃપા કરતા હતા. આપ જે જીવને બ્રહ્મસંબંધ કરાવતા તેને તત્કાલ સંસારથી મુક્ત કરી નાંખી સદેહજ શ્રીપ્રભુની લીલામાં પહોંચાડી દેતા હતા.

એક વખતે પોતે સંધ્યાવંદનમાં બિરાજેલા હતા, જે વખતે એક બ્રાહ્મણે પોતાની પુત્રીના વિવાહને માટે આપની પાસે આવી યાચના કરી, કે જેથી તે બ્રાહ્મણને પોતે જે તામ્રપંચપાત્રથી સંધ્યા કરતા હતા તેજ પંચપાત્ર આપ્યું; જે લઇને બ્રાહ્મણ બહુ જ શરમાયો અને દુઃખપૂર્વક મનમાં વિચાર કરવા લાગ્યો કે આ તામ્રપાત્રથી હું શી રીતે વિવાહ કરી શકીશ ? વિચાર કરતો કરતો બ્રાહ્મણ પોતાને ઘેર આવ્યો અને પંચપાત્ર ઘરમાં એક ઠેકાણે મૂકી દીધું. બીજે દિવસે જ્યારે પંચપાત્ર બ્રાહ્મણે જોયું તો સુવર્ણનું માલુમ પડયું જેથી હર્ષિત થઈ તે દ્વારા પોતાની પુત્રીનો

---

*पूर्णसप्तति वर्षाणि दिनान्यष्टौ च विंशतिः ।
वसुधायां व्यराजन्त श्रीमद्विट्ठल दीक्षिताः ॥

આનંદ પૂર્વક વિવાહ કર્યો; અને મનમાં નિશ્ચય કર્યો કે આતો લૌકિક પુરૂષ જેવા જણાય છે પરંતુ વસ્તુતઃ સાક્ષાત્ શ્રીપ્રભુજ છે.

શ્રીગુસાંઇજી પછી પોતે આચાર્ય પદવી ધારણ કરી પોતાના પિતાશ્રી તથા શ્રીપિતામહની શ્રીપાદુકાજીને નિજમંદિરમાં પધરાવી સેવા કરવા લાગ્યા કે જે આજસુધી સેવાય છે. બીજી શ્રી પાદુકાજીઓ પોતાના નાનાભાઇઓને પણ આપ્યાં હતાં. રૂપસિંહ રાજાને કૃપા કરીને શરણે લીધા અને વ્રજની ત્રણ પ્રદક્ષિણાઓ કરી તથા માયાવાદી વિગેરાઓને પરાસ્ત કર્યા હતા. પોતે સ્વમાર્ગીય સિદ્ધાન્તના ગ્રંથ પણ પ્રકટ કર્યા અને બેઠકો ઉપર પણ પધાર્યા હતા. સં. ૧૬૬૦ માં શ્રીગિરિરાજમાં શ્રીમથુરેશ પ્રભુના શૃંગાર કરવાના સમયે શ્રીપ્રભુને હસતા જોઈ શ્રીમુખારવિંદમાં સદેહ લીન થયા હતા, (નિજલીલામાં પધાર્યા હતા,) કે જેથી પોતાના પુત્રોને બહુજ વિસ્મય થયો હતો; પરંતુ તેજ વખતે આપનું ઉત્તરીય વસ્ત્ર લઈ કર્મ કરવાની શ્રીપ્રભુની આજ્ઞા થવાથી તે પ્રમાણે આનંદ પૂર્વક કર્યું હતું. શ્રીગિરિધરજી પોતે શ્રીગુસાંઇજી તથા શ્રીમહાપ્રભુજીની પ્રમાણે પરમપ્રતાપી થયા હતા કે જેમનાં અનેક અલૌકિક ચરિત્રો નિજજનોને પ્રત્યક્ષ થયાં હતાં.

શ્રીગોપીનાથજી.

શ્રીગિરિધરજીના તૃતીય પુત્ર શ્રીગોપીનાથજી સં. ૧૬૩૪ પૌષ કૃ૦ ૪ (વ્રજમાઘકૃ૦) ને દિવસે પ્રકટ થયા હતા; જેમણે શ્રી મથુરેશ પ્રભુને શ્રીનાથજી સમીપ બિરાજતા હતા ત્યાંથી જુદા પધરાવ્યા હતા. પોતે સોમયજ્ઞ કર્યો હતો જેથી દીક્ષિત પદવી પુનઃ પ્રાપ્ત થઈ હતી; કે જે કોટાના ઘરમાં આજે પણ ઓળખાય છે. શ્રીમથુરેશજીના ઘરના આપજ પ્રથમ ટિકેત ગણાયા હતા. પોતે એવો નિયમ કર્યો હતો કે જે શ્રીમથુરેશજીના ઘરના ટિકેત હોય તેમણે કોઇપણ પ્રકારનો દ્વેષભાવ રાખ્યા વિના જ્ઞાતિમંડલ જે હાજર હોય તેને બોલાવી ભોજન કરાવીને પોતે ભોજન કરવું. આ નિયમ તે વખતથી હજુ સુધી બરાબર શ્રીમથુરેશજીના ઘરમાં ચાલ્યો આવે છે. શ્રીમથુરેશજીની રસોઈઘરની સેવા શ્રીવહુજી

બેટીજી પ્રભૃતિ પોતાના શ્રીહસ્તેજ કરતાં હતાં. હજુ સુધી પણ શ્રી મથુરેશજીને ત્યાં તેવીજ રીતે ચાલે છે. શ્રીદીક્ષિતજીને ચાર લાલજી હતા. શ્રીવલ્લભજી, શ્રીમથુરાનાથજી, શ્રીગોવિંદજી, શ્રીરામકૃષ્ણજી. શ્રીગોપીનાથજી પોતે પરમપ્રતાપી થયા હતા. આપનાં પણ અલૌકિક અનેક ચરિત્રો સ્વકીયોને પ્રત્યક્ષ થયાં હતાં. પોતે શ્રી પ્રભુની સેવામાં સદા તત્પર રહેતા હતા.

શ્રીવલ્લભજી. (ઉપનામ શ્રીપ્રભુજી.)

શ્રીગોપીનાથજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીવલ્લભજી (ઉપનામ શ્રીપ્રભુજી મહારાજ) સં. ૧૬૬૭ પૌષ કૃષ્ણા ૨ (વ્રજ માઘ કૃ૦) ને દિવસે પ્રકટ થયા હતા. બાલલીલાનંતર અષ્ટમ વર્ષે આપને યજ્ઞોપવીત ધારણ કરાવવામાં આવ્યું હતું; અને તે પછી પોતે બહુજ ઉત્તમ પ્રકારથી શાસ્ત્રાભ્યાસ કર્યો હતો. પોતે બહુજ વિદ્વાન્ હતા. રાત્રિ દિવસ શ્રીભગવત્સેવા અને શાસ્ત્રાવલોકન તથા ઉપદેશાદિમાંજ મગ્ન રહેતા હતા. આપના વખતમાં શ્રીદ્વારકાધીશ્વરપ્રભુ અને શ્રીમથુરાધીશ્વર પ્રભુ એકજ સિંહાસન ઉપર બિરાજતા હતા. આપનાં ચરિત્ર કેવલ અલૌકિકજ હતાં.

શ્રીરણછોડલાલજી.

શ્રીવલ્લભજીના લાલજી શ્રીરણછોડલાલજી સં. ૧૬૭૭ વૈશાખ કૃષ્ણા ૮ (વ્રજજ્યે૦ કૃ૦) ને દિવસે પ્રકટ થયા હતા. પોતાને લૌકિક કાર્યથી બહુજ ગ્લાની હતી; અને તેથી આપ શ્રીપ્રભુની સેવામાં અને શ્રીવ્રજયાત્રામાં વિશેષ મગ્ન રહેતા હતા. પોતે શ્રીવ્રજયાત્રા બહુ વખત કરી હતી. શ્રીગિરિધરજી અને શ્રીદીક્ષિતજીની શ્રી પાદુકાજીને પોતે સેવામાં પધરાવી હતી. ઉદારતાનો અદ્ભુત ગુણ પોતાનામાં હતો. પોતે મોટા દાનદાતા થયા હતા.

શ્રીગિરિધરજી.

શ્રીરણછોડલાલજીના લાલજી શ્રીગિરિધરજી સં. ૧૭૨૮ ચૈત્ર શુકલા ૧૦ ને દિવસે પ્રકટ થયા હતા. પોતાના પિતાશ્રીની પ્રમાણેજ પોતે પણ સતત શ્રીપ્રભુની સેવામાંજ તત્પર રહેતા

હતા; અને દાનદાતા પણ હતા. આપવા યોગ્ય જેટલાં દાન હતાં તે બધાં આપે આપ્યાં હતાં; અને અલૌકિક પ્રભાવ દર્શાવ્યો હતો.

શ્રીગોપીનાથજી.

શ્રીગિરિધરજીના લાલજી શ્રીગોપીનાથજી સં. ૧૭૪૭ માં પ્રકટ થયા હતા. પોતે સેવામાં સદા તત્પર રહેતા હતા; સાથેજ નિત્યોપાસન હવન વિગેરે પણ કરતા હતા. પોતાને વેદોક્ત પ્રણાલિકાનો વિશેષ આગ્રહ હતો. સેવા વેદોક્ત મંત્રોથી કરતા હતા. આપનાં બધાં ચરિત્ર શ્રીદીક્ષિતજીની સમાન હતાં. પ્રતાપી પણ તેવાજ હતા.

શ્રીપ્રભુજી. (ઉપનામ શ્રીવલ્લભજી.)

શ્રીગોપીનાથજીના લાલજી શ્રીપ્રભુજી (ઉપનામ શ્રીવલ્લભજી) થયા હતા. અષ્ટમ વર્ષ પર્યંત બાલ લીલા કરી તદનંતર શાસ્ત્રાધ્યયન આપે કર્યું હતું. શાસ્ત્રાધ્યયન પછી પોતે ઘણે ભાગે બહુજ થોડું બોલતા હતા. માત્ર અલૌકિક પ્રસંગ નિમિત્તે સ્વકીયો સાથે બોલતા હતા, નહીં તો લૌકિક સંબંધમાં તો બિલકુલ મૌનજ ધારણ કરેલું હતું. પોતાનું ચરિત્ર બિલકુલ લૌકિક ત્યાગ યુક્તજ હતું.

શ્રીગિરિધરજી.

શ્રીપ્રભુજીના પુત્ર શ્રીગિરિધરજી થયા હતા. આપે દેશાટન બહુજ કર્યું હતું. ઘણાએક રાજાઓ વિગેરે પોતાના સેવક થયા હતા; અને તેઓએ જાગીરો વિગેરે ભેટ પણ કરી હતી. આપની જે ભેટ આવે તેમાંથી અમુક દૈવી દ્રવ્ય અડધું પોતે રાખી બાકીનું પોતાના જ્ઞાતિ મંડલને તેમજ વિદ્વાનોને આપવાનો પોતાનો નિયમ હતો. સેવા તથા શાસ્ત્રમાં બહુજ કુશલ હતા; તેમજ પ્રતાપી પણ પૂર્ણ હતા.

શ્રીગોવિંદજી.

શ્રીગિરિધરજીના પુત્ર શ્રીગોવિંદજી થયા હતા. આપેજ શ્રી મથુરેશજીને શ્રીનાથદ્વારા પધરાવ્યા હતા; અને શ્રીટિકૈત મહારાજ શ્રીદાઉજીમહારાજે શ્રીછપ્પનભોગ કર્યો તે આરોગાવ્યો હતો, તથા શ્રીકોટા શ્રીપ્રભુને પધરાવ્યા હતા.

શ્રીપ્રભુજી.

શ્રીગોવિંદજીના પુત્ર શ્રીપ્રભુજી સં. ૧૮૩૭ કાર્ત્તિક શુકલા ૧૪ ને દિવસે પ્રકટ થયા હતા. પોતે શ્રીમથુરાધીશ પ્રભુના મનોરથ માટે કાચનો સામાન હાંડી, ઝુમ્મર, (ઝાડ) વિગેરેની બહુ તૈયારી કરી હતી; પરંતુ શ્રીપ્રભુની ઇચ્છાથી આપ ૨૧ વર્ષની વયમાંજ સં. ૧૮૫૮ ભાદ્ર શુ૦ ૬ ને દિવસે નિજ લીલામાં પધારી ગયા કે જેથી મનોરથ બાકી રહી ગયો હતો, જે સં. ૧૯૩૭ માં શ્રીરણછોડલાલજીના લાલજી શ્રીજીવનલાલજીના સ્વરૂપે પુનઃ પ્રત્યક્ષ પધારી લૌકિક અલૌકિક ઉભય પ્રકારે મનોરથ પૂર્ણ કર્યો હતો. પ્રથમનો સંગ્રહિત ફૂલ કાચનો સામાન જે આજ સુધી એમને એમજ પડયો હતો તે આ વખતે મનોરથદ્વારા પોતે શ્રીપ્રભુને અંગીકાર કરાવી ૨૧ વર્ષની વયેજ આ સ્વરૂપે પણ નિજલીલામાં પધારી ગયા હતા. આપનું ચરિત્ર અલૌકિક અને નાની વયમાં પણ અધિક પ્રતાપ દર્શાવનારૂં પ્રત્યક્ષ જણાયું હતું.

શ્રીકહ્નૈયાલાલજી.

શ્રીપ્રભુજીની ગાદીએ શ્રીકહ્નૈયાલાલજી (ઉપનામ શ્રીવિઠ્ઠલનાથજી) ગોદ પધાર્યા હતા. શ્રીકહ્નૈયાલાલજીનું પ્રાકટ્ય સં. ૧૮૮૮ શ્રાવણ શુકલા ૨ ને દિવસે થયું હતું. પોતે આ ચાલુ (વર્ત્તમાન) સમયમાં એક પ્રતાપી, વિદ્વાન્, અને અલૌકિક ચરિત્રવાળા આચાર્ય થયા હતા. પોતાનાં અનેક પ્રકારનાં પ્રભાવશાલી ચરિત્રો વખતો વખત પ્રત્યક્ષ થયેલાં હતાં.

એક સમયે દક્ષિણના કોઈ એક મઠના શ્રીશંકરાચાર્ય શ્રી કોટામાં (નંદગ્રામ) દિગ્વિજય કરવાના અભિમાનથી આવ્યા હતા, કે જેમની સાથે દિવસે ઘીની બે મશાલો બળતી રહેતી હતી, તેમજ બીજો પણ આચાર્યપણાનો બહુ મોટો ઠાઠ રહેતો હતો; અને સ્વયંપણ સમર્થ વિદ્વાન્ હતા. શ્રીકોટામાં કોઇપણ વિદ્વાન્ તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર ન થવાથી તેમજ કોઇએ તેમને મહારાજશ્રીનું નામ બતાવ્યું હોવાથી તેઓ શ્રીમ-

શુરેશજીના મંદિરમાં મહારાજશ્રી પાસે આવ્યા હતા; કે જે વખતે રાજભોગ આરતી થઇ ચૂકી હતી. તેઓ આવીને જગમોહન (કીર્ત્તનીયાઓની તિબારી) માં આસન નાંખી બેઠા; અને મહારાજશ્રીને ખબર ગઇ કે તરતજ મહારાજશ્રી શ્રીહસ્તમાં ગૌમુખમાં લઇને જપ કરતા કરતા તેમની પાસે પધાર્યા હતા. મહારાજશ્રીના દર્શન એવાં અલૌકિક તેમને થયાં કે દર્શન થવાની સાથેજ આચાર્યપણાનું અભિમાન તથા શાસ્ત્રાર્થ વિગેરે ભૂલી જઈ સાષ્ટાંગ દંડવત્ કર્યા અને કહ્યું કે આપશ્રી આ સ્વરૂપે બિરાજો છો એ મને બિલકુલ ખબરજ ન હતી. ઘીની મશાલો બંધ કરી દીધી તેમજ બીજો ઠાઠ પણ દૂર કર્યો; અને સાધારણ મનુષ્યની પ્રમાણે મહારાજશ્રીના શ્રીમુખથી કેટલાએક સમય સુધી જ્ઞાનોપદેશ શ્રવણ કરી આનંદ પ્રાપ્ત કર્યો હતો. મહારાજશ્રીએ પણ સપ્રેમ તેમને પોતાની પ્રતિષ્ઠાનુસાર પ્રસાદી બીડાં ૨ તથા એક દુશાલો વિગેરે તેમનું માન સાચવવા આપી સત્કારપૂર્વક વિદાય કર્યા હતા.

એક વખત મહારાજશ્રી શ્રીપુષ્કરજી પધાર્યા હતા, જે વખતે ચાતુર્માસનો સમય હતો. વર્ષાના કારણથી શ્રીપુષ્કરજીનું પૂર એટલા જોરમાં ચઢેલું હતું કે ગ્રામમાં તેમજ શ્રીમહાપ્રભુજીની બેઠકે કમર કમર સુધી જલ આવી ગયેલું હતું. આ વખતે મહારાજશ્રીએ શ્રીપુષ્કરજીની આ સ્થિતી જોઈ આજ્ઞા કરીકે "શ્રીપુષ્કરજીએ આટલે સુધી ચઢવું ન જોઇએ કે જેથી શ્રીમહાપ્રભુજીની બેઠકમાં જલ આવે અને ગ્રામમાં પણ લોકોને અડચણ પડે." આજ્ઞા કરવાની સાથેજ જલ એકદમ ઉતરી ગયું હતું. તે દિવસથી શ્રીપુષ્કરજીનું જલ કોઈ દિવસ ચાતુર્માસમાં પણ હવે તેટલું ચઢતું નથી, કે જેથી શ્રીમહાપ્રભુજીની બેઠકમાં જલ પ્રવેશ થઈ શકે. આ લીલા મહારાજશ્રીએ જે વખતે બતાવી હતી તે વખતે મહારાજશ્રીની સાથે શ્રીકૃષ્ણગઢનરેશના નાના ભાઈ શુવાનસિંહજી દીક્ષિત કે જેમણે હાલમાં સોમયજ્ઞ કર્યો હતો તેઓ તથા વૈષ્ણવ શ્રીનાથદાસ પુરોહિત વિગેરે હતા કે જેઓ હાલ વિદ્યમાન છે. મહારાજશ્રીની ઇચ્છા નિજલીલામાં જ્યારે

પધારવાની થઈ ત્યારે પોતે ત્રણ દિવસ પહેલાંથીજ શ્રીકોટા નિવાસી **ભટ્ટ રેહી મગ્નજીને** કહ્યું હતું કે “ હવે અમો ચોથે દિવસે મોટે ઘેર જઈશું. ” કહેવા પ્રમાણે તેજ દિવસે રાજભોગ કરીને જગમોહનની તિબારીમાં પોઢયા હતા; અને સર્વ દાનાદિક તથા શ્રીમથુરાધીશ પ્રભુના ચરણસ્પર્શ વિગેરે કરીને નેત્ર બંધ કરી ધ્યાનાવસ્થિત સ્થિતિમાં દર્શન આપી શીઘ્રજ નિજલીલામાં પધારી ગયા હતા, કે જે વખતે મંદિરમાંથી આકાશ સુધીનો પ્રલયકારની ગર્જના જેવો એક ગંભીર મહાન શબ્દ થયો હતો. પોતે નિજજનો ઉપર અતિશય કૃપા રાખતા હતા. સતત સેવા અને શાસ્ત્રચર્ચામાંજ નિમગ્ન રહેતા હતા. પોતે કેટલાએક ગ્રંથ પણ રચ્યા હતા. અપ્રમાણ વાદીને પરાસ્ત કરવામાં તેમજ સ્વમાર્ગ મંડનાદિમાં પોતે બહુજ કુશલ અને એકજ હતા. પૂર્વાચાર્યોના ગ્રંથોનું પોતાને પૂર્ણ વ્યસન હતું. પોતાનાં દરેક ચરિત્રો દિવ્ય અને અલૌકિકજ જણાયાં હતાં.

વંશાવલીનો ક્રમ.

શ્રીકહ્નૈયાલાલજીના લાલજી શ્રીરણછોડલાલજી થયા હતા, કે જેમણે પોતે શ્રીમથુરાધીશ પ્રભુને આ **મંગલયાત્રામાં** પધરાવી મનોરથો નિમિત્તે દૈવી જીવોને અનેક પ્રકારનો અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવ્યો હતો; અને પોતાના પિતાશ્રીએ શ્રીપ્રભુની ઈચ્છાથી બંધાવેલા શ્રીવ્રજમાં (શ્રીયતિપુરા)ના મંદિરમાં પધરાવવાનો પોતાના પિતાશ્રીનો મનોરથ પણ સિદ્ધ કર્યો હતો.

આ શ્રીરણછોડલાલજી મહારાજ સુધીનાં ગોસ્વામિ સ્વરૂપોનો વંશ શ્રીમથુરેશજીની ગાદી ઉપર બિરાજવાના **ક્રમથી** (ગાદીના ક્રમથી) લખવામાં આવ્યો છે. શ્રીરણછોડલાલજી મહારાજના પાદુર્ભાવનો ક્રમ તેથી થોડો પૃથક્ છે. ઉભય વંશાવલીઓ નીચે પ્રમાણે છે.

ગાદીના ક્રમથી

૧ શ્રીમહાપ્રભુજી. સં. ૧૫૩૫ ચૈત્ર કૃ૦ ૧૧ (વ૦વૈ૦કૃ૦)
૨ શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજી. સં.૧૫૭૨ માર્ગ૦કૃ૦ ૯ (વ૦પૌ૦કૃ૦)

૩ શ્રીગિરિધરજી. સં. ૧૫૯૭ કાર્ત્તિક શુકલા ૧૨
૪ શ્રીગોપીનાથજી દીક્ષિતજી. સં. ૧૬૩૪ પૌષ કૃષ્ણા ૬ (અ૦માઘકૃ૦)
૫ શ્રીવલ્લભજી.(ઉપનામશ્રીપ્રભુજીમહારાજ)સં.૧૬૬૦માર્ગ.કૃ.૩(પ્ર.પૌ.કૃ.)
૬ શ્રીરણછોડજી. સં. ૧૬૭૭ વૈશાખ કૃષ્ણા ૫ (વ૦ જ્યે૦ કૃ૦)
૭ શ્રીગિરિધરજી. સં. ૧૭૨૮ ચૈત્ર શુકલા ૧૦
૮ શ્રીગોપીનાથજી. સં. ૧૭૪૭
૯ શ્રીપ્રભુજી. (ઉપનામ શ્રીવલ્લભજી)
૧૦ શ્રીગિરિધરજી.
૧૧ શ્રીગોવિંદજી.
૧૨ શ્રીપ્રભુજી.
૧૩ શ્રીકહ્નૈયાલાલજી.(ઉપનામ શ્રીવિઠ્ઠલનાથજી)સં.૧૮૮૮શ્રાવણ શુકલા ૨
૧૪ શ્રીરણછોડલાલજી. સં. ૧૯૦૮ પોષ શુકલા ૭
૧૫ *શ્રીજીવનલાલજી. સં.૧૯૩૭ કાર્ત્તિક શુકલા ૧૪

પ્રાદુર્ભાવના ક્રમથી

૧ શ્રીમહાપ્રભુજી. ૨ શ્રીગુસાંઈજી.
૩ શ્રીગિરિધરજી. ૪ શ્રીગોપીનાથજી.
૫ શ્રીવલ્લભજી. ૬ શ્રીરણછોડજી.
૭ શ્રીજીવનજી. સં. ૧૭૨૦ જ્યે૦ શુ૦ ૧
૮ શ્રીવિઠ્ઠલનાથજી. સં. ૧૭૯૧ ફાલ્ગુન કૃ૦ ૩ (વ૦ ચૈ૦ કૃ૦)
૯ શ્રીવલ્લભજી મહારાજ. સં. ૧૮૪૧ પૌષ કૃ૦ ૧ (વ૦ મા૦ કૃ૦)
૧૦ શ્રીકહ્નૈયાલાલજી. ૧૧ શ્રીરણછોડલાલજી. ૧૨ શ્રીજીવનલાલજી.

શ્રીજીવનજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીવલ્લભજી.

શ્રીકહ્નૈયાલાલજી મહારાજના જનક પિતાશ્રી શ્રીવલ્લભજી મહારાજ પણ પરમપ્રતાપી થયા હતા; તેમજ શ્રીવલ્લભજી મહા-

---

*શ્રીનાથદ્વારાધીશ ટિકેત મહારાજ શ્રીગોવર્ધનલાલજીના ચિં૦ લાલજી શ્રીદામોદરલાલજીને સં. ૧૯૭૪ વૈશાખ શુકલા ૧૩ ને દિવસે શ્રીકોટાની ગાદીઉપર ગોદ પધાર્યાનું મંગલતિલક થયેલું હોવાથી શ્રીજીવનલાલજી મહારાજ પછીના ગાદીના ક્રમમાં વર્ત્તમાન **શ્રીમથુરાનાથજીના ટિકેત શ્રી દામોદરલાલજી** ગણાયા છે.

રાજના પિતાશ્રી શ્રીવિઠ્ઠલનાથજી તથા શ્રીપિતામહજી શ્રીજીવનજી મહારાજ પણ અલૌકિક પ્રતાપવાળાજ થયા હતા. શ્રીજીવનજી મહારાજનું પ્રાકટ્ય સં૦ ૧૭૨૦ જ્યેષ્ઠ શુકલા ૧ ને દિવસે થયું હતું; અને શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય સં૦ ૧૭૯૧ ફાલ્ગુન કૃષ્ણા ૩ (વ્ર૦ ચૈત્ર કૃ૦) ને દિવસે થયું હતું. શ્રીવલ્લભજી મહારાજનું પ્રાકટ્ય સં૦ ૧૮૪૧ પૌષ કૃષ્ણા ૧ (વ્ર૦ માઘ કૃ૦) ને દિવસે થયું હતું. પોતે શ્રીવ્રજેશ્વરજીના મંદિરની ગાદી ઉપર (શ્રીકોટા—નાનું મંદિર) હતા; જેમણે બૂંદી આમના શ્રીગોપાલલાલજીના મંદિરનો કૂવો, કે જે ખારો હોવાથી શ્રીપ્રભુને આરોગવા તેમજ રસોઈ વિગેરેને માટે જલની અડચણ પડતી હતી તે દૂર કરવા, તેમાં સંધ્યાનું જલ પધરાવરાવી મીઠો કરી નાંખ્યો હતો. આ મીઠો કૂવો હજુ સુધી મહારાજશ્રીના પ્રમેયબલની નિશાની તરીકે ત્યાં વિદ્યમાનજ છે. આપની પાસેથી શ્રીકહ્નૈયાલાલજીને શ્રીપ્રભુજીનાં શ્રીવહુજી **શ્રીપ્રભાવતી**વહુજીમહારાજે શ્રીમથુરેશજીની ગાદી ઉપર ગોદ લીધા હતા.

શ્રીવહુજીબેટીજી પ્રભૃતિ.

આ ઘરનાં શ્રીવહુજીબેટીજી પણ પ્રતાપી થયેલાં હતાં. શ્રીકહ્નૈયાલાલજી મહારાજનાં મોટાં બહેન **શ્રીકમલાબેટીજી** શ્રીકોટામાં શ્રીમથુરેશજીની સેવામાંજ રહેતાં હતાં. પોતે સેવામાં અતઃપર હતાં. જ્યાં સુધી આપ ભૂતલ ઉપર બિરાજ્યાં ત્યાં સુધી કોઈ મુખીયાજી વિગેરેને શ્રીપ્રભુના ચરણસ્પર્શ કરાવ્યા ન હતા. રાત્રિદિવસ પોતે સ્વયં સેવામાંજ મગ્ન રહેતાં હતાં.

એક વખતે શ્રીકૃષ્ણગઢનરેશના ખાસ અંગીભૃત્ય અભયસિંહજીનાં સ્ત્રી કે જે આપનાં સેવક હતાં, તેમને તેમના પતિની પ્રેતિનીઓ થયેલી બે સ્નેહી સ્ત્રીઓ હમેશાં રાત્રિમાં દુઃખ દેતી હતી, જેથી તેમણે આ સમાચાર શ્રીબેટીજી મહારાજને પત્રદ્વારા જણાવ્યા; જેના જવાબમાં પોતે નિત્ય ૩૫ પાઠ **શ્રીસર્વોત્તમ**

સ્તોત્રના કરવા માટે આજ્ઞાપત્ર લખાવ્યો હતો. આજ્ઞાપત્ર પ્રમાણે પાઠ કરવાથી પ્રેતિનીઓએ દુઃખ દેવું, સાથે સૂઈ રહેવું, વિગેરે બંધ કર્યું; અને માત્ર હમેશાં સામે આવી ઉભી રહેવા લાગી. જ્યારે પાઠ કરતાં કરતાં છ મહીના થઈ ગયા ત્યારે તે પ્રેતિનીઓએ કહ્યું કે "હવે અમારી બુદ્ધિ તમારાં દર્શન કરવાથી શુદ્ધ થયેલી છે અને અમારો તમને મારી નાંખી પ્રેત બનાવવાનો દુષ્ટ વિચાર બદલાઈ ગયો છે. કૃપા કરીને તમો અમારો મોક્ષ થાય તેવું કરો. અમે મહાદોષવાળાં છીએ. અમારા દોષ અમને જણાયા છે." આ પ્રમાણે બનવાથી પુનઃ તે સમાચાર શ્રીબેટીજી મહારાજને લખાવ્યા કે જેના જવાબમાં પોતે આજ્ઞાપત્રમાં લખાવ્યું કે "અમેજ થોડા વખતમાં ત્યાં પધારીશું." શ્રીબેટીજી મહારાજ તે પ્રમાણે થોડા વખતમાં શ્રીકૃષ્ણગઢ પધાર્યા અને પ્રેતિનીઓના મોક્ષનો અભયસિંહજીની સ્ત્રીને ઉપાય બતાવ્યો કે "તમો શ્રીસર્વોત્તમ સ્તોત્રના છેલ્લા પાંચ શ્લોક ત્રણ વખત ભણીને હાથમાં જલ લઈ મોક્ષ નિમિત્ત સંકલ્પ કરી પ્રેતિનીઓના હાથમાં છોડો કે જેથી તેમનો મોક્ષ થશે." આજ્ઞા પ્રમાણે ત્રણ વખત ભણીને જલ પ્રેતિનીઓના હાથમાં છોડવામાં આવ્યું કે તરતજ "તમારે પુત્ર થાવો" એમ કહીને પ્રેતિનીઓ મોક્ષને પ્રાપ્ત થઈ ગઈ હતી. આ આશીર્વાદના પરિણામે અભયસિંહજીને એક ગિરિધરસિંહ નામના પરમવૈષ્ણવ પુત્ર થયા હતા. આવાં અનેક ચરિત્રો શ્રીબેટીજીમહારાજે નિજજનો ઉપર કૃપા કરવા પ્રત્યક્ષ કર્યા હતાં.

આ ઘરમાં **શ્રીવ્રજરત્નજી** નામના એક મહારાજ થયા હતા, જેમનાં વહુજી **શ્રીશોભાવહુજી** પણ અલૌકિક માહાત્મ્ય દર્શાવનારાં થયાં હતાં. (જે શ્રીશોભાવહુજીનું શ્રીમદનમોહનજીનું મંદિર શ્રીગોકુલમાં છે.) આ શ્રીશોભાવહુજી અંધ હતાં. આશ્ચર્ય ભરેલું માહાત્મ્ય એ હતું કે, પોતે અંધ હોવા છતાં જ્યારે શ્રીપ્રભુની સેવામાં પધારતાં ત્યારે આપને બધું સારી રીતે દેખાતું હતું; અને શ્રીપ્રભુનો શૃંગાર તેમજ બીજી સેવા સારી રીતે આનંદ પૂર્વક કરી શકતાં હતાં. સેવામાંથી બ-

હાર પધાર્યા પછી કંઈ પણ દેખાતું ન હતું. સારાંશ કે લૌકિકાંધ જેવી દશા હતી. પોતે સ્વમાર્ગીય રહસ્યથી પણ પૂર્ણ હતાં. નિજજનોને સારો ઉપદેશ આપતાં હતાં. આપે શ્રીમદ્ ભાગવતનાં ઉત્તમ ધોળ બનાવેલાં છે, કે જેમાં શ્રીઆચાર્યચરણના નિબંધ, શ્રીસુબોધિનીજી પ્રભૃતિ ગ્રંથોનોજ આશય સ્પષ્ટ થાય છે. આ પ્રમાણે અન્ય શ્રીવહુજીબેટીજીનાં પણ અલૌકિક ચરિત્રજ પ્રત્યક્ષ થયાં હતાં.

શ્રીરણછોડલાલજી.

वन्दे **श्रीरणछोडाणां** पादपद्मरजांस्यहम् ।
यत्कृपात स्तदाचारा: स्फुरन्तु सततं मयि ॥
अलं नीरै शीतैरिह जनिमतां तापहरणे ।
प्रकाशे मा कुर्याः शशधर परिश्रान्ति मतुलाम् ॥
पयःपूरात्तृप्त्यै सपदि विरताःस्मेति सदृशाद् ।
यशः सर्वं कुर्वञ्जयति **रणछोड** प्रभुगुरोः ॥
(कृतिरियं पण्डित भारतमार्तण्ड शीघ्रकवि गट्टूलालजीशर्मणः)

श्रीमद्वल्लभवंशभूषणवपुर्गोस्वामिनः श्रीप्रभोः ।
पत्न्यानाविलभक्तितः खलु प्रभावत्या सुतुष्टाद्विभोः ॥
श्रीनाथाद् दृढभक्तियोगनिरतो लब्धःसुपौत्रःसुधी ।
राधार्यो **रणछोड**नाम विदितो जीयाज्जगत्यां चिरम् ॥
(कृतिरियं पण्डित गोकुलदासजी शर्मणः)

શ્રીકહ્નૈયાલાલજી મહારાજના લાલજી (પુત્ર) શ્રીરણછોડલાલજીનું પ્રાકટ્ય સં. ૧૯૦૮ પૌષશુકલા ૭ ને દિવસે થયું હતું. શ્રીરણછોડલાલજીનાં માતુશ્રીનું નામ **શ્રીરાણી** વહુજી હતું.

પ્રાકટ્યને માટે થયેલી શ્રીપ્રભુની આજ્ઞા.

શ્રીકહ્નૈયાલાલજી મહારાજના પહેલાં શ્રીપ્રભુજી મહારાજ ગાદી ઉપર બિરાજતા હતા કે જેમની ગોદજ શ્રીકહ્નૈયાલાલજી મહારાજ પધાર્યા હતા. શ્રીપ્રભુજી મહારાજના લીલામાં પધાર્યા પછી કેટલાએક સમય સુધી આપનાં શ્રીવહુજી મહારાજ શ્રી

પ્રભાવતીજી પોતેજ શ્રીપ્રભુની સેવા અને મંદિરની વ્યવસ્થા વિગેરે કારભાર કરતાં રહ્યાં હતાં.

એક સમય શ્રીમથુરેશજીના મંદિર ઉપર દેવું થઈ ગયું હતું કે જેથી એક દિવસે માગનારા વેપારી લોકોએ મંદિરના અધિકારી મુકુંદરામ દ્વિવેદી (દુબેજી) ને બહુજ તંગ કર્યા કે જે વખતે શ્રીપ્રભુના રાજભોગ નહીં થઈ ગયેલા હોવાથી શ્રીવહુજી મહારાજ સેવામાંજ હતાં. પરિચારિણીદ્વારા અધિકારીજીએ શ્રી વહુજીમહારાજને વિજ્ઞપ્તિ કરાવી કે “ માગનારા લોકો મને બહુ જ તંગ કરે છે અને મારી પાસે દ્રવ્ય છે નહીં માટે કંઈ બંદોબસ્ત કરવો જોઇએ. ” શ્રીવહુજી મહારાજે જવાબમાં આજ્ઞા કરી કે “ રાજભોગ થઇ જવાદો, પછી બંદોબસ્ત થઈ જશે. ” રાજભોગ થયા ત્યારે પરિચારિણીને શ્રીવહુજી મહારાજે આજ્ઞા કરી કે “ અધિકારીજીને નિજતિબારીમાં ઉભા રાખી કહો કે સારી રીતે શ્રીપ્રભુનાં દર્શન કરો. ” આજ્ઞાનુસાર પરિચારિણીના કહેવા પ્રમાણે અધિકારીજીએ નિજતિબારીમાં ઉભા રહી દર્શન કર્યાં કે જે વખતે શ્રીમથુરાધીશ પ્રભુનાં અત્યંત આશ્ચર્યકારક અલૌકિક દર્શન અધિકારીજીને થયાં. તદનંતર શ્રીવહુજીમહારાજે અધિકારીજીને આજ્ઞા કરી કે “ બધું દેવું આપનાર એ શ્રીપ્રભુજ છે, જાઓ બધા માગનારાઓને બોલાવી લો. ” શ્રીવહુજી મહારાજે તેજ વખતે એક નાની પેટી કાઢી કે જેમાં બહુજ થોડું દ્રવ્ય રહી શકે; અને તે પેટીમાંથીજ બધા માગનારાઓને શ્રી પ્રભુની સમક્ષમાંજ દેવું ચૂકાવી આપ્યું. માગનારાઓને આપ્યા પછી પણ તે પેટી ભરેલીજ રહી હતી. આ પ્રમાણે શ્રીપ્રભાવતી વહુજીમહારાજે પોતાના નામ પ્રમાણેજ પ્રભાવ પ્રત્યક્ષ દેખાડયો હતો.

આ શ્રીપ્રભાવતી વહુજીમહારાજ એક સમયે શ્રીજીદ્વાર (શ્રીનાથદ્વારા) શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા પધાર્યા હતાં. ત્યાં શ્રીપ્રભુની સારા પ્રકારે સેવા કરવાથી શ્રીનાથજીના મુખીયાજી (બલદેવજી) એ શ્રીનાથજીની પ્રેરણાથી પ્રસન્ન થઈ કહ્યું કે “ કંઈ માગો. ” તે વખતે શ્રીવહુજી મહારાજે કહ્યું કે

“ સદા શ્રીનાથજીમાં ભક્તિ બની રહે. આ સિવાય બીજું કંઈ પણ જોઈતું નથી.” મુખીયાજીએ પુનઃ આગ્રહ કર્યો છતાં પોતે કંઈ પણ કહ્યું નહીં; જેથી શ્રીનાથજીએ તેજ રાત્રિમાં દર્શન આપી આજ્ઞા કરી કે “ તમારા હૃદયમાં જોકે મારી ભક્તિ સિવાય બીજા વરની ઈચ્છા નથી તથાપિ હું પ્રસન્ન થઈને એક વર તમને આપુંછું કે, **આગળ શ્રીમથુરાનાથજીની સેવા કરવા માટે તમારા લાલજી શ્રીકહ્નૈયાલાલજી**(જેગોદ લીધા હતા) **ના લાલજી સ્વરૂપે શ્રીવલ્લભાચાર્યજી પુનઃ પ્રકટ થઈને આ સંપ્રદાયની રક્ષા કરશે.**” આ શ્રીપ્રભુની આજ્ઞાથીજ શ્રીરણછોડલાલજી મહારાજનું પ્રાકટ્ય થયેલું હતું. શ્રીરણછોડલાલજી મહારાજનાસ્વરૂપે સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીજ પુનઃ પ્રકટ થયા હતા એ આ પ્રસંગથી નિર્વિવાદ સિદ્ધ થાય છે.

પ્રાકટ્ય.

श्रीमद्विट्ठलनाथतः शुभदिने ग्रामे बडोद्राभिधे ।
रुक्मिण्यां निजतातजन्मसदने प्रादुर्बभूव स्वयम् ॥
पूर्वस्मिन्जनुषि क्षमाद्रिसहितं तीव्रं तपः सेवित ।
मित्याख्यापयति द्रुतं सुकपिशै रोमै र्वपु र्दर्शयन ॥
तच्छ्रुत्वा बहुदूरतः सुचरिता आचार्यवर्या स्तदा ।
श्रीमज्जीवन मभाजित् प्रभृतयो द्रष्टुं समीयुर्दिशः ॥
द्यौरापः खलु निर्मलाः शुभविधिः पौरेषु चाविर्भवत् ।
दुर्ज्ञानान्ध जनार्ति नोदनकृते सूर्योऽयमुर्वीमितः ॥

(कृतिरियं पण्डित गोकुलदास शर्मणः)

મહારાજ શ્રીરણછોડલાલજીનું પ્રાકટ્ય વડોદરા (ગુજરાત) ગ્રામમાં જે ગૃહમાં પોતાના પિતાશ્રી શ્રીકહ્નૈયાલાલજીનું પ્રાકટ્ય થયું હતું તેજ ગૃહમાં થયું હતું. (આ ગૃહ, બકરાવાડી નામથી હાલમાં જે સુપ્રસિદ્ધ છે તે હતું, એમ શ્રવણ કરેલું છે.) જે વખતે પોતે પ્રકટ થયા તે વખતે સુવર્ણની સમાન કાન્તિવાળાં રોમ સહિત આપનું શ્રીઅંગ શોભતું હતું; જેથી ભગવત્સેવા

નિમિત્ત ક્ષમા શમદમાદિ સહિત તીવ્ર તપયુક્ત આપ અહીંઆં પધાર્યા છે એ સ્પષ્ટ વિદિત થતું હતું. આપનું પ્રાકટ્ય શ્રવણ કરી મુંબાઈવાળા **શ્રીજીવનલાલજી** મહારાજ (મોટા મંદિરવાળા) તથા સુરતવાળા **શ્રીમગનલાલજી** મહારાજ પ્રભૃતિ પધાર્યા હતા. ગ્રામમાં પણ ઘેર ઘેર મંગલજ થવા લાગ્યું હતું. જ્યાં ત્યાં તે વર્ષે ગ્રામમાં યજ્ઞોપવીત, વિવાહ, પુત્ર જન્માદિ શુભ કાર્યજ વિશેષ થવા લાગ્યાં હતાં. આપનું તેજ એટલું બધું હતું કે જાણે અજ્ઞાની જનોની હૃદયરૂપ ગુફાના અંધકારને દૂર કરવા માટે સૂર્યરૂપ પોતે ભૂતલ ઉપર પ્રકટ થયા હોય એમજ પ્રત્યક્ષ થતું હતું.

બાલચરિત્ર.

प्रभोः सपर्या समयोऽस्ति नैषा जागर्ति माता शिशु रस्मि कष्टम् ।
इति प्रसुप्तां प्रसुवं हरीष्ट्यै यो बोधयत् क्रन्दित कैतवेन ॥

જ્યારે આપ નાના બાલક હતા ત્યારે માતૃચરણ સમીપજ શયન કરતા હતા. બાલકનો રડવાનો સ્વભાવ હોય છે, પરંતુ આપ માતૃચરણની નિદ્રામાં વિઘ્ન ન થાય એટલા માટે બિલકુલ રૂદન કરતા ન હતા. પાછલી રાત્રિના સમયે કે જે સમયે ઉઠી શ્રીપ્રભુની સેવામાં જવાની તૈયારી કરવી જોઇએ તે વખતે યદિ માતૃચરણ જાગ્યાં ન હોય તો આપ સ્વયં રૂદન કરી તે નિમિત્તે જગાડતા હતા. માતૃચરણ જાગ્યા પછી પોતે રૂદન બંધ કરતા કે જેથી માતૃચરણ સેવાનો સમય થયેલો જાણી શ્રીપ્રભુની સેવામાં પધારતાં હતાં.

કોઈ કોઇ વખત આપ ઘૂંટણથી દોડતા દોડતા સ્તનપાન કરવાને માતૃચરણની પાસે પધારતા કે જે વખતે માતૃચરણ આજ્ઞા કરતાં કે “ મેં અપરસમાં સ્નાન કર્યું છે, હમણાં મને સ્પર્શ ન કરો.” તે વખતે આ આજ્ઞાનું પોતે તરતજ પાલન કરતા, અને સ્પર્શ ન કરતાં દૂરજ સ્થિત થઈ જતા હતા. જેવી રીતે બાલકોનો મૃત્તિકા ખાવાનો સાધારણ સ્વભાવ હોય છે તેમ પોતે પણ મૃત્તિકાને બદલે શ્રીપ્રભુનું ચરણામૃત આરોગવા તરફ અધિક રૂચિ ધરાવતા હતા.

જ્યારે પોતે ત્રણ વર્ષના થયા ત્યારે પ્રથમ શ્રીકોટા (નંદગ્રામ) માં પધાર્યા હતા. જ્યાંથી આપે નગરદ્વારમાં પ્રવેશ કર્યો ત્યાંથી પ્રત્યેક ગૃહ તરફ જોઈ જોઈને પોતે આજ્ઞા કરતા રહ્યા કે "આ શ્રીમથુરાધીશનું મંદિર નથી." આવું કહેતાં કહેતાં જ્યારે શ્રી મથુરાધીશનું મંદિર આવ્યું ત્યારે કોઈના જણાવ્યા વિનાજ પોતે આજ્ઞા કરી કે "આ શ્રીમથુરાધીશનું મંદિર છે." અને પોતાના વાહનમાંથી ઉતરીને સૌથી આગળ આપ શીઘ્રજ મંદિરમાં પધાર્યા હતા.

यःस्वाङ्गचेष्टां हरिमन्दिराङ्गणे व्यरीरचत् प्रेम विभिन्नसेमुषिः ।
गोपीशपादाब्जपरागरूषितः स्वात्मातिमेध्यो मम सम्भवेदिति ॥

(कृतिरियं तैलङ्ग बालशास्त्रिणः)

વસ્ત્રાભૂષણ ધારણ કરીને પણ આપ શ્રીભગવન્મંદિરની રજમાં આળોટ્યા કરતા હતા. અર્થાત્ વસ્ત્રાભૂષણાદિકથી આપ પોતાની શોભા માનતા નહતા. કિન્તુ કેવલ પરમપવિત્ર શ્રીપ્રભુની ચરણરજથી પોતાના શ્રીઅંગની પરમ પવિત્રતા અને વધુ શોભા સમજતા હતા. આ લીલાનો આનંદ દર્શન કરનારાઓએ ઘણી વખત લીધો હતો કે જેમનાં અહોભાગ્ય હતાં. તેઓજ આ આશયને સ્પષ્ટ જાણી પણ શકયા હતા.

પોતાનાં માતુશ્રીને કોઈ વખત પોતાના પિતાશ્રીની ચરણ સેવા કરતાં પોતે જોતા કે તરતજ તે પ્રમાણે પોતે પણ પોતાના પિતાશ્રીની ચરણસેવા કરવા લાગી જતા હતા.

એક સમય શ્રીમોટામહાપ્રભુજીવાળા **શ્રીમાધવરાયજી** મહારાજ પ્રથમજ આપની પાસે પધાર્યા હતા; કે જેમને જોઇને આપે દોડીને "આવો માધવરાયજી" એમ બાલવિનોદથી કહ્યું અને મળ્યા, કે જેથી બધાંને અત્યંત આશ્ચર્ય થયું હતું. આ વખતે શ્રીમાધવરાયજી મહારાજના નેત્રોમાંથી બાલલીલામાં અલૌકિક પ્રભાવ જોઈ નિજસ્વરૂપાનુભવના પ્રેમથી પ્રેમનાં અશ્રુનો પ્રવાહ ચાલવા લાગ્યો હતો.

भाविज्ञतां स्वस्य निदर्शयन्तो बाल्येऽप्यमी श्रीमुरलीधराणा ।
मुद्दिश्य पुत्र्या जठरस्थ गर्भं प्रोचुर्विवाहो भविताऽनया मे ॥

એક સમય આપ શ્રીછોટા (નાના) મંદિરમાં પધાર્યા હતા, જ્યાં સ્ત્રીજનોએ હાસ્યમાં પૂછ્યું કે "આપની સગાઈ (વિવાહ) ક્યાં થશે?" ત્યારે પોતે હસતાં હસતાં બાલવિનોદથી **શ્રી મુરલીધરજી** મહારાજનાં બેટીજીની ગોદમાં પધારી તેમના ઉદરને હસ્તસ્પર્શ કર્યો. અર્થાત્ આજ્ઞા કરી કે "એમને જે પુત્રી થશે તેની સાથે મારી સગાઈ થશે." તેઓ સગર્ભા હતાં કે જે ગર્ભમાંથી આપશ્રીની આજ્ઞા પ્રમાણે પુત્રીરત્નજ ઉત્પન્ન થયું હતું; અને તે પુત્રીરત્ન સાથેજ આપનો સંબંધ થયો હતો.

उत्क्षिप्तहस्तो मथुराधिनाथः करेस्थितं वस्तु लसन्मदीये ।
आदित्सु राकारयतीति तस्य समर्पिगत् खेलनकञ्च योऽग्रे ॥

કોઈ વખત રમકડાંથી રમતા રમતા પોતે નિજમંદિરમાં પધારી જતા, અને ત્યાં શ્રીમન્મથુરેશ પ્રભુનાં દર્શન કરી, શ્રી પ્રભુને પણ પોતાની સમાન બાલક સમજી રમવા માટે સિંહાસન ઉપર રમકડાં ધરતા; અને "આપ પણ ખેલો" એમ પ્રાર્થના કરતા હોય તેવી બાલવિનોદની ચેષ્ટા કરતા હતા.

પોતાના પિતાશ્રીને જે પ્રકારે શ્રીપ્રભુની સેવા કરતા જોતા તેજ પ્રમાણે આપ પણ પોતાના રમવાના શ્રીઠાકુરજી (શ્રીગોવર્ધનનાથજી)ની સદા સેવા કરતા રહેતા હતા.

कनिष्ठिकाग्रार्पित पर्वतस्य यः कुर्वन् हरे र्चेन बालखेलनम् ।
भोक्तुं मगे त्रेमरसार्द्रमानसः मात्रोपहूतः क्षुधितोऽपि नाव्रजत् ॥

જ્યારે આપ બાલક્રીડા કરતાં કરતાં પોતાના રમવાના શ્રી ઠાકુરજીની સેવા કરવા લાગી જતા, ત્યારે આપ ક્ષુધાવાન્ હોવા છતાં, સેવાના રસમાં એવા પરાયણ થઈ જતા કે શ્રીમાતૃચરણના વારંવાર બોલાવવા છતાં પણ, સેવા પૂર્ણ થયા વિના ભોજન કરવા પધારતા નહતા.

એક વખત પોતાની વય જ્યારે સાત વર્ષની હતી તે વખતે રમતાં રમતાં અકસ્માત પોતે આજ્ઞા કરી કે "લડાઈ થશે" આ આજ્ઞા શ્રવણ કરીને બધાંને અત્યંત આશ્ચર્ય થયું હતું; પરંતુ તદનંતર થોડા દિવસમાંજ યુદ્ધ થયું હતું, (સં. ૧૯૧૪ ની ગદર એટલે ઇ. સ. ૧૮૫૭ નો બલવો) કે જેથી સર્વનો સંશય ટળ્યો હતો. બાલ્યાવસ્થામાં સર્વજ્ઞતા જણાવનારાં અલૌકિક પ્રભાવશાલી આવાં અન્ય અનેક ચરિત્રો શ્રીરણછોડલાલજી મહારાજે પ્રત્યક્ષ દર્શાવ્યાં હતાં.

યજ્ઞોપવીત અને શાસ્ત્રાધ્યયન.

પોતાનું યજ્ઞોપવીત થયા પછી પોતે શાસ્ત્રાધ્યયન કરવા લાગ્યા હતા. પોતે શાસ્ત્રાધ્યયન બહુજ સારી રીતે કર્યું હતું; તેમજ પોતાના પિતાશ્રી પાસેથી પણ સ્વમાર્ગીય ગ્રંથોનું સારૂં અધ્યયન કર્યું હતું. શાસ્ત્રાધ્યયનમાં પોતે બહુજ શીઘ્રતા અને કુશલતા દેખાડી હતી. નિત્યકર્મ તથા સેવામાં પણ કુશલજ હતા. યજ્ઞોપવીત થતા પહેલાંજ, પોતાના પિતાશ્રીનો સંધ્યા કરવાનો ક્રમ જોઇનેજ, કોઈના શીખવ્યા કહ્યા વિના પોતે પોતાના હૃદયમાં આચમનપ્રાણાયામાદિ બધી ક્રિયા ધારણ કરી લીધી હતી. માત્ર લોકશિક્ષાર્થે યજ્ઞોપવીતસંસ્કાર પછી ઉપાધ્યાયજી સમીપ ગુરૂભાવ રાખવા, આપ એકજ વખત સંધ્યા કરવાનું શીખ્યા હતા. તદનંતર નિત્યપ્રતિ પોતે સ્વયં વિધિપૂર્વક સર્વ નિત્યકર્મ (સંધ્યાહોમાદિ) કરવા લાગ્યા હતા. બાલ્યાવસ્થામાંજ પોતે પોતાના શ્રીપિતૃચરણ સમીપ રહીને બધો સેવાપ્રકાર પણ શીખી લીધો હતો; અને તે વખતથીજ પોતે સેવાપરાયણ રહેવા લાગ્યા હતા.

વિદ્વત્તાનો પરિચય.

મહારાજશ્રી જ્યારે ૧૨ વર્ષની વયના હતા તે વખતે પોતાને **શ્રીબૂંદીનરેશ રામસિંહજીએ** પોતાના પુત્રવિવાહોત્સવ નિમિત્તે **શ્રીબૂંદી** (રાજપુતાના) પધરાવ્યા હતા. બૂંદીમાં મહારાજશ્રીનું **શ્રીગોપાલલાલજીનું** મંદિર છે, જ્યાં પોતાનો મુકામ થયો

હતો. રાજાએ મહારાજશ્રીની વિદ્વત્તાની પરીક્ષા માટે બે જણને (એક ચારણ અને એક બ્રાહ્મણ પંડિત) આપની પાસે મોકલાવ્યા હતા. આપ અંતર્યામી હોવાથી સમજી ગયા હતા; અને તેથી જાણી જોઇનેજ પરીક્ષા માટે આવેલાઓએ જે કંઈ પૂછયું તથા વાત કરી તેના જવાબમાં કંઈ એવીજ આજ્ઞાઓ કરી, કે જેથી તેમને નિશ્ચય થયો કે મહારાજશ્રી વિદ્વાન્ નથી. તેઓએ પોતાનો અનુભવ રાજાને પણ વિદિત કર્યો. રાજાનો મહેલમાં પધરામણીનો વિચાર હોવાથી, એક દિવસે આપને મહેલમાં પધરાવી વિનયપૂર્વક યથાવિધિ પૂજન કરી દંડવત્ પ્રણામ કર્યા, કે જે વખતે મહારાજશ્રીએ પોતે રાજાને નીચેના શ્લોકથી આશીર્વાદ આપ્યો હતો.

“ यः पूतनामारणलब्धकीर्त्तिः काकोदरो येन विनीतदर्पः ।
यशोदयालंकृतमूर्त्ति रव्यान्नाथो यदूना मथवा रघूणाम् ॥ ”

આ શ્લોકનો ભાવાર્થ શ્રીરામચંદ્રજી તથા શ્રીકૃષ્ણચંદ્રજી ઉભય અવતાર ઉપર ઘટાવી મહારાજશ્રીએ રાજાને સમજાવ્યો હતો. આથી રાજાને અત્યંત આનંદ થયો હતો; તેમજ મહારાજશ્રીની બાલ્યાવસ્થામાં આવી અત્યુત્તમ વિદ્વતા જોઈ, જેમણે મહારાજશ્રી કંઇ પણ ભણેલા નથી એવી ખબર કહી હતી તેમને બહુજ ઠપકો આપ્યો હતો. પરીક્ષા લેવા ગયેલા બન્ને જણ આથી બહુજ શરમાયા હતા અને અભિમાન ત્યાગ કરી પોતાના થયેલા અપરાધ માટે ક્ષમા માગી હતી. રાજાએ આદરપૂર્વક ભેટ વિગેરે અતિ પ્રસન્નતાથી કરી હતી; અને પોતાને ત્યાંના આ શુભ અવસર ઉપર કૃપા કરીને પધારવા લીધેલા પરિશ્રમ માટે મહારાજશ્રીનો ઉપકાર માની પોતાનું અહોભાગ્ય સમજયું હતું. મહારાજશ્રીનાં આવાં અનેક પ્રભાવશાલી ચરિત્રોજ નિત્યપ્રતિ પ્રત્યક્ષ થતાં રહેતાં હતાં, કારણ કે મહારાજશ્રી પોતે દ્વિજરૂપથી ભૂતલઉપર(....**द्विजरूपेण भूतले**) સાક્ષાત્ શ્રીપ્રભુજ બિરાજતા હતા.

વિવાહ અને કુટુમ્બ.

આગળ જણાવ્યા પ્રમાણે મહારાજશ્રીનુ લગ્ન **શ્રીમુરલીધરજી** મહારાજનાં (શ્રી કોટા-શ્રીનાના મથુરેશજીવાળા) બેટીજીનાં પુત્રી **શ્રીકૃષ્ણાવતીજી** સાથે થયું હતું. શ્રીકૃષ્ણાવતી વહુજી સદૈવ પોતાના પતિ શ્રીરણછોડલાલજી મહારાજશ્રીની સેવામાં અને પોતાના પતિની આજ્ઞાનુકૂલ શ્રીપ્રભુની સેવામાં તત્પરજ રહેતાં હતાં; તથા હાલ પણ શ્રીપ્રભુની સેવામાંજ સદા આનંદપૂર્વક કાલવ્યય કરે છે. પોતે પણ પરમપવિત્ર અને અલૌકિકસામર્થ્યવાળાંજ છે. શ્રીકૃષ્ણાવતીવહુજીદ્વારા મહારાજશ્રીને ત્યાં એક લાલજી (પુત્ર) **શ્રીજીવનલાલજી** તથા એક બેટીજી (પુત્રી) **શ્રીશોભા** બેટીજી મળી બે બાલક પ્રકટ થયાં હતાં. શ્રીજીવનલાલજી નાની વયમાંજ લીલામાં પધારી ગયા હતા; અને શ્રીબેટીજી હજુ બિરાજે છે. મહારાજશ્રીને લૌકિકાસક્તિ બહુ નહતી. માત્ર શ્રીપ્રભુસંબંધી વ્યવસાયજ વિશેષ પ્રિય હતો.

શ્રીકોટામાં શ્રીમથુરેશપ્રભુનો શ્રીછપ્પનભોગનો મનોરથ.

સં. ૧૯૪૩ ચૈત્ર શુકલા ૧૩ ને દિવસે મહારાજશ્રીએ શ્રી મથુરેશજીને શ્રીછપ્પનભોગ આરોગાવવાનો મનોરથ કર્યો હતો. શ્ર.છપ્પનભોગ આરોગાવવાનું સ્થલ નગરથી એકાદ માઇલ દૂર **કિશોર**પુરા દરવાજા બહાર રાખવામાં આવ્યું હતું. આ સ્થલ પ્રથમથીજ સારી રીતે સજાવવામાં આવ્યું હતું; અને શ્રીપ્રભુ યોગ્ય બધી તૈયારીઓ ત્યાં પ્રથમથીજ કરવામાં આવી હતી. જે દિવસે મંદિરમાંથી શ્રીપ્રભુને શ્રીછપ્પનભોગવાળા સ્થલે પધરાવવાનું મુહૂર્ત હતું, તે દિવસે શ્રીપ્રભુને પધરાવવાની, સવારીના સાજ વિગેરેની બધી તૈયારી થયા પછી, આપના પિતાશ્રી મહારાજ શ્રીકહ્નૈયાલાલજીએ આપને આજ્ઞા કરી કે “ લાલજી ! આ મનોરથ તમારો હોવાથી શ્રીપ્રભુને સુખપાલમાં તમેજ પધરાવો. શ્રીપ્રભુની ઇચ્છાપણ તેવીજ છે. ” પોતાના પિતાશ્રીએ

આજ્ઞા કરી છતાં પણ, વડીલના માન માટે મહારાજશ્રીએ પોતાના પિતાશ્રીને વિજ્ઞપ્તિ કરી કે “આપજ પધરાવો.” મહારાજશ્રીની વિજ્ઞપ્તિથી શ્રીકન્હૈયાલાલજી મહારાજ શ્રીપ્રભુને પધરાવવા લાગ્યા, પરંતુ શ્રીપ્રભુની ઈચ્છા શ્રીરણછોડલાલજીના શ્રીહસ્તથીજ બિરાજવાની હોવાથી, શ્રીપ્રભુનું સ્વરૂપ શ્રીકન્હૈયાલાલજી મહારાજને એટલું ભારે જણાયું કે તેથી પોતે પધરાવી શક્યા નહીં; અને પુનઃ આજ્ઞા કરી કે “લાલજી! મેં તો તમને પહેલાંજ કહ્યું હતું કે શ્રીપ્રભુની ઈચ્છા તમારા હાથથીજ પધારવાની છે, માટે તમેજ પધરાવો.” શ્રીપ્રભુની ઈચ્છા આ પ્રમાણે પુનઃ પ્રત્યક્ષ થવાથી પોતાના પિતાશ્રીની આજ્ઞા પ્રમાણે, શ્રીપ્રભુની સ્તુતિ કરી પોતે તરતજ શ્રીપ્રભુને સુખપાલમાં પધરાવ્યા; અને સુખપાલ સવારીના ઠાઠથી ધામધૂમ પૂર્વક મોટા સમારોહ સાથે, તોપોના મંગલશબ્દોની વિજયધ્વનિ તથા ભગવદીયજનોના જયઘોષ તેમજ કુસુમવૃષ્ટિના આનંદમાં આગળ વિજય કરવામાં આવ્યો હતો. શ્રીપ્રભુની સવારીમાં **શ્રીમાન્** કોટાનરેશ **શ્રીશત્રુશાલસિંહજી**, શ્રીકૃષ્ણગઢનરેશ **શ્રીશાર્દૂલસિંહજી**, શ્રીઝાલાવાડનરેશ **શ્રીજાલમસિંહજી**, તથા અન્ય અમીર, ઉમરાવ, સદ્‌ગૃહસ્થ અને વૈષ્ણવજનો વિગેરે મંડલ હતું. સવારીનો આનંદ અવર્ણનીય જ હતો. શ્રીપ્રભુના સુખપાલની સેવામાં જ્ઞાતિમંડલમાંના ૧૯ ભટ્ટ (લાલાજી) પણ હાજર હતા; તેમજ ૧૫ શ્રીગોસ્વામિસ્વરૂપો પણ શ્રી—સેવામાં હતાં.

મનોરથવાળા સ્થાન ઉપર શ્રીપ્રભુના પધાર્યા પછી ભોગ આવવો શરૂ થયો હતો. છપ્પન ભોગની એટલી બધી સામગ્રી થઈ હતી કે, લગભગ મુખીયા ભીતરીયા ૧૫૦ સાંચોરા હાજર હોવા છતાં, ભોગ સાજવામાં પંદર કલાક થયા તોપણ સામગ્રી પૂર્ણ સાજી શકાઈ નહતી; અને તેથી બાકીની સામગ્રી બીજે દિવસે આરોગાવવી પડી હતી. શ્રીછપ્પનભોગ આરોગ્યા પછી શ્રીપ્રભુનાં દર્શન ખુલ્યાં હતાં કે જે વખતનો આનંદ અવર્ણનીયજ હતો. દર્શનમાં ભીડ અત્યંત હતી. શ્રીપ્રભુ આ સ્થલે આઠ દિવસ સુધી

બિરાજ્યા હતા; અને પછીથી નગરમાં (મંદિરમાં) પાછા પધાર્યા હતા. શ્રીપ્રભુના નગરમાં પાછા પધાર્યાનો **શ્રીમાન્ કોટાનરેશે** મોટો ઉત્સવ માન્યો હતો. પૂર્વોક્ત ઠાઠથીજ સવારી આનંદપૂર્વક પાછી પધારી હતી. શ્રીપ્રભુના નગરપ્રવેશના આલ્હાદમાં રાજાજીએ પોતાને ત્યાંની બધી તોપો (શહેરના ડંડાની તથા કીલ્લાની) ના ત્રણ ત્રણ અવાજ કરાવ્યા હતા. રાજાજીએ આ મનોરથમાં પોતાનો અત્યુત્સાહ દર્શાવ્યો હતો. આ મનોરથમાં **શ્રી**ઝાલાવાડનરેશ **જાલમસિંહજી** તરફથી બધા જોઇતા સાહિત્યની વ્યવસ્થા કરવામાં આવી હતી; તથા **કાશીવાળા શેઠ બાલકૃષ્ણદાસજી** (શેઠ મધુવનદાસ દ્વારકાદાસવાળા) ને આ મનોરથની કાર્યવ્યવસ્થારૂપ સેવા માટે અધિકારી નિયત કરવામાં આવ્યા હતા. અમદાવાદવાળા **શેઠ હરિવલ્લભદાસ મુલચંદવાળા** પણ આ આનંદ લાભ પ્રાપ્ત કરવા શ્રી--સેવામાં ઉપસ્થિત થયા હતા. કોઈ પણ વૈષ્ણવને સેવા માટે કહેવાની મહારાજશ્રી તરફની સાફ મનાઇ હતી. રાજ્યમંડલ તથા વૈષ્ણવસમાજનો ઉત્સાહ વિશેષ જણાતો હતો. રસ્તામાં **શ્રીકૃષ્ણગઢનરેશ** તથા **શ્રીકોટાનરેશ** વિગેરે પાછા પગે ચાલતા હતા; તેમજ તેમની **રાણીઓ** વિગેરેતરફથી ચાંદીસુવર્ણનાં પુષ્પોની વૃષ્ટિ થતી જતી હતી. અન્ય પણ સદ્‌ગૃહસ્થ વૈષ્ણવમંડલ તરફથી અને અમીર ઉમરાવો તરફથી યથાયોગ્ય સેવા કરવામાં આવી હતી. મહારાજશ્રીએ આનંદપૂર્વક વિનાસંકોચ દ્રવ્યવ્યય કરી શ્રીપ્રભુના મનોરથનો આનંદ નિજજનોને પ્રાપ્ત કરાવ્યો હતો. મહારાજશ્રી તરફથી સર્વેનું યથોચિત સમાધાન પણ સારૂં થયું હતું. મનોરથનો આનંદ અત્યુત્તમજ રહ્યો હતો.

યાત્રા, દેશાટન, તથા અન્ય ચરિત્ર.

એક સમયે પોતે શ્રીરથયાત્રાના ઉત્સવ ઉપર [*]**શ્રીજગદીશ**

---

[*] શ્રીજગદીશ ભરતખંડમાંનાં ચાર મુખ્ય વિષ્ણુધામમાંનું પૂર્વદિશા તરફનું એક મુખ્ય ધામ અને સપ્ત પુરીમાંની એક મુખ્ય પુરી ગણાય છે. પહેલાં સમુદ્ર માર્ગે જહાજમાં બેસીને જવાનું હતું; પરંતુ હાલમાં તો ત્યાં

(શ્રીજગન્નાથપુરી) પધારવા કલકત્તાના બંદરથી જહાજમાં બિરાજ્યા હતા; કે જે જહાજ, આગળ જતાં એક બોટનો ધક્કો લાગવાથી ડુબવાની તૈયારીમાં આવી ગયું હતું અને તેથી બધાં ગભરાઈ ગયાં હતાં. મહારાજશ્રીએ બધાંને સંતોષ આપી શાન્ત કર્યા હતાં અને પોતાના પ્રમેયબલથી જહાજને બચાવી લીધું હતું. માર્ગમાં પવન તેમજ વર્ષાનું જોર પણ વિશેષ હોવાથી, જહાજને શ્રીજગદીશ પહોચતાં ધારવા કરતાં ત્રણ દિવસ વધુ થઈ ગયા, કે જેથી શ્રીજગન્નાથજી રથમાં બિરાજી ગયા હતા; પરંતુ મહારાજશ્રી પધારેલા ન હોવાથી. શ્રીજગન્નાથજીનો રથ ત્રણ દિવસ સુધી ઘણી મહેનત કરવા છતાં, બિલકુલ આગળ ચાલ્યોજ નહતો. જ્યારે મહારાજશ્રીએ ત્યાં પધારી સ્નાન કરી ભોગ ધર્યો, અને પોતે રથને શ્રીહસ્તથી આગળ ચલાવ્યો; ત્યારે રથ તરતજ એવા જોરથી આગળ ચાલ્યો કે ત્રણ દિવસનો માર્ગ એકજ દિવસમાં પૂર્ણ થઈ ગયો હતો. શ્રીજગદીશમાંના આ માહાત્મ્યથી પોતાની સાથેનાં મનુષ્યોને અદ્‌ભુત આશ્ચર્ય થયું હતું; તેમજ અન્ય યાત્રાલુ અને પંડ્યા લોકોને પણ, મહારાજશ્રીનું આ પ્રત્યક્ષ માહાત્મ્ય જોઈ, મહારાજશ્રી તરફ બહુ સારો સદ્‌ભાવ ઉત્પન્ન થયો હતો.

જ્યારે શ્રીજગદીશયાત્રા કરીને પોતે શ્રીકોટા પાછા પધાર્યા તે વખતે પોતાને અત્યંત જ્વર હતો. પરંતુ શ્રીમથુરેશજીના રાજભોગનો સમય હોવાથી, આવા જ્વરમાં પણ ખબર મળવાની

જવા માટે રેલ્વેની પણ અનુકૂલતા થયેલી છે. કલકત્તાથી અથવા રાયપુર–વિલાસપુર તરફથી ખડકપુરજંકશન થઇને બેંગાલ નાગપુર રેલ્વેની બ્રાન્ચ લાઇન દ્વારા ત્યાં જવાય છે. સ્ટેશનનું નામ **પુરી** છે. અત્રે શ્રીમહાપ્રભુજીની બેઠક છે. શ્રીશંકરાચાર્યજીના સ્થાપેલા ભરતખંડમાંના ચાર મુખ્ય મઠમાંનો પૂર્વદિશા તરફનો મુખ્ય મઠ શ્રીગોવર્દ્ધનમઠ પણ, આ પુરીમાંજ સમુદ્ર તટ ઉપર આવેલો છે. યાત્રાનું મુખ્ય સ્થલ હોવાથી યાત્રાલુઓ હમેશાં આવતા જતા રહે છે. ઘણું કરીને રથયાત્રાના ઉત્સવ ઉપર ભીડ વિશેષ થાય છે. શ્રી જગદીશનું મંદિર વિશાલ અને પ્રાચીન શૈલીની બાંધણીનું ઉત્તમ મજબૂત છે. ગામપણ સાધારણ રીતે સારૂં છે.

સાથેજ સ્નાન કરી સેવામાં પધારવા તૈયારી કરી હતી. સ્નાન કર્યા પછી જ્વરના કારણથી પોતાને એકદમ મૂર્છા આવી ગઈ હતી, તથાપિ કંઈપણ દરકાર રાખ્યા વિના, તેમજ કોઈનું કહેવું માન્યા વિના, પોતે શ્રીપ્રભુની સેવામાં પધાર્યા હતા; અને આનંદ પૂર્વક રાજભોગસમયની સેવા કરી હતી.

એક વખતે પોતે ***શ્રીચંપારણ્ય** શ્રીમહાપ્રભુજીની બેઠકે પધાર્યા હતા. આ બેઠકનું સ્થાન દુર્ઘટ હોવાથી, અત્રે રાત્રિએ કોઈ રહી શકતું નથી; પરંતુ મહારાજશ્રી તો રાત્રિએ પણ આનંદ પૂર્વક બેઠકેજ બિરાજ્યા હતા અને કોઈ પણ જાતનું વિઘ્ન જણાયું નહતું.

એક વખતે મહારાજશ્રી **શ્રીવ્રજયાત્રા**માં પધાર્યા હતા, જ્યાં પોતે શ્રીવ્રજમાંનાં કેટલાંએક એવાં ગુપ્ત તીર્થસ્થલ પ્રત્યક્ષ બતાવ્યાં હતાં અને ત્યાં સ્નાનદાનાદિ કર્યું હતું; કે જે તીર્થોને સેંકડો વર્ષો થયાં કોઈ જાણતું પણ નહતું. ચોબા અને પુરોહિતો કે જે યાત્રા કરાવવા સાથે રહ્યા હતા તેમને પણ માલુમ નહતાં. નિર્વિઘ્ન શ્રી વ્રજયાત્રા પૂર્ણ કરી પોતે જે દિવસે પાછા શ્રીમથુરાંજી પધારવાના હતા, તે દિવસે શ્રીમથુરાંજી બે ગાઉ દૂર રહ્યું હતું અને સૂર્યાસ્તનો સમય થવા આવ્યો હતો; પરંતુ મહારાજશ્રીને આજેજ શ્રીવ્રજયાત્રાનો ઉત્તરસંકલ્પ કરવાનો હોવાથી, પોતે શ્રી મથુરાંજી પધારી શ્રીવિશ્રાન્તઘાટ ઉપર ઉત્તરસંકલ્પ ન કર્યો ત્યાંસુધી સૂર્ય અસ્ત થયો નહતો. માત્ર સંકલ્પજ કરીને તરતજ મહારાજશ્રી મુકામ ઉપર પધાર્યા હતા; કે જે વખતે તો બે ઘડી રાત્રિ ગયેલી માલુમ પડી હતી. આ સ્થલે પોતે શ્રીસૂર્યનારાયણને પણ બેઘડી થોભાવવાનું અદ્ભુત અલૌકિક માહાત્મ્ય દેખાડયું હતું.

---

* આ શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્યસ્થલ ગણાય છે. અત્રે અરણ્યમાં શ્રીમહાપ્રભુજીની બેઠક છે. સુરતથી ટાપ્ટી વેલી રેલ્વેદ્વારા ભુશાવલ જંકશન થઈને, બેંગાલ નાગપુર રેલ્વેદ્વારા નાગપુર, અને નાગપુરથી રાયપુર થઈને અથવા કલકત્તા તરફથી રાયપુર થઈને રાજીમ સ્ટેશને જવાય છે. રાજીમ સ્ટેશનથી આ સ્થલ બે ત્રણ માઈલ દૂર છે. સ્થલ પરમરમણીય છે.

એક વખતે મહારાજશ્રી વ્રજઆશ્વિન માસમાં (ગુ૦ભા૦) ***શ્રીગયાજી** શ્રાદ્ધ કરવા પધાર્યા હતા. શ્રીગયાજીમાં આ માસમાં **શ્રીવિષ્ણુપદ** આગળ એક પલભરને માટે પણ સ્થાન ખાલી મળતું નથી; પરંતુ પોતે તો હવિષ્યાન્ન સિદ્ધકરીને, શ્રાદ્ધ કરવા વિગેરેમાં બે કલાક જેટલો સમય વ્યતીત કર્યો; તોપણ તેટલા સમય સુધીમાં ત્યાં કોઈ શ્રાદ્ધ કરવાજ આવ્યું નહતું.

એક વખતે પોતે ×**શ્રીસોરોંજી** (શ્રી[illegible]ોરમઘાટ) પધાર્યા હતા; જે વખતે આપને તેમજ આપની સાથેનાં મનુષ્યોને, શ્રીદાનએકાદશી, શ્રીવામનદ્વાદશી અને તીર્થવ્રત મળી ત્રણ ઉપવાસ થયા હતા. શ્રીસોરોંજી પધારી પોતે શ્રાદ્ધદાનાદિ કરી ત્યાંથી ત્રણ ગાઉ શ્રીગંગાજીની ધારા ઉપર શ્રીચરણારબિંદથી પધાર્યા હતા; અને ત્યાં સ્નાનદાનાદિ કરી મુકામે પધાર્યા હતા. આપની કૃપાથી ત્રણ ત્રણ ઉપવાસ હોવા છતાં, તેમજ આટલે દૂર જવા આવવા છતાં, કોઇને કંઈ પણ બાધા થઈ નહતી.

એક વખતે આપ **શ્રીચરણાટ** (ચુનારગઢ) પધાર્યા હતા, કે જે વખતે ત્યાં પ્લેગના કારણથી આવનાર જનાર માટે સ્ટેશને

---

* આ પિતૃશ્રાદ્ધનું સુપ્રસિદ્ધ ક્ષેત્ર ગયાજી છે. અત્રે ફલ્ગુ નામની નદી છે. મુંબાઈથી જબલપુરને રસ્તે કલકત્તા તરફ જતી રેલ્વે (કલકત્તા મેલ—જી. આઈ. પી. અને ઈ. આઈ. આર.) ગાડીમાં. મુગલસરાય જંક્શનથી આગળ જતાં આ સ્ટેશન આવે છે. સ્ટેશનનું નામ ગયાજી છે. પ્રસિદ્ધ તીર્થ હોવાથી યાત્રાળુઓ હમેશ આવતા જતા રહે છે. ઘણું કરીને શ્રાદ્ધપક્ષમાં ભીડ વિશેષ થાય છે. ગ્રામ શહેરના જેવું સારૂં છે.

× અત્રે ગ્રામની નજીકમાં **શ્રીમહાપ્રભુજી**, **શ્રીગુસાંઈજી**, અને **શ્રીગોકુલનાથજી**ની બેઠક છે. આ સ્થલે **શ્રીગંગાજી**નું માહાત્મ્ય વિશેષ ગણાય છે. માલાપ્રસંગના ઝગડા વખતે **શ્રીગોકુલનાથજી** કેટલોએક સમય અત્રેજ બિરાજ્યા હતા. શ્રીમથુરાજીથી કાસગંજવાળી લાઇનમાં (બી. બી.સી. આઈ. રેલ્વેની પેટાલાઇન આર. એમ. આર.) કાસગંજથી **સોરોં** બીજું સ્ટેશન છે. ગ્રામ સાધારણ રીતે ઠીક છે. સ્થલ ઉત્તમ છે.

રોકટોક ચાલતી હતી. જે દિવસે પોતે ચરણાટ સ્ટેશને (ચુનાર ગઢ) ઉતર્યા તે દિવસે પોતાને સખત જ્વર ચઢેલો હતો. સ્ટેશને ડૉકટરની તપાસ ચાલતી હોવાથી, સાથેનાં મનુષ્યોને ચિંતા થવા લાગી હતી; પરંતુ પોતાના પ્રભાવથી ડૉકટર તો (મહારાજશ્રીનાં) દર્શન કરવાની સાથેજ તપાસ કરવાનું ભૂલી ગયો અને ઉલટો એકદમ કહેવા લાગ્યો કે, "મહારાજશ્રીને જલદી બેઠકે પધરાવી જાઓ." બીજો પણ કેટલોએક પ્રભાવ અત્રે જણાવ્યો હતો.

એક સમયે મહારાજશ્રી પટનાથી *શ્રીહરિહરક્ષેત્ર નૌકામાં બિરાજી પધારતા હતા. રાત્રિ અંધારી હોવાથી મલ્લાહ (નૌકા ચલાવનાર)નાથી નૌકા વચલી ધારાના વધુ જોરના પ્રવાહમાં ચાલી નીકળી, કે જેથી નૌકા મલ્લાહના કબજામાં રહી શકી નહીં; અને તે ગભરાવા લાગ્યો હતો. તેણે પોતાનો ચાલતો પૂર્ણ પ્રયત્ન કરવા છતાં જ્યારે નૌકાને કબજામાં આવતી ન જોઈ, ત્યારે મહારાજશ્રીને વિજ્ઞપ્તિ કરી કે " મહારાજ ! હવે મારા વશમાં નથી. " આ શ્રવણ કરીને સાથેનાં માણસ એકદમ ગભરાઈ ગયાં અને ચિંતા કરવા લાગ્યાં કે, " કોણ જાણે હવે નૌકા ક્યાં જશે કે શું થશે. " મલ્લાહની વિજ્ઞપ્તિને શ્રવણ કરી થોડીવાર પછી મહારાજશ્રીએ મલ્લાહને આજ્ઞા કરી કે " ગભરાવાની જરૂર નથી. નૌકાને સામીતરફજ લઈલો, કીનારો પાસે છે. " આજ્ઞાનુસાર મલ્લાહે નૌકાને સામી બાજુ તરફ થોડી ચલાવી કે તરતજ કીનારો આવી ગયો હતો; કે જેથી મલ્લાહને અત્યંત આશ્ચર્ય થયું હતું અને સાથેનાં મનુષ્યોને સંતોષ જણાયો હતો. કીનારે પધારી ત્યાંથી પોતે શ્રીહરિહરક્ષેત્ર પધાર્યા હતા.

---

*આ સ્થલ હાલમાં હાજીપુરના નામથી ઓળખાય છે. બેંગાલ એન્ડ નૉર્થ વેસ્ટર્ન રેલ્વે લાઇનનું આ સ્ટેશન છે. અત્રે (શેઠ ભગવાનદાસના ઘરમાં) શ્રીમહાપ્રભુજીની બેઠક છે. ગ્રામ પણ ઠીક છે.

એક વખતે આપ *શ્રીનૈમિશારણ્ય પધાર્યા હતા, જ્યાં સાથેના પુરોહિતો રસ્તો ભૂલી ગયા હતા અને માર્ગમાંજ રાત્રિ થઈ ગઇ હતી. રાત્રિ પણ અંધારી હતી; તેમજ શ્રીવહુજીમહારાજ પણ સાથે હતાં. અજાણે રસ્તે નીકળી જવાથી, કમર કમર સુધી જલ અને એરાનાં ઝાડોની ભયાનક ઘટા વિગેરે જોઈ, સાથેનાં માણસો તેમજ પુરોહિતો વિગેરે મંડલ ગભરાઇ ગયું હતું. બધું મંડલ ગભરાયલું જોઈ મહારાજશ્રીએ આજ્ઞા કરી કે " કોઇ ગભરાશો નહીં; તીર્થ આવી ગયું છે." આજ્ઞા થયાપછી થોડીજ દૂર જતાં તીર્થ આવી ગયું હતું. આ બનાવથી બધાંને આશ્ચર્ય થયું હતું અને ખાસ કરીને પુરોહિતોને તો વિશેષજ

---

*આ સ્થલ પ્રાચીન અને પરમપવિત્ર ગણાય છે. અત્રે **શ્રીમહાપ્રભુજી**ની બેઠક (ગુપ્ત) છે. સ્થલ રમણીય છે. **અવધ રોહિલખંડ** રેલ્વે લાઇનના **સંડીલા** સ્ટેશનથી અત્રે જવાય છે. ભરતખંડમાં આ વિષ્ણુક્ષેત્ર તપાદિ શુભ કાર્યને માટે સર્વથી શ્રેષ્ઠ હોવાનું **શ્રીબ્રહ્માજી**એ પોતાના **મનોમય ચક્ર**દ્વારા પ્રસિદ્ધ કર્યાની પુરાણ કથા સુપ્રસિદ્ધજ છે; અને તેથી **શ્રીસુતજી** તથા **શ્રીશૌનકાદિ** મહર્ષિઓનો કથાપ્રસંગ પણ વારંવાર અત્રેજ થયેલો જણાય છે.

(यथा चोक्तं वायवीये—

"एतन्मनोमयं चक्रं मयासृष्टं विसृज्यते ।। यत्रास्य शीर्यते नेमिः सदेशस्तपसः शुभः ।। इत्युक्त्वा सूर्यसंकाशं चक्रं सृष्ट्वा मनोमयम् ।। प्रणिपत्य महादेवं विससर्ज पितामहः ।। तेऽपि हृष्टतरा विप्राः प्रणम्य जगतां प्रभुम् ।। प्रययुस्तस्य चक्रस्य यत्र नेमि र्व्यशीर्यत ।। तद्वनं तेन विख्यातं नैमिशं मुनि पूजितम् ।। ")

नैमिष इति मूर्द्धन्य षकार पाठे तु वाराहपुराणोक्तं द्रष्टव्यम् ।।

(यथा चोक्तं वाराहे—गौरमुखमृषिं प्रति भगवद्वाक्यम् ।।

"एवं कृत्वा ततो देवो मुनिं गौरमुखं तदा ।। उवाच निमिषेणेदं निहतं दानवं बलम् ।। अरण्येऽस्मि स्ततस्त्वेतन् नैमिषारण्य संज्ञितम् ।। भविष्यति यथार्थं वै ब्राह्मणानां विशेषकम् ।। ")

આશ્ચર્ય થયું હતું; કારણ કે કોઈ દિવસ જે સ્થાન જોયું ન હોય તેને લૌકિકમનુષ્ય અંધારી રાત્રિમાં અને વળી માર્ગ ભૂલાયલી સ્થિતિમાં શી રીતે બતાવી શકે. આ પ્રભાવ જોવાથી પુરોહિતોને મહારાજશ્રી ઉપર બહુજ શ્રદ્ધા બંધાઈ હતી.

એક સમયે આપ ***શ્રીચિત્રકૂટ** પધાર્યા હતા, જ્યાંની યાત્રા ૧૫ દિવસની હોવા છતાં પોતે માત્ર ત્રણ દિવસમાંજ પૂર્ણ કરી હતી. આથી ત્યાંના પુરોહિતો આશ્ચર્ય પામ્યા હતા અને મહારાજશ્રી સાક્ષાત્ શ્રીપ્રભુજ છે, એમ માનવા લાગ્યા હતા.

એક સમયે મહારાજશ્રી †**શ્રીપ્રયાગ** તથા ‡**શ્રીઅડેલ**

---

*અત્રે પર્વત ઉપર **શ્રીમહાપ્રભુજી**ની બેઠક છે. સ્થલ ઉત્તમ અને રમણીય છે. અલ્હાબાદથી સાતમું અને માણેકપુર જંકશનથી ચોથું, માણેકપુર, ઝાંસી સ્ટેશન રેલ્વેલાઇનનું આ સ્ટેશન છે. સ્ટેશનનું નામ ચિત્રકૂટજ છે.

† આ સુપ્રસિદ્ધ તીર્થસ્થલ છે. સર્વતીર્થોમાં આ તીર્થ રાજા ગણાય છે; અને તેથી તીર્થરાજ નામથી કહેવાય છે. અત્રે **શ્રીગંગાજી**, **શ્રીયમુનાજી**, અને **શ્રીસરસ્વતીજી**નો સંગમ થાય છે, જે ત્રિવેણી સંગમના નામથી ઓળખાય છે. મકરસ્નાનનું આ સ્થલે વિશેષ માહાત્મ્ય ગણાય છે. તે વખતમાં આ સ્થલે ભીડ પણ વિશેષ જ થાય છે. વળી તે દિવસોમાં જ અત્રે **માઘમેલા** (માઘમાસનો મેળો) એ નામથી કહેવાતો મોટો મેળો ભરાય છે. હાલમાં આ સારૂં મોટું શહેર બનેલું છે. શહેરનું ચાલુ નામ અલ્હાબાદ છે. કાનપુર તરફથી કલકત્તા તરફ જતી ઈ. આઈ. આર. રેલ્વેનું મોટું સ્ટેશન છે. કાશી, અયોધ્યા, જબલપુર વિગેરે તરફ જવાની રેલ્વે લાઇનોનું આ જંકશન પણ છે. આ શહેરનાંજ છાવણી, અને બીજાં પણ એક બે સ્ટેશન છે. સંગમસ્થાન અને **શ્રીગંગાજી** તથા **શ્રીયમુનાજી**નાં ઉભય તટ પરમ રમણીય જણાય છે **શ્રીસરસ્વતીજી**નો સંગમ અંતર્ગતજ થાય છે. આચાર્યશ્રીના **શ્રીયમુનાષ્ટક**ના પંચમ શ્લોક (**य.। चरणपद्मजा......**) માં કરેલા વર્ણનાનુસાર **શ્રીગંગાજી**ને **શ્રીયમુનાજી**ના થયેલા પરસ્પરલદ સમાગમનું સ્થલ પણ આજ ગણાય છે.

‡આ **શ્રીમહાપ્રભુજી**નું નિવાસસ્થલ ગણાય છે. અત્રે **શ્રીમહાપ્રભુજી**, **શ્રીગુસાંઈજી** તથા **શ્રીગોકુલનાથજી**ની બેઠક છે. પ્રયાગની સામી બાજુ **શ્રીયમુનાજી**ના તટનિકટ થોડે દૂર અરણ્યમાં આ સ્થલ આવેલું છે. કલકત્તા

પધાર્યા હતા. શ્રીવહુજીમહારાજપણ સાથેજ હતાં. શ્રીપ્રયાગમાં શ્રીત્રિવેણીજીના સંગમ પાસે શ્રીયમુનાજીના આ તરફના કીનારા-ઉપર કિલ્લામાં **શ્રીઅક્ષયવટ** છે, કે જયાં સરકારની ઇંગ્રેજી સીપાઇ-ઓની પલટન રહે છે. શ્રીઅક્ષયવટનાં દર્શન કરવા જનારને સરકારી સીપાઇ સાથેરહી દર્શન કરાવી બહાર કાઢે છે. જવાનો માર્ગ અને બહાર નીકળવાનો માર્ગ જુદો છે. શ્રીવહુજીમહારાજ સહિત મહારાજશ્રી પણ શ્રીઅક્ષયવટનાં દર્શન કરવા પધાર્યા હતા, કે જે વખતે નિયમાનુસાર સરકારી સીપાઈ સાથે રહયો હતો. મહારાજશ્રી દર્શન કરી આગળ પધાર્યા અને શ્રીવહુજીમહારાજ પાછળ દર્શન કરતાં હતાં; જેથી સરકારી સીપાઈએ મહારાજશ્રીને આગળ ન પધારતાં થોડીવાર ઉભા રહી બધું મંડલ સાથે ચાલવા કહ્યું અને રોકયા, કે જેથી મહારાજશ્રી સીપાઇના કહેવા પ્રમાણે તેજ જગાએ ઉભા રહયા. આ વખત પોતે સીપાઇને એવાં અદ્ભુત દર્શન કરાવ્યાં, કે તે દર્શન કરી બિલકુલ ભાનજ ભૂલી ગયો અને તેનાં હથીયાર પણ છુટી પડયાં; તથા એકદમ નિરભિમાની બની સાષ્ટાંગ દંડવત્ કરી વિજ્ઞપ્તિ કરવા લાગ્યો કે, “ મહારાજ ! મેં આપશ્રીને આવા **પ્રતાપી** જાણ્યા નહતા. આપ ભલે આગળ ખુશીથી પધારો. મેં રોકયા એ મારી ભૂલ થઇ છે ક્ષમા કરો.” તદનંતર મહારાજશ્રી આગળ પધાર્યા હતા; અને શ્રીવહુજીમહારાજ પાછળથી ધીરેધીરે પધાર્યાં હતાં.

દિનચર્યા. (નિત્યક્રમ)

મહારાજશ્રી શીતકાલમાં હમેશાં અર્ધરાત્રિ ઉપર બે ઘડી થતાં, (બે વાગે) અને ઉત્સવ વિગેરેના દિવસે તેથી પણ વહેલા

જવાની ઈ. આઇ. આર. લાઇનમાં મુગલસરાય જંકશન તરફ જતાં શ્રી યમુનાજીના પૂલને ઓળંગી આગળ અલ્હાબાદથી બીજુંજ નૈનીનું એક નાનું સ્ટેશન આવે છે; ત્યાંથી પણ આ સ્થલે જવાય છે. ત્યાંથી આ સ્થલ એકાદ માઇલ દૂર છે. સ્થલ પરમરમણીય અને નિવૃત્તિપરાયણને સેવન કરવા જેવું છે.

તથા મોટા ઉત્સવોના દિવસોમાં દશઘડી રાત્રિ વ્યતીત થતાં જાગી, દેહકૃત્ય, સ્નાનસંધ્યાદિ કરી, શ્રીપ્રભુની સેવામાં પધારતા હતા. ઉષ્ણકાલમાં પણ પોતે ચાર ઘડી પાછલી રાત્રિ રહેતાં જાગતા હતા; અને નિત્યકર્મથી નિવૃત્ત થઈ શ્રીપ્રભુને જગાડતા હતા. મંગલા, શૃંગાર, ગોપીવલ્લભભોગ, રાજભોગ પ્રભૃતિ બધા સમયની સેવા પોતે જાતેજ કરતા હતા. પોતાને શ્રીપ્રભુની સેવાનો બહુજ આગ્રહ હતો. સદા સેવામાંજ મગ્ન રહેતા હતા. રાજભોગઆરતી થયા પછી, પોતે બાકી રહેલું નિત્ય કર્મ બ્રહ્મયજ્ઞ, તર્પણ, જપ (પંચાક્ષર, અષ્ટાક્ષર, ગાયત્રી વિગેરે) મધ્યાન્હસંધ્યા, પાઠ વિગેરે કરતા હતા. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, શ્રીમદ્‌ભાગવત, શ્રીમહાપ્રભુજીકૃત ષોડષ તેમજ બીજા ગ્રંથો, શ્રીગુસાંઇજીકૃત ગ્રંથો વિગેરેનો નિયમપૂર્વક હમેશાં પોતે પાઠ કરતા હતા. તદનંતર બ્રાહ્મણ, વૈષ્ણવ, અતિથી, અભ્યાગત, વિરક્ત, સાધુ, સંન્યાસી, મહાત્મા વિગેરેને ભોજન કરાવી આપ ભોજન કરતા હતા. ભોજનાનંતર થોડો સમય વિશ્રામ લઈને સ્વમાર્ગીય ગ્રંથોનું અવલોકન કરતા હતા; અને સમયાનુસાર ચારવાગે સ્નાનાદિથી નિવૃત્ત થઈ પુનઃ ઉત્થાપન સમયથી જ સેવામાં પધારતા હતા. ઉત્થાપન, ભોગસંધ્યા, અને શયન સમયની સેવા પણ સ્વયં જાતેજ કરતા હતા. શય્યામંદિરના દીપક(ફાનસ)ની સેવા પણ પોતે શ્રીહસ્તથીજ કરતા હતા. શયનઆરતી થયા પછી શ્રીપ્રભુને પોઢાવી, આપશ્રી સાયંસંધ્યા, જપ વિગેરેમાં પ્રવૃત્ત થતા હતા; અને તદનંતર નિજજનોને શ્રીવલ્લભાચાર્યજીની વાક્‌સુધાનું પાન કરાવવા કૃપા કરતા હતા. (શ્રીસુબોધિનીજી પ્રભૃતિગ્રંથોની કથા થતી હતી.) સ્વમાર્ગીય સિદ્ધાન્ત સમજાવવામાં પોતે અદ્વિતીય જ હતા. પોતાને સ્વમાર્ગીય ગ્રંથોનું પૂર્ણ વ્યસન હતું. પોતે આજ્ઞા કરતા હતા કે " એ પણ એક ઉત્તમ સેવા છે; અને અમારૂં ખાસ કર્ત્તવ્ય છે. જેવી રીતે શ્રીપ્રભુની સેવા ખાસ કરવીજ જોઇએ, તેવીજ રીતે સેવાના અવકાશમાં આ સેવા પણ ખાસ કરવાની જ છે." શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું રહસ્ય સમયા-

નુસાર પોતાના કેટલાએક નિજજનોને પોતે સચોટ સમજાવેલું હતું. કથા થઈ રહ્યા પછી પોતે પોઢવા પધારતા હતા. આપ હમેશાં પલંગ વિગેરેમાં ન પોઢતાં ભૂમિઉપર જ પોઢતા હતા. આપને કોઇપણ જાતનો લૌકિક રાજસ શૉખ નહતો. નિદ્રા, ક્ષુધા, તૃષા વિગેરેની પણ બિલકુલ દરકાર ન હતી. સર્વ પ્રકારનો લૌકિકવૈભવ સારો એક રાજા જેટલો પ્રાપ્ત હોવા છતાં પોતે તેથી બિલકુલ વિરક્ત જ રહેતા હતા; અને માત્ર સેવામાં જ આસક્ત રહેતા હતા. શ્રીપ્રભુને માટે નિત્ય નવીન મનોરથો માનતા હતા અને તેમાંજ દ્રવ્યનો વિનિયોગ આનંદથી કરતા હતા. વારંવાર આપ્તવર્ગમાં અને નિજસેવકોને પણ એજ (શ્રીપ્રભુને વિનિયોગ કરાવવાની) શિક્ષા દેતા હતા. કેટલીએક સાધારણ લૌકિક પ્રવૃત્તિ પણ આપે માત્ર લોકશિક્ષાર્થજ દેખાડી હતી. એકંદરે અહર્નિશ શ્રીપ્રભુ સંબંધી પ્રવૃત્તિજ જણાતી હતી.

લૌકિકની વિરક્તતા.

મહારાજશ્રી લૌકિક સંબંધમાં બિલકુલ વિરક્તજ હતા. એક ઉત્તમ શુદ્ધ જ્ઞાની કે સંન્યાસી કરતાં પણ, પોતે અધિક વિરક્તતા લૌકિકમાં રહીને પ્રત્યક્ષ જણાવી હતી. સંન્યાસી વિગેરેને જ્યારે ગૃહત્યાગ કરવા છતાં, વિરક્તતા સર્વ પ્રકારે સાચવવી કઠણ થઇ પડે છે; ત્યારે મહારાજશ્રીએ ગૃહસ્થાશ્રમમાં રહીનેજ શ્રીભગવત્સેવાપરાયણતાદ્વારા ઉત્તમરીતે વિરક્તતા સાચવી બતાવી હતી; અને એજ વસ્તુતઃ ઉત્તમ સંન્યાસ છે એમ સિદ્ધ કરી આપ્યું હતું, કે જે માર્ગ રહસ્ય હતું.

એક સમયે પોતાનાં **શ્રીશોભાબેટીજી**નું શ્રીઅંગ અસ્વસ્થ હોવાથી સ્ત્રીજનોએ શ્રીબેટીજી ઉપર રાઇલૂણ ઉતારી (નજર ન્યોછાવર) અગ્નિમાં નાંખ્યું. તતહરામાંથી (જલ ઉષ્ણ કરવાનું સ્થલ) એકદમ રાઈ વિગેરેનો ધૂમ્ર મંદિરમાં જઇ પહોંચવાથી, મહારાજશ્રીએ ક્રોધથી આજ્ઞા કરી કે “ આવો ધૂમ્ર કોણે કર્યો

છે ?" આજ્ઞાના પ્રત્યુત્તરમાં મંદિરનાં મનુષ્યોદ્વારા ઉપરની હકીકત નિવેદન કરવામાં આવી, કે જેથી પોતે પુનઃ આજ્ઞા કરીકે "હવે તમે આવા ઉપાયોથી આરામ કરી લેજો." સારાંશકે આરામ સર્વથા નહીં થાય. પોતાનો શ્રીપ્રભુમાં અતિશય પ્રેમ રહેતો હતો. શ્રીપ્રભુના પરિશ્રમનોજ પોતે સદા વિચાર કરતા હતા; અને તેથી શ્રીબેટીજી નિમિત્તે થયેલો ધૂમ્ર શ્રીપ્રભુ સુધી પહોચવાથી, શ્રીપ્રભુને થતા પરિશ્રમના કારણેજ આપને ક્રોધ થયો હતો. આપની આજ્ઞા પ્રમાણે જ શ્રીબેટીજીને આરામ થવાને બદલે શ્રીઅંગમાં ખેદ વધતો ગયો, કે જેથી શ્રીવહુજીમહારાજે પોતાને વિજ્ઞપ્તિ કરી કે, "કોઈ મૂર્ખસ્ત્રીએ આ શ્રીપ્રભુને પરિશ્રમ પહોંચાડેલો છે; માટે હવે કૃપા કરીને શ્રીબેટીજીને આરામ થાય તેવી આજ્ઞા આપો. આગળને માટે આવી બાબતમાં બહુ સાવધાની રાખવામાં આવશે." જ્યારે બહુ પ્રકારે વિજ્ઞપ્તિ કરવામાં આવી તેમજ શ્રીબેટીજીને પણ અધિક દુઃખી જોયાં; ત્યારે પોતે આરામ થવાની આજ્ઞા આપી હતી. આજ્ઞા થવાની સાથેજ શ્રીબેટીજીને શીઘ્રજ આરામ થયો હતો.

અલૌકિક સ્વરૂપાનુભવ.

પોતાના લાલજી **શ્રીજીવનલાલજી** નાનીવયમાંજ (૨૧ વર્ષની વયમાંજ) નિજલીલામાં પધારી ગયા હતા; કે જેથી શ્રીજીવનલાલજીનાં વહુજી **શ્રીપ્રભાવતીજી**ને બહુજ શોક રહેતો હતો. એક વખતે મહારાજશ્રીએ શ્રીપ્રભાવતીજી વહુજીને તેમના શોકની નિવૃત્તિને માટે શ્રીમથુરેશજીના સ્વરૂપમાંજ શ્રીજીવનવાલજીનાં દર્શન કરાવ્યાં હતાં; કે જેથી શ્રીપ્રભાવતી વહુજી તે દિવસથી શોક ત્યાગ કરી, આનંદ પૂર્વક શ્રીપ્રભુની સેવા કરવા લાગ્યાં હતાં. આ ચરિત્ર શ્રવણ કરીને (રાજપુતાના) **ઝાલાવાડ છાવણી** નિવાસી **ભટ્ટ** જીવનલાલાજીને અત્યંત આશ્ચર્ય થયું હતું; કે જેના સમાધાન માટે મહારાજશ્રીએ તેમને પણ તેવોજ **અનુભવ** કરાવ્યો હતો.

સં. ૧૯૬૧ ના પોષ કૃષ્ણપક્ષમાં (વ્ર૦માઘકૃ૦) **ભટ્ટ જીવનલાલજી** વાર્ષિક નિયમાનુસાર પોતાના તરફથી થતા, નારંગી વિગેરેના દીપકોની રોશનીની સજાવટના મનોરથ ઉપર, શ્રીપ્રભુનાં દર્શન કરવા શ્રીકોટા આવ્યા હતા. શયન સમયે નારંગીના દીપકો અને ઝાડ વિગેરેની ઉત્તમ સજાવટમાં બિરાજમાન્ શ્રીમથુરેશપ્રભુની, મહારાજશ્રી જે વખતે આરતી કરવા લાગ્યા, તે વખતે શ્રીપ્રભુના સ્વરૂપમાં સાક્ષાત્ **શ્રીજીવનલાલજીનાંજ** દર્શન **ભટ્ટ જીવનલાલજીને** પણ થયાં હતાં, કે જેથી પહેલાંનું મહારાજશ્રીનું ચરિત્ર શ્રવણ કરી જે આશ્ચર્ય થયું હતું તેનું સમાધાન થયું હતું; અને નિશ્ચય થયો હતો કે "પોતે સાક્ષાત્ શ્રીપ્રભુ હોવાથી પોતાના પ્રભુત્વનો આ પ્રત્યક્ષ પ્રભાવજ કૃપાકરીને દર્શાવ્યો." આ દિવસથી ભટ્ટ જીવનલાલજી મહારાજશ્રીને સદા શ્રીપ્રભુસ્વરૂપેજ માનતા હતા; અને સદા સદ્‌ભાવથી શ્રદ્ધાપૂર્વક મહારાજશ્રીની આજ્ઞા તથા લીલાને સત્ય અને પ્રમાણ જ માનતા રહેતા હતા.

એક વખતે શ્રીકોટા શહેરના છાપખાનાવાળા **સૂર્યધ્વજ બ્રાહ્મણ વનમાલીલાલજી** (બનવારીલાલજી) શ્રીમથુરેશજીનાં દર્શન કરવા જતા હતા. પ્રાતઃકાલથી દર્શન બિલકુલ નહીં થયેલાં હોવાથી તેમની આતુરતા તો વિશેષ હતીજ અને વળી માર્ગમાં સંધ્યાઆરતી થઇ ગયાની ખબર મળવાથી, તેમને ચિત્તમાં વિશેષ વ્યાકુલતા થઇ હતી; કારણ કે ઉષ્ણકાલનો સમય હોવાથી શયનનાં દર્શન થતાં નહતાં. તેઓએ મંદિરમાં જઇ કીર્ત્તનીયાની તિબારીમાં ઉભા રહી, દેહલી (ઉમરા) આગળ આતુરચિત્તે દંડવત્ કરી માથું ઊંચૂં કર્યું અને જોયું તો તેમને એક અલૌકિક આશ્ચર્ય જણાયું હતું. આશ્ચર્ય એ જણાયું હતું કે "સન્મુખ ટેરા આગળ મહારાજશ્રી ઉભા હતા જેમનાં દર્શન સાક્ષાત્ શ્રીમથુરેશજીના સ્વરૂપેજ શ્રીચતુર્ભુજ સ્વરૂપથી થયાં હતાં." મહારાજશ્રીનાં દર્શન સાક્ષાત શ્રીમથુરેશજી સ્વરૂપે થવાથી તેમના ચિત્તની વ્યાકુલતા શાંત થઈ

હતી; અને નિશ્ચય થયો હતો કે "મહારાજશ્રી અને શ્રીપ્રભુ એકજ છે." આ પ્રસંગ બન્યા પછી જ્યારે શ્રીપ્રભુનાં દર્શન ન બની આવે ત્યારે મહારાજશ્રીનાં દર્શન કરી વનમાલીલાલ આનંદ પ્રાપ્ત કરતા હતા. મહારાજશ્રીના સ્વરૂપમાં શ્રીપ્રભુનાં અને શ્રીપ્રભુના સ્વરૂપમાં મહારાજશ્રીનાં દર્શન થવાનો અનુભવ ઘણી વખતે ઘણા નિજ દૈવીજનોને પ્રાપ્ત થયો હતો.

એક વખતે જોધપુરના પુષ્કરણા બ્રાહ્મણ મેઘરાજજી થાનેદાર શ્રીકોટા શ્રીપ્રભુનાં દર્શન કરવા માટે આવ્યા હતા. જે વખતે તેઓ શ્રીકોટા આવેલા તે વખતે તેમને ઘેર તેમનાં એક નાનાં બ્હેનને તેઓ માંદાં મૂકીને આવ્યા હતા. ચારભાઇ વચ્ચે માત્ર આ એકજ નાનાં બ્હેન હોવાથી,ભાઇઓનો તેમના ઉપર વિશેષ પ્રેમ હતો. વિશેષ પ્રેમના કારણથી મેઘરાજજીને એક દિવસે અત્રે રાત્રિમાં બ્હેનનું સ્મરણ થઇ આવ્યું,કે જેથી ચિત્ત અત્યંત વ્યાકુલ બન્યું હતું; અને આખી રાત્રિ નિદ્રા આવી ન હતી. ઘણા પરિશ્રમે પાછલી રાત્રિમાં સહેજ નિદ્રા આવી, કે જે વખતે તેમને સ્વપ્નમાં મહારાજશ્રીએ દર્શન આપી આજ્ઞા કરી કે, " તમે ચિંતા ન કરો, તમારાં બ્હેનને સારૂં છે; અને તમારી પાડોશમાં કંઈ વિઘ્ન છે." સ્વપ્નમાં આ આજ્ઞા થવાની સાથે એકદમ તેમની આંખ ઉઘડી ગઇ; અને પ્રાતઃકાલથતાંજ તેમને ઘરતરફનો પત્ર મળ્યો, કે જેમાં રાત્રિની આજ્ઞા પ્રમાણેજ " બ્હેનની કુશલતાના અને પાડોશમાંની એક બાઇના શ્રીહરિશરણ થયાના " સમાચાર લખેલા હતા. મેઘરાજજીને મહારાજશ્રીના પ્રભાવનો અનુભવ પ્રત્યક્ષ થવાથી અત્યંત આનંદ થયો હતો; અને તે દિવસથી તેઓ મહારાજશ્રીને સાક્ષાત્ શ્રીપ્રભુજ માનવા લાગ્યા હતા. આ બનાવ તેમણે પોતેજ પ્રસિદ્ધિમાં લાવી મહારાજશ્રીનો પ્રભાવ પ્રત્યક્ષ કર્યો હતો. મહારાજશ્રીનાં આવાં અલૌકિક પ્રભાવશાલી અનેક ચરિત્રો નિજજનોને પ્રત્યક્ષ થયાં હતાં; કે જેમાંનાં અમુકજ અત્રે સંગ્રહ કરી લખવામાં આવ્યાં છે.

ગુણવર્ણનનાં કવિત્ત.

મહારાજશ્રીના માહાત્મ્યવર્ણનમાં રાજપુતાના ઝાલાવાડ છાવણી નિવાસી ભટ્ટ બાગરોદી જીવનલાલાજીએ નીચે પ્રમાણે કવિત્ત બનાવ્યાં છે; જે જીવનલાલાજી મહારાજશ્રીના પરમ કૃપાપાત્ર શિષ્ય છે, અને મહારાજશ્રી પાસેજ જેઓએ શ્રીમદ્ભાગવત તથા સામ્પ્રદાયિક ગ્રંથો પ્રભૃતિનું અધ્યયન કરેલું છે. સામ્પ્રદાયિક દીક્ષા પણ મહારાજશ્રી પાસેજ લીધેલી જણાય છે. મહારાજશ્રીના સહવાસમાં આ લાલાજી વિશેષ આવેલા હોય એમ તેમના કેટલાએક લેખ ઉપરથી તેમજ તેમના પોતાના થયેલા અનુભવ ઉપરથી જણાય છે. મહારાજશ્રીનાં ચરિત્રો સંગ્રહ કરી વૈષ્ણવ સમુદાયને તે સંબંધી આનંદ આપવાનું પ્રથમ માન આ લાલાજીનેજ ઘટે છે.

लोकनकी रीतमें पुनीत परिपूरनहै ॥

भक्ति हरि प्रीत चित्त भाखे गुनन ये नये ॥–॥ धरे तन बेश रागी जक्त मन लागी ऐसे ॥ अंतर विरागी अनुरागी कृष्णमये मये ॥–॥ याहीतें न आवैं ज्ञान जोगीजन ध्यान बीच ॥ अग्नि जल एकेठाउ कैसें के धरे गये ॥–॥ वल्लभके वंशकी देखी सभा जीवणजू ॥ इंद्र चंद्र भानु रुद्र ब्रह्माहूं चकितभये ॥ १ ॥

श्रीमुख सदाही प्रफुल्लित रहत जाही ॥

ताहि लखे जीवके बिलायजात जालहैं ॥–॥आय कहूं काननमें बचनपीयूष परैं ॥ ज्ञानभरे तातें होय पापकटे हाल हैं ॥–॥ भागभले पावे कोउ चरणन परसि पाहि ॥ वाहि छिन कोटी पुन्य पायहैं निहालहैं ॥–॥ देखेहैं न देखिहों न ऐसे इन लोचनतें ॥ गोस्वामी बिठ्ठलसुत रणछोडलाल हैं ॥ २ ॥

जेते गुण इश्वरमें तेते गुण याके अंग ॥

लखि लखि वर्णनकूं वर्ण विचारेमें ॥–॥ निर्मलयश पूरण श्री सेवनहरिमें वीर । ऐश्वर्य जाको ज्ञानी ध्यानदैं निहारेमें ॥–॥ ज्ञान कहूं कैसो जानें सर्व जग जान राख्यो ॥ भाख्यो ना विराग या पंकजदल न्यारेमें ॥–॥ ऐसे रणछोडलाल गोकुलिया गुसांई येही ॥ वेही कृष्णचंद्ररूप द्विज अवतारेमें ॥ ३ ॥

आवे जो शरण जाहि ताहिको बतायदेत ॥

वेदरूप शुद्ध पुष्टिमारग सुजानहै ॥—॥ मानकर आवे कोउ कैसे गुण वैभवको ॥ निरखि नशायजाय केते अनुमानहै ॥—॥ भक्तिप्रेमसिंधुमध्य ज्ञानकी जहाज यही ॥ दैवीजन आनंद हिलोरे लेत आनहै ॥–॥ राखि बांध खेंच कटि एक धर्म साधनपे ॥ प्रगट प्रसिद्ध रणछोड भोर भान है ॥४॥

देहको न मान माने सुख कृष्णसेवनको ॥

गेहको न स्थान थाने मंदिर नंदनंदनको ॥–॥ धनको न जान जान जाने भोग श्रीगिरिधरको ॥ नारीको न आन आने लालन व्रजचंदको ॥–॥ पुत्रको न ध्यान ध्यानलागि जसोदाके लालको ॥ जीवको न ज्ञान ज्ञानें एक ब्रह्मानंदको ॥ ५ ॥

(दोहा)

पुष्टिकमलके प्रकाशक मार्तण्ड रणछोड ॥
जीवन गुन नहि कहिसकत युक्ति अनेकन जोड ॥ १ ॥

(सवैया)

हैं सबमें थिर जक्त कुटुम्बमें रागरुरंग सबैंभवपाई ।
भोग अनेकन आनन स्वादरु पोढमकों परियंक सजाई ॥
सन्मुख स्वारथ पर्मपदारथ जान अकारथ यों मनगाई ।
त्यागि इतें सुख आनंद लागिरहे हरितें रणछोड गुसांई॥१॥

(छंदघनाक्षरी)

प्रबल अविद्यातमी जीव जग सोवत जे तिनको जगाये वाक्यकिरन प्रकाशमाल । नानापंथ जालनमें उरझि रहे जे जन्तु सुरझायदीन्हे एक पलमें किये निहाल ॥

एसे प्रभु वल्लभ जगतजन वल्लभ है तिनके पुनीत वंश जिनमें कृपाकी ढाल । महाकलिकालके कलंकी जीव तारनकों कृष्णरूप जानों श्रीगुसांई रणछोडलाल ॥ १ ॥

(यहकृति बूंदीग्रामनिवासी कविराज चोबे जगन्नाथजीकी है)

આગળ જણાવ્યા પ્રમાણે મહારાજશ્રીને એક **શ્રીજીવનલાલજી** નામના લાલજી હતા; કે જેઓશ્રી પણ સદા પોતાના પિતાશ્રી પ્રમાણે શ્રીપ્રભુની સેવામા તત્પરજ રહેતા હતા. આ મંગલયાત્રાનો મનોરથ, શ્રીજીવનલાલજીને જ શ્રીજીદ્વાર પધાર્યા તે વખતથી શ્રીટિકેત મહારાજદ્વારા થયેલી શ્રીપ્રભુની પ્રેરણાથી ઉદ્ભવ્યો હતો; કે જે શ્રીજીવનલાલજીના જલદી લીલામાં પધારવાથી શ્રીપ્રભુઇચ્છાએ કરીને શ્રીરણછોડલાલજી મહારાજશ્રીદ્વારા પૂર્ણ થયો હતો.

શ્રીજીવનલાલજી.

શ્રીરણછોડલાલજીના લાલજી શ્રીજીવનલાલજી સં. ૧૯૩૭ કાર્ત્તિક શુકલા ૧૪ ને દિવસે પ્રકટ થયા હતા. (શ્રીકોટાની) આગાદી ઉપર આગળ થઈ ગયેલા શ્રીપ્રભુજી મહારાજજ પુનઃ શ્રીજીવનલાલજી રૂપે પ્રકટ થયા હતા; કે જે આગળ શ્રીપ્રભુજી મહારાજના જીવનમાં પણ જણાવેલું છે. શ્રીપ્રભુજી મહારાજનાં વહુજીનું નામ શ્રીપ્રભાવતીજી હતુ અને આપનાં વહુજીનું નામ પણ શ્રીપ્રભાવતીજી જ છે. જેવીરીતે શ્રીપ્રભાવતીજી (મોટાં) શ્રી પ્રભુસેવામાં અને મંદિરની વ્યવસ્થા વિગેરેમાં તત્પર રહેતાં હતાં;

તેવીજરીતે આ શ્રીપ્રભાવતીજી પણ સદા શ્રીપ્રભુસેવામાં તત્પરજ રહે છે. આગળ બતાવ્યા પ્રમાણે શ્રીપ્રભુજી મહારાજ ૨૧ વર્ષની વયે સં. ૧૯૫૮ ના ભાદ્રશુકલા ૬ ને દિવસે નિજલીલામા પધાર્યા હતા; અને આપશ્રી પણ સં. ૧૯૫૮ ના ભાદ્ર શુકલા ૬ ને દિવસે નિજલીલામાં પધાર્યા હતા. પ્રાકટ્યમિતિ પણ એકજ હતી. શ્રીપ્રભુજી મહારાજના લીલામાં પધાર્યા પછી અમુકવર્ષે જેમ શ્રીપ્રભુની પ્રેરણાથી સ્વવંશસ્થ શ્રીકનૈયાલાલજીમહારાજને ગોદ લેવામાં આવ્યા હતા; તેમ શ્રીજીવનલાલજી મહારાજના લીલામાં પધારવા પછી પણ, અમુકવર્ષે હાલમાંજ શ્રીપ્રભુની પ્રેરણાથી સ્વવંશસ્થ (શ્રીગિરિધરજીના વંશની મોટી શાખા) શ્રીટિકેત શ્રીગોવર્ધનલાલજી મહારાજના લાલજી શ્રીદામોદરલાલજીમહારાજ ને*ગોદ લેવામાં આવ્યા છે.

---

* આગળ વંશાવલીની નોટમાં–ગાદીના ક્રમમાં જણાવ્યા પ્રમાણે સં. ૧૯૭૪ (વ્ર૦ ૧૭૫) વૈશાખ શુકલા ૧૩ ગુરૂવાર (તા. ૨૩. મે. સ. ૧૯૧૮) ના શુભદિવસે મધ્યાન્હ સમયે શ્રીપ્રભુના રાજભોગ થયા પછી અનવસર (અનોસર) થતી વખતે, નિજમંદિરની તિબારીમાં **શ્રીમાજીમહારાજે** (શ્રી રણછોડલાલજી મહારાજનાં વહુજી **શ્રીકૃષ્ણાવતીજી**) પોતાના શ્રીહસ્તે **શ્રી દામોદરલાલજી** મહારાજને ગોદનું મંગલતિલક કર્યું; અને તિલક થયા પછી **શ્રીદામોદરલાલજીમહારાજ** **શ્રીદીક્ષિતજીની** ગાદીજી (જે ત્યાં બિરાજે છે) ઉપર બિરાજ્યા, કે જ્યાં વૈષ્ણવમંડલ તરફથી ગાદી બિરાજ્યાના આનંદની આપશ્રીને ભેટ ધરવામાં આવી હતી. તદનંતર **શ્રીદામોદરલાલજી મહારાજે** **શ્રીદાદીજી** નામથી ઉદ્દેશીને શ્રીમોટાવહુજીમહારાજ **શ્રીકૃષ્ણાવતીજીને** તથા **શ્રીભાભીજી** નામથી ઉદ્દેશીને શ્રીનાનાંવહુજીમહારાજ **શ્રીપ્રભાવતીજીને** સવિનય પ્રેમપૂર્વક નમસ્કાર—પ્રણામ કર્યા હતા.

શ્રીનાનાંવહુજીમહારાજ રાજનગર (અમદાવાદ) બિરાજતાં હોવાથી, આ શુભમુહૂર્ત્તના સમાચાર મળતાંજ શીઘ્ર **શ્રીકોટા** પધાર્યાં હતાં. જે ઓશ્રીની સાથેજ આપના અનન્યસેવક પરમવૈષ્ણવ **શેઠ મણીલાલ** (ગિરિધરલાલ) **હરીલાલ** (શેઠ હરિવલ્લભ મુલચંદવાળા) પણ આમંગલ પ્રસંગનો આનંદલાભ પ્રાપ્તકરવામાટે રાજનગરથી **શ્રીકોટા** જઇ પહોચ્યાહતા.

શ્રીપ્રભુજી મહારાજે કાચના સામાનની બધી તૈયારી શ્રીપ્રભુના મનોરથ માટે કરેલી હોવા છતાં, શ્રીપ્રભુઇચ્છાથી નાનીવયમાંજ નિજલીલામાં પધારવાથી, મનોરથ થઈ શકેલો નહિ; જેથી આ સ્વરૂપે પુનઃ પ્રકટ થઇ મનોરથ આનંદપૂર્વક પૂર્ણ કર્યો હતો. શ્રીપ્રભુજીમહારાજ જે બેઠકમાં બિરાજતા હતા, તે બેઠકમાંજ શ્રીજીવનલાલજી મહારાજ પોતેપણ બિરાજતા હતા. પોતાની બાલ્યાવસ્થામાં પોતે પોતાના શ્રીપિતામહ (શ્રીકન્હૈયાલાલજીમહારાજ) ને પોતાના પ્રાકટ્યનો આશય અને સ્વરૂપભાવ એક પ્રસંગે જણાવી પણ દીધો હતો.

આપે બાલ્યાવસ્થામાં પણ શ્રીપ્રભુજી મહારાજની પ્રમાણે જ અનેક અલૌકિકપ્રભાવવાળાં ચરિત્રો પ્રદર્શિત કર્યાં હતાં. યજ્ઞોપવીત ધારણ કર્યા પછી પોતે વેદાધ્યયન, નિત્યકર્મ અને શાસ્ત્રાભ્યાસ પ્રભૃતિમાં બહુજ કુશલતા દેખાડી હતી. સ્વમાર્ગીય ગ્રંથોનું પણ સારીરીતે અધ્યયન કર્યું હતું. સ્વસંપ્રદાયના રહસ્યનું જ્ઞાન નિજભક્તોને નાનીવયમાં પણ બહુજ સારીરીતે ઉપદેશતા હતા. પોતાને તે સંબંધી પૂર્ણ વ્યસન હતું.

પોતાનું લગ્ન સુરતવાળા **શ્રીયદુનાથજીમહારાજનાં** બેટીજીની પુત્રી સાથે થયું હતું, કે જેઓ આગળ જણાવ્યા પ્રમાણે સદા પતિસેવાપરાયણજ રહ્યાં હતાં, તેમજ પોતાના પતિની આજ્ઞાનુસાર શ્રીપ્રભુસેવામાંપણ સદા સહાયક જ રહ્યાં હતાં; અને આજે પણ પોતાના પતિના સમયના નિયમ પ્રમાણે સદા શ્રીપ્રભુસેવામાં જ રહે છે.

એકવખતે આપે સ્વમાર્ગીય ગ્રંથોનો પ્રચાર બિલકુલ લુપ્ત થતો જોઈ તેના ઉત્તેજન માટે પોતાને ત્યાં એક પાઠશાલા સ્થાપવા નિશ્ચય કર્યો; અને તે પ્રમાણે સં. ૧૯૫૩ માર્ગ૦ કૃ૦ ૯ (પ્ર૦ પૌ૦ કૃ૦) ના (શ્રીગુસાંઇજી શ્રીમત્પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજીનો મહોત્સવ) શુભદિવસે ***શ્રીવિઠ્ઠલનાથ પાઠશાલાનું** મુહૂર્ત

---

* આ પાઠશાલા હજુસુધી પણ એકંદરે સારી રીતે ચાલતી રહી છે. અમુક વિદ્યાર્થીઓ કાશીની અમુક અમુક પરીક્ષામાં તેમજ વડોદરા અને શ્રીનાથદ્વારાની સામ્પ્રદાયિક અમુક અમુક કક્ષાની પરીક્ષામા ઉત્તીર્ણ પણ થયાછે.

કરવામાં આવ્યું હતું. આ પાઠશાલાના અધ્યાપક અને બે વિદ્યાર્થીઓ માટે નિત્ય ભોજનાદિનો પ્રબંધપણ મંદિરતરફથીજ કરવામાં આવતો હતો. પ્રતિમાસ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી, ઉચિત પારિતોષક દ્વારા, તેમજ પ્રેમપૂર્વક મધુરશબ્દોદ્વારા ઉત્તેજન આપવું, વિગેરે સ્વયં પોતેજ કૃપા કરીને કરતા હતા. આપ હમેશાં દેશ પરદેશના વિદ્વાનો સાથે બહુજ પ્રેમથી મળતા હતા; અને તેમની સાથે શાસ્ત્રચર્ચા વિગેરેથી આનંદ દર્શાવી તેમનો આદર કરતા હતા. આપ આવા પ્રસંગોમાં વિશેષ કરીને સંસ્કૃતમાંજ સંભાષણ કરતા હતા.

સંવત ૧૯૫૪ ના શ્રાવણ માસમાં પોતાના શ્રીબૂંદી (રાજપુતાના) ના મંદિરમાં બિરાજતા શ્રીગોપાલલાલજી પ્રભુને હિંદોલે ઝુલાવવા પોતે બૂંદી પધાર્યા હતા; કે જે વખતે ત્યાં બૂંદીમાં સુંદરઘાટ ઉપરના રાજમહેલમાં વિદ્વાનોની એક મોટી સભા થઇ હતી. આ સભામાં **શ્રીમાન્‌રાજાજી**, રાજ્યના માનનીય અને સમર્થ વિદ્વાન્ **પંડિત ગંગાસહાયજી**, (શ્રીમદ્‌ભાગવત ઉપર અન્વયાર્થ દીપિકા નામની ટીકા લખનાર) **પંડિત હરિદાસજી**, **પંડિત હરીજી**, પ્રભૃતિ પચાસ પંડિત અને રાજવંશીય સભ્ય પુરૂષો તથા અન્ય સુશિક્ષિત સજ્જનો વિગેરે મંડલ હતું. સભામાં આપે “ **साकारं सर्व शक्त्येकं सर्वज्ञं सर्व कर्तृच ॥ सच्चिदानंदरूपं हि ब्रह्म तस्मादिदं जगत्** ’ આ શ્લોકથી બ્રહ્મસ્વરૂપવર્ણન સારીરીતે પ્રતિપાદન કર્યું હતું. શ્લોકના એક એક પદનું આપશ્રીએ શ્રુતિઓના પ્રમાણથી સમર્થન કરી બ્રહ્મવાદ સિદ્ધ કર્યો હતો. આ પ્રસંગમાંજ “ **तदात्मानं स्वय मकुरुत** ” એ શ્રુતિ ઉપર એક કાશીના વિદ્વાન્ સાથે શાસ્ત્રાર્થ થયો હતો; કે જેમાં પોતાના પ્રતિપાદન કરેલા સિદ્ધાન્તનેજ સર્વ પંડિતજનો સમ્મત થયા હતા. ષોડશ વર્ષની વયમાં આ અપૂર્વ વિદ્વત્તાથી **શ્રીમાન્ રાજાજી** તથા પંડિતજનો બહુજ પ્રસન્ન થયા હતા અને ધન્યવાદ પૂર્વક પ્રસંશા કરી હતી. **શ્રીમાન્ રાજાજીએ** ઉત્તમ પ્રકારથી ભેટ સેવાકરી સપ્રેમ આદર પૂર્વક પૂજ્યભાવ પ્રદર્શિત કર્યો હતો.

આપ પોતાનાં સુલલિત વચનામૃતોદ્વારા **ભક્તિમાર્ગોપદેશ**

પણ વારંવાર કરતાં રહેતા હતા, અને તે દ્વારા પોતાના આચાર્યત્વને વિશેષ શોભાવતા હતા; કારણ કે આચાર્ય પદવીની ખરી શોભા સેવાઅનેસદુપદેશમાંજ પોતે માનતા હતા. શ્રીપ્રભુની સેવાથી મળતો અવકાશ ઘણા ભાગે પોતે ગ્રંથાવલોકન, શાસ્ત્ર ચર્ચા અને ધર્મોપદેશ પ્રભૃતિમાંજ ગાળતા હતા. પોતાને બીજી ગ્રામ્યવાર્ત્તાઓ રૂચિકર ન હતી.

પોતાના શ્રીપિતૃચરણ શ્રીરણછોડલાલજી મહારાજ સમક્ષ પૃથક્ આસન ઉપર બિરાજી, વિનયપૂર્વક શ્રીસુબોધિનીજી પ્રભૃતિ સ્વમાર્ગીયગ્રંથ ટીકા ટિપ્પણ સહિત નિત્ય શ્રવણ કરતા હતા; અને વિચારતા પણ હતા. સંદેહ જણાય તેવા વિષયની શંકાઓનું સમાધાન શાસ્ત્રીજી બાલકૃષ્ણજીદ્વારા શ્રીપિતૃચરણને પૂછી પોતાનો સંદેહ નિવૃત્ત કરતા રહેતા હતા; તેમજ તે શૈલીથી ઘણીવખત યોગ્યપ્રકારે ચર્ચા પણ ચલાવતા હતા.

પિતાશ્રીની અધિક આમન્યા રાખવી, તેઓશ્રીની સમક્ષમાં અલ્પભાષણ કરવું, વિનયથી વર્ત્તવું, તેઓશ્રીની આજ્ઞાનું પાલન કરવું, સદા તેઓશ્રીની સેવામાં ઉત્સુક રહેવું, પ્રતિદિન તેઓશ્રીને સાષ્ટાંગ પ્રણામ કરવા, ઇત્યાદિ અનેક ઉત્તમ આચરણ અતિપ્રસંશા કરવા યોગ્ય આપશ્રીમાં પ્રત્યક્ષ થતાં હતાં. પિતાશ્રી તરફથી પોતાને દરેક કાર્યનો સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત થયેલો હોવા છતાં, કોઈ પણ દિવસ કંઈ સાધારણ કાર્યપણ પોતે પિતાશ્રીની આજ્ઞા લીધા સિવાય કરતા નહતા.

શ્રીપ્રભુની સેવામાં સદા પરંપરાની રીત પ્રમાણે પ્રવૃત્ત રહેતા હતા. હિંદોલા, હટડી વિગેરેમાં નાનાપ્રકારની સજાવટ કરી શ્રીપ્રભુને અંગીકાર કરાવતા હતા. લૌકિક કાર્યમાં આપને વિશેષ આસક્તિ નહતી. બહાર પણ વિશેષ પધારતા નહતા. કોઈ વખત મેળા વિગેરેમાં પણ, ખાસ પિતાશ્રીના આશ્રીત નિજજનો સાથે, પિતાશ્રીની આજ્ઞા પાલન કરવાના નિમિત્તે અથવા અમુક જીવોને દર્શન આપવા નિમિત્તેજ પધારતા હતા.

શ્રીવ્રજયાત્રાનો આપને અધિક પ્રેમ હતો; તેમજ પોતે શ્રીવ્રજયાત્રામાં પધાર્યા પણ હતા. જે વખતે પોતે શ્રીવ્રજયાત્રા પધાર્યા તે વખતે અતિપ્રસન્નતાથી સર્વ લીલાસ્થલોએ પધારી, દર્શન કરી, અનેક પ્રકારના વિવિધ ભાવનાયુક્ત મનોરથોથી નિજહૃદયમાં આનંદ પ્રાપ્ત કર્યો હતો: અને સ્વકીયોને પણ પ્રાપ્ત કરાવ્યો હતો. ચંદન તથા પુષ્પોનાં આભૂષણોથી પોતે શ્રીગિરિરાજજીનો શૃંગાર કર્યો હતો; કે જે વખતે શ્રીગિરિરાજજીનાં દર્શન અલૌકિક અવર્ણનીય જ થતાં હતાં. બધી શ્રીવ્રજયાત્રા પોતે શ્રીચરણારવિંદથી જ કરી હતી.

આ યાત્રાવખતે આપને **શ્રીદેવકીનંદનાચાર્યજી**, **શ્રીગોપાલલાલજી** પ્રભૃતિ ગોસ્વામિબાલકોની સાથે પ્રથમજ સમાગમ પ્રાપ્ત થયો હતો. આ પ્રથમ સમાગમમાંજ, આપના વિનય, સુશીલતા, મધુર ભાષણ, ગંભીરતા, સેવા તથા શાસ્ત્રસંબંધી ઉત્સાહ, વિદ્વતા વિગેરે સદ્ગુણોથી ઉપર્યુક્ત શ્રીગોસ્વામિબાલકો બહુજ પ્રસન્ન થયાં હતાં; અને પરોક્ષમાં બહુજ પ્રસંશા કરી હતી. શ્રીવ્રજયાત્રા પૂર્ણ કરીને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન તથા સેવા કરવાની ઉત્સુકતાથી આપ શ્રીજીદ્વાર પધાર્યા હતા.

શ્રીજીદ્વારમાં આપ બન્ને વખત સેવામાં જ મગ્ન રહેતા હતા. આપે મનોરથ પણ કર્યા હતા. શ્રીપ્રભુની સેવામાં પરમ અનુરાગ જોઇને ગોસ્વામિતિલક (ટિકેત) **શ્રીગોવર્ધનલાલજી** મહારાજે આજ્ઞા કરી હતી કે " લાલજી ! આપતો અહીંજ રહી શ્રીજીની સદા સેવા કર્યા કરો. " આ આજ્ઞાથી આપને પોતાના નિજપ્રભુ શ્રીમથુરેશજીનો અધિક વિરહ થઈ આવ્યો તેમજ શ્રીગોવર્ધનનાથજીની સેવામાં વધુ પ્રેમ હોવાથી સેવાની ઉત્સુકતાપણુ વિશેષ જણાવા લાગી; અને તેથી પોતાને તેજ વખતે આ ઉભય પક્ષનો આનંદ લાભ સાચવવા મનોરથ થઈ આવ્યો કે, " **શ્રીમથુરેશપ્રભુને શ્રીજીદ્વાર પધરાવવા** " કે જેથી ઉભય આનંદ પ્રાપ્ત થઇ શકે. આ મનોરથ પોતે પોતાના મનમાં વિચારી શ્રીજીદ્વારથી શ્રીકોટા પધાર્યા હતા; અને શ્રીકોટા પધાર્યા પછી

આ મનોરથ સંબંધી પોતાની ઇચ્છા પોતાના પિતાશ્રી (શ્રીરણછોડલાલજી મહારાજ) ને સવિનય નિવેદન (જણાવી) કરી હતી.

આ પ્રકારે કેટલોએક સમય શ્રીમથુરેશ પ્રભુને શ્રીગોવર્ધનધર પ્રભુ સમીપ પધરાવી ઉભયસ્વરૂપોની સેવાના આનંદ લાભરૂપ અલૌકિક મનોરથને વિચારવા છતાં, શ્રીપ્રભુની કંઇ ખાસ ઇચ્છામાં વિશેષતા જણાવાથી, શ્રીજીવનલાલજીમહારાજે આ મનોરથ પોતાના શ્રીપિતૃચરણ માટે આગળ ઉપર લંબાવી, પોતે શ્રીપ્રભુની વિશેષ ઇચ્છાને અનુકૂલ નિજલીલામાં પધારવાની ઇચ્છા પ્રકટકરવા લાગ્યા હતા.

શ્રીજીદ્વારથી શ્રીકોટા પધાર્યા પછી ઘણીવખત પોતે પોતાના નિજજનોને આજ્ઞા કરી હતી કે, "હવે અમે અત્રે થોડા દિવસજ બિરાજીશું." વળી કેટલીએક વખતતો એવી સ્પષ્ટ પણ આજ્ઞાઓ કરેલી કે જે નિજજનોને શ્રવણમાં અસહ્ય જેવી લાગી હતી; પરંતુ લોકદૃષ્ટિના કારણથી જીવોનાં મંદભાગ્ય કે તે વખતે કંઇ સમજી શકાયું નહીં. પોતે તો પોતાની ઇચ્છાનુસારજ જાણે તૈયારી કરતા હોય તેમ ધીરેધીરે કાર્યક્રમ ચલાવતાજ રહ્યા હતા; અને સમયથયે શ્રીપ્રભુઇચ્છાનુકૂલ પોતાના પિતાશ્રી તથા માતુશ્રીને કોઈ પ્રકારે વિશેષ દુઃખ ન થાય એવા હેતુથી, જ્યારે પોતાનાં માતુશ્રી સહિત પોતાના પિતાશ્રી વિદેશ પધાર્યા હતા, ત્યારે (૨૧ વર્ષ ભૂતલ ઉપર બિરાજી) સં. ૧૯૫૮ ના ભાદ્ર શુક્લા ૬ ને દિવસે શ્રીમથુરેશપ્રભુની સન્નિધિમાં શ્રીજગમોહનમાં પધારી નિત્યલીલામાં પધારી ગયા હતા.

પોતે પ્રતાપી અને અલૌકિક ચરિત્રો દર્શાવનારાજ હતા. નિજજનો ઉપર અત્યંત કૃપા રાખતા હતા. લીલામાં પધારવાના આગલા દિવસે એટલે ભાદ્ર શુક્લા ૫ ને દિવસે એક ઉત્તમ કીર્ત્તનનું એવુ સુંદર ગાન પોતે કર્યું હતું, કે તેવું ગાન કોઇદિવસ કોઈએ આપના શ્રીમુખે શ્રવણ કર્યું ન હતું. આપના ગાનના અભ્યાસની પણ કોઈને આજસુધી જાણ નહતી; કે જેથી આ ઉત્તમ ગાન શ્રવણ કરીને સર્વને અત્યાનંદ તેમંજ અત્યાશ્ચર્ય થયું

હતું. ભાદ્ર શુકલા ૬ ને દિવસે શ્રીપ્રભુને ધરાવવાની પાઘપણ આપેજ આગલે દિવસે બાંધી તૈયાર કરી હતી. આવી કેટલી એક લીલા સ્વસ્થતાથી છેવટસુધી દર્શાવી લૌકિકના જીવોને એવા તો મોહિત કરી નાંખ્યા હતા, કે જેથી કોઈપણ કંઇ વિચારજ લાવી શકયું નહતું.

આપની લલિતગતિ, આપનું મનોહર મંદહાસસહિત મધુરભાષણ, સહજ શ્રીઅંગની સુંદરતા, નિજજીવોના સંતાપ દૂર કરનાર કૃપાયુક્ત આપનાં નેત્રકમલ, હૃદયહરનાર શ્રી મુખનું લાવણ્ય, શ્રીપ્રભુના શૃંગારની અને પુષ્પ મંડલી, હિંદોલા ઇત્યાદિની સજાવટની, તથા ફાલ્ગુનના ખેલમાં વિવિધપ્રકારનાં પુષ્પ, વૃક્ષ, પક્ષી વિગેરેની રચનાની આપની અદ્ભુત ચાતુર્યતા જોઇ ગમે તેવા ચતુર મનુષ્યનો ગર્વ પણ ગળી જતો હતો.

આપનાંદર્શન કામનાયુકત સ્ત્રીઓને કોટિકંદર્પલાવણ્યથી કામ વિકલ કરનારાં, ધર્મિષ્ઠ પુરૂષોને એક પત્નિવ્રત તથા વેદ, સ્મૃતિ, ધર્મશાસ્ત્રાનુકૂલ આચારનાં આચરણ વિગેરેથી પરમઆનંદ પ્રાપ્તકરાવનારાં, તથા ભકતજનોને કૃપાદૃષ્ટિની વૃષ્ટિથી ભક્તિરસ દાનકરનારાં, અને અચલપ્રેમ ઉત્પન્ન કરાવનારાં થતાં હતાં. અર્થાત્ દરેકને પોતાનો ભાવાનુકૂલ અનુભવ પ્રત્યક્ષ થતો હતો.

આ પ્રકારે થોડો સમયજ ભૂતલ ઉપર અલૌકિક સુંદરતા દર્શાવી, નિજજનોને પોતાના વિરહાનુભવથી સ્વરૂપાનંદદાન કરવાની કૃપાકરવા, પોતે ભૂતલ ઉપરથી નિજલીલામાં પધારી ગયા હતા.

મંગલયાત્રા માટે આજ્ઞા.

શ્રીજીવનલાલજીના લીલામાં પધાર્યા પછી શ્રીરણછોડલાલજી મહારાજે સતત શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુની સેવામાંજ કાલવ્યય કરવા માંડયો હતો. એક ક્ષણ પણ શ્રીપ્રભુથી દૂર થતા નહતા. આગળ જણાવ્યા પ્રમાણે પોતાના લાલજી શ્રીજીવનલાલજી (લીલાલાલ) ના સ્વરૂપનો અનુભવ કરાવી, પોતાનાં વહુજી તથા શ્રી

લાલબાવાનાં વહુજી ઉભયને પણ લૌકિકક્લેશ ત્યાગકરાવી શ્રીપ્રભુ સેવાપરાયણજ બનાવી દીધાં હતાં. પોતાના લાલજીએ શ્રીજીદ્વારથી શ્રીકોટા પધારી, જ્યારથી શ્રીમથુરેશપ્રભુને શ્રીજીદ્વાર શ્રીગોવર્ધનનાથજી સમીપ પધરાવી ઉભયસ્વરૂપોનો સેવાનો આનંદલાભ એકસાથે લેવાનો મનોરથ પોતાને જણાવ્યો હતો, ત્યારથીજ આપને (શ્રીરણછોડલાલજી મહારાજને) તે સંબંધી આતુરતા વિશેષ વધી હતી; પરંતુ એકાએક લાલજી નિત્યલીલામાં પધારવાથી, તે મનોરથ સિદ્ધ ન થઈ શકતાં આતુરતામાંજ વિશેષ વૃદ્ધિ થવાનો સંભવ બન્યો હતો. શ્રીરણછોડલાલજી મહારાજ પહેલાં માત્ર એકજવખત પોતાની પંદર વર્ષની વયમાં શ્રીજીદ્વાર પધાર્યા હતા, જેથી પુનઃ શ્રીજીદ્વાર પધારી શ્રીગોવર્ધનધર પ્રભુની સેવાનો આનંદ પ્રાપ્ત કરવાની પોતાને ખાસ ઇચ્છા હોવા છતાં, લાલજીના નિત્યલીલામાં પધાર્યા પછી પોતે શ્રીમથુરેશ પ્રભુની સેવામાંજ આનંદ માનવા લાગ્યા હતા; અને શ્રી મથુરેશ પ્રભુની સેવા છોડી કોઈપણ સ્થલે પધારવું નહીં એવો નિયમ પોતાના મન સાથે કરી લીધો હતો. શ્રીપ્રભુની ઇચ્છામાંજ પોતે આનંદ માની સદા આનંદપૂર્વક સેવાપરાયણ રહેતા હતા; અને કોઇપણ પ્રકારનો ક્લેશ ધરાવતાજ ન હતા.

મહારાજશ્રીના હૃદયની આતુરતાયુક્ત અત્યુત્કંઠા જાણીને, શ્રીપ્રભુએ (શ્રીમન્મથુરાધીશ પ્રભુએ) પોતેજ આપને એકવખત પ્રેરણા (આજ્ઞા) કરી કે “ અમને શ્રીજીદ્વાર, તથા શ્રીવ્રજમાં શ્રીગોવર્ધનનાથજી સમીપ, કે જ્યાં અમારી પધારવાની ઇચ્છા જાણીનેજ શ્રીકહ્નૈયાલાલજી મહારાજે લક્ષ રૂપીઆ ખર્ચ કરીને મંદિર તૈયાર કરાવેલું છે ત્યાં પધરાવો; કે જેથી આ મનોરથદ્વારા શ્રીકહ્નૈયાલાલજીનો તથા શ્રીજીવનલાલજીનો અને તમારો મનોરથ પૂર્ણ થશે. ” રાત્રિમાં શ્રીપ્રભુની આ પ્રમાણે પ્રેરણા થઇ કે પ્રાતઃકાલ થતાંજ શ્રીપ્રભુના શૃંગાર કરતી વખતે શ્રીપ્રભુની સન્મુખમાંજ, મહારાજશ્રીએ પોતાનાં ધર્મપત્ની શ્રી કૃષ્ણાવતી વહુજીને શ્રીપ્રભુની આજ્ઞા જણાવી હતી; અને તે

સંબંધી તૈયારીઓ કરવાનો તેજ દિવસથી પ્રારંભ થયો હતો, કે જેનું પરિણામ જ આ **મંગલયાત્રા** રૂપે નિજજનોને અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવનારે પ્રત્યક્ષ થયું હતું.

શ્રીપ્રભુની ઇચ્છા પ્રમાણે શીઘ્ર શ્રીજીદ્વાર પધરાવવા પોતે જોઈતી સગવડ કરવા માંડી હતી; અને થોડાજ વખતમાં બધી તૈયારીઓ પૂર્ણ થતાં શ્રીપ્રભુને **શ્રીકોટા**થી **શ્રીજીદ્વાર** પગ રસ્તે પધરાવ્યા હતા. **શ્રીજીદ્વાર**થી **શ્રીકાંકરોલી** પણ **શ્રીદ્વારકાધીશ** પ્રભુસમીપ પધરાવવામાં આવ્યા હતા. શ્રીપ્રભુને લગભગ છ સાત માસ શ્રીજીદ્વારમાં બિરાજાવી, પછીથી પોતે શ્રીવ્રજમાં પધરાવ્યા હતા. શ્રીવ્રજમાં **શ્રીમથુરાજી**, **શ્રીગોકુલ**, **શ્રીક[illegible]વલ**, **શ્રીવૃંદાવન** પ્રભૃતિ કેટલાંએક સ્થલોએ શ્રીપ્રભુને પધરાવી શ્રીપ્રભુને માટે પહેલાંથી સિદ્ધ કરાવી રાખેલા **શ્રીયતિપુરાના** મંદિરમાં પધરાવ્યા હતા; કે જ્યાં કેટલોએકસમય શ્રીપ્રભુ બિરાજ્યા હતા.

નિત્યલીલામાં પધારવું.

શ્રીરણછોડલાલજી મહારાજ શ્રીપ્રભુને શ્રીપ્રભુની આજ્ઞાનુસાર શ્રીજીદ્વાર તથા શ્રીવ્રજમાં પધરાવી, મનોરથોનિમિત્ત અનેક પ્રકારનાં લાડ લડાવી, **શ્રીગોવર્ધનનાથજી**, **શ્રીનવનીતપ્રિયાજી**, **શ્રીવિઠ્ઠલનાથજી**, **શ્રીદ્વારકાનાથજી** પ્રભૃતિ સ્વરૂપોની સેવાનો પોતાનો ઉત્સાહ આનંદ પૂર્વક પૂર્ણ કરી, શ્રીજીદ્વારથી શ્રીવ્રજમાં પધાર્યા પછી **શ્રીમહાપ્રભુજી**, **શ્રીગુસાંઈજી**, **શ્રીગિરિધરજી**, પ્રભૃતિ પૂર્વાચાર્યોની પ્રમાણેજ નિજજનોને અલૌકિક અદ્‌ભુતલીલા દર્શાવતા શ્રીગિરિરાજમાં સં. ૧૯૯૫ શ્રાવણ કૃષ્ણા (વ્ર૦ ૬૬ ભા૦ કૃ૦) અમાવાસ્યાને દિવસે રાજભોગઆરતી થયા પછી શુમારે મધ્યાહ્ન સમયે નિજલીલામાં પધારી ગયા હતા; અને "આપ સેવાકરી............" "રૂપ બેઉ એક તે ભિન્ન..............." એ મહાનુભાવી **શ્રીગોપાલદાસજી**નું કથન આ સમયમાં પોતે પ્રત્યક્ષ સિદ્ધ કરી આપ્યું હતું, કે જેનો આગળ જણાવ્યા પ્રમાણે ઘણા ભગવદ્ ભક્તોને અનુભવ પણ થયો હતો.

શ્રીરણછોડલાલજી મહારાજ સદા સેવામાં અને કથામાંજ મગ્ન રહેતા હતા. એક ઉત્તમ સંન્યાસી, પરમહંસ કે અદ્ભુત યોગી મહાત્મા મહર્ષિ કરતાં પણ જીવનચર્યાદ્વારા મહારાજશ્રીની કક્ષા દરેક પ્રકારે ઊંચી અને અનુપમજ જણાતી હતી; કે જેથી તેઓશ્રીના નિજસ્વરૂપનું ખરૂ પ્રભુત્વ સર્વજનોને પ્રત્યક્ષ થયું હતું. પોતે સાક્ષાત આનંદનિધિ શ્રીપ્રભુજ હતા એ નિઃસંશયહતું.

શ્રીરણછોડલાલજી મહારાજનું જીવન વર્તમાનસમયમાં ખરેખર **શ્રીઆચાર્યજી** પ્રકટિત **શ્રીપુષ્ટિમાર્ગને** શોભાવનારૂં અને વૈષ્ણવવર્ગના હૃદયમાં એક ઊંચા પ્રકારની ધર્મદૃઢતાની છાપ બેસાડનારૂંજ હતું. પોતાની ઇચ્છા શ્રીગિરિરાજમાંજ લીલામાં પધારવાની હોવાથી, તેમજ શ્રીપ્રભુની સેવા પણ છોડવા ઇચ્છા ન હોવાથી, પોતે શ્રીપ્રભુની ઇચ્છાનુસાર મનોરથો નિમિત્તે શ્રીપ્રભુને શ્રીજીદ્વાર વિગેરે તથા શ્રીવ્રજનાં કેટલાંએક સ્થલોએ પધરાવી, અંતમાં શ્રીગિરિરાજમાં (યતિપુરામાં) પધરાવ્યા હતા; અને પોતે પોતાના હૃદયની ધારણા સિદ્ધ કરી, અંત સમયની અદ્ભુત લીલાનો અનુભવ કરાવ્યો હતો. પોતાનું શ્રીઅંગ કપોલ અને કંઠમધ્યે થયેલી ગાંઠનીવ્યાધિથી અતિશય નરમ હોવા છતાં, શ્રીજીદ્વારમાં ચારેસ્વરૂપોની સેવા ક્ષણમાત્ર પણ છોડી નહતી; તેમજ માર્ગમાં અને શ્રીવ્રજમાં પણ શ્રીમથુરાધીશ પ્રભુની સેવામાંજ તત્પર રહ્યા હતા. મહારાજશ્રીએ પુનઃ આજના જીવોને **શ્રીમહાચાર્યજી** (શ્રીમહાપ્રભુજી) ના સ્વરૂપનોજ પ્રત્યક્ષ અનુભવ કરાવી **પુષ્ટિભ**ક્તિનું અલૌકિક દાન કર્યું હતું.

શ્રીરણછોડલાલજી મહારાજના લીલામાં પધાર્યા પછી એકાદમાસ શ્રીપ્રભુ શ્રીયતિપુરામાંજ બિરાજ્યા હતા; અને તદનંતર **શ્રીપ્રભુને** પુનઃ શ્રીકોટા પાછા પધરાવવામાં આવ્યા હતા, કે જ્યાં **શ્રીપ્રભુ** આનંદમાં બિરાજે છે અને ઉભય શ્રીવહુજીમહારાજ પ્રેમપૂર્વક સેવાકરી વિવિધપ્રકારનાં લાડ લડાવે છે.

શ્રીકન્હૈયાલાલજી મહારાજને **શ્રીમન્થુરાધીશ** પ્રભુએ કરેલી પ્રેરણારૂપ આ **મંગલયાત્રા**નું બીજ, **શ્રીજીવનલાલજી** મહારાજને

ટિકેત મહારાજ શ્રીગોવર્ધનલાલજીદ્વારા થયેલી શ્રીપ્રભુની પ્રેરણાથી અંકુરિત થયું હતું; કે જે શ્રીરણછોડલાલજી મહારાજદ્વારા આ વખતમાં શ્રીપ્રભુની પ્રેરણાથી વૃક્ષરૂપ બની, ફૂલી ફલી નિજજનોને અલૌકિક રસાસ્વાદ કરાવનારૂં પ્રત્યક્ષ થયું હતું. ખરેખર આ મંગલયાત્રાદ્વારા વર્તમાન સમયમાં ઘણાજનોને અલૌકિકાનંદ રસનોજ અનુભવ થયો હતો; કે જેઓ શ્રીજીદ્વાર અથવા શ્રી વ્રજ વિગેરેમાં આ સમયે ઉપસ્થિત હતા. જેમને સમય ઉપર પ્રત્યક્ષ આ અલૌકિકાનંદ લાભ પ્રાપ્ત થયો હતો, તેમનાં અહોભાગ્યજ હતાં. નિજજનોને નિજાનંદનું સુખ આપવાની શ્રીપ્રભુની નિજેચ્છા એજ આ મંગલયાત્રા હતી; જે આ (મંગલયાત્રાના) સંક્ષિપ્તવર્ણનદ્વારા વૈષ્ણવવર્ગના સમજવામાં સહજ આવી શકશે.

॥ शुभमित्यलम् ॥

પ્રકરણ ૧ લું.

॥ श्रीमन्मथुरेशोजयति ॥

શ્રી પ્રભુની ઇચ્છા અને શુભ સમય.

નિર્દોષ પૂર્ણ ગુણ વિગ્રહ આનંદ નિધિ, પરમ કૃપાલુ, શ્રી પ્રભુ, જ્યારે નિજેચ્છાથી જીવ ઉપર કૃપા કરે છે; ત્યારે અનેક પ્રકારથી, ગમે તે નિમિત્તે નિજાનંદનું દાન કરે છે. શ્રી પ્રભુ સર્વદા સર્વ શક્તિ સંપન્ન હોવાથી, વિવિધ પ્રકારની લીલાઓ દ્વારા જીવનું આકર્ષણ કરે છે; કે જે લીલાઓનું કારણ પણ, માત્ર શ્રી પ્રભુ ઇચ્છા, કે કૃપાજ હોય છે. શ્રી પ્રભુની કૃપામાં કાલ, કર્મ, સ્વભાવ, સ્થાન કે સંજોગો, પ્રતિકૂલ હોવા છતાં અનુકૂલ થાય છે, કારણ કે શ્રી પ્રભુ સર્વેશ્વર છે; અને તેથી શ્રી પ્રભુની ઇચ્છાથી, જે વખતે, જે કંઇ બને છે તે સદા ઉત્તમજ હોય છે. શ્રી પ્રભુ કર્તું, અકર્તું, અન્યથાકર્તું, સર્વ સામર્થ્યવાન્ હોવાથી ધારે તે કરી શકે છે, કે જેમાં, મનુષ્યને અદ્ભુત આશ્ચર્ય કે વિપરીતપણું જણાવા છતાં, તર્ક કરવા જેવું કંઇ હોતુંજ નથી, તેમજ મનુષ્ય તર્ક દુર્બલ હોવાથી, ત્યાં સુધી પહોચી પણ શકતો નથી, એટલે નિરર્થકજ છે; અને તેથી તર્ક કરવાને બદલે, શ્રી પ્રભુના ઐશ્વર્ય તરફ ધ્યાન આપી તેમાં આસક્ત થવું, કે જેથી અલૌકિક આનંદ પ્રાપ્ત થાય, એ વધારે ઉત્તમ છે. અસંભવમાં સંભવ જણાય, ત્યારેજ, ઐશ્વર્યવાન શ્રી પ્રભુની ઇચ્છા છે, એમ જાણી શકાય છે. ન કરવાનું પણ કરી શકે એજ શ્રીપ્રભુ. શ્રીમન્મથુરાધીશ પ્રભુએ પણ એજ ભાન કરાવ્યું હતું. શ્રી પ્રભુની ઇચ્છા, શ્રી મુખરૂપ શ્રી આચાર્ય સ્વરૂપ દ્વારાજ પ્રત્યક્ષ થાય, એ સ્વાભાવિક, અને પ્રમાણ સિદ્ધજ છે; અને તે પ્રમાણે શ્રીમન્મથુરાધીશ પ્રભુએ પણ ત્રણ વર્ષ પૂર્વથીજ, શ્રીમદ્ ગોસ્વામી શ્રી રણછોડલાલજી

દ્વારા, શ્રીજીદ્વાર પ્રભૃતિ સ્થલે થઇ, વ્રજ પધારવાની પોતાની ઇચ્છા પ્રકટ કરી હતી; અને ત્રણ વર્ષમાં બધી તૈયારીઓ પૂર્ણ થતાં, શ્રી પ્રભુએ **મંગલ યાત્રાનો** પ્રારંભ કરી, નિજેચ્છાથી નિજજનોને નિજાનંદનું દાન કર્યું હતું.

આ વખતે પ્રાચીન સમયનું, પુનઃ ભાન થાય છે, કે જે સમયમાં, વૃદ્ધ ભગવદીયોએ, અલૌકિક શ્રી પ્રભુનું સુખ પ્રાપ્ત કર્યું હતું. શ્રીમન્નાથદ્વારાધીશ, મહાન્ પ્રતાપી, પૂર્વાચાર્ય, શ્રીમદ્ **ગોસ્વામી શ્રી દામોદરલાલજી મહારાજ ટિકેત (શ્રી દાઉજી** મહારાજ) શ્રીના મનોરથથી, શ્રીમન્મથુરાધીશ પ્રભુ, શ્રી કોટા (નંદગામ) થી શ્રી નાથદ્વારા, ગત સૈકામાં પધાર્યા હતા; અને તે સમયમાં, અનેક ઉત્તમોત્તમ આનંદો થયા હતા. તેવો જ સમય, પુનઃ શ્રીમદ્ ગોસ્વામી, પરમ દયાલુ, શ્રી વલ્લભવંશભૂષણ, દ્વિજવર પ્રભુ શ્રી રણછોડલાલજી મહારાજ શ્રીની કૃપાથી, વર્તમાન સમયના દૈવી જીવોને પ્રાપ્ત થયો; કે જેમાં, અનેક પ્રકારના અલૌકિક મનોરથોનો, અવર્ણનીય આનંદ લાભ પ્રાપ્ત થયો હતો. આ સમય પણ, ખરેખર, પહેલાંના સમયની પ્રમાણે, પ્રસંશનીયજ હતો.

મંગલ પ્રયાણની તૈયારી અને વિજય.

આશ્વિન શુકલ ૧૦, વિજયા **દશમીનો** મંગલ દિવસ હોવાથી, તેમજ **શ્રીમન્મથુરેશ પ્રભુના વિજયનું શુભ મુહૂર્ત્ત** પણ આજનુંજ હોવાથી, આજે શ્રીમદ્ ગોસ્વામી આચાર્ય રત્ન, શ્રી રણછોડલાલજી મહારાજના હૃદયનો ઉત્સાહ, પૂર્ણ રીતથી પ્રકટ થયેલો જણાતો હતો. કેટલાએક વખતથી શ્રી પ્રભુને શ્રી નાથદ્વારા પધરાવવાની જે તૈયારીઓ કરવામાં આવેલી હતી, તે બધી આજે જાણે પૂર્ણ થઇ હોય, તેમ જણાતું હતું. શ્રી પ્રભુ પણ, સાક્ષાત્ પ્રસન્ન મુખ બિરાજમાન, નિજ ભકતોને દર્શન આપી, મંગલ પ્રયાણની શીઘ્રતા માટે, જાણે, આજ્ઞા આપવા કૃપા કરતા હોય, તેવુંજ ભાન થતું

હતું. નગરજનનાં ટોળે ટોળાં, શ્રી દર્શનાર્થ એકત્ર થયેલાં, મંદિરમાં ચોતરફ નજરે પડતાં હતાં. અને કેટલાંએક મંદિર તરફ નગરમાંથી આવતાં પણ દેખાતાં હતાં. શ્રી પ્રભુના પરદેશ પધારવાના વિરહને અંગે, મંદિરમાં દરેક સ્થલે, મનુષ્યો શ્રી પ્રભુના પ્રયાણ સંબંધનીજ વાર્ત્તાઓમાં, તેમજ શ્રી પ્રભુની અત્રેની અનેક પ્રકારની લીલાઓના સ્મરણમાંજ, તલ્લીન થયેલાં હતાં. એક રીતે થોડા દિવસને માટે પ્રાપ્ત થનારી પરાભક્તિ (વિરહાત્મક)નું, આજનાં છેલ્લાં દર્શન એ ખાસ કારણજ હતું; અને તેથી કેટલાં એક, ભાવુક ભગવદ્ ભક્ત શ્રી પુરૂષો તો, શ્રી પ્રભુના ભાવિ વિરહને સ્મરણ કરીને, સ્નેહને લીધે અશ્રુપાત પણ કરવા લાગ્યાં હતાં. આ સમયનો દેખાવ, એક તરફ અધિક હર્ષ દર્શાવનારો જ્યારે જણાતો હતો, ત્યારે બીજી તરફ શ્રી પ્રભુના વિયોગથી, અમુકોને દુઃખરૂપ હોવાને લીધે, શોક દર્શાવનારો પણ જણાતો હતો. શ્રી પ્રભુની સાથે રહેનાર ભગવદીયજનોને, તેમજ માર્ગમાં, શ્રી પ્રભુ જ્યાં બિરાજવાના હતા, ત્યાંના મનુષ્યોને, આ મંગલ સમય, કંઇક જુદોજ અનુભવ કરાવવા, શીઘ્ર પ્રાપ્ત થયો હતો; કે જેથી, તેઓ તો અતિશય આનંદવાળા માલુમ પડતા હતા. પરંતુ કોટા નિવાસીઓને તો, પ્રયાણના શુભ મુહૂર્ત્તનો સમય, માત્ર વિયોગ દુઃખનો દાતા હોવાથી, જેમ જેમ નજીક આવતો ગયો, તેમ તેમ અધિક શોક પ્રાપ્ત થતો જતો હતો. ઘણા ભાવુક ભગવદ્ ભકતોને, થોડા સમયનો ભગવદ્વિરહપણ અસહ્ય જણાતો હતો. ઉભય પક્ષના પરિણામ ફળનું વૃક્ષ, શ્રી પ્રભુનું પ્રયાણ હતું; અને તેનું બીજ આજનો દિવસજ હતો. અર્થાત્ શ્રીનું વિજય મુહૂર્ત્ત આજનુંજ હોવાથી, બિજયા દશમીજ વિપ્રયોગ તથા સંયોગ ઉભયનું કારણ હતી. શ્રી પ્રભુને પધરાવવા સુખપાલ, રથ, વગેરે પણ, પ્રથમથીજ તૈયાર રાખવામાં આવેલાં હતાં. માર્ગમાં જોઇતું બીજું સવારીનું સાહિત્ય પણ તૈયારજ હતું. શ્રી પ્રભુની સવારીનો સાજ તો પ્રાતઃકાલથી મંદિરમાં ગોઠવેલો, તેમજ કેટલા-

એક સાથે રહેનાર ભગવદ્ ભક્તોના હાથમાં, વિજયની સૂચના કરતો શોભતો હતો. આજની ઉત્સવક્રમની મંગલ ક્રિયા, (જવારા પૂજન, વિજય તિલક પ્રભૃતિ) પૂર્ણ થયા પછી, તેમજ સેવા ક્રમ સરલ રીતે પહોચી લીધા પછી, શ્રી પ્રભુને શ્રી નાથદ્વારા પધરાવવાના ઉત્સાહમાં, (વિજય કરાવવાને અંગે) ધામધૂમ શરૂ થઇ હતી. મંદિરમાં વારંવાર શ્રી પ્રભુના જય શબ્દોની ધ્વનિ થવા લાગી. સવારીનો સાજ એક પછી એક ક્રમ પૂર્વક ગોઠવવામાં આવ્યો. નગારાં નિશાન વિગેરે પણ, મંદિરના દ્વાર ઉપર, વિજયના સમયની સૂચના કરવા લાગ્યાં. ભગવદ્ ભક્ત, અને નગર નિવાસી સ્ત્રી પુરૂષોની ભીડ, મંદિરમાં, માર્ગ ઉપર, અને દરવાજે, વિશેષ જામેલી જણાવા લાગી; અને અનેક પ્રકારના મંગલસૂચક શબ્દોદ્વારા, શ્રી પ્રભુના વિજય સમયનો આનંદ, પ્રદર્શિત થવા લાગ્યો. અન્ય વાજીંત્રાદિના મધુર શબ્દો પણ શરૂ થયા; સાથેજ ભાવુક ભગવદ્ ભક્ત સ્ત્રી પુરૂષનાં મંગલ ગાન પણ શરૂ થયાં. દ્વિજવર પ્રભુ શ્રીમદ્ ગોસ્વામી શ્રી રણછોડલાલજી મહારાજ પણ, શ્રી પ્રભુને પધરાવવા, સેવક વર્ગ સાથે આતુર જણાવા લાગ્યા. વિજયનું શુભ મુહૂર્ત્ત પ્રદર્શિત કરવા, શ્રી પ્રભુએ પણ, ઇચ્છા પ્રદર્શિત કરી, કે શીઘ્રજ વિવિધ રચનાઓના પરિણામ રૂપ, આ મંગલ યાત્રાનો આરંભ થયો; અને શ્રીમન્મથુરેશ પ્રભુ જયઘોષ સાથે સુખપાલમાં બિરાજમાન થયા, કે તરતજ, નિજમંદિરમાંથી સોના ચાંદીનાં તેમજ સુગંધિત પુષ્પોની વૃષ્ટિના વધાવા સાથે, શ્રી પ્રભુએ વિજય કર્યો હતો. નિજમંદિરમાંથી બહાર પધાર્યા પછી, શ્રીનો સુખપાલ, ઉત્તમ રાજચિન્હોથી સુશોભિત, સુંદર અશ્વોથી અલંકૃત અલૌકિક રથમાં, પધરાવવામાં આવ્યો; અને દ્વિજવર પ્રભુ શ્રીરણછોડલાલજી પણ, શ્રીના સુખપાલની પાસેજ, શ્રીની સેવામાં બિરાજમાન થયા; અને રથ આગળ વિજય કરવા આજ્ઞા આપી, કે શીઘ્રજ, વિવિધ પ્રકારના મંગળ શબ્દોની જયધ્વનિ

સાથે રથના અશ્વોપણ વિજય કરવા લાગ્યા હતા. શ્રીનો રથ મંદિરના દરવાજાથી, રાજ માર્ગ ઉપર થઇ, આગળ વિજય કરવા લાગ્યો તે વખતે, રાજમાર્ગમાંથી પધારતા શ્રીપ્રભુના રથ ઉપર, પોત પોતાના ગૃહમાં તૈયાર થઈ રહેલી અનેક સ્ત્રીઓએ, સુગંધિત પુષ્પ વૃષ્ટિ કરી, પોતાના હૃદયમાં આનંદ પ્રાપ્ત કર્યો હતો. બીજીપણ તેવીજ મંગલ ક્રિયાઓ, રાજમાર્ગ ઉપર જોવામાં આવતી હતી.રાજચિન્હોથી દરેક રીતે શોભિત, શ્રીની સવારી, ભારે દબદબા સાથે નગરમાંથી બહાર પધારી હતી. શ્રીની સવારીની આગળ પાછળ, ભાવુક ભગવદ્ ભક્તો, શ્રી પ્રભુની લીલાનું ગાન કરતા, અધિક આનંદવાળા શોભતા હતા. નગરમાંથી સવારી બહાર પધાર્યા પછી, માર્ગનો પ્રથમ મુકામ બુંદીનો હોવાથી, બુંદીના માર્ગ તરફ, શ્રીનો રથ આગળ વધ્યો હતો.

* * *

પ્રકરણ ૨ જું.

શ્રીપ્રભુનું મંગલ પ્રયાણ તથા માર્ગના મુકામોનું વર્ણન.

વિક્રમ સંવત ૧૯૬૪ ના આશ્વિન શુકલ પક્ષ ૧૦ ને સોમવારે, (તા. ૫ અકટોબર સન ૧૯૦૮) (શ્રી વલ્લભાબ્દ ૪૩૦) **શ્રી મથુરેશ પ્રભુ** સહ શ્રીમદ્ ગોસ્વામી, આચાર્યરત્ન, શ્રી વલ્લભવંશ ભૂષણ, પરમપ્રતાપી, **શ્રી રણછોડલાલજી મહારાજ**, પ્રાતઃકાલના નવ વાગતાં (પૂર્ણાંક સમયે) મંદિરમાંથી પધારી, **શ્રી નાથદ્વારા** પધારવા, શ્રી કોટા (નંદગામ) થી વિદાય થયા હતા. શ્રી કોટાનરેશ પ્રથમથીજ, બે માઇલ આગળ જઇ, માર્ગમાં શ્રી પ્રભુનાં તેમજ શ્રી રણછોડલાલજી મહારાજનાં દર્શનની ઉત્કંઠાથી, વાટ જોઇ રહ્યા હતા. શ્રી કોટા નરેશ **મહારાવજી શ્રી ઉમેદસિંહજી**, આ વખતે શ્રીનાં દર્શનને માટે, અતિ આતુર બનેલા હતા, ક્ષુધા વગેરેની દરકાર પણ, રાજાજી તરફથી રાખવામાં આવી ન હતી. ભોજનનો સમય થઇ ગયેલો હોવાથી, સમય પર માર્ગમાં પ્રાપ્ત થયેલાં ફલફૂલથીજ, ક્ષુધાની શાન્તિ કરેલી હતી; અને ત્યાંજ, શ્રી દર્શનાર્થે રાહ જોઇ બેઠા હતા, પરંતુ નગરમાં વિના દર્શન પાછા ગયા ન હતા. આવી અત્યુત્તમ ઉત્કંઠા, રાજવંશમાં, ખરેખર પ્રસંશનીયજ ગણાય. રાજાઓની ક્ષુધાનું સાન્ત્વન ફલફૂલથી થવું, એ માત્ર દૃઢ ભક્તિ, અને શ્રી પ્રભુના પ્રાપ્ત થવાના, થોડા સમય માટેના વિયોગ જન્ય તાપનુંજ લક્ષણ હતું; અને તે આ સમયે છાજતું પણ હતું. શ્રીમાન્ કોટા નરેશ તરફથી, આ વખતે જે આતુરતા, અને દૃઢ શ્રદ્ધા, બતાવવામાં આવી, તે, અન્ય રાજવંશીઓને પણ, ધર્મને અંગે, ખાસ અનુકરણીય, અને આદરણીયજ હતી.

શ્રીપ્રભુ કોટાથી નાથદ્વારા (શ્રીજીદ્વાર) સુધીના માર્ગમાં, (૧૩) તેર સ્થલે બિરાજ્યા હતા. આ મુકામો પ્રથમથીજ નક્કી કરવામાં આવેલા હતા; અને તે દરેક મુકામે, ત્યાંના આગેવાન

અથવા અધિપતિ તરફથી, દરેક બંદોબસ્ત થવા, પ્રથમથીજ યોગ્ય વ્યવસ્થા, રાજ તરફથી કરવામાં આવી હતી; અને તેથીજ શ્રીપ્રભુનો સેવાક્રમ, વ્યવસ્થા પૂર્વક ચાલતો રહ્યો હતો, તેમજ સાથેનાં મનુષ્યોને પણ, કોઈ પ્રકારનું દુઃખ વેઠવું પડયું ન હતું. માર્ગમાં પ્રભુ જ્યાં જ્યાં બિરાજ્યા, તે સ્થાનો, પરમ રમણીય જણાતાં હતાં, તેમજ ત્યાંનાં મનુષ્યો પણ, આનંદથી પ્રપુલ્લિત જણાતાં હતાં. તે સ્થાનોને તેમજ ત્યાંનાં નિવાસી મનુષ્યોને પણ ધન્યજ છે, કે, શ્રી પ્રભુએ, આવા ઘોર યુગમાં પણ, અનાયાસ કૃપા કરી, કૃતાર્થ કર્યા; અને અલૌકિક દર્શનાનંદ પ્રાપ્ત કરાવ્યો.

શ્રી પ્રભુની સવારી સાથે શ્રીમદ્ ગોસ્વામી મહારાજ શ્રી ગોપાલલાલજી, (શ્રી મોટા મહાપ્રભુજીવાળા કોટાના) તથા રાજનગર (અમદાવાદ) વાળા શેઠ મણીભાઈ ઉર્ફે ગીરધરલાલ હરીલાલ, તથા શેઠ અચરતલાલ હરીલાલ, (શેઠ હરિવલ્લભ મૂલચંદ વાળા) અને અન્ય સદ્‌ગૃહસ્થો, અમીર, ઉમરાવો, પ્રભૃતિ હતા. શ્રીકોટા નરેશ તરફથી, માર્ગની વ્યવસ્થા માટે, બંદોબસ્તમાં આપેલું લશ્કર વિગેરે પણ હતું.

નગારા નિશાન, ૫૦ ઘોડેસ્વાર, ૧૦૦ પાયદલ સીપાઈ, (નિશાન સહિત) ૨૦ માણુસનું બેંડ, (વાજું) ૧ હાથી, ૨ ખાસા ઘોડા, (શૃંગારસહિત) ૪ ઘોડા શ્રીના રથના, ૨ ઘોડાગાડી, ૧ ઘોડાનો એકકો, ૧૦૦ બળદ ગાડીઓ, વિગેરે વિગેરે.

૧ શ્રીનો પ્રથમ મુકામ તેજ દિવસે* બુંદીનો થયો હતો.

(* બુંદી શહેર પણ, રાજ્ય સ્થાનોમાં, એક સુપ્રસિદ્ધ રાજ્યસ્થાન છે; કે જે ઘણા સજ્જનોની જાણમાંજ હશે. આ શહેર કોટાની પાસેજ છે. અત્રેના આગલા રાજાઓ પૂર્ણ ભક્તિ ભાવવાળા હતા, કે જેઓએ, પોતાને ત્યાં શ્રી પ્રભુની સેવા પધરાવી, સતત તેમાંજ નિમગ્નતા પ્રાપ્ત કરી હતી; અને પોતાનું ખરૂ કર્ત્તવ્ય તેજ છે, એમ માની, સદ્ધર્મમાંજ સદા કટિબદ્ધ રહી, પોતાના ખરા જીવનનો આનંદ પ્રાપ્ત કર્યો હતો. આજે

બુંદી નરેશ, શ્રી પ્રભુને પધરાવવા, સેવામાં સામા આવ્યા હતા; અને નગર પ્રવેશના આલ્હાદમાં, ૨૩ તોપના મંગલ શબ્દો (અવાજ) કરાવ્યા હતા. રાજભોગનો મનોરથ બગીચામાં માન્યો હતો. દર્શન સમયે ભીડ બહુજ હતી. શ્રી બુંદી નરેશે દર્શન સમયે શિરપેચ નંગ ૨ (એક હીરાનો અને એક પન્નાનો) ભેટ કર્યાં હતા; તેમજ તે ઉપરાંત, સુવર્ણની મહોરો વિગેરે મળીને બેહજારથી વધુ ભેટ કરી હતી. નગરજન તરફથી પણ શ્રીપ્રભુને સારી ભેટ કરવામાં આવી હતી. આનંદ અવર્ણનીયજ હતો. શ્રી પ્રભુ આ મુકામે, આશ્વિન શુકલા ૧૦ સોમવાર, તથા ૧૧ મંગલવાર, બે દિવસ બિરાજ્યા હતા. રાજાજી તરફથી શ્રીપ્રભુને વળાવવા પણ લશ્કર મોકલવામાં આવ્યું હતું; તેમજ **રાવરાજા શ્રી રઘુવર સિંહજી** પણ, નયાબાગ સુધી શ્રીની સેવામાં સાથે રહ્યા હતા. ફરીથી પણ મંગલ સૂચક તોપોના ફેર (અવાજ) પ્રથમ પ્રમાણે કરાવવામાં આવ્યા હતા શ્રી બુંદી નરેશ તરફથી, ભક્તિભાવ પૂર્ણ રીતે પ્રકટ થયો હતો. કોઈપણ પ્રકારની ખામી રહી નહતી.

૨ આશ્વિન શુકલા ૧૨ બુધવારે શ્રીપ્રભુ **હિંડોલી** મુકામે બિરાજ્યા હતા. ત્યાંપણ **શ્રીમાન્ બુંદી નરેશના** તરફથી સત્કાર થયો હતો. શ્રી—ને આરોગાવવાને માટે, કેશર, કસ્તૂરી,

---

પણ પ્રત્યક્ષ ઉદાહરણ એ છે કે, તે આગલા રાજાઓ તરફની, હજારો રૂપીઆની જાગીરો. શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુને ત્યાં, અને અન્ય તેવેજ સ્થલે, ભેટ થએલી, અદ્યાપિ સુધી હયાત છે; તેમજ તે સિવાય પણ અન્ય કેટલાંએક સત્કાર્યો, અને મંદિરો પ્રભૃતિ, એ મહાન્ ભક્તિનિષ્ઠ સદ્ધર્મ પરાયણ, પ્રતાપશાલી રાજાઓની ભક્તિ ભાવના, અને સદ્ધર્મના અંગની ઉદારતાનું દિગ્દર્શન, હાલના જમાનામાં પણ કરાવી શકે છે. આવા સદ્ધર્મ પરાયણ રાજાઓના વંશના ભૂષણરૂપ, હાલના રાજાના રાજમાં, શ્રી પ્રભુ પધારી એક બે દિવસ બિરાજે, અને ઉપર્યુક્ત આનંદ પ્રાપ્ત થાય, તો તે સંભવતિજ છે. બુંદી શહેર પણ, પ્રાચીન બાંધણીનું બહુજ ઉત્તમ છે. રાજના મહેલોની શોભાપણ સારી છે. પ્રજા પણ એકંદરે સુખી, અને સદ્ધર્મ પરાયણ છે.)

ખરાસ, અંમ્બર, વિગેરે ઉત્તમ વસ્તુઓ, શ્રીમાન્ તરફથી ભેટ આવી હતી. આ ગ્રામ પણ બુંદી રાજ્યનુંજ હતું.

૩ આશ્વિન શુકલા ૧૩ ગુરૂવારનો શ્રી––નો મુકામ **ટીકડ**નો થયો હતો. અત્રે * **શ્રીમાન્ મહારાણાશ્રી ઉદયપુરના** તરફથી, યોગ્ય સત્કાર થયો હતો.

૪ આશ્વિન શુકલા ૧૪ (પૂર્ણિમા) શુક્રવારે શ્રી––– **નેગડીયા** મુકામે બિરાજ્યા હતા. અત્રે **શ્રીમાન્ જયપુર નરેશ**ના તરફથી, પ્રબંધ થએલો હતો. **શ્રી––નો શરદ પૂર્ણિમાનો** ઉત્સવ, અત્રેજ, **બનાસસરિતાના તટ** ઉપર, ચાંદનીઓ તાણી, ઉત્તમ પ્રકારથી માનવામાં આવ્યો હતો. બનાસકે જેને, શ્રીનાથદ્વારા નિકટ વાહિની હોવાથી, **શ્રીયમુનાજી**ની ઉપમા અપાય છે; તે આજે પ્રત્યક્ષજ, શ્રીયમુનાજીની શોભાને ધારણ કરેલી જણાતી હતી. શરદોત્સવના દર્શનનો આનંદ અનૂપમ હતો. આ મુકામે **શ્રી ભરતપુર નરેશ**, સકુટુમ્બ શ્રીના દર્શનને માટે આવેલા હતા.

૫ આશ્વિન કૃષ્ણા ૧ (વ્રજકાર્તિક) શનિવારનો શ્રી––નો મુકામ **સાંવર**નો થયો હતો. આ મુકામે અજમેર તાબાના જાગીરદાર તરફથી સત્કાર થયો હતો. વિનામૂલ્ય દરેક વસ્તુ પૂરી પાડી, શ્રી–––સેવા નિમિત્તે સરબરાહ, ભાવ સહિત ઉત્તમ પ્રકારે કરી હતી.

૬ આશ્વિન કૃષ્ણા ૨ રવિવારે, શ્રીપ્રભુ **લસાડીયા** મુકામે બિરાજ્યા હતા. અત્રે માર્ગ પરિશ્રમ શાંત્યર્થ, શ્રી––આનંદમાં બિરાજ્યા હતા. વ્યવસ્થા યોગ્યરીતે થઇ હતી.

(* શ્રીમાન્ માહારાણાજી શ્રી ઉદયપુરના તરફથી, શ્રી––ના પધારવાની પૂર્વેજ, પોતાની દરેક હદમાં, ગ્રામાધિપતિઓને તેમજ જાગીરદાર વર્ગને, તથા હાકિમોને, શ્રી––ની તેમજ લશ્કર પ્રભૃતિની સગવડનો હુકમ અપાયલો હતો; અને તેથી શ્રી મહારાણાજીના તરફથી તેઓની હદમાં દરેક સ્થલે, શ્રી––ના પધારતા પહેલાંથીજ, સર્વ જોઇતી વસ્તુઓનો પ્રબંધ કરી રાખવામાં આવ્યો હતો.)

૭ આશ્વિન કૃષ્ણા ૩ સોમવારે, શ્રી--**શાહપુરા** મુકામે બિરાજ્યા હતા. **શ્રીમત્સકલ ગુણસંપન્ન ચિ. કુમારશ્રી**, શ્રી પ્રભુને પધરાવવા, રામદ્વારા સુધી સામા આવ્યા હતા; અને શ્રી પ્રભુના શુભાગમનથી આનંદ પ્રદર્શિત કરવા, ૧૧ (અગીઆર) તોપના મંગલ શબ્દો કરાવ્યા હતા. શ્રી પ્રભુ અત્રે આનંદમાં બિરાજ્યા હતા. વ્યવસ્થા પણ યોગ્યરીતે થઇ હતી.

૮ આશ્વિન કૃષ્ણા ૪ મંગલવારનો **મહુવાનો** મુકામ થયો હતો. અત્રે પણ શ્રીપ્રભુ આનંદપૂર્વક બિરાજ્યા હતા; અને સ્વકીય ભકતોને દર્શન લાભ આપ્યો હતો.

૯ આશ્વિન કૃષ્ણા ૫ બુધવારે શ્રી પ્રભુ +**ભીલવાડા** મુકામે બિરાજ્યા હતા. અત્રેના નાયબ (આસિસ્ટન્ટ) હાકિમ

---

* શાહપુરા, મેવાડમાં પ્રખ્યાતિ પામેલું સ્થલ છે. મહારાણાજી શ્રી ઉદયપુરના મુખ્ય જાગીરદાર આગ્રામના અધિપતિ છે; અને આ ગ્રામમાંજ રહે છે. એટલે કે, જાગીરદારજીનું રાજધાની તરીકેનુંજ આ ગ્રામ ગણાય છે. જાગીરદાર તરીકેની ઓળખાણનુંજ બીજું નામ, રાજશોભાથી **રાવજી** પણ ત્યાં પ્રસિદ્ધ છે. શાહપુરા, મેવાડ ખાતે વેપાર વિગેરેમાં સારૂં ગણાતું ગ્રામ છે. પ્રજા પણ સુખી છે.

+ ભીલવાડા, એ મેવાડના (ઉદયપુર) રાજ્યનું એક પરગણું છે. ત્યાં ઉદયપુરના તરફથી હાકિમ રહે છે. ગ્રામ વેપાર વિગેરેમાં, અને વસ્તીમાં સારૂં છે. અજમેરથી ખંડવા જતી રાજપુતાના માલવા રેલ્વેનું, અજમેર ચિત્તોડની મધ્યમાંનું સ્ટેશન છે. સ્ટેશન ઉપર રાજ તરફથી એક જીનીંગ ફેકટરી છે. બીજો પણ વેપાર સારો છે. કલાઇ વિગેરેનાં વિવિધ ઘાટનાં વાસણો, એકંદરે સારાં વખાણવા જેવાં બને છે. જ્યારે ઉદેપુર ચિત્તોડ રેલ્વે તૈયાર થઇ ન હતી, ત્યારે શ્રીજીદ્વાર યાત્રાર્થે જતા ભગવદીયો, આ સ્ટેશનેજ ઉતરતા હતા; અને બળદ ગાડીઓદ્વારા, ચાર પાંચ દિવસે શ્રીજીદ્વાર જઇ પહોચતા હતા. આ સ્ટેશન થોડા સમય પહેલાં, તેથીજ ઘણાભાગે વૈષ્ણવ વર્ગમાં સુપ્રસિદ્ધ હતું. શ્રીપ્રભુની સાથે આવેલા ઘણા સદ્‌ગૃહસ્થો, તેમજ કેટલાએક મુખ્ય કારભારીઓ, અને અન્ય કેટલાંએક મનુષ્યો, આ મુકામથી શ્રીના ખટલાથી પૃથક્ થઇ, રેલ્વેને રસ્તે, શ્રીજીદ્વાર શ્રી નાપધારતાં પહેલાં, બંદોબસ્તને માટે જઇ પહોંચ્યાં હતાં.

તથા અન્ય સભ્ય મનુષ્યો, શ્રીને પધરાવવા સન્મુખ આવ્યા હતા. **શ્રીકૃષ્ણગઢ બાઇ સાહબા**, (અલવરવાળાં) તથા **મહારાજા શ્રી રઘુનાથસિંહજી**, (કાકા સાહેબ) તથા **મહારાણી શ્રી રાઠોડજી** (ઝાલાવાડવાળાં) પ્રભૃતિ પણ, આ મુકામે શ્રીદર્શનાર્થ આવેલાં હતાં; અને અત્રેજ શ્રી--ની સાથે મુકામ થયો હતો. તેમના સર્વેના ખીમા (ડેરાતંબુ) પણ દેશી રીવાજને અનુસરી લાગેલા હતા; તેમજ તેમની સાથે ઘોડેસ્વાર, લશ્કર, વિગેરે પણ હતું. શ્રીમાન્ દ્વિજવર પ્રભુ ગોસ્વામી, **શ્રી રણછોડલાલજીએ**, **શ્રીકૃષ્ણગઢ**વાળાંને, આ સ્થલે, **શ્રી બ્રહ્મ-સંબંધ**ની દીક્ષા પણ આપેલી હતી. શ્રીદર્શનનો આનંદ અત્રે બહુજ સારો રહયો હતો. ગ્રામ નિવાસી જનો પણ, શ્રી દર્શનાર્થ, ઉત્સુકતાથી આનંદિત જણાતા હતા. ભેટ પણ ઠીક થઇ હતી. શ્રી--આશ્વિન કૃષ્ણા ૬ ગુરૂવારને દિવસે પણ અત્રેજ બિરાજ્યા હતા. આનંદ આજે પણ ઠીક રહયો હતો. વ્યવસ્થા સારી હતી. **મહારાણા શ્રી ઉદયપુર** તરફથી સરબરાહ (સરભરા) થઇ હતી.

૧૦ આશ્વિન કૃષ્ણા ૭ શુક્રવારે, શ્રીપ્રભુ **લક્ષ્મણીયાવાસ** મુકામે બિરાજ્યા હતા; ત્યાં પણ આનંદ સારો રહ્યો હતો.

૧૧ આશ્વિન કૃષ્ણા ૮ શનિવારનો, શ્રી--નો મુકામ **પોટલાનો** થયો હતો. ત્યાંપણ સરબરાહ ઉત્તમ પ્રકારથી થઇ હતી. શ્રીપ્રભુ આનંદમાં બિરાજ્યા હતા. દર્શન લાભ ભગવદ્ ભકતોને સારો પ્રાપ્ત થયો હતો. આ મુકામે શ્રીનાથદ્વારા નિવાસી કેટલાએક ભગવદીય જનો, સનમુખ દર્શનાર્થ, શ્રીસેવામાં ઉપસ્થિત થયા હતા;અને પાછા શ્રી--ની સવારી સાથેજ, શ્રીજીદ્વાર આવ્યા હતા.

૧૨ આશ્વિન કૃષ્ણા ૯ રવિવારનો શ્રી--નો મુકામ **રાજીયાબાસનો** થયો હતો. આ માર્ગ યાત્રાનો છેવટનો મુકામ હતો. આ મુકામે **શ્રી કાંકરોલી નરેશ** શ્રીમદ્ ગોસ્વામી મહારાજાધિરાજ **શ્રીબાલકૃષ્ણલાલજી** મહારાજ, સનવાડ સ્ટેશનથી શ્રીકાંકરોલી પધારતાં પધાર્યા હતા. (આ ગ્રામ માર્ગમાંજ પડે છે.)

૧૩ આશ્વિન કૃષ્ણા ૧૦ સોમવારનો, શ્રીપ્રભુનો મુકામ, શ્રીનાથદ્વારા નિકટ, તિલકાયિત શ્રીમદ્ ગોસ્વામી, ચક્રચૂડામણિ, મહારાજાધિરાજ, **શ્રીગોવર્દ્ધનલાલજી** મહારાજના **લાલબાગમાં** થયો હતો. શ્રીમાન્ શ્રીગોવર્દ્ધનલાલજી મહારાજ, નિશાન ડંકા, ઘોડેસ્વાર, લશ્કર વિગેરે સાજસવારી સાથે, મોટા સમારોહથી, **કોઠારીયા** ગ્રામ સુધી, (શ્રી નાથદ્વારાથી બે માઇલ ઉપર શ્રી ઉદયપુર રાજ્યના જાગીરદારનું ગ્રામ છે.) શ્રી--ને પધરાવવા પધાર્યા હતા. તેઓશ્રીની સાથે, મથુરાસ્થ શ્રીમદ્ ગોસ્વામી **શ્રીગોપાલલાલજી** મહારાજ, તથા ચિ. લાલબાવા **શ્રીદામોદરલાલજી** મહારાજ, તથા દ્વિતીય **પીઠા**ધીશ્વર શ્રીનાથદ્વારાસ્થ શ્રીમદ્ ગોસ્વામી **શ્રી ગોપેશ્વરલાલજી** મહારાજ, (શ્રીવિઠ્ઠલનાથજીની ગાદીવાળા) તથા દીવાન, શાસ્ત્રી, હાકિમ, મુસદ્દીઓ વિગેરે મંડલ હતું. નગર જનનાં ટોળે ટોળાં, જ્યાં ત્યાં ઉત્સાહથી, શ્રીદર્શનાર્થ એકત્ર થયેલાં જણાતાં હતાં. કોઇ શ્રીસન્મુખ ઉત્સાહથી આગળ જતા હતા; ત્યારે કોઇ, એક સ્થલે શ્રીના પધારવાની રાહ જોઈ, ઉભા થઇ રહેલા, જયધ્વનિના શબ્દોથી, પોતાના હૃદયનો આનંદ પ્રદર્શિત કરતા હતા. કેટલાએક પરસ્પર શ્રીપ્રભુ સંબંધી વાર્તાઓદ્વારાજ, આલ્હાદિત જણાતા હતા. દિશાઓમાં સર્વત્ર આનંદજ જણાતો હતો. મેઘરાજાએ પણ, શ્રીપ્રભુને પધારવાની ઉત્તમ તક જોઇ, જલસિંચનદ્વારા પ્રથમથીજ, શ્રીપ્રભુનું અલૌકિક સ્વામિત્વ સૂચન કર્યું હતું; કે જેથી, સૂર્યના તાપથી થતો પરિશ્રમ, અનાયાસ શાન્ત થઇ ગયો હતો, અને માર્ગ પણ સુખરૂપ જણાતો હતો. ખરેખર આ વખતની . મેઘરાજાની સુવૃષ્ટિ પ્રસંશનીયજ હતી.

શ્રીમન્મથુરેશ પ્રભુ સહ, શ્રીરણછોડલાલજી દ્વિજવર પ્રભુનાં દર્શનની રાહ, સ્વાતિ ચાતક ન્યાયથી, લાલબાગ નિકટ એકત્રિત થયેલા, ભગવદીય સજ્જનોની પ્રત્યક્ષ થતી હતી વારંવાર અધીરા થયેલાની પેઠે, જયધ્વનિના મંગલ શબ્દોથી,

રટણજ ચાલતું હતું. બાગમાં, આજુબાજુ, અને શ્રી પ્રભુના પધારવાના માર્ગ ઉપર, તેમજ બાગની દીવાલો અને નજીકના પહાડ ઉપર, સર્વત્ર વૈષ્ણવ જનોની (શ્રીનાથદ્વારા નિવાસી અને યાત્રાર્થ આવેલાં સ્ત્રીપુરૂષોની) એક સરખી ભીડ જોવામાં આવતી હતી. શ્રીપ્રભુ અમુક સ્થલ સુધી પધાર્યા એવી ખબર મળવાની સાથે જ, વૈષ્ણવજનો એકદમ એક સાથે જયધ્વનિના શબ્દોથી, મંગલ સમાચારને જાણે વધાવી લેતા હોય, તેમ ઉત્સુકતા બતાવતા હતા. લગભગ સાયંકાલ પછી, એટલે સાત વાગ્યાને શુમારે, શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણછોડલાલજી તથા ગોસ્વામી શ્રીગોપાલલાલજી, (કોટાવાળા) શ્યામ અશ્વોથી શોભિત, ઉત્તમ રથમાં બિરાજમાન શ્રીપ્રભુસહ, સુગંધિત પુષ્પની વૃષ્ટિના વધાવા સાથે, તથા જયધ્વનિના આનંદ મધ્ય શોભતા, શ્રીમદ્ ગોસ્વામી આચાર્ય મંડલ, અને ભગવદીય જનોના સમૂહ સાથે, **લાલબાગમાં** પધાર્યા હતા. ધ્વજા પાતાકા અને તોરણો તથા કદલી સ્તંભથી બાગનો દરવાજો સુશોભિત કરવામાં આવ્યો હતો; અને દરવાજા ઉપર મંગલ કલશ, તેમજ મંગલ ક્રિયાઓદ્વારા, શ્રીપ્રભુને વધાવી લેવામાં આવ્યા હતા, કે જે સમયનો આનંદ, ખરેખર અવર્ણનીયજ હતો. લાલબાગમાં પધાર્યા પછી શ્રીપ્રભુનો ત્યાંજ મુકામ થયો હતો; અને ઉત્થાપન, ભોગ સંધ્યા, શયન વિગેરે સેવાક્રમ પણ ત્યાંજ થયો હતો. શ્રીપ્રભુ બાગમાંજ આનંદ પૂર્વક માર્ગ યાત્રા પ્રમાણે, તે રાત્રિ પોઢયા હતા.

૧૪ આશ્વિન કૃષ્ણા ૧૧ મંગલવારને દિવસે પણ, ચાર વાગ્યા સુધી, શ્રી--નો મુકામ લાલબાગમાંજ રહયો હતો. મંગલાથી રાજભોગ સુધીનો સેવાક્રમ પણ બાગમાંજ થયો હતો. શ્રીપ્રભુનાં દર્શન માટે, વૈષ્ણવજનો બાગમાં આગલા દિવસ પ્રમાણેજ, એકત્રિત થયેલાં આનંદિત જણાતાં હતાં.

રાજભોગાનંતર, સાંજના ચાર વાગ્યાને શુમારે, શ્રીપ્રભુ તથા શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી મહારાજ, મોટા સમારો-

હથી, નગારા નિશાનની સવારી સાથે, શ્રીનાથદ્વારા નગરમાં પધાર્યા હતા. શ્રીપ્રભુ શ્રીજીના નગારખાનાને દરવાજે પધાર્યા તે વખતે, ત્યાં મંગલ કલશદ્વારા, તેમજ ધ્વજા, પતાકા, અને તોરણો, તથા કદલી સ્તંભથી, વિવિધ પ્રકારનો આનંદ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો; તેમજ તે વખતે વિવિધ વાજીંત્રોથી, અને તોપોની ધ્વનિથી પણ, આલ્હાદ પ્રકટ કરવામાં આવ્યો હતો. નગરજનોએ પણ, શ્રીપ્રભુના પધારવાના માર્ગમાં આવેલાં પોતાનાં ગૃહો આગળ, અને દુકાનો આગળ, અનેક પ્રકારની મંગલ રચનાઓ કરેલી હતી. રાજમાર્ગ પણ શણગારવામાં આવ્યો હતો. માર્ગમાં શ્રીપ્રભુ ઉપર, વિવિધ પ્રકારનાં સુગંધિત પુષ્પોની વૃષ્ટિ, પ્રેમી ભગવદ્ ભક્ત સ્ત્રીપુરૂષો દ્વારા કરવામાં આવી હતી. અનેક ભગવદ્ ભકતો, પરમ પવિત્ર શ્રી--ના રથના સ્પર્શને માટે, ભીડમાં આગળ પાછળ દોડતા જણાતા હતા, અને સ્પર્શ કરી પોતાના મનોરથની પૂર્ણતામાં ઉલટભેર જયઘોષ કરતા હતા. શ્રીપ્રભુ નગારખાનાને દરવાજેથી, આગળ રથ ન જઇ શકવાના કારણને લીધે, સુખપાલ દ્વારાજ **શ્રીમદ્ ગોવર્દ્ધનધર** પ્રભુના મંદિરની નજીકના *શ્રી **ગોકુલનાથજી**ના મંદિરમાંજ, (પોતાનું મોહનગઢમાંનું મંદિર દૂર પડવાના કારણથી) સ્વસ્તિવાચનાદિ મંગલ ક્રિયાઓ થયા પછી, ભક્તજનોના મનોરથો પૂર્ણ કરવા, આનંદથી બિરાજમાન થયા હતા.

શ્રી પ્રભુએ નિજેચ્છાથી, પાક્ષિક માર્ગયાત્રા નિમિત્તે, અનેક જીવોને દર્શનાનંદદ્વારા, અનાયાસ કૃતાર્થ કર્યા હતા; અને પૃથ્વિને પણ આનંદિત કરી હતી.

---

* શ્રી દાઉજી મહારાજના વખતમાં શ્રીજીદ્વાર સાતે સ્વરૂપો પધારેલાં હોવાથી, તે વખતનાં સાતે સ્વરૂપોનાં મંદિર, શ્રીજીદ્વારમાં અદ્યાપિ પર્યંત આગળની નિશાની તરીકે વિદ્યમાન છે.

પ્રકરણ ૩ જું.

માર્ગના આનંદનું સંક્ષિપ્ત વર્ણન.

શ્રી પ્રભુ, માર્ગમાં જ્યાં જ્યાં થઇને પધારતા હતા, તે તે માર્ગમાં આવતાં ગ્રામોમાં રહેનારાં મનુષ્યો, અનેક પ્રકારનાં મંગલ ચિહ્નોથી, પોતાના હૃદયોત્સાહને, શ્રીપ્રભુના સત્કારમાં અર્પણ કરતાં હતાં. સ્ત્રીવર્ગ પણ, મંગલગાનદ્વારા આનંદ પ્રાપ્ત કરતો હતો; તેમજ સૌભાગ્યવાન્ સ્ત્રીમંડલ, મંગલ કલશો દ્વારા શ્રીપ્રભુને વધાવી, પોતાનું અહોભાગ્ય માનતું જણાતું હતું. જે જે ગ્રામ આગળ, શ્રીનો મુકામ થવાનો નિશ્ચય હતો, તે તે ગ્રામના અધિપતિઓ, અમીરો, ઉમરાવો, અથવા હાકિમ કે સદ્ગૃહસ્થ આગેવાનો, પોતાના ગ્રામનાં મનુષ્યોના સમૂહ સાથે, શ્રીને પધરાવવા, વાજીંત્રાદિ, અને મંગલ કલશો વિગેરે આનંદ ચિન્હોસાથે, ગ્રામ બહાર શ્રી--ની સન્મુખ સેવામાં ઉપસ્થિત થતા હતા. કેટલાએક ગાયકજનો પણ, શ્રીપ્રભુના ગુણાનુવાદ સહર્ષ ગાતા હતા. શ્રીપ્રભુના રથને કોઇ પણ જાતની અડચણ ન પડે, એટલામાટે, ઘણાએક ભક્તજનો, અને આજુબાજુના તે તે ગ્રામનાં મનુષ્યો શ્રી પ્રભુના રથને ચાલવાનો માર્ગ સાફ કરવાની, તનુજા સેવા કરવામાં તત્પર થયા હતા. શ્રીપ્રભુના રથનો વેગ સાધારણ માલુમ પડતો, કે તરતજ, અનેક ભગવદ્ ભક્તો, રથની ગતિ વધારવા, અશ્વોને ઠેકાણે પોતેજ સહાયતા કરતા હતા. વળી કેટલાએક તો, એટલા ભક્તિ ભાવથી આતુર જણાતા હતા, કે, શ્રી--નારથને, ઊંચકીનેજ પધરાવી લેવા, જાણે તૈયાર હોય, તેમ, રથની આજુબાજુમાંજ, સતત પ્રયત્ન કરતા રહેતા હતા. શ્રી--ના રથનો વેગ, કોઇ વખતે થોડો થતો જણાતો, કે તરતજ, મોટેથી શ્રી પ્રભુના જય શબ્દોના ઘોષ શરૂ થતા, કે જે જયધ્વનિ, અશ્વોના કર્ણમાં પડતાંજ, જાણે અશ્વોને પણ, અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થતું

હોય તેમ, એકદમ વેગથી રથ ચાલવા લાગતો હતો; અને તે જોઇ, ભગવદ્ ભક્તોને પણ અનહદ આનંદ થતો હતો. ખરેખર આ અશ્વોપણ અલૌકિકજ હોવા જોઇએ, કે, જેમના ઉપર શ્રી પ્રભુ પ્રત્યક્ષ બિરાજમાન થયા. શ્રીપ્રભુની આ યાત્રામાં અશ્વો પણ, કારણરૂપજ હોવા જોઇએ; કારણ કે શ્રીપ્રભુ કૃપાલુ છે. શ્રીપ્રભુએ માર્ગમાં અનેક સ્થલે, પોતાના પ્રમેય બલનો અનુભવ પણ કરાવ્યો હતો; કે જેથી, ભગવદ્ ભક્તોનાં હૃદય આનંદથી ઉભરાઈ ગયાં હતાં. માર્ગમાં **નેગડીયા** ગ્રામ નજીક શ્રીપ્રભુના રથની ગતિ, બિલકુલ બંધ માલુમ પડવા લાગી હતી; અને અશ્વો પણ બલહીન જેવા દેખાવા લાગ્યા હતા.આ સમયે રથની ગતિ બંધ થતી જોઇ, શ્રીમદ્ ગો૦ શ્રી રણછોડલાલજી, નિકટમાં વહન કરતી **બનાસ** સરિતાના તટ ઉપર, સંધ્યાવંદન નિમિત્તે પધાર્યા; અને સંધ્યા વંદનાદિથી નિવૃત્ત થઇ, શ્રીપ્રભુના રથ પાસે પાછા પધાર્યા. મહારાજશ્રીના પધારવાની સાથેજ, રથ એકાએક એવા વેગથી ચાલવા લાગ્યો કે, તેવા વેગથી કોઇ દિવસ ચાલ્યોજ ન હતો. આ જોઇ દરેકને અત્યાશ્ચય થયું હતું. વળી આ વખતે અશ્વોની શોભા પણ, પ્રથમથી જુદીજ જણાતી હતી. જાણે અશ્વો નવાજ હોય, અને તે પણ કોઇ સ્વર્ગીય (દૈવી) હોય, તેવું ભાસતું હતું. શ્રી પ્રભુના રથની ગતિ, સારથીની ઇચ્છાનુસાર, કે, અશ્વોના બલને અનુસાર, કે, માર્ગાનુસાર જણાતી ન હતી; પરંતુ માત્ર શ્રીપ્રભુની ઇચ્છાનુસારજ જણાતી હતી. આવા અલૌકિકાનુભવ, માર્ગમાં અનેક સ્થલે જોવામાં આવતા હતા; અને તે ઉપરથી એજ પ્રત્યક્ષ થાયછે, કે, શ્રી પ્રભુની નિજેચ્છાથીજ, આ યાત્રાનો આરંભ થયો હતો, તેમજ તેઓશ્રીના પ્રમેય બલથીજ, આ બધું પૂર્ણ થતું હતું. શ્રી પ્રભુએજ કૃપા કરીને, ઘણા સમયના દર્શનાતુર જીવોને, આ પ્રવાસ વ્યાજથી, દર્શન આપી કૃતાથ કર્યા હતા. શ્રી પ્રભુ પોતે પોતાના પ્રમેય બલથીજ, સ્વકીય જીવોને આનંદનું દાન કરે છે પુષ્ટિનું ખરૂં રહસ્ય એજ છે.

શ્રીપ્રભુની કૃપા એજ ખરૂં કારણ છે. જીવને તે વિના અન્ય સાધન નકામું છે. કયાં મેવાડ દેશનાં ગ્રામ ! અને કયાં શ્રીકોટા નંદગ્રામ ! કયાં સુકુમાર શ્રીમત્પ્રભુ શ્રીમથુરેશ ! અને કયાં આ વિકટ માર્ગયાત્રા ! એ સર્વ, શ્રી પ્રભુની ઇચ્છા, અને કૃપાજ સમજવાની છે. શ્રીપ્રભુ સર્વ સામર્થ્યવાળા હોવાથી, ન બનવાનું પણ બને છે.

રથ અને અન્ય વ્યવસ્થા.

શ્રી પ્રભુને શ્રી નાથદ્વારા પધરાવવાની તૈયારીમાં, શ્રીપ્રભુને બિરાજવા એક મોટો ઉત્તમ પ્રકારનો સીગરામ ઘાટનો ચાર પૈડાં (ચક્ર)નો, કમાનવાળો, રથ તૈયાર કરવામાં આવ્યો હતો. આ રથની ઉપરના ભાગમાં, ચારો તરફ જાળીઓ રાખવામાં આવી હતી; અને પછવાડે મોટું દ્વાર રાખવામાં આવ્યું હતું. ઊંચો પણ એટલો રાખવામાં આવ્યો હતો, કે જેમાં, શ્રીનો સુખપાલ સારી રીતે આવી શકે. આગળ (કોચ બૉકસ ઉપર) સારથી અને એક બીજો મનુષ્ય, છડીદાર વિગેરે બેસી શકે, તેટલી જગાવાળી બેઠક રાખવામાં આવી હતી. પછવાડે બે ત્રણ મનુષ્ય શ્રીની પરિચર્યામાં, ચમર વિગેરે લઇ ઉભા રહી શકે, તેટલી જગાવાળું પાટીયું (પગથીયું) રાખવામાં આવ્યું હતું. શ્રીપ્રભુને પ્રથમ સુખપાલમાં પધરાવી, પછી સુખપાલ રથમાં પધરાવવામાં આવતો હતો. સુખપાલની સાથે શ્રીમદ્ ગો૦ શ્રી રણછોડલાલજી મહારાજ પોતે બિરાજતા હતા; તથા શ્રી--ના મુખીયાજી પ્રભૃતિ સેવક વર્ગમાંથી એકાદ જણ, મહારાજશ્રીની આજ્ઞાથી, શ્રીની સેવામાં તત્પર રહેતા બેસતા હતા. શ્રીપ્રભુ બિરાજતી સમયે, આ રથની શોભા અવર્ણનીયજ દેખાતી હતી. આ રથમાં બિરાજમાન થઇ, શ્રીપ્રભુ એક મુકામેથી બીજે મુકામે પધારતા હતા; અને માર્ગયાત્રાનો અદ્‌ભુત આનંદ પ્રકાશ કરતા હતા. શ્રીપ્રભુના રથને ચલાવવા સારથી તરીકે, એક વૈષ્ણવ બ્રાહ્મણની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ધન્ય છે, એ ભગવદ્ ભક્ત,

વિપ્રતનુ વ્યક્તિને, કે જેના ઉપર શ્રી પ્રભુએ પૂર્ણ કૃપા કરીને, આ વિકરાલ કલિ દાવાનલમાંથી બચાવી, પોતાનું સર્વોત્તમ સારથીપણું દાન કર્યું. શ્રી--ના રથની સાથે, માર્ગ વ્યવસ્થા માટે, અને જોઇતી ગવડમાં અડચણ ન પડે તે માટે, કેટલાંએક મનુષ્યોની, ગોઠવણ પણ કરવામાં આવી હતી. આ મનુષ્યો શ્રી--ના રથની સાથેજ સદા રહેતાં હતાં. શ્રી--ના બિરાજવાના ડેરા તંબુઓની વ્યવસ્થા પણ, બહુજ ઉત્તમ રાખવામાં આવી હતી. સર્વે ડેરા તંબુઓ,કંતાનના પ્રાચીન શૈલીને અનુસારજ કરાવ્યા હતા; કે જેથી પવિત્રતામાં પણ, કોઇ પ્રકારે હાનિ થવા સંભવ નહતો. માર્ગનો બીજો પ્રબંધ પણ સારો હતો. કોઇને કોઇપણ જાતની અડચણ પડી ન હતી.

સ્ગૃહસ્થ ભકતોની સેવા અને શ્રી--ની કૃપા.

રાજનગર (અમદાવાદ) વાળા શેઠ મણીલાલભાઇ, (ગિરિધરલાલભાઇ) તથા તેમના ભાઇ શેઠ અચરતલાલભાઇ, (શેઠ હરિવલ્લભદાસ મુળચંદવાળા) તથા મુંબાઇવાળા શેઠ ચતુર્ભુજદાસ મુરારજી, તથા કાશીવાળા બાબુજી શ્યામદાસજી, (મધુવનદાસ દ્વારકાદાસવાળા) તથા કલકત્તાવાળા રાજા બાબુ દામોદરદાસજી પ્રભૃતિ સદ્‌ગૃહસ્થોએ, શ્રી--ને પધરાવવાની તૈયારીના પ્રબંધમાં, પ્રથમથીજ કટિબદ્ધ થઇ, શ્રીપ્રભુની તેમજ શ્રીગુરૂની સેવા સારી કરી હતી. શેઠ મણીલાલભાઇ તથા શેઠ અચરતલાલભાઇએ, પ્રથમથીજ પ્રબંધમાં કટિબદ્ધ રહી, શ્રી--ની સવારીની સાથેજ, શ્રી કોટાથી શ્રીજીદ્વાર સુધી, માર્ગયાત્રામાં પણ સાથે રહી, તનુજા, વિત્તજા, ઉભય સેવાનો, સુખપૂર્વક લાભ લીધો હતો; અને પોતાની અનન્યતાનું, અન્ય સદ્‌ગૃહસ્થ ભગવદ્ ભક્તને, અનુકરણ કરવા યોગ્ય, ઉદાહરણ પ્રત્યક્ષ કરી આપેલું હતું. ધન્ય છે, આવા સદ્‌ગૃહસ્થ ભગવદ્ ભકતોની દ્રઢતા અને અનન્યતાભરેલી ભક્તિને, કે જેઓએ, શ્રીપ્રભુ અને શ્રીગુરૂની સેવામાં તલ્લીન થઇ, પોતાના વડીલ ભાઇ શેઠ માણેકલાલભાઇનો

શોક પણ, (લૌકિક હોવાથી) અલૌકિકાનંદમાં, વિસારે પાડી દીધો હતો; અને માસિક શ્રાદ્ધ થતા પહેલાંજ, લૌકિક વ્યવહારનો ત્યાગ કરી, રાજનગરથી (અમદાવાદથી) શ્રી--ની સેવામાં, શ્રીકોટા, પ્રથમથીજ ઉપસ્થિત થઇ ગયા હતા. વળી શ્રી—ની સવારી કોટાથી શ્રીજીદ્વાર પધાર્યા પછી, તાર કરીને પોતાના કુટુમ્બને પણ, શીઘ્ર, શ્રીદર્શનાર્થ શ્રીજીદ્વાર તેડાવી લીધું હતું. બાબુ શ્યામદાસજી કાશીવાળા પણ, શ્રી--ની સેવામાં પૂર્વથીજ તત્પર રહ્યા હતા; અને શ્રી--ના ભીલવાડા મુકામથી જુદા પડી, રેલ્વેદ્વારા, શ્રીજીદ્વાર આગળથી આવી, શ્રીપ્રભુની રેલ્વેદ્વારા વિદેશથી આવતી સામગ્રી વિગેરેની, માવલી સ્ટેશનથી શ્રીજીદ્વાર સુધીની, વ્યવસ્થા કરવામાં તૈયાર રહ્યા હતા. મુંબાઇવાળા શેઠ ચતુર્ભુજદાસ મુરારજીએ પણ, શ્રીપ્રભુની સામગ્રી વિગેરે સંગ્રહ કરવામાં, અને મુંબાઇથી શ્રીજીદ્વાર મોકલાવી આપવામાં, કટિબદ્ધ રહી, યોગ્ય સેવા બજાવી હતી. પોતે વિત્તજા સેવા પણ, યોગ્ય રીતે કરી હતી. રાજા બાબુ દામોદરદાસજીએ પણ, યોગ્ય સેવા કરી હતી; તેમજ સકુટુમ્બ શ્રીદર્શનાર્થ, શ્રીજીદ્વારમાં હાજર પણ થઇ ગયા હતા; અને શ્રીપ્રભુ તથા શ્રીગુરૂની સેવામાં, કટિબદ્ધ રહ્યા હતા. અન્ય પણ કેટલાંએક, સદ્‌ગૃહસ્થ ભગવદ્ ભક્ત કુટુમ્બ, શ્રી સેવામાં શ્રીજીદ્વાર ઉપસ્થિત થઇ ગયાં હતાં. કલકત્તાવાળા બાબુ ગોકુલદાસજી મારવાડી, વિકાનેરવાળા (શેઠ નરસિંહસહાય મદનગોપાલ વાળા) પણ, કલકત્તાથી સકુટુમ્બ શ્રીદર્શનાર્થ શ્રીજીદ્વાર આવી પહોંચ્યા હતા; અને શ્રીગુરૂની આજ્ઞા પ્રમાણે, શ્રીપ્રભુની તેમજ શ્રીગુરૂની સેવામાં કટિબદ્ધ રહ્યા હતા. પોતાની યોગ્યતાનુસાર વિત્તજા સેવા પણ ઠીક કરી હતી. મુંબાઇનિવાસી અન્ય ઘણા સદ્‌ગૃહસ્થ ભગવદ્ ભક્તો, શેઠ લાલજી ત્રીકમદાસ પ્રભૃતિ પણ, સકુટુમ્બ શ્રીદર્શનાર્થે આવ્યા હતા; અને પોતપોતાની યોગ્યતાનુસાર, શ્રદ્ધા સહિત, શ્રીપ્રભુની અને શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી મહારાજશ્રીની સેવા કરી હતી. મુંબાઇ સિવાય અન્ય સ્થલેથી પણ, ઘણા ભગવદ્ ભક્તો,

શ્રી દર્શનાર્થ આ સમયે શ્રીજીદ્વાર આવ્યા હતા. વડોદરાવાળા શેઠ ભગવાનદાસ જમનાદાસ (શ્રી નૃસિંહજીવાળા) પણ, સકુટુમ્બ શ્રી દર્શનાર્થ, શ્રી પ્રભુના શ્રીજીદ્વાર પધારતા પૂર્વેજ, શ્રી સેવામાં શ્રીજીદ્વાર ઉપસ્થિત થયા હતા. ઘણાખરા વિદેશી ભગવદ્ ભકતો, શ્રીજીદ્વાર પ્રથમથીજ આવી પહોચ્યા હતા; કારણ કે અન્નકૂટોત્સવની પણ અનુકૂલતા હતી.

કેટલાએક સજજનોને અનુભવથી, તેમજ કેટલાએક સજજનોને ઇતિહાસથી, વિદિતજ હશે કે, મેદપાટ (મેવાડ) વિગેરે દેશોની, કે જે રસ્તે થઇ શ્રી પ્રભુ પધાર્યા હતા, તે ભૂમિ કેવી છે. તથા માર્ગ કેટલો વિકટ છે. આવા વિકટ માર્ગે થઇ શ્રી પ્રભુ નિર્વિઘ્ન આનંદપૂર્વક પધાર્યા, એ માત્ર પોતાનુંજ પ્રમેયબલ, અને પોતાનીજ કૃપા, અન્ય કંઇ નહીં. રાજવંશીઓને પણ, માર્ગ અનુભવ હોવા છતાં, આ માર્ગે જવા આવવામાં અનેક વિઘ્ન માલુમ પડે છે. પરંતુ શ્રીપ્રભુના અલૌકિક સામર્થ્યથી, માર્ગમાં કોઇને કોઇપણ પ્રકારનું વિઘ્નજ માલુમ પડયું ન હતું. ઉલટો અનેક પ્રકારનો આનંદ પ્રાપ્ત થયો હતો. આ સમયને પણ ધન્યવાદજ ઘટે છે, કે જેણે, પુનઃ પોતાનું પ્રાચીન આનંદ સ્વરૂપ પ્રદર્શિત કર્યું હતું; અને શ્રીપ્રભુના શુભાગમનનો આનંદ, કે જે, પૂર્વે ગત સૈકામાં શ્રીમાન્ પૂર્વાચાર્યો દ્વારા, પોતાના સ્વકીય ભકતોને પ્રાપ્ત થયો હતો; તેજ આનંદ આ વખતે પણ પ્રાપ્ત કરાવ્યો હતો. શ્રી પ્રભુના શ્રીજીદ્વાર પધારવાથી, આ સમય પણ પૂર્વવત્ પ્રસંશનીયજ હતો. શ્રી પ્રભુ જ્યારે નિજજનો ઉપર કૃપા કરવાની ઇચ્છા કરે છે, ત્યારે સ્વયં, શ્રી પ્રભુની સેવામાં કાલ વગેરે પણ અનુકૂલજ હોય છે. કારણ કે, તે કાલપણ શ્રીપ્રભુના સ્વરૂપાનંદથી, આનંદરૂપજ થયેલો હોય છે. આધિદૈવિકી આનંદરૂપ લીલામાં, દરેક આધિદૈવિક આનંદરૂપજ હોય, એ નિઃસંશય છે. ઘણા ભગવદ્ ભકતોની, શ્રીમન્મથુરેશ પ્રભુ, અને શ્રીમદ્ગો૦ શ્રી રણછોડલાલજી મહારાજનાં દર્શનની અભિલાષા, આ સમયે શ્રી પ્રભુકૃપાથી

પૂર્ણ થઇ હતી. શ્રી નાથદ્વારા નિવાસીઓને પણ અતિશય આનંદ જણાતો હતો. જ્યારથી શ્રી પ્રભુનું પધારવું શ્રવણ કરવામાં આવ્યું હતું. ત્યારથીજ, અનેક પ્રકારના આનંદ વિચારોનુંજ, દરેકને સ્મરણ થતું હતું. દરેકને એજ આતુરતા ઉદ્ભવતી હતી કે કયારે શ્રી પ્રભુનાં દર્શન પ્રાપ્ત થાય. કેટલાએક નાથદ્વારા નિવાસી ભકતો, શેઠ ધનરાજજી, પારેખ ગોકુલદાસજી ગોપાલદાસજી, શેઠ ચાંદનમલજી રાઠી, શેઠ દાસુલાલજી રાઠી, પ્રભૃતિ આતુરતાથી પોટલા મુકામ તક, શ્રી સન્મુખ દર્શનાર્થ ગયા હતા. જો કે આ એક સાધારણ નિયમ છે કે, તીર્થ નિવાસીઓમાં, ધર્મશ્રદ્ધા અને ભક્તિ હોવા છતાં, પ્રેમ એક રીતે સાધારણ હોય છે; છતાં આટલી આતુરતા પ્રાપ્ત થવી, અને આગળના મુકામસુધી શ્રી દર્શનાર્થ સન્મુખ જવું, એ શ્રી પ્રભુની કૃપાનુંજ કારણ છે. જ્યારે શ્રી પ્રભુ કૃપા કરે છે, ત્યારે સ્વકીય ભકતોનાં હૃદય ગમે તે પ્રકારે પોતે આકર્ષે છે. દ્વિજવર પ્રભુ શ્રી રણછોડલાલજીએ, સાક્ષાત્પરમકૃપાલુ શ્રીમદ્વલ્લભાચાર્યજી, તથા શ્રી વિઠ્ઠલવર પ્રભુની પ્રમાણેજ, આ કલિજીવો ઉપર પૂર્ણકૃપાજ કરી હતી; કે જેથી, આ અલૌકિકાનંદ આવા વિકરાલ સમયમાં પણ પ્રાપ્ત થયો હતો. સ્વકીયોની અવિદ્યા દૂર કરી નિજસ્વરૂપાનંદનું દાન કરવા, એ શ્રી પ્રભુજ સદા સમર્થ છે. શ્રીપ્રભુ શ્રીજીદ્વારમાં પધાર્યા પછી, મંદિરમાં બિરાજમાન થયા હતા; અને ત્યાં ઉત્થાપનથી આરંભી, સેવાક્રમ શરૂ થયો હતો. બીજા દિવસથી, તે મંદિરમાંજ નિત્યક્રમ પ્રમાણે, સેવા વિગેરે (સ્થાયી) ચાલતું રહ્યું હતું. શ્રી રણછોડલાલજી મહારાજની બેઠક પણ, ઉપરના ગોખમાંજ, તે મંદિરને અંગે રાખવામાં આવી હતી. શ્રી—નો કૃષ્ણભંડાર પણ, મંદિરના દરવાજાની એક તરફ રાખવામાં આવ્યો હતો. શ્રી—નું ફૂલઘર, શાકઘર, પ્રસાદી ભંડાર, વિગેરે સ્થાનોની પણ અનુકૂલતા પ્રમાણે, આ મંદિરમાંજ, સગવડ કરવામાં આવી હતી. શ્રી પ્રભુ આનંદપૂર્વક બિરાજમાન થયા હતા; અને ભકતજનો દર્શન કરી આનંદ પ્રાપ્ત કરતા હતા

પ્રકરણ ૪ થું.

દીપ માલિકા (હટડી) નો ઉત્સવ.

દીપ માલિકા (દીવાળી) ને દિવસે, સાયંકાલ વખતે શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુના મંદિરમાં, રત્નચોકમાં, **શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ,** તથા **શ્રીમદ્વિઠ્ઠલનાથજી** પ્રભુની સાથે, **શ્રીમન્મથુરેશ** પ્રભુ પણ અત્યુત્તમ હટડીમાં બિરાજમાન થયા હતા. આજે હટડી સમયનાં દર્શન અલૈકિક આનંદનું પ્રત્યક્ષ ભાન કરાવે તેવાં થતાં હતાં. શ્રી વિઠ્ઠલનાથજીનું હટડીમાં પધારવું, અત્રે શ્રીમથુરેશ પ્રભુના પધારવાના કારણને લીધે, મનોરથ નિમિત્તેજ હતું. શ્રીમથુરેશ પ્રભુના પધારવાના લાભથીજ, આજે હટડીમાં ત્રણ સ્વરૂપો સાથે બિરાજમાન થયાં હતાં; અને ત્રણે સ્વરૂપો સાથે બિરાજમાન થયેલાંનો, હટડી ઉત્સવનો દર્શનાનંદ, જે ભગવદ્ ભક્તોને પ્રાપ્ત થયો, તે પણ શ્રીમથુરેશ પ્રભુ અને શ્રીરણછોડલાલજી મહારાજની કૃપાનુંજ કારણ હતું. અન્નકૂટોત્સવને લીધે, તેમજ શ્રી પ્રભુ પધારવાની ખબર શ્રવણ કરીને, ઘણા પ્રેમી ભગવદ્ ભક્તો, યાત્રા નિમિત્તે શ્રી દર્શનાર્થ વિદેશથી અત્રે આવેલા હોવાથી, અને નગર નિવાસીઓને પણ, આ અલૌકિકાનંદની ઉત્કટ જીજ્ઞાસા હોવાથી, દર્શનમાં ભીડ વિશેષ માલુમ પડતી હતી. આનંદ અપૂર્વ અને અદ્ભુત પ્રાપ્ત થયો હતો.

શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુના મંદિરમાં અન્નકૂટોત્સવ.

આજે પણ પ્રાતઃકાલથી આનંદ શરૂ થયો હતો. પ્રાતઃકાલનો સેવાક્રમ થઈ રહયા પછી, **શ્રીમથુરેશ** પ્રભુને સુખપાલમાં પધરાવ્યા હતા. મંગલકીર્ત્તનોની ધ્વનિ સાથે, સાજ સમાજથી ધામધૂમ પૂર્વક, શ્રી—નો સુખપાલ પોતાના મંદિરમાંથી, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુના મંદિરમાં પધરાવવામાં આવ્યો હતો; અને શ્રી પ્રભુ **શ્રી કાંકરોલીથી** પધારેલા, **શ્રીમદ્ દ્વારકાનાથજી,**

તથા **શ્રીવિઠ્ઠલનાથજી**, (શ્રીજીદ્વારવાળા) પ્રભુ સાથે, **શ્રીમદ્ ગોવર્દ્ધનધર** પ્રભુ સમીપમાં બિરાજમાન થયા હતા. શ્રી ગોવર્દ્ધન પૂજા થઇ રહ્યા બાદ, **શ્રીમન્નવનીતપ્રિય** પ્રભુ પણ. શ્રી—નિકટ પધાર્યા સમીપમાં બિરાજમાન થયા હતા; અને સર્વે શ્રી સ્વરૂપોએ આનંદથી અન્નકૂટની વિવિધ પ્રકારની સામગ્રી આરોગી હતી. શ્રી દ્વારકાનાથજી પ્રભુ દરવર્ષના નિયમ પ્રમાણેજ, શ્રીમદ્ ગો૦ શ્રીબાલકૃષ્ણલાલજી તથા સાજ સવારી સાથે, શ્રી કાંકરોલીથી મધ્યાન્હ સમયે શ્રીજીદ્વાર પધાર્યા હતા; અને પોતાના મંદિરમાં થોડો સમય બિરાજી, આનંદ પૂર્વક સાજ સમાજ સાથે, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુના મંદિરમાં પધાર્યા હતા. શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ પણ દરવર્ષના નિયમ પ્રમાણેજ, પોતાના મંદિરમાંથી સુખપાલમાં બિરાજી સાજસવારી સાથે, અન્નકૂટ આરોગવા પધાર્યા હતા. શ્રી ગોવર્દ્ધન પૂજા પણ નિયમ પ્રમાણે, શ્રી ગોવર્દ્ધન ચોકમાં થઇ હતી; અને શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ ઉત્તમ સુખપાલમાં બિરાજી, શ્રી ગોવર્દ્ધનપૂજા વખતે ચોકમાં પધાર્યા હતા; અને (સૂર્યપોલ) સૂરજપોળ ઉપર બિરાજમાન થયા હતા. અન્નકૂટનાં દર્શન પણ, રાત્રિના નવવાગ્યાને મશુરે દરવર્ષના નિયમ પ્રમાણેજ ખુલ્યાં હતાં. હડડીનાં દર્શન વખતે જે ભીડ હતી, તે કરતાં આ વખતે ભીડ વિશેષ હતી. તેમજ દર્શનાનંદમાં પણ શ્રીદ્વારકાનાથજી પ્રભુએ. તથા શ્રીમદ્ ગો૦ શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજશ્રીએ વૃદ્ધિ કરી હતી; કારણ કે, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુ સમીપ બિરાજમાન શ્રી દ્વારકાનાથજી પ્રભુનાં દર્શન, આજેજ ભગવદ્ ભક્તોને દર વર્ષે અન્નકૂટોત્સવમાં અત્રે પ્રાપ્ત થાય છે. વળી આ વર્ષે શ્રીમન્થુરેશ પ્રભુપણ બિરાજેલા હોવાથી, અધિક આનંદ પ્રાપ્ત થયો હતો. દર્શન ખુલ્યા બાદ નિયમાનુસાર આરતી થયા પછી, શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુ, શ્રી કાંકરોલી પધારવા, સુખપાલમાં બિરાજી, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુના મંદિરમાંથી, પોતાના મંદિરમાં પધાર્યા હતા; અને ત્યાંથી સાજસવારી સાથે ધામધૂમથી, શ્રી કાંકરોલી પધાર્યા હતા. તેવીજ રીતે શ્રી મન્મથુરેશ પ્રભુ, તથા શ્રી વિઠ્ઠલેશ પ્રભુ પણ, પોત પોતાને

મંદિરે પધાર્યા હતા. અને પછીથી બાકીનો સેવા ક્રમ પૂરો થયો હતો. દર વર્ષના નિયમ પ્રમાણે, અન્નકૂટ લૂંટવાની ક્રિયા પણ, આનંદથી થઈ હતી; તેમજ મંદિર વિગેરે સ્વચ્છ અને શુદ્ધ થયા પછી, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુનો, બાકીનો સેવાક્રમ પણ, શયન પર્યંતનો, પ્રાતઃકાલ થતા પહેલાં પૂર્ણ થયો હતો. અન્નકૂટોત્સવનો આનંદ બહુજ સારો પ્રાપ્ત થયો હતો.

અન્નકૂટોત્સવાનંતરપણ, વિદેશી યાત્રીયજનોનું આગમન ચાલુજ રહ્યું હતું. કેટલાંએક સદ્ગૃહસ્થ કુટુમ્બ, અન્નકૂટોત્સવને દિવસે પણ શ્રી દર્શનાર્થ આવી પહોંચ્યાં હતાં; તેમજ ઘણા સદ્ગૃહસ્થ ભગવદ્ ભકતો, સકુટુમ્બ અન્નકૂટોત્સવ પછી પણ, આવી પહોચ્યા હતા. શ્રી **કૃષ્ણગઢ** વાળા મહારાજ શ્રી **રઘુનાથસિંહજી** પણ, શ્રી દર્શનાર્થ શ્રી નાથદ્વારા આવ્યા હતા. શ્રી ગોસ્વામી સ્વરૂપો પણ નીચે લખ્યા પ્રમાણેનાં શ્રી નાથદ્વારામાં આ વખતે બિરાજતાં હતાં. શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી **ગોવર્દ્ધનલાલજી**, તથા તેઓશ્રીના ચિ. લાલબાવા **શ્રી દામોદરલાલજી**, તમા શ્રીમદ્ ગો. **શ્રી રણછોડલાલજી**, (કોટાવાળા) તથા શ્રીમદ્ ગો. **શ્રી ગોપેશ્વરલાલજી**, (શ્રી નાથદ્વારાના શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરવાળા) તથા શ્રીમદ્ ગો. **શ્રી ગોપાલલાલજી**, (કોટા. શ્રી મોટા મહા પ્રભુજીવાળા) તથા શ્રીમદ્ ગો. **શ્રી ગોપાલલાલજી**, (મથુરાજીવાળા) તથા શ્રીમદ્ ગો. **શ્રી ગિરિધરલાલજી**, (શેરગઢવાળા શ્રીજીના પરિચારક) તથા તેઓશ્રીના લાલજી ચિ. લાલબાવા **શ્રી વલ્લભલાલજી**, તથા શ્રીમદ્ ગો **શ્રી મધુસૂદન લાલજી**, (અમદાવાદ. શ્રી નટવર લાલજીના મંદિરવાળા) તથા તેઓશ્રીના લાલજી ચિ. લાલબાવા **શ્રી રણછોડલાલજી**, પ્રભૃતિ બિરાજતા હતા; તેમજ શ્રીમદ્ ગોસ્વામી શ્રી **બાલકૃષ્ણલાલજી** (શ્રી કાંકરોલીવાળા) પણ, તેઓશ્રીના ચિ. લાલબાવા **શ્રી દ્વારકેશલાલજી** સહિત શ્રી નાથદ્વારામાંજ બિરાજમાન હતા. થોડા દિવસ પછી શ્રી

કાંકરોલી પધાર્યા હતા. શ્રીનાથદ્વારામાં, આ સમયે શ્રી પ્રભુના પધારવાથી સર્વત્ર સર્વ પ્રકારે આનંદ વિશેષજ જણાતો હતો. હવા પાણી અને રૂતુ પણ માફક સરજ હતી. અન્નકૂટોત્સવ પછી શ્રીમન્મથુરેશ પ્રભુ આનંદ પૂર્વક પોતાના મંદિરમાં બિરાજી, ભક્તજનોને દર્શન લાભ પ્રાપ્ત કરાવતા હતા. નિયમ પ્રમાણે ક્રમ પૂર્વક સેવાવિધિનો આનંદ ચાલતો રહ્યો હતો.

પ્રકરણ ૫ મું.

શ્રીમથુરેશ પ્રભુનું શ્રીકાંકરોલી પધારવું.

માર્ગશીર્ષ શુકલા ૪ શુક્રવારને દિવસે, રાજભોગાનંતર, દશ વાગ્યાને શુમારે, શ્રીપ્રભુ સહ, શ્રીમદ્ ગોસ્વામી **શ્રીરણછોડલાલજી** મહારાજ, શ્રીનાથદ્વારાથી, શ્રીમદ્ ગો૦ શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજના મનોરથથી, **શ્રીકાંકરોલી** પધાર્યા હતા. શ્રી--ના પધારવા સમયે, શ્રીનાથદ્વાર નિવાસી જનનાં ટોળે ટોળાં, શ્રી--ના પધારવાના માર્ગ ઉપર, આનંદથી જયધ્વનિ કરતાં જોવામાં આવતાં હતાં. સુંદર અલૌકિક શોભાને ધારણ કરેલા અશ્વોથી શોભિત, ઉત્તમ રથમાં શ્રીપ્રભુ બિરાજમાન થયા હતા. શ્રીમાન્ શ્રીકાંકરોલીનરેશ, ગો૦ **શ્રીબાલકૃષ્ણલાલજી**ના ઉત્સાહને, પૂર્ણ કરવાના નિમિત્તે, અવશેષ મેદપાટ(મેવાડ) ભૂમિને પવિત્ર કરતા, શ્રીપ્રભુ, નગારા, નિશાન, લશ્કર પ્રભૃતિ સવારીના ઠાઠથી, શ્રીકાંકરોલી નગરમાં પધાર્યા હતા. શ્રી--ના શ્રીકાંકરોલી પધારવાના સમયમાં, શ્રીકાંકરોલીનરેશ તથા નગર નિવાસીઓનો ઉત્સાહ પણ, પ્રસંશનીયજ હતો. સ્થલે સ્થલે તોરણ, કદલી સ્તંભ, ધ્વજા પતાકા, વિગેરે મંગલ ચિન્હો શોભતાં હતાં. રાજમાર્ગ પણ સુશોભિત હતો. ગાયક વર્ગ, અને ભાવુક સ્રીમંડલ, અનેક પ્રકારનાં મંગલ સૂચક ગાન કરી, સમય ધન્યતા સૂચવન કરતાં જણાતાં હતાં. તોપોના માંગલિક શબ્દોના સત્કાર પૂર્વક, નગારા, નિશાન, અને વાજીંત્રાદિની મંગલ ધ્વનિ, તથા સુગંધિત પુષ્પ વૃષ્ટિથી શોભતા, શ્રીપ્રભુ નગરમાં પધાર્યા હતા. મંદિરને દરવાજે પણ, અનેક પ્રકારનાં આનંદ ઉપજાવનારાં, મંગલ ચિન્હો જોવામાં આવતાં હતાં. શ્રીમદ્ ગોસ્વામિ આચાર્યવરો તથા ઉપાધ્યાય, પંડયા, પુરોહિત, અને શાસ્રી પ્રભૃતિ મંડલદ્વારા, માંગલિક માર્જનાનંતર, શ્રીપ્રભુ, શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુ સાથે, એકજ સિંહાસન ઉપર, નિજ-

મંદિરમાં બિરાજમાન થયા હતા. પશ્ચાત્ ઉત્થાપનાદિ સેવાક્રમ શરૂ થયો હતો. આ વખતે શ્રીકાંકરોલીનરેશ ગો૦ **શ્રીબાલકૃષ્ણલાલજી**, તથા રાજનગરસ્થ (અમદાવાદ) ગો૦ **શ્રીમધુસૂદનલાલજી**, તથા તેઓશ્રીના લાલજી ચિ૦ લાલ બાવા શ્રી **રણછોડલાલજી**, તથા મથુરાસ્થ શ્રીમદ્ ગો૦ શ્રી **ગોપાલલાલજી**, તથા શ્રીબાલકૃષ્ણલાલજીના લાલજી, ચિ૦ બાલબાવા શ્રી **દ્વારકેશલાલજી** પ્રભૃતિ ગોસ્વામિ બાલકોથી, શ્રીકાંકરોલીની શોભામાં વિશેષતા માલુમ પડતી હતી. ભગવદ્ ભક્તો પણ, જ્યાં ત્યાંથી, અત્રેજ એકત્રિત થવા લાગ્યા હતા; અને અનેક પ્રકારનો આનંદ કરતા હતા.

ટિકેત મહારાજશ્રી અને અન્ય ગોસ્વામિ બાલકોનું પધારવું.

માર્ગશીર્ષ શુકલા સપ્તમીને દિવસે, શ્રીમાન્ શ્રીનાથદ્વારાધીશ, ગોસ્વામિ તિલક, **શ્રીગોવર્દ્ધનલાલજી** મહારાજ, તથા તેઓશ્રીના લાલજી ચિ૦ લાલબાવા **શ્રીદામોદરલાલજી** મહારાજ, રાજસવારી સાથે મોટા સમારોહથી, શ્રીજીદ્વારથી શ્રી કાંકરોલી પધાર્યા હતા. શેરગઢવાળા શ્રીમદ્ ગોસ્વામી **શ્રીગિરિધરલાલજી** મહારાજ પણ, ચિ૦લાલબાવા **શ્રીવલ્લભલાલજી**, તથા શ્રીવહુજીબેટીજી સાથે, શ્રીજીદ્વારથી શ્રીકાંકરોલી પધાર્યા હતા. મુંબાઇવાળા શ્રીમદ્ ગોસ્વામી **શ્રીગોવર્દ્ધનલાલજી** મહારાજ (શ્રીનૃસિંહલાલજીના લાલજી) પણ, સનવાડ સ્ટેશનેથી પરભાર્યા, શ્રીકાંકરોલી પધાર્યા હતા. પધારેલા ગોસ્વામિ બાલકોની, શ્રીમાન્ કાંકરોલીનરેશ શ્રીબાલકૃષ્ણલાલજી તરફથી, યોગ્ય સગવડ કરવામાં આવી હતી. સત્કાર સર્વ રીતે પ્રસંશનીયજ હતો.

શ્રીમાન્ મહારાણાજીનું શ્રી--દર્શનાર્થે શુભાગમન; તથા હટડીનો મનોરથ.

આવા ઉત્તમ સમયના આલ્હાદમાં, અધિકતાનો વિષય એ હતો કે,'શ્રીમાન્ રાજકુલ કમલ દિવાકર, **મહારાણા શ્રીફતેહ-**

સિંહજી(મહારાજા શ્રીઉદયપુર) પણ,શ્રી- -દર્શનાર્થે, મોટી ધામધૂમથી શ્રીકાંકરોલી પધાર્યા હતા; અને નિકટમાંજ,પોતાના *રાજનગર ગ્રામમાં મુકામ કર્યો હતો. આ દિવસેજ,રાત્રિના સમયે, હટડીનો મનોરથ માનવામાં આવ્યો હતો. માર્ગશીર્ષ શુકલૈકાદશીને દિવસે ચોકના મંડપમાં (જે મંડપ અષ્ટ માસાના પ્રસ્તાવ વખતે તૈયાર થયો હતો.) સુવર્ણ સ્તંભથી શોભિત, અત્યુત્તમ હટડીમાં, ઉભય શ્રી--સ્વરૂપો બિરાજમાન થયાં હતાં. વિવિધ દીપકોની જ્યોતિથી, હટડીની શોભા ખરેખર નવીનજ દેખાતી હતી. વિચિત્ર રચનાથી રચાયલી હટડી, ઉપરના ખંડમાં અનેક પ્રકારની સખી ભાવનાથી શોભિત પુત્તલિકાઓ દ્વારા, અપૂર્વ દૃશ્યને દર્શાવતી હતી. હટડીમાં બિરાજમાન, શ્રી--સ્વરૂપો સન્મુખ પણ, અત્યુત્કટ ભાવના સિદ્ધ, વિવિધ રચનાઓ રચવામાં આવી હતી. શ્રીપ્રભુની કાન્તિ, હટડીના વિવિધ દીપકોની જ્યોતિ, અને મનોરથને અંગે પ્રકટ થયેલો આનંદ વિગેરેથી, રાત્રિનું ગાઢતમ સ્વયં દૂર થઇ ગયેલું જણાતું હતું; અને રાત્રિ પણ રમણીય લાગતી હતી. હટડીનાં દર્શન રાત્રિના ૧૧ વાગ્યાને શુમારે ખુલ્યાં હતાં. શ્રીમદ્ ગોસ્વામિ બાલકો, મહારાણાશ્રી, ઉમરાવો, અને ભગવદ્ ભકતો, તથા વિદેશીય યાત્રીય સદ્ગૃહસ્થો, નગર નિવાસીઓ પ્રભૃતિ દર્શનમાં હાજર હતા. આ દિવસે શ્રીનાથદ્વારાથી પણ, ઘણાં મનુષ્યો શ્રી- -દર્શનાર્થે અત્રે આવેલાં હતાં, અને તેથી ભીડ વિશેષ જણાતી હતી. દર્શન વખતે મંડપની શોભા, કે જે મંડપમાં, શ્રીપ્રભુ હટડીમાં બિરાજમાન થયા હતા, અલૌકિકજ હતી; તેમજ, દર્શનાનંદ રસ લુબ્ધ ભગવદીય જનોના, આનંદોત્સાહનો દેખાવ પણ, અપૂર્વ અને અવર્ણનીયજ હતો.

---

* રાજનગર ગ્રામ રાયસાગરના કિનારા ઉપર, શ્રીકાંકરોલીથી શુમારે બે માઇલ દૂર છે. ત્યાં પહેલાં રાજધાની હતી. આજે પણ પ્રાચીન ગઢ વિગેરે નવચોકી આગળ પહાડ ઉપર મકાન છે. હાલ તે ઉદયપુર રાજ્યનું પરગણું છે; અને ત્યાં હાકિમ રહેછે.

શ્રીમાન્ મહારાણાશ્રી ઉદયપુરના શુભાગમન સત્કારમાં, દ્વાર ઉપર નિમ્ન લિખિત શ્લોક, સુવર્ણાક્ષરથી અંકિત થયેલો શોભતો હતો.

श्री द्वारकेशं मथुरेश वर्यं
सहैव भक्त्येक्षितु मुत्सुकस्य ।
राजन् ! समस्तार्य कुलाब्जभानो !
सुस्वागतं तेऽस्तु चिरागतस्य ॥

તેમજ મંડપ આગળ પણ, નિમ્ન લિખિત શ્લોક સુવર્ણાક્ષરથી અંકિત થયેલો, વાંચકોના હૃદયને આનંદ પ્રાપ્ત કરાવતો હતો.

श्रीमान् श्रीमथुरेश्वरो विभुवरः श्रीद्वारकाधीश्वर
श्चोभावेक गृहे चिरेण मिलितौ सद्दर्शकानांमुदे ।
तत्सेवा प्रवणौ तयोस्तिलकितौ गोस्वामिनौसर्वदा
कुवार्तामभिवाञ्छितै रुपचितौ श्रेयोभिरत्र स्थितौ ॥

શ્રીમન્થુરેશ પ્રભુનું પાછું શ્રીજીદ્વાર પધારવું.

માર્ગશીર્ષ શુક્લા ત્રયોદશીને દિવસે, શયનદર્શનાનંતર, શ્રીપ્રભુ રથમાં શુમારે નવ વાગે બિરાજમાન થયા હતા; અને મોટા સમારોહથી, તોપોના માંગલિક શબ્દોદ્વારા, વિજય દર્શાવતા, સસૈન્ય, નગારા, નિશાન, વાજીંત્રાદિની શોભા સાથે, શ્રી કાંકરોલીથી વિદાય થઇ, શ્રીનાથદ્વારા પધાર્યા હતા. શ્રીમાન્ કાંકરોલી નરેશ, તથા અન્ય શ્રીમદ્ ગોસ્વામિ મંડલ, અને અમાત્ય મંડલ શ્રીપ્રભુને વિદાય કરવા, નગરદ્વાર સુધી આવેલું હતું. બંદોબસ્ત માટે, કેટલુંએક સૈન્ય પણ, શ્રી--ની સાથે મોકલ્યું હતું. માર્ગ પ્રબંધ પ્રથમથીજ કરવામાં આવ્યો હતો. શ્રીમાન્ મહારાણાશ્રી ઉદયપુર, અત્રેજ બિરાજતા હોવાથી, કેટલીએક સગવડ તેઓશ્રી તરફથી પ્રથમથીજ થયેલી હતી. લગભગ એક કલાક માર્ગ મુસાફરી કરી, શ્રીપ્રભુ શુમારે દશ વાગ્યા પછી, શ્રીજીદ્વારમાં પધાર્યા હતા.

શ્રીમદ્ ગો૦ શ્રીબાલકૃષ્ણલાલજી તરફથી, શ્રીમથુરેશપ્રભુ પધારવાના ઉત્સાહમાં, અનેક પ્રકારના સત્કારો કરવામાં આવ્યા હતા; તેમજ પહેરામણીઓ પણ આપવામાં આવી હતી. શ્રીમથુરેશપ્રભુને શ્રીમદ્ ગો૦ શ્રીબાલકૃષ્ણલાલજી તરફથી, એક **મોતીનોહાર** ભેટ કરવામાં આવ્યો હતો. શ્રીમથુરેશપ્રભુના શુભાગમન સત્કારમાં, શ્રીદ્વારકાધીશ પ્રભુનાં ગ્વાલનાં દર્શન, કે જે, સદા ખુલે છે, તે, બંધ રાખવામાં આવ્યાં હતાં; કારણ કે શ્રીમથુરેશપ્રભુને ત્યાં, ગ્વાલનાં દર્શન થતાં નથી. શ્રીપ્રભુના શ્રીકાંકરોલી બિરાજવાના સમયમાં, શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ તરફથી, કોઇ પણ પ્રકારની ન્યૂનતા રાખવામાં આવી ન હતી. સર્વનો સર્વ પ્રકારે, યથોચિત સત્કાર કરવામાં આવ્યો હતો; કે જેથી સર્વત્ર આનંદજ થઇ રહ્યો હતો.

પ્રકરણ ૬ ઠ્ઠું.

શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુનું શ્રીજીદ્વાર પધારવું.

માર્ગશીર્ષ શુકલા ૧૫ ને દિવસે, **શ્રીદ્વારકાધીશ્વર** પ્રભુ સહ, શ્રીમદ્ ગો૦ **શ્રી બાલકૃષ્ણલાલજી**, શ્રી- -ના અન્નકૂટોત્સવ પ્રમાણેજ, સાજ સવારી સાથે, **શ્રીનાથદ્વારા**, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુના **છપ્પન ભોગના** મનોરથમાં, પધાર્યા હતા.

આ દિવસનો શ્રીદ્વારકાધીશ પ્રભુના પધારવાનો આનંદ, અન્નકૂટોત્સવથી પણ અધિક દેખાતો હતો. શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુનું છપ્પન ભોગ ઉપર પધારવું, એ શ્રીમથુરેશ પ્રભુના શુભાગમનના આનંદનુંજ, એક રીતે કારણ ગણવા જેવું હતું; કારણકે દર વર્ષે માત્ર શ્રીઅન્નકૂટોત્સવમાંજ પધારે છે. છપ્પન ભોગના ઉત્સવ વખતે પધારવાનો નિયમ નથી. આ વખતનું શ્રીદ્વારકાધીશ પ્રભુનું પધારવું, ખાસ મનોરથને અંગે, ઉત્સાહનાજ કારણથી હોવાને લીધે, તેમજ **મહારાણા શ્રીઉદયપુર** પણ, શ્રી પ્રભુના સુખપાલની સાથેજ, કાંકરોલીથી શ્રીજીદ્વાર પધારેલા હોવાથી, માર્ગમાં શ્રી- -ની સવારીનો આનંદ, અદ્‌ભુતજ દેખાતો હતો. શ્રીમદ્ ગો૦ **શ્રીરણછોડલાલજી**, પોતાના અમાત્ય વર્ગ અને કીર્ત્તન કર્ત્તાઓની સાથે, રાજસવારીના ઠાઠથી શ્રી- -ને પધરાવવા ચરણારબિંદથી ચાલીને, લાલ બાગ સુધી પધાર્યા હતા. શ્રીપ્રભુનો સુખપાલ પધારતાની સાથે, ઉત્સાહ પૂર્વક શ્રી- -ને વધાવી લઇ, ન્યોછાવર કરી હતી; અને પછીથી, શ્રીમદ્ ગો૦ શ્રી બાલકૃષ્ણલાલજી પ્રભૃતિના અત્યાગ્રહથી, તેઓશ્રીની સાથે, પોતે પણ ગાડીમાં (બગી જોડીની) બિરાજમાન થયા હતા. લાલ બાગની નિકટમાં શ્રીટિકૈત મહારાજ તરફથી, તોપોના માંગલિક શબ્દો, શુભાગમનના સત્કારમાં, કરાવવામાં આવ્યા હતા; તેમજ નગારા, નિશાન, લશ્કર, બેંડ (વાજું)

પ્રભૃતિ સહિત,કારભારી વિગેરે સભ્યજન મંડલને,શ્રીસન્મુખ પધરાવવાને મોકલવામાં આવ્યું હતું.આનંદથી ધામધૂમ સાથે,શ્રીપ્રભુની સવારી નગરમાં પધારી હતી; અને **શ્રીવ્રજપુરામાં**, ચાલતા આવેલા રીવાજ પ્રમાણે શ્રીપ્રભુ માર્ગવિશ્રાન્તિને માટે, થોડો સમય બિરાજ્યા હતા. વ્રજપુરાથી શ્રીપ્રભુનો સુખપાલ મંદિર તરફ પધાર્યો, કે ત્યાંથીજ, શ્રીગોસ્વામિ બાલકો, અને શ્રીમાન્ મહારાણાજી, સવારી વિના ચાલતાજ, મંદિર સુધી પધાર્યા હતા. શ્રીદ્વારકાધીશ પ્રભુના સુખપાલના સ્પર્શને માટે, ભગવદ્ ભક્તોની આતુરતા આ સમયે અદ્ભુતજ જણાતી હતી. કેટલાએક ભગવદ્ ભક્તોએ તો, શરીરની પણ દરકાર રાખી ન હતી. ભીડ વિશેષ હતી.

શ્રી--નો છપ્પનભોગનો મનોરથ; અને મહારાણાશ્રીનો ભક્તિભાવ.

શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુ, વ્રજપુરાથી આનંદપૂર્વક સવારી સાથે મંદિરમાં પધાર્યા હતા. શ્રી--ના પધારવાના માર્ગ ઉપર, ભગવદીય જનોની એટલી બધી ભીડ જામેલી હતી કે, શ્રીપ્રભુની સવારીપણ, બહુજ ધીરે ધીરે ચાલતી હતી. વારંવાર જય શબ્દોની ધ્વનિ થતીજ રહતી હતી; તેમજ ઠેકાણે ઠેકાણેથી, શ્રીપ્રભુના સુખપાલ ઉપર, પુષ્પની વૃષ્ટિ પણ થતી જતી હતી. શ્રીપ્રભુની સવારી નગારખાનાને દરવાજે થઇને, શ્રીમથુરેશ પ્રભુના મંદિરમાં પધારી હતી; અને ત્યાંથી શ્રીપ્રભુ, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુ સમીપ, છપ્પન ભોગ આરોગવા પધાર્યા હતા. શ્રીપ્રભુ જ્યારે નગરમાં પધાર્યા, તે વખતે રાજમાર્ગ ઉપર, અને દરવાજે, અનેક પ્રકારનાં મંગલ ચિહ્નોથી, આનંદ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો; તેમજ મંગલ કલશથી, વધાવી લેવામાં આવ્યા હતા. મંગલ માર્જનાદિ ક્રિયાઓ પણ કરવામાં આવી હતી. શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુ, શુમારે અગીઆર વાગે નગરમાં પધાર્યા હતા. શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુના, મંદિરમાં છપ્પન ભોગ આરોગવા પધાર્યા પછી, તેજ પ્રમાણે ધામધૂમથી,

સવારી સાથે, સુખપાલમાં બિરાજી, શ્રીમન્મથુરેશપ્રભુ, તથા શ્રીવિઠ્ઠલનાથજી, અને શ્રીનવનીતપ્રિયપ્રભુ પણ, શ્રીમદ્ ગોવર્દ્ધનધરપ્રભુ સમીપ છપ્પનભોગ આરોગવા પધાર્યા હતા; અને અન્નકૂટોત્સવ પ્રમાણે, સર્વે સ્વરૂપોએ સાથે બિરાજી છપ્પનભોગની વિવિધ પ્રકારની, સુંદર સામગ્રીઓ આરોગી હતી. છપ્પનભોગના ઉત્સવનાં દર્શન, રાત્રિના આઠ વાગ્યાને શુમારે ખુલ્યાં હતાં. અન્નકૂટોત્સવ પ્રમાણેજ આજે પણ, સર્વે સ્વરૂપોનાં સાથે દર્શનકરી ભાવુક ભગવદીયોનાં હૃદય, આનંદથી ભરાઇ ગયાં હતાં. આ વર્ષે છપ્પનભોગનો ઉત્સવ અન્નકૂટોત્સવ જેવોજ થયો હતો. છપ્પનભોગ આરોગીને, દર્શનાનંતર, શ્રીમદ્ દ્વારકાધીશ્વરપ્રભુ, શ્રીમન્મથુરેશપ્રભુ સાથે, શ્રીમથુરેશપ્રભુના મંદિરમાં પધાર્યા હતા; અને શ્રીકાંકરોલી પ્રમાણે, એકજ સિંહાસન ઉપર, ઉભય શ્રી—સ્વરૂપો બિરાજમાન થયાં હતાં. પશ્ચાત્ બાકીનો સેવાક્રમ શરૂ થયો હતો. શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીનવનીતપ્રિયાજી પણ, તેજ પ્રમાણે પોતપોતાના મંદિરમાં પધાર્યા હતા. અને સેવાક્રમ શરૂ થયો હતો. શ્રીદ્વારકાધીશપ્રભુ, માગશીર્ષકૃષ્ણા ૫ (વ્રજપૌષકૃષ્ણા પંચમી) પર્યંત, અત્રેજ બિરાજ્યા હતા. શ્રીમાન્ મહારાણાશ્રી ઉદયપુર પણ, શ્રીનાથદ્વારામાં ત્રણ દિવસ સુધી રહ્યા હતા. પોતાની યોગ્યતાનુસાર ઉચિત ભેટ સેવા કરી, શ્રી—થી વિદાય થઇ પછીથી શ્રીઉદયપુર પધાર્યા હતા. છપ્પનભોગના ઉત્સવમાં, ભીડ, અન્નકૂટોત્સવ કરતાં પણ વિશેષ હતી. આટલી ભીડમાં પણ દર્શનાનંદ લુબ્ધ શ્રીમહારાણાજીની વૃત્તિ, અત્યંત પ્રસંશનીયજ જણાઇ હતી. મહારાણાજીશ્રીએ, ભક્તિ ભાવથી દીન થઇ, દર્શન સમયમાં પોતાનું રાજ્યત્વ પણ, બિલકુલ ત્યાગ કરેલુ હોય, તેવું જણાતું હતું. સમય તરફ ધ્યાન આપતાં, શ્રીમાન્ રાજકુલકમલ દિવાકર, મહારાણાશ્રીની ભક્તિ શ્રદ્ધા, ઉદારતા, ગંભીરતા, વીરતા, સાદાઇ, સરલતા, અને સદ્ધર્મ પરાયણતા વિગેરે ઉત્તમગુણો વાસ્તવિક રીતે ખરેખર, પ્રસંશા પાત્રજ છે. શ્રીમાન્ પોતે વર્ત્તમાન સમયમાં, નિઃસંદેહ, ભારત-

ભૂમિના રાજભૂષણરૂપે અદ્વિતીયજ છે. શ્રીપ્રભુ આવા રાજવંશીય સૂર્યોને, સદા ભારતભૂમિ ઉપર પ્રકાશિત રાખે; અને સર્વ પ્રકારે આનંદનું દાન કરે, એજ અભ્યર્થના છે.

શ્રીમાન્ મહારાણાજીએ, સર્વ મંદિરોમાં સારી રીતે સેવા કરી હતી; તેમજ શ્રીમન્મથુરેશપ્રભુની પણ નીચે પ્રમાણે સેવા કરી હતી.

ઉદયપુરી ૫૦૦૦) શ્રીમન્મથુરાધીશપ્રભુની ભેટના.
ઉદયપુરી ૨૦૦૦) શ્રીપ્રભુને હાથી ભેટના.
ઉદયપુરી ૫૦૦) શ્રીપ્રભુને ઘોડા ભેટના.
ઉદયપુરી ૪૦૦) શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણછોડલાલજીને ઘોડા ભેટના.
કલદાર ૫૦૧) શ્રીમનોરથ ભેટના (આખા દિવસના)
ચાંદોડી ૨૦) સેવકી ન્યોછાવર વિગેરેના.

આ પ્રમાણે રૂા. ૮૪૨૧) ની ભેટ કરી હતી. તેજ પ્રમાણે અન્ય સ્થલે પણ ઉચિત રીતે, મહારાણાશ્રીએ ભેટ કરી હતી શ્રીનાથદ્વારામાં બિરાજતાં, દરેક ગોસ્વામિ બાલકોને રૂા. ૪૦૦) પ્રમાણેની ભેટ કરી હતી શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી, તથા તેઓશ્રીના લાલ બાવા, તેમજ પોતાના ગુરૂ દેવ, શ્રીમદ્ ગો૦ શ્રી બાલકૃષ્ણલાલજી કાંકરોલીવાળાની સેવા પણ સારી રીતે કરી હતી.

આ સમયનો શ્રીમહારાણાજી તરફથી પ્રકાશિત થયેલો ભક્તિ સ્નેહ, રાજવંશમાં ખરેખર આદરણીય, અને અનુકરણીય જેવોજ હતો. શ્રીમાન્‌ના આ વખતના વર્ત્તાવથી, હરેકને, તેઓના પ્રાચીન સમયમાં થઇ ગયેલા, પરમભક્ત પૂર્વજોનું, સ્મરણ થઇ આવતું હતું; કે જેઓએ, શ્રીપ્રભુની સેવામાં તન, મન, અને ધન સમર્પણ કરી, પૂર્ણ અનન્યતાનું પાલન કરી બતાવ્યું હતું. ધર્મ એજ ખરૂં ભૂષણ છે; અને શ્રીમાન્ મહારાણાજીએ, આ પ્રસંગે એજ પ્રત્યક્ષ દર્શાવેલું હતું.

શ્રીમન્મથુરેશપ્રભુના મંદિરમાં હટડીનો મનોરથ.

માર્ગશીર્ષ કૃષ્ણા (વ્રજપૌષ કૃષ્ણા) પંચમીને દિવસે, **શ્રીમન્મથુરાધીશપ્રભુ**, તથા **શ્રીમદ્ દ્વારકાધીશ્વરપ્રભુ**, **શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી** મહારાજના મનોરથથી, શ્રીમન્મથુરેશ પ્રભુના મંદિરના ચોકમાં, ઉત્તમ પ્રકારની સુશોભિત થયેલી **હટડીમાં**, બિરાજમાન થયા હતા. હટડીની શોભા અદ્ભુતજ હતી. દર્શનમાં ભીડ છપ્પનભોગ પ્રમાણેજ હતી, દર્શન રાત્રિના આઠ વાગે ખુલ્યાં હતાં. દર્શનાનંદ સારો પ્રાપ્ત થયો હતો.

બીજે દિવસે રાજભોગાનંતર, શ્રીમદ્ દ્વારકાધીશ્વરપ્રભુ, મધ્યાન્હ પશ્ચાત્ મોટા સમારોહથી શ્રીકાંકરોલી પધાર્યા હતા. શ્રીટિકેત મહારાજ, તથા શ્રીરણછોડલાલજી મહારાજ, અને અન્ય ગોસ્વામિ બાલકો, શ્રી--ને વિદાય કરવા થોડી દૂર પધાર્યા હતા. શ્રી--ની સવારી, પ્રથમ પ્રમાણેજ શોભતી હતી, માર્ગમાં શ્રી--ના સુખપાલને સ્પર્શ કરી, પવિત્ર થવાની ઉત્સુકતાથી, જયધ્વનિના પોકારો કરતા ભગવદીયજનો, શ્રી--ના સુખપાલની આગળ પાછળ દોડતા હતા. શ્રીમદ્ દ્વારકાધીશ્વરપ્રભુના પધારવાના આનંદમાં, શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી મહારાજે, અનેક પ્રકારના સત્કારોમાં, ઉત્સાહથી દ્રવ્યવ્યય કરેલો હતો. કોઇ પણ પ્રકારની ન્યુનતા રાખી ન હતી. શ્રીપ્રભુને, શ્રીરણછોડલાલજી મહારાજે પણ, **મોતીનોહાર** ભેટ કર્યો હતો; તેમજ મંગલ પહેરામણીઓ પણ વહેંચી હતી. શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુના શુભાગમન સત્કારમાં, અત્રે ગ્વાલનાં દર્શન ખોલવામાં આવ્યાં હતાં; કારણ કે અત્રે પણ એકજ સિંહાસન ઉપર, ઉભય સ્વરૂપો બિરાજ્યાં હતાં, અને શ્રીદ્વારકાધીશપ્રભુને ત્યાં ગ્વાલનાં દર્શન ખોલવાનો નિયમ હતો. જેવી રીતે શ્રીકાંકરોલીમાં, ગ્વાલનાં દર્શન ખોલવાનો નિયમ હોવા છતાં શ્રીમન્મથુરાધીશ પ્રભુના કારણથી, બંધ રાખવામાં આવ્યાં હતાં; તેવીજ રીતે અત્રે ખોલવાનો નિયમ ન હોવા છતાં, શ્રીદ્વારકાધીશપ્રભુના કારણથી, ખોલવામાં આવ્યાં હતાં. આ લાભ ભગવદ્ ભક્તોને અલભ્ય પ્રાપ્ત થયો હતો. આ મનોરથમાં

ઉદયપુર નિવાસી, કેટલાએક સદ્‌ગૃહસ્થ (રાજ્ય કારભાર વાળા) ભકતો, મહેતાજી તખ્તસિંહજી પ્રભૃતિ પણ, શ્રી—દર્શનાર્થે આવ્યા હતા. અન્ય પણ ઘણા ભગવદ્‌ ભકતો શેઠ મોતીલાલ ગોવર્દ્ધનદાસ વડોદરાવાળા (કાઠવાળા) પ્રભૃતિ, સકુટુમ્બ સ્નેહી ભગવદીય મંડલ સાથે આવ્યા હતા. આનંદ અવર્ણનીય પ્રાપ્ત થતો હતો. નિત્ય નવીન લીલાનું આ અલૌકિક સ્થાન, આ વખતે પ્રત્યક્ષ, નિત્ય નવીન લીલાઓના આનંદથી, નિજ જનોને આનંદિત કરનારૂં થયેલું હતું. આનંદ નિત્ય નવોજ થતો જણાતો હતો.

આ મનોરથ પછી શ્રીપ્રભુ આનંદ પૂર્વક, પોતાના મંદિરમાં બિરાજી, નિજભકતોને અલૌકિક દર્શનાનંદ દાન કરતા હતા. નિત્યવિધિ તેમજ ઉત્સવવિધિથી, સેવા ક્રમ ચાલતો રહ્યો હતો. **શ્રીગુસાંઇજીનો ઉત્સવ** પણ ધામ ધૂમથી થયો હતો. શ્રીપ્રભુ જ્યારથી બિરાજ્યા, ત્યારથી નિત્ય ઉત્સવાનંદજ જણાતો હતો.

પ્રકરણ ૭ મું.

શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણછોડલાલજી મહારાજ કોટાવાળા તરફથી થયેલો (શ્રીજીનેત્યાં) શ્રીછપ્પનભોગ મનોરથ મહોત્સવ.

પોષ શુકલા ૭ બુધવારને દિવસે, **શ્રીમદ્ ગોસ્વામી શ્રી રણછોડલાલજી મહારાજ** તરફથી, પોતાના **જન્મ દિવસના મંગલમનોરથ** નિમિત્તે, શ્રીમન્મથુરાધીશ્વરપ્રભુને, શ્રી નાથદ્વારા પધરાવ્યાના ઉત્સાહમાં, મોટો મનોરથ માનવામાં આવ્યો હતો. આ મનોરથમાં અત્રે બિરાજતાં સ્વરૂપો, **શ્રી નવનીતપ્રિયાજી, શ્રીવિઠ્ઠલનાથજી,** અને **શ્રીમન્મથુરેશ પ્રભુ** વિગેરે, **શ્રીમદ્ ગોવર્દ્ધનધરપ્રભુ** સમીપ પધાર્યા હતાં; અને સાથે બિરાજી અન્નકૂટોત્સવ પ્રમાણે, **શ્રીછપ્પનભોગ** આરોગ્યો હતો. શ્રીગોપીવલ્લભમાં **કુંડવારો**, તેમજ છપ્પન ભોગની વિવિધ પ્રકારની સામગ્રીઓ, શ્રીપ્રભુને આરોગાવી જય જયકાર મનાવી દીધો હતો. પ્રાતઃકાલમાં સૂર્યોદય પૂર્વ શ્રીમન્મથુરેશપભુના તેમજ શ્રીમન્નવનીતપ્રિય પ્રભુના રાજભોગ થઇ ચુકયા હતા. રાજભોગાનંતર સુખપાલમાં બિરાજી, ઉત્તમ પ્રકારના મંગલ કીર્ત્તનોના આનંદ સાથે, શ્રીમન્મથુરેશ પ્રભુ શ્રીમદ્ ગોવર્દ્ધનધરપ્રભુ સમીપ પધાર્યા હતા. શ્રી રણછોડલાલજી મહારાજના તરફથી, આ મનોરથોત્સાહમાં, અનેક મંગલ ક્રિયાઓ કરવામાં આવી હતી. શ્રીપ્રભુને, આ મનોરથમાં શ્રીમદ્ગોવર્દ્ધનધર પ્રભુ સમીપ પધરાવતી વખતે, શ્રીરણછોડલાલજી મહારાજે, **સોના ચાંદીનાં પુષ્પોથી** વધાવ્યા હતા; તેમજ પોતાના મંદિરથી શ્રીજીના મંદિર સુધીનો માર્ગ, સુગંધિત વિવિધરંગનાં દ્રવ્યોથી, ચિત્ર વિચિત્ર મંડનો મંડાવી, શોભાયમાન કરાવ્યો હતો. શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ પણ, શ્રીમદ્ ગોવર્દ્ધનધરપ્રભુ સમીપ, પંખાગલીને રસ્તે થઇ,

સુખપાલમાં બિરાજી આનંદથી પધાર્યા હતા. શ્રીમન્મથુરેશ પ્રભુ તેમજ શ્રીમન્નવનીતપ્રિયપ્રભુના પધાર્યા પછી, શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી મહારાજ, શ્રીજીના છડીદારજી, અધિકારીજી, સમાધાનીજી, શાસ્રીજી, ઉપાધ્યાયજી, તેમજ કીર્તન કર્તાઓ પ્રભૃતિ મંડલ, અને શ્રીમન્મથુરેશ પ્રભુના ઉપર પ્રમાણેના સભ્યજન મંડલ સાથે, સાજ સમાજથી, શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુને પધરાવવા પધાર્યા હતા. શ્રીવિઠ્ઠલેશ પ્રભુના રાજભોગ, શુમારે સાત સાડાસાત વાગે થયા હતા. રાજભોગાનંતર શ્રીપ્રભુ સુખપાલમાં બિરાજમાન થયા હતા. શ્રી– ના સુખપાલને પ્રથમ પધરાવતી વખતે, શ્રીઆચાર્યરત્ન શ્રીરણછોડલાલજી મહારાજે, શ્રીપ્રભુને વધાવવા, **સુવર્ણ તથા ચાંદીનાં પુષ્પોની**, શ્રી––ના સુખપાલ ઉપર વૃષ્ટિ કરી, પોતાના મનોરથોત્સાહને પ્રદર્શિત કર્યો હતો. શ્રીપ્રભુ સુખપાલમાં બિરાજી, મંગલ કીર્તનોથી અને ભગવદીય જનોના આલ્હાદના જયઘોષથી, આનંદ દર્શાવતા મંદિરથી બહાર પધાર્યા હતા. શ્રીપ્રભુનો સુખપાલ શ્રીજીના મંદિરમાં અપરસમાંજ પધારવાનો હોવાથી, સુખપાલની આગળ આગળ, જલ સિંચનથી પૃથ્વિ પવિત્ર થતી જતી હતી; અને તે ઉપર ત્યારથીજ, આગળ આગળ, ઉત્તમ પ્રકારનાં સુગંધિત અબીર, ગુલાલ તથા હરિદ્રા વિગેરે દ્રવ્યોનાં, મંગલ માંડનાં મંડાતાં જતાં હતાં. શ્રી––ના સુખપાલ ઉપર, અનેક પ્રકારનાં સુગંધિત પુષ્પોની વૃષ્ટિ પણ થતી હતી. ચોતરફ દિશાઓ આનંદથી પ્રકાશિત માલુમ પડતી હતી. શ્રી––ના પધારવા વખતનો આનંદ ખરેખર અલૌકિકજ માલુમ પડતો હતો. આવા અપૂર્વ આનંદનું દાન કરતા, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પ્રીતમપોલને રસ્તે થઇ, શ્રીમદ્ ગોવર્દ્ધનધરપ્રભુ સમીપ પધાર્યા હતા; અને વામ બાજુએ, શ્રીસ્વામિનીજી સ્વરૂપો સહિત બિરાજમાન થયા હતા. વિવિધ પ્રકારની મનોરથની અધિકતાની સામગ્રી, તેમજ કુંડવારો આરોગી, પશ્ચાત્ રાજભોગ આરોગ્યો હતો. આ દિવસે રાજભોગનાં (છપ્પનભોગના મનોરથોત્સવનાં) દર્શન [illegible]

પછીના ચાર વાગ્યાને શુમારે ખુલ્યાં હતાં. દર્શનમાં ભીડ અત્યંત હતી; તથાપિ દરેકને શ્રીપ્રભુ કૃપાથી, આનંદ પૂર્વક દર્શન લાભ પ્રાપ્ત થયો હતો. કોઇને કાંઇ પણ વિઘ્ન નડ્યું ન હતું. દર્શનાવસરમાં બિરાજમાન સર્વે સ્વરૂપોની શોભા અવર્ણનીયજ હતી. આજે શૃંગાર પણ બહુ મૂલ્ય અત્યુત્તમ પ્રકારના ધરાવવામાં આવ્યા હતા. રાજભોગાનંતર મોટા સમારોહથી, શ્રીમન્મથુરેશપ્રભુ, તેમજ શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ, અને શ્રીવિઠ્ઠલેશપ્રભુ, પોત પોતાના મંદિરોમાં પધાર્યા હતા. મંદિરોમાં પધાર્યા પછી સાંજનો સેવાક્રમ શરૂ થયો હતો.

આ મનોરથમાં શ્રીરણછોડલાલજી મહારાજે, ઉત્સાહ પૂર્વક અનેક પ્રકારથી, શ્રી--સેવામાં દ્રવ્ય વ્યય કર્યો હતો. કોઇપણ પ્રકારની ન્યૂનતા રાખી નહતી. દરેક મંદિરના સેવકોને, યથોચિત ઉત્તમ પ્રકારની પહેરામણીઓ આપી હતી. વિદેશી યાત્રાળુ ભગવદ્ ભક્તોને, તથા શ્રીજીવાસકરનારા વિરક્ત વૈષ્ણવોને, મહારાજશ્રીએ આ **મહોત્સવનો મહાપ્રસાદ**, આગ્રહપૂર્વક આમંત્રણ કરી લેવરાવ્યો હતો. કારભારી મંડલ, અને મંદિર સંબંધી મનુષ્યોને, તેમજ ગ્રામમાં દરેક જ્ઞાતિક્રમથી, અને અન્યવર્ગને, જે રીતે સગવડ પડી શકી, તે રીતે, સર્વને મહાપ્રસાદ મોકલાવી, સર્વત્ર જયજયકાર મનાવ્યો હતો. રાજા રજવાડાઓમાં, અને જ્ઞાતિ સંબંધમાં પણ, યથોચિત રીતે મહાપ્રસાદ મોકલાવ્યો હતો. શ્રીજીના કમલ ચોકમાં બેસનારા, તથા અન્ય બ્રાહ્મણવર્ગને પણ, પોતે નિમંત્રણ કરી, મહાપ્રસાદદ્વારા સંતોષ્યા હતા; તેમજ યોગ્ય દક્ષિણા પણ આપી હતી. આ મનોરથ વખતે શ્રીજીદ્વારમાં, **શ્રીમાન્ ટિકેતમહારાજ**, તથા ચિ૦ લાલબાવા **શ્રીદામોદર લાલજી**, તથા **શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી મહારાજ** કોટાવાળા, તથા શ્રીકાંકરોલીવાળા **ગો૦શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ**, અને ચિ૦ લાલબાવા **શ્રીદ્વારકેશલાલજી**, તથા શ્રીવિઠ્ઠલનાથજીની ગાદીના ટિકેત, શ્રીનાથદ્વારાવાળા **ગો૦ શ્રીગોપેશ્વર**

લાલજીમહારાજ, તથા શેરગઢવાળા ગો૦ **શ્રીગિરિધરલાલજીમહારાજ**, અને ચિ૦ લાલબાવા **શ્રીવલ્લભલાલજી**, તથા મથુરાંજીવાળા ગો૦ **શ્રીગોપાલલાલજી મહારાજ**, તથા રાજનગરવાળા (અમદાવાદવાળા) ગો૦ **શ્રી મધુસૂદનલાલજી મહારાજ**, તથા ચિ૦ લાલબાવા **શ્રીરણછોડલાલજી**, તથા કોટાવાળા **શ્રીગોપાલલાલજી મહારાજ**,(શ્રીમોટા મહાપ્રભુજી વાળા) તથા કોટાવાળા ગો૦ **શ્રીમુરલીધરલાલજી મહારાજ**, (શ્રી છોટા મથુરેશજીવાળા) અને મુંબાઇવાળા ગો૦ **શ્રીગોવર્દ્ધનલાલજી મહારાજ** પ્રભૃતિ ગોસ્વામિ બાલકો બિરાજતાં હતાં; તેમજ કલકત્તાવાળા રાજાબાબુ દામોદરદાસજી, રાજનગર (અમદાવાદવાળા) વાળા શેઠ અચરતલાલ હરીલાલ, (શેઠ હરિવલ્લભદાસ મૂલચંદવાળા) કાશીવાળા બાબુ શ્યામદાસજી, (બાબુ મધુવનદાસ દ્વારકાદાસવાળા) તથા મુંબાઈવાળા શેઠ ચતુર્ભુજ મુરારજીનાં ધર્મપત્ની શેઠાણી મટુબાઇ, અને અન્ય સદ્ગૃહસ્થભગવદીય મંડલ પણ, શ્રી—સેવામાં દર્શનાર્થ ઉપસ્થિત રહ્યું હતું. આ મનોરથમાં, આ સદ્ગૃહસ્થ ભગવદીય મંડલે, તનુજા વિત્તજા ઉભય પ્રકારે સેવા સારી કરી હતી. આ મનોરથ મહોત્સવ પૂર્ણ થવાથી શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજીના હૃદયમાં પૂર્ણાનંદ પ્રત્યક્ષ થયેલો જણાતો હતો. મહારાજશ્રીનાં દર્શન, આજે કાંઇક નવીનજ આનંદનો અનુભવ કરાવી, નિજજનોને અલૌકિક સ્વરૂપાનુભવ પ્રાપ્ત કરાવતાં હતાં. મહારાજશ્રીની મોહિની મૂર્ત્તિ, દરેકના ચિત્તનું શીઘ્ર આકર્ષણ કરતી હતી. આજે મહારાજ શ્રીરણછોડલાલજીનો **જન્મદિવસ** હોવાથી, મંગલ દિવસની, નિજસ્વરૂપની પ્રાકટયલીલા સંબંધી, તેમજ અન્ય મંગલ ક્રિયાઓ પણ થઇ હતી સર્વત્ર આનંદજ પ્રત્યક્ષ થયો હતો.

આ મનોરથાનંદનાં દર્શન કરી, ઉપર્યુક્ત ભગવદીય સદ્ગૃહસ્થ મંડલ, શ્રીપ્રભુ અને ગુરૂથી વિદાય થઇ,શ્રીનાથદ્વારાથી પોતપોતાના દેશ તરફ રવાના થયું હતું. શ્રીમદ્ ગો૦ શ્રીમધુસૂદનલાલજી મહારાજ, તથા ચિ૦ લાલબાવા શ્રીરણછોડલાલજી, આ મનો-

રથ બાદ, અત્રેથી (શ્રીનાથદ્વારાથી) પરદેશ પધાર્યા હતા. મનોરથ પછી થોડા દિવસ બાદજ, શ્રીમદ્ ગો૦ શ્રીમુરલીધરલાલજી પણ વિદેશ પધાર્યા હતા. યાત્રાળુ જનોની ભીડપણ થોડી થવા લાગી હતી. અન્નકૂટોત્સવ ઉપર આવેલા યાત્રાળુ ભગવદ્ ભકતોને આ નવીન મનોરથોનો આનંદ પ્રાપ્ત થવાથી, તેઓ પોતાને કૃત કૃત્ય થયેલા માનતા હતા. આવા અલૌકિક આનંદોત્સવથી આકર્ષાઇનેજ, ઘણાએક ભગવદ્ ભકતો તો, અમુક થોડી મુદતને માટે આવેલા હોવા છતાં,અન્નકૂટથી આરંભી આ મનોરથ સુધી, પ્રવૃત્તિ પરાયણુતા ભૂલીને, નિવૃત્તિ પરાયણુતાજ રાખી આનંદપૂર્વક શ્રીજીદ્વારમાં રહયા હતા. શ્રીપ્રભુની કૃપાનો પ્રત્યક્ષાનુભવ, આ મનોરથમાં ઘણા ભગવદીયોને પ્રાપ્ત થયો હતો.

આ મનોરથ થયાપછી, શ્રીપ્રભુ આનંદમાં પોતાના મંદિરમાં બિરાજતા હતા. અને નિયમાનુસાર વિધિપૂર્વક, નિત્યનો તેમજ ઉત્સવ પ્રભૃતિનો સેવાક્રમ ચાલતો રહ્યો હતો. વસંત પંચમીથી વસંતનો આનંદ શરૂ થયો હતો; અને ફાલ્ગુનમાં ફાલ્ગુનાનંદના અનેક પ્રકારના ખેલના મનોરથ શરૂ થયા હતા.

પ્રકરણ ૮ મું.

ફાલ્ગુનાનંદ તથા ફૂલ મંડલીઓ.

(શ્રીપ્રભુના ફાલ્ગુન માસમાં થયેલા મનોરથો.)

ફાલ્ગુન શુકલા ૧ રવિવારને દિવસે પરમકૃપાલુ આચાર્યરત્ન, **શ્રીરણછોડલાલજી** મહારાજ (કોટાવાળા) ના તરફથી, **શ્રીવિઠ્ઠલેશપ્રભુ**, પોતાના મંદિરની બાજુના બગીચામાં, મનોરથથી બિરાજમાન થયા હતા. સુંદર વૃક્ષ લતાઓથી સુશોભિત બગીચાની મધ્યભાગમાં, શ્રીપ્રભુ ઉત્તમ સિંહાસન ઉપર બિરાજમાન થયા હતા; અને શ્રીમાન્ ગો૦ **શ્રીગોપેશ્વરલાલજી** મહારાજના શ્રીહસ્તથી,વિવિધ રંગનાં સુગંધિત દ્રવ્યોદ્વારા, ફાલ્ગુન ખેલ ખેલી, સ્વકીયોને આનંદ પમાડતા હતા. શ્રીપ્રભુનો ખેલ થયા પછી,શ્રી--સન્મુખ ઉડેલા પ્રસાદી અબીર ગુલાલ પ્રભૃતિની ગરદથી (ઝીણી રજથી) ઘેરાયલું આકાશ, દર્શન સમયે અલૌકિક આનંદદ્વારા, ભગવદીયજનોના મનને લુબ્ધ કરી નાંખી, શ્રી--ચરણમાં પ્રત્યક્ષ આકર્ષણ કરતું હતું. બગીચાનાં વૃક્ષો, તેમજ લતાઓ વિગેરે પણ, વિવિધ રંગથી રંગાયલાં જણાતાં હતાં.

ફાલ્ગુન શુકલા ૨ ચંદ્રવારને દિવસે, **શ્રીમન્મથુરેશપ્રભુ**, મનોરથથી ઉત્તમ બગીચામાં બિરાજમાન થયા હતા. પોતાના મંદિરના ચોકમાં ચોતરફ કદલી સ્તંભથી શોભિત, ઉત્તમ પ્રકારની નિકુંજોદ્વારા અલૌકિક શોભાવાળો બગીચો બનાવવામાં આવ્યો હતો. બગીચાના મધ્યભાગમાં સિંહાસન ઉપર, શ્રીમદ્ ગો૦ **શ્રીરણછોડલાલજી**ના શ્રીહસ્તથી, રંગ રંગી અબીર,ગુલાલ, ચોવા,ચંદન વિગેરેથી સુશોભિત થયેલા પ્રસન્નમુખ બિરાજમાન શ્રીપ્રભુએ દર્શન સમયે, દર્શન કર્તાઓને અપૂર્વ દર્શનાનંદનું દાન કર્યું હતું.

ફાલ્ગુન શુકલા ૫ બુધવારને દિવસે **શ્રીરણછોડલાલજી** મહારાજના તરફથી, **શ્રીમદ્યશોદોત્સંગલાલિત, શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ,** પોતાના નિજમંદિરમાંજ, કદલીસ્તંભ તથા લતાપત્રથી શોભાયમાન બગીચામાં, મનોરથથી બિરાજમાન થયા હતા. શ્રીમાન્ ગોસ્વામિતિલક **શ્રીગોવર્દ્ધનલાલજી** મહારાજનો તથા ગો૦ **શ્રીરણછોડલાલજી** મહારાજનો, તથા ચિ૦ **લાલબાવા શ્રીદામોદરલાલજીનો** હૃદયોત્સાહ, વિવિધ રંગથી શ્રીપ્રભુને ખેલાવવામાં, ભગવદીય જનોને, અનેક રીતે પ્રત્યક્ષ થયો હતો. વૈષ્ણવજનો પુનઃ પુનઃ શ્રીમત્પ્રભુ દર્શનને માટે, આતુરતાથી જયઘોષ કરી, ઉડતા પ્રસાદી અબીર ગુલાલના સ્પર્શથી, પોતાને ધન્ય સમજી આનંદ પામતા હતા.

ફાલ્ગુન શુક્લા ૬ ગુરૂવારને દિવસે, **શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ,** બહાર મંદિરના ચોતરા ઉપર, કદલી સ્તંભ તથા ચંદન પત્રથી શોભિત, બગીચામાં બિરાજમાન થયા હતા. શેરગઢસ્થ ગોસ્વામી **શ્રી ગિરિધરલાલજીના** હૃદયાનંદને વૃદ્ધિ કરતા, શ્રીપ્રભુ, ફાલ્ગુનાનંદમગ્ન ભગવદીય જનોના હૃદયને, દર્શનાનંદ દ્વારા પ્રફુલ્લિત કરતા હતા. આજે ભગવદ્ ભક્તોને દર્શનની સગવડ બહુજ ઠીક હતી. દર્શનમાં ભીડ પણ સાધારણ હતી.

ફાલ્ગુન શુકલા ૭ ભૃગુવારને દિવસે, **શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુ,** પાટોત્સવના આનંદને પ્રકાશ કરવા, શ્રીમન્નિકુંજેશ્વર **શ્રીગોવર્દ્ધનધર** પ્રભુ સમીપ બિરાજમાન થયા હતા. ફાલ્ગુનનો ખેલ ઉત્તમ પ્રકારે થયો હતો. **શ્રીમાન્ ટિકેત મહારાજ,** તથા ચિ૦ **શ્રીલાલબાવા,** તથા ગો૦ **શ્રીરણછોડલાલજી** મહારાજ, અને શેરગઢસ્થ ગો૦ **શ્રીગિરિધરલાલજી** મહારાજ, વિવિધ પ્રકારના શ્રીપ્રભુના ખેલમાં આનંદમગ્ન જણાતા હતા. શ્રીપ્રભુ સમીપ, નિજમંદિરમાં ઉડતી ગુલાલ તથા અબીરની, અને ચોવા ચંદનની સુગંધ, ભગવદીય જન ભ્રમરોને લુબ્ધ

કરતી હતી. શ્રીમન્મથુરેશ પ્રભુના, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુ સમીપ પધારવાના સમયે,શ્રી--ના સુખપાલ ઉપર, થયેલી સુગંધિત પુષ્પોની વૃષ્ટિએ, ફાલ્ગુનાનંદ રસમાં વિશેષ વૃદ્ધિ કરી હતી. દર્શન થઇ રહ્યા પછી, શ્રીમન્મથુરેશ પ્રભુ, પોતાને મંદિરે પધાર્યા હતા. પાછા પધારતી સમયની શ્રી--ની શોભા પણ અલૌકિક અને વધુ આનંદ આપનારી જણાતી હતી.

ફાલ્ગુન શુક્લા ૯ રવિવારને દિવસે, **શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ**, વાર્ષિક નિયમાનુસાર, **ટિકેત મહારાજશ્રીના મોતી મહેલવાળા** અંદરના બગીચામાં બિરાજમાન થયા હતા. ઉત્તમ શુભ્ર વસ્ત્રો ઉપર શ્રીઆચાર્યવરોના શ્રીહસ્તથી શોભિત થયેલાં અબીર, ગુલાલ, ચોવા, ચંદન પ્રભૃતિ સુગંધિત દ્રવ્યો, અનેક પ્રકારના આનંદમાં, દર્શન સમયે, દર્શન કર્તાઓને મગ્ન કરતાં હતાં. શ્રીપ્રભુ સન્મુખ ઉડતી રંગની પીચકારીઓ, ફાલ્ગુનાનંદ રસથી વિવિધ પ્રકારનું સુખદાન કરતી હતી.

ફાલ્ગુન શુક્લા ૧૦ ચંદ્રવારને દિવસે, **શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુ**, પોતાના મંદિરના ચોકના, બગીચામાં બિરાજમાન થયા હતા. અબીર, ગુલાલ, (પચરંગી) ચોવા, ચંદન વિગેરેથી, બગીચો અને ચોક, અદ્ભુત શોભાવાળો દેખાતો હતો. શ્રીદ્વિજવર પ્રભુ **શ્રીરણછોડલાલજીની આનંદમૂર્તિ** પણ,અદ્ભુત શોભતી હતી. કોટાવાળા શ્રીમદ્ ગો૦ શ્રીગોપાલલાલજી (શ્રી મોટામહાપ્રભુજીવાળા) ના શ્રીહસ્તથી, સુવર્ણ પીચકારીઓદ્વારા રંગની થતી રસામૃત વૃષ્ટિ, ભગવદ્ ભક્તોને ખરેખર રસાનુભવજ કરાવતી હતી.

ફાલ્ગુન શુક્લા ૧૧ મંગલવારને દિવસે, **શ્રીમન્નવનીત પ્રિય પ્રભુ**, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુ સમીપ, (વાર્ષિક નિયમાનુસાર) પધાર્યા હતા. ઉત્તમ નિકુંજમાં બિરાજમાન શ્રી--સ્વરૂપો, શ્રીઆચાર્યવર્ય શ્રીગોવર્દ્ધનલાલજીના શ્રીહસ્તથી, વિવિધ પ્રકારના ફાલ્ગુન ખેલને દર્શાવી, ફાલ્ગુનાનંદનું, નિજભક્તોને પ્રત્યક્ષ દાન કરતાં હતાં.

આ દિવસે, શ્રીમદ્ ગો૦ **શ્રીરણછોડલાલજી** તરફથી, **શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુ, શ્રીમન્મથુરેશ પ્રભુ** સમીપ, મનોરથ નિમિત્તે પધાર્યા હતા. ઉભય શ્રી—સ્વરૂપો મંદિરના ચોકમાં, કદલી સ્તંભ તથા લતાપત્રથી શોભાયમાન, બગીચાની મધ્યે નિકુંજમાં, બિરાજમાન થયાં હતાં. શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુ, ઉત્તમ સુખપાલમાં બિરાજી, પ્રીતમ પોલને (પ્રિયતમપોલ)રસ્તે થઇ પધાર્યા હતા. પધારતી સમયની શોભા અપાર હતી. દર્શન સમયે,અબીર,ગુલાલ,ચોવા,ચંદન વિગેરે સુગંધિત દ્રવ્યોથી, સર્વત્ર સુગંધ પ્રસરેલી માલુમ પડતી હતી;તેમજ આખો બગીચો, વિવિધ રંગથી વિચિત્ર શોભાવાળો જણાતો હતો. ઉભયશ્રી—સ્વરૂપોની શોભા,દર્શન કર્ત્તાઓના મનને શીઘ્ર આકર્ષણ કરે તેવીજ હતી.અલૌકિક શૃંગારથી શોભિત, ઉભય શ્રી—સ્વરૂપોએ, નિજ ભકતોને આનંદ મગ્ન કરી નાંખ્યા હતા.

ફાલ્ગુન શુકલા ૧૨ બુધવારને દિવસે, **શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુ**, શ્રીમદ્ ગો૦**શ્રીગોપેશ્વરલાલજી**ના મનોરથથી, **શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં** પધાર્યા હતા. શ્રી—ના પધારવાના સમયે, મંગલ કીર્ત્તનોની ધ્વનિ અને વાજીંત્રાદિ દ્વારા, તેમજ વારંવાર થતા જયઘોષો અને પુષ્પવૃષ્ટિ દ્વારા, પ્રેમી ભકતોના પ્રેમમાં વિશેષ વૃદ્ધિ થતી હતી. શ્રીપ્રભુ મંદિરના ચોકમાં, કદલી સ્તંભ વિગેરેથી શોભિત ઉત્તમ બગીચામાં, શ્રીમદ્વિઠ્ઠલવર પ્રભુ સાથે બિરાજમાન થઇ, શ્રીઆચાર્યવરો દ્વારા ફાલ્ગુન ખેલને શોભાવતા, નિજભકતોને અલૌકિક દર્શનાનંદદ્વારા સુખપ્રદાન કરતા હતા.

ફાલ્ગુન શુકલા ૧૩ ગુરૂવારને દિવસે, શ્રીમત્પ્રભુ **શ્રીવિઠ્ઠલનાથજી**, પોતે પોતાના બગીચામાં બિરાજમાન થયા હતા. આનંદ અત્યુત્તમ પ્રાપ્ત થયો હતો. શ્રીસ્વામિનીજી સ્વરૂપો સહિત શ્રીપ્રભુ સ્વરૂપ શ્રીમદ્ **ગોસ્વામી શ્રીગોપેશ્વરલાલજી**ના શ્રીહસ્તથી, ફાલ્ગુન ખેલમાં, વિવિધ પ્રકારનાં, અબીર, ગુ-

લાલ, ચોવા,ચંદન પ્રભૃતિ સુગંધિત દ્રવ્યોદ્વારા, ઉત્તમ પ્રકારે શોભતું હતુ. શ્રી––સન્નિધિમાં ઉડતી ગુલાલની રજથી, ભગવદીય જનોનાં હૃદય, નિર્દોષ પૂર્ણગુણ શ્રીપ્રભુની, આ ફાલ્ગુન લીલામાં સપ્રેમ આકર્ષાતાં જણાતાં હતાં.

ફાલ્ગુન શુકલા ૧૪ તથા ૧૫ (પૂર્ણિમા)ના દિવસોએ પણ, ઉત્તમ ફાલ્ગુન ખેલના આનંદો, શ્રીપ્રભુ સ્વરૂપોના પોતપોતાના મંદિરોમાં થયા હતા.**હોલિકાનો ઉત્સવ** પણ આનંદથી થયો હતો.

દોલોત્સવ.

ફાલ્ગુન કૃષ્ણા ૧ (વ્રજચૈત્રકૃષ્ણા)સોમવારને દિવસે, સર્વે શ્રી––સ્વરૂપો; પોતપોતાના મંદિરોમાં, કદલી સ્તંભ અને લતા પત્રથી સુશોભિત, દોલમાં બિરાજમાન થયાં હતાં. **શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ**, શ્રીમન્નિકુંજેશ્વર **શ્રીગોવર્દ્ધનધરપ્રભુ** સમીપ, સન્મુખ **દોલતિબારી**માં શોભિત થયેલા,અત્યુત્તમ દોલમાં બિરાજમાન થયા હતા. આ દિવસના અંતિમ ફાલ્ગુનાનંદમાં, સપ્રેમ ઉડતી ગુલાલની શોભા અવર્ણનીય હતી. ભૂમિતલ અને આકાશ, એક રંગનુંજ થઇ ગયેલું જણાતું હતું;તેમજ ચોતરફ દિશાઓ પણ ગુલાલથીજ ઘેરાયલી જણાતી હતી. ચોવા, ચંદન પ્રભૃતિ સુગંધિત દ્રવ્યો, પોતાની અત્યુત્કટ સુગંધથી, ભક્તજનોના હૃદયમાં અત્યાલ્હાદ પ્રાપ્ત કરાવતાં હતાં. શ્રીમદ્ ગો૦ તિલક મહારાજ **શ્રીગોવર્દ્ધનલાલજી**, તથા લાલબાવા ચિ૦ **શ્રી દામોદરલાલજી**, તથા શેરગઢસ્થ શ્રીજીના પરિચારક, ગો૦ **શ્રીગિરિધરલાલજી** પ્રભૃતિ આચાર્યશ્રીઓના શ્રીહસ્તદ્વારા, ફાલ્ગુનના આ છેલ્લા દિવસના ખેલથી સુશોભિત શ્રીપ્રભુ, દર્શન સમયે, અલૌકિક સુખનું દાન કરતા હતા. શ્રી––ના દોલની શોભા અદ્ભુત અને વિચિત્ર માલુમ પડતી હતી. આજ પ્રમાણે; શ્રીમદ્ ગો૦**શ્રીરણછોડલાલજી** મહારાજશ્રીના શ્રીહસ્તથી,**શ્રીમન્મથુરાધીશ્વરપ્રભુ**,પોતાના મંદિરમાં દોલમાં બિરાજી,ફાલ્ગુનના છેલ્લા દિવસના ખેલનો આનંદ દર્શાવતા હતા; તેમજ શ્રીમત્

પ્રભુ શ્રીવિઠ્ઠલેશરાયજી પણ, શ્રીમદ્ ગો૦ શ્રીગોપેશ્વરલાલજીના શ્રીહસ્તથી વિવિધ પ્રકારથી વિભૂષિત થયેલા, ઉત્તમ પ્રકારના દોલમાં પોતાના મંદિરના ચોકની તિબારીમાં બિરાજમાન થયા હતા. શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી તથા શ્રીગોપેશ્વરલાલજી પોતાના મંદિરોમાંથી, શ્રીપ્રભુની સેવાનો ક્રમ સાધી, અનુકૂલતા પ્રમાણે, શ્રીમદ્ ગોવર્દ્ધનધર પ્રભુના મંદિરમાં પધાર્યા હતા;અને ભક્તજનોને સર્વે ગોસ્વામિ સ્વરૂપોએ એકત્રિત થઇને પણ આનંદ લાભ પ્રાપ્ત કરાવ્યો હતો.

વૈષ્ણવ જનોની ભીડ આ ઉત્સવ ઉપર વધી હતી. પરદેશથી યાત્રીય ભગવદ્ ભકતો આવેલા હતા; તેમજ નગરજનની ભીડ પણ દર્શનમાં વિશેષજ રહતી હતી. વિવિધ પ્રકારનાં વસ્ત્રા ભૂષણોથી શોભિત સ્ત્રીમંડલ, સ્થલે સ્થલે મંદિરોમાં જય જયના શબ્દોથી આતુરતા દર્શાવતું, દર્શનાર્થ સહર્ષ જતું આવતું હતું. શ્રીમન્મથુરાધીશ પ્રભુના પધાર્યા પછી શ્રીનાથદ્વારામાં ઘણા ભાગે શ્રીપ્રભુ સંબંધીજ વ્યવસાય ઘેરઘેર વધી ગયો હતો. પ્રાતઃકાલથી મંદિરમાંજ જવું આવવું ઘણા જણાઓનું ચાલતું રહેતું હતું. અનેકપ્રકારના ઉત્સવ, આનંદ, અને મનોરથો નિમિત્તે, વ્યવહાર પ્રવૃત્તિ સ્વયં છૂટી ગયેલી જણાતી હતી. આનંદ ખરેખર અવર્ણનીયજ હતો. શ્રીપ્રભુ કૃપાથી, નગરમાં પણ સર્વ રીતે નિર્વિઘ્નતાજ રહી હતી.

ગુલાબની ફૂલ મંડલીઓ.

ફાલ્ગુનાનંદ પશ્ચાત્, ગુલાબ મંડલીઓના વિવિધ પ્રકારના આનંદ શરૂ થવા હતા. ગુલાબની સુગંધ સાથેજ, ભગવદીય જન ભ્રમરોએ પણ, ગુલાબ મંડલીઓમાં બિરાજમાન શ્રીપ્રભુનાં, અલૌકિક દર્શન કરવા આસક્તિ દર્શાવી, શ્રીપ્રભુ ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ શરૂ કર્યા હતા. ગુલાબની ગુલાબી પાંખડીઓ, પ્રફુલ્લિત થયેલી, શ્રીપ્રભુના સુયશરૂપ સુગંધદ્વારા, ગુલાબ મંડલીઓના આનંદને દર્શાવી, પ્રેમીઓના ચિત્તને આકર્ષણ કરવા લાગી હતી. ગુલાબનાં પુષ્પોથી શો-

ભિત થતા બંગલા, ખરેખર નેત્રને અતિશય આનંદ આપતા હતા. શ્રીપ્રભુને ત્યાં નિત્ય નવો આનંદજ થતો હતો.

ચૈત્ર શુકલા ૧ **સંવત્સરોત્સવ.** આ દિવસે **શ્રીમદ્ ગોવર્દ્ધનધર** પ્રભુએ, ઉત્તમ અલૌકિક શોભાવાળા, ગુલામ મંડલીના બંગલામાં બિરાજી, સ્વકીય ભકતોને દર્શન આપ્યાં હતાં.

ચૈત્ર શુકલા ૩-૪-૫ મીએ **ગણગૌરીની સવારીઓ**, વાર્ષિક નિયમાનુસાર **ગણગૌરીના બાગમાં**, (બનાસ નદીના આ તરફના ગામવાળા કીનારા ઉપર જે બાગ છે તેમાં) ધામધૂમથી ચઢી હતી. શ્રીમદ્ ગોસ્વામિ સ્વરૂપો, હમેશ કરતાં આ વર્ષે વધુ બિરાજતાં હોવાથી, સવારીઓનો આનંદ અધિક રહ્યો હતો. આ દિવસોમાં પ્રાયઃ સર્વે મંદિરોમાં, ગુલાબ મંડલીઓ વિશેષે કરીને થાય છેજ; કે જે પ્રમાણે આ વર્ષે પણ થઇ હતી. **શ્રીમન્મથુરાધીશ પ્રભુ**, કોટામાં નિત્યપ્રતિ આ દિવસોમાં, ગુલાબના બંગલામાંજ બિરાજતા હોવાથી, અત્રે પણ ગુલાબના બંગલામાંજ, નિત્ય પ્રતિ બિરાજતા હતા.

ચૈત્ર શુકલા ૯ **રામનવમી.** (જયંત્યુત્સવ) આ દિવસે પણ, **શ્રીમદ્ ગોવર્દ્ધનધધર પ્રભુ**, તેમજ **શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુ**, પ્રભૃતિ સર્વે શ્રી--સ્વરૂપો, ગુલાબ પુષ્પોથી શોભિત બંગલાઓમાંજ, નિયમ પ્રમાણે બિરાજમાન થયાં હતાં. જયંત્યુત્સવનાં દર્શન આનંદ પૂર્વક સ્વકીય ભકતોને, આ પુષ્પ બંગલાઓમાંજ શ્રીપ્રભુએ કરાવ્યાં હતાં. શ્રીમદ્ ગો૦ તિલક મહારાજાધિરાજ **શ્રીગોવર્દ્ધનલાલજી** ના તથા ચિ૦ લાલબાવા **શ્રી દામોદરલાલજી** ના હૃદયોત્સાહ રૂપ, લાલ બાગમાં થવાના મનોરથો નિમિત્તે, **શ્રીમન્નવનીતપ્રિય પ્રભુને, લાલબાગમાં પધરાવવાનું શુભમુહૂર્ત્ત** પણ, આ મંગલ દિવસનુંજ હતું. શ્રી પ્રભુના, લાલબાગમાં થવાના, મંગલ મનોરથોના આનંદને અંગે ઉત્સુક પ્રેમી ભગવદ્ ભકતોને આજે અપૂર્વ આલ્હાદ જણાતો હતો; કારણ કે ભાવિ મનોરથાનંદની સૂચના કરનાર મંગલ દિવસ આજનોજ હતો.

પ્રકરણ ૯ મું.

શ્રીમાન્ ગોસ્વામિ તિલક મહારાજ શ્રીગોવર્ધન લાલજી તરફથી, લાલબાગમાં શ્રીમન્નવનીતપ્રિયપ્રભુને, પંદર દિવસ સુધી પધરાવી, માનવામાં આવેલા મનોરથો અને છપ્પન ભોગ.

શ્રીમન્નવનીતપ્રિય પ્રભુનું લાલબાગમાં પધારવું.

ચૈત્ર શુકલા ૯ મંગલવારને દિવસે, રાજભોગ પર્યંતની ઉત્સવની સેવાનો ક્રમ થઈ રહ્યા પછી, મધ્યાહ્ન સમયે બાર વાગ્યા પછી, **શ્રીમન્નવનીત પ્રિય પ્રભુ**, ઉત્તમ સુખપાલમાં બિરાજી, ધામધૂમથી સવારી સાથે, શ્રીમાન્ ટિકૈત મહારાજશ્રીના ઉત્સાહથી, લાલબાગમાં પધાર્યા હતા. શ્રીપ્રભુના સુખપાલમાં બિરાજવાની મંગલ સૂચના, તોપોના શબ્દોથી થઈ હતી. શ્રીપ્રભુની સવારી, ઉત્તમ પ્રકારના શૃંગારથી શોભતા હસ્તિ, અશ્વો, તામઝામો, પલટન, નગારાં, નિશાન, વાજીંત્રો, ધ્વજા, પતાકા, ચમર, રણકંકણ, પ્રભૃતિથી શોભતી હતી. શ્રીપ્રભુના પધારવાના ઉત્સાહમાં, નગરમાં પણ દરેક સ્થલે, અને દરવાજાઓએ, ધ્વજા, પતાકા, તોરણો વિગેરે શોભતાં હતાં. શ્રીના પધારવાનો માર્ગ પણ, તેવીજરીતે ઉત્તમ પ્રકારથી શણગારવામાં આવ્યો હતો. માર્ગ ઉપર આવેલી દુકાનો તથા ઘરો આગળ પણ, અનેક પ્રકારનાં મંગલ ચિહ્નો નગર નિવાસીઓના આનંદને પ્રત્યક્ષ કરાવતાં હતાં. શ્રીપ્રભુના સુખપાલ આગળ આગળ, શ્રીમદ્ ગો૦ **શ્રીગોવર્ધનલાલજી** (ટિકૈત) તથા ચિ૦ લાલ બાવા **શ્રીદામોદરલાલજી**, તથા શ્રીમદ્ ગો૦ **શ્રીરણછોડલાલજી**, (કોટાવાળા) તથા શ્રીમદ્ ગો૦ **શ્રીગોપેશ્વરલાલજી**, તથા શ્રીમદ્ ગો૦ **શ્રીગિરિધરલાલજી**, (શેરગઢવાળા) તથા શ્રીમદ્ ગો૦ **શ્રીગોપાલલાલજી**, (મ-

થુરાવાળા) તથા ચિ૦ લાલબાવા **શ્રીકૃષ્ણરાયજી**, (શ્રીબચ્ચુબાવા ઇંદોરવાળા) તથા શ્રીમદ્ ગો૦ **શ્રીગોવર્દ્ધનલાલજી**, (મુંબાઈવાળા) પ્રભૃત ગોસ્વામિ બાલકો, ઉત્તમ પ્રકારના શૃંગારથી શોભતા, વિના મોજડીઓએ ચરણારબિંદથી પધારતા હતા; તેમજ મુખ્ય કારભારીઓ, શ્રીજીના છડીદાર, સમાધાનીજી, કીર્તન કર્ત્તાઓ અને અન્ય સભ્યજનો, તથા વિદેશી સદ્ગૃહસ્થ ભગવદ્ ભકતો પ્રભૃતિ ચાલતા હતા. વ્રજવાસી જનોએ આનંદપૂર્વક, શ્રી--ના સુખપાલને ઉપાડવાની સેવા કરી, ખરી તનુજા સેવાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. શ્રી--ના સુખપાલ પાછળ પાછળ, વૈષ્ણવ જનનાં ટોળાં, અનેક પ્રકારના આનંદને દર્શાવતાં, જયધ્વનિના શબ્દો કરતાં ચાલતાં હતાં. સ્ત્રીમંડલ પણ, મંગલ ધવલ કીર્ત્તનો મધુર કંઠથી ગાતાં જતાં હતાં. શ્રી--ના સુખપાલની પાછળ ચાલતો, દિલ્લો ઘોડેસ્વારોનો રિસાલો, રાજસવારીથી પણ વિશેષ શોભા દર્શાવતો હતો. ભગવદ્ ભકતો અને નગર નિવાસીજનોનાં ટોળે ટોળાં, માર્ગ ઉપરથી અને માર્ગ ઉપર આવેલાં ઘર, દુકાનો, અને દુકાનોની બારીઓ, તથા અટારીઓ અને ઝરૂખાઓમાંથી,શ્રી--ના પધારવાની સમયે, જય શબ્દોની મંગલ ધ્વનિ સાથે શ્રી--ના સુખપાલ ઉપર,સુગંધિત પુષ્પોની વૃષ્ટિ કરતાં જોવામાં આવતાં હતાં. શ્રી--ના સુખપાલ આગળ **સુવર્ણ તથા ચાંદીનાં પુષ્પોની** અને રૂપીઆ, અડધા, ચાર આના, બેઆની, આની વિગેરેની મહારાજશ્રી તરફથી વૃષ્ટિ થતી જતી હતી. શ્રીપ્રભુની સવારી મંદિરમાંથી નગારખાનાને દરવાજે થઈ, લાલબજારના માર્ગદ્વારા, લાલબાગમાં પધારી હતી. લાલ બજારથી શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડ લાલજી, શ્રીજીના શૃંગારી હોવાથી, શ્રીપ્રભુને વિદાય કરીને પાછા મંદિરમાં પધાર્યા હતા. સવારી બે વાગ્યા પછી લાલ બાગમાં પહોંચી હતી. તે વખતે પણ તોપોના શબ્દો થયા હતા. લાલબાગના દ્વાર ઉપર, મંગલ કલશથી શ્રીપ્રભુને વધાવી લેવામાં આવ્યા હતા. ધ્વજા, પતાકા ' તોરણો વિગેરે મંગલ-

ચિહ્નો, બાગમાં પણ સર્વત્ર શોભતાં હતાં. શ્રીગોસ્વામિ બાલકો, ઉપાધ્યાય, પંડયા, પુરોહિતો, શાસ્ત્રી અને ભટ્ટ વર્ગ પ્રભૃતિ મંડલદ્વારા, સ્વસ્તિવાચન પૂર્વક મંગલ માર્જનાનંતર, શ્રીપ્રભુનો સુખપાલ, લાલબાગમાં આવેલા **શ્રીપ્રભુના મંદિરના ચોતરા ઉપર**, પધરાવવામાં આવ્યો હતો. અને સુખપાલમાંજ અનોસર થયો હતો.

શુમારે છ વાગે ઉત્થાપનાનંતર, ઉત્તમ પ્રકારની સુંદર **ગુલાબ મંડલીમાં**, શ્રીપ્રભુએ ભક્તજનોને બાગમાં દર્શન આપ્યાં હતાં. ભોગ, સંધ્યા, શયન પ્રભૃતિ થયા પછી, શ્રી પ્રભુ આનંદથી, શ્રીવૃંદાવન સદ્રશ શોભાવાળા બાગમાં પોઢયા હતા.

ચૈત્ર શુકલા ૧૦ બુધવાર—શ્રી નંદ મહોત્સવનો મનોરથ.

આ દિવસે પ્રાતઃકાલનો મંગલાદિ સેવાક્રમ થઈ રહ્યા પછી, રાજભોગમાં **શ્રીમન્નવનીતપ્રિય પ્રભુને શ્રીનંદમહોત્સવના** મનોરથથી, મંદિરના **ચોતરા** ઉપર, સોનાના **પલનામાં** બિરાજમાન કર્યા હતા. ઉત્તમ કસીદાની તારાટીપકીઓથી શોભિત કેશરી પીછવાઈ, દર્શન કર્ત્તાઓના આહ્લાદમાં, મંગલ વધાઈની સૂચના કરતી વૃદ્ધિ કરતી હતી. શ્રીપ્રભુનો શૃંગાર પણ, અવર્ણનીયજ હતો. શ્રીપ્રભુનાં દર્શન ખુલતા પહેલાં, ભોગ સર્યાની *તોપ, શુમારે ત્રણ વાગતા પહેલાં થઈ હતી. પુનઃ દર્શનની સૂચનામાં બીજી તોપનો ફેર, ત્રણ વાગ્યા પછી થોડી વારે થયો હતો.

દર્શન સમયે દધિ પ્રભૃતિના છિટકાવથી, નંદોત્સવનો અપૂર્વ પ્રત્યક્ષ આનંદ પ્રાપ્ત થતો હતો. શ્રીનંદ યશોદાજી, અને

---

* આજથી શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી તરફથી, તોપના સંબંધમાં નિયમ પૂર્વક, સમય સૂચના કરાવવા, ભોગ સરવાની અને દર્શન ખુલવાની વખતે, તોપનો ફેર (અવાજ) કરવા માટે આજ્ઞા થઈ હતી; કે જેથી નગરમાંથી આવનાર દર્શનાકાંક્ષી ભગવદ્ ભક્ત પણ, તોપનો શબ્દ શ્રવણ કરી, સમય ઉપર દર્શનાર્થે બાગમાં સુખેથી આવી શકે.

ગોપીગ્વાલની શોભાથી આનંદિત, શ્રીનંદ મહોત્સવાનંદ મગ્ન, શ્રીમદ્ ગો૦ શ્રીગોપાલલાલજી મથુરાંજીવાળાએ, કીર્ત્તન ભાવનાનુસાર, નંદમહોત્સવની વિવિધ લીલાઓનો આનંદ, યથાવિધિ ભક્તજનોને પ્રાપ્ત કરાવ્યો હતો. શ્રીમહાપ્રસાદના ટોપલે ટોપલા આનંદપૂર્વક લૂંટાવવામાં આવ્યા હતા. શ્રીનંદ મહોત્સવનું સુખ, અવર્ણનીય પ્રાપ્ત થયું હતું. શ્રી નંદ મહોત્સવ થઈ રહ્યા પછી, શ્રીપ્રભુની બે વખત આરતી, શુમારે દશ દશ મિનીટના અંતરે થઈ હતી; અને તદનંતર દર્શન બંધ થયાં હતાં. લગભગ બે કલાક સુધી, આનંદમાં શ્રીપ્રભુનાં દર્શન ભગવદ્ ભકતોને થયાં હતાં. બાગ વૈષ્ણવજનોથી ભરાયલો, રમણીય માલુમ પડતો હતો. સાંજે ઉત્થાપનાદિ સેવાક્રમ થયો હતો; અને શ્રીપ્રભુ આનંદથી બાગમાં પોઢ્યા હતા.

આ દિવસે સાંજના શ્રીમદ્ ગોસ્વામી શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ, શ્રીવહુજી મહારાજ, તથા શ્રી માજી મહારાજ, તથા ચિ૦ લાલબાવા શ્રી દ્વારકેશલાલજી પ્રભૃતિ સાથે, સવારી સહિત શ્રીકાંકરોલીથી શ્રીજીદ્વાર પધાર્યા હતા. દર્શન સમય વ્યતીત થઈ જવાથી, બાગમાં ન પધારતાં બારોબાર ગ્રામમાં પધાર્યા હતા; અને પોતાના મંદિરમાં બિરાજ્યા હતા.

ચૈત્ર શુકલા ૧૧ ગુરૂવાર—દાન એકાદશી તથા સાંઝીનો મનોરથ.

આ દિવસે શ્રીપ્રભુ, રાજભોગ સમયે (મધ્યાહ્ને) મંદિરની દક્ષિણ બાજુએ, રાધાવિલાસમાં જવાના દરવાજા પાસે, શેતુરનાં બે વૃક્ષોની વચ્ચે, શોભાયમાન કરેલા શ્રી ગિરિરાજની ઘાટીમાં,સિંહાસન ઉપર બિરાજમાન થયા હતા. શ્રી—નીસન્નિધિમાં શ્રીગોસ્વામિ બાલકો, તથા શ્રીવહુજી બેટીજી પ્રભૃતિનું મંડલ બિરાજમાન થયું હતું. એક તરફ સભ્ય સદ્ગૃહસ્થ ભગવદ્ ભકતો, તથા મુખ્ય કારભારીઓ વિગેરેનું મંડલ

હતું. શ્રીગિરિરાજની વૃક્ષલતા, ગાયો ગ્વાલ પ્ર તિથી અપૂર્વ શોભા માલૂમ પડતી હતી; તેમજ શ્રીગિરિરાજની તળેટીમાં ઉત્તમ શ્રીયમુનાજીનો પ્રવાહ, દર્શન કર્ત્તાઓના ચિત્તને વધુ આકર્ષણ કરતો હતો. સામેની બાજુમાં આવેલો કમલતલાઈનો કુંડ પણ, આનંદ પ્રાપ્ત કરાવતો હતો. શ્રીગિરિરાજની શોભાથી, અને શ્રીયમુનાજીના પ્રવાહથી, પ્રત્યક્ષ વ્રજલીલાનુંજ ભાન થતું હતું. આ વખતે દર્શન સર્વેને બહુજ સુખપૂર્વક થયાં હતાં. શ્રીપ્રભુનાં દર્શન બે વાગતા પહેલાં ખુલ્યાં હતાં. ભોગ સર્યાની મંગલ તોપ પડયા પછી, લગભગ દોઢ વાગવાના વખતે, નિયમ પ્રમાણે દર્શન ખુલવાની સૂચના તોપથી થઈ હતી. દર્શનાસક્ત ભગવદ્ ભકતોના શબ્દોથી, બાગમાં સર્વત્ર આનંદ આનંદજ થઈ રહ્યો હતો. શ્રી——નો મુકુટનો શૃંગાર ખરેખર મનોહર લાગતો હતો. ઘણા ભગવદ્ ભકતો દર્શન કરી બાગમાંથી નગર તરફ જતા જણાતા હતા; ત્યારે ઘણા, માર્ગમાં નગર તરફથી બાગ તરફ શ્રીદર્શનાર્થ દોડતા આવતા જણાતા હતા. શુમારે ત્રણ વાગે શ્રી——નાં દર્શન બંધ થયાં હતાં, પછીથી શ્રીપ્રભુ મંદિરમાં પધાર્યા હતા; અને અનોસર થયો હતો. અનોસર પછી ઉત્થાપનાદિ સેવાક્રમ શરૂ થયો હતો. દાનના મનોરથનો આનંદ પ્રસંશનીયજ હતો.

રાત્રિના નવ વાગ્યાને શુમારે, **શ્રીપ્રભુ સાંઝીના મનોરથથી** લાલ બાગમાં આવેલા શ્રી——ના મંદિર પછવાડેના, રાધાવિલાસના ભુલ ભુલૈયાની વિચિત્ર રચનાવાળા કયારાની સામે, નવીન બનેલા ચહેબચ:ઓની મધ્યભાગમાં ચોતરા ઉપર બિરાજમાન થયા હતા. શ્રી——નાં દર્શન શુમારે નવવાગે ખુલ્યાં હતાં. બાગમાં દરેક સ્થલે, ગૅસની રોશની, (કિટ્સનલાઈટની) શ્વેત ચાંદનીની માફક છાયેલી શોભતી હતી. રંગ રંગની ઉત્તમ પ્રકારથી મંડિત થયેલી સાંઝી આગળ બિરાજમાન, વ્રજભકતોની પીછવાઈથી શોભિત શ્રીપ્રભુ, નિજભકતોને દર્શનાનંદ દાન કરતા હતા. શ્રીમદ્ ગોસ્વામિ સ્વરૂપોથી ઘેરાયલો ચોતરાની

એક તરફનો ભાગ, દર્શન સમયે આનંદમાં વૃદ્ધિ કરતો હતો. ચોતરાની નીચેના, ભુલભુલૈયાના ક્યારાના કીનારા આગળ, કઠેરા રોપાવી, દર્શન માટે ઉત્તમ પ્રકારનો પ્રબંધ કરવામાં આવ્યો હતો; કે જેથી દરેકને શ્રીમુખનાં સન્મુખથીજ દર્શન આનંદ પૂર્વક થતાં હતાં. દર્શનની શોભા અનુપમજ હતી. શ્રી--નાં દર્શન એક કલાકથી વધુ ખુલ્લાં રહ્યાં હતાં. આરતી થયા પછી, શ્રી પ્રભુ સુખપાલમાં બિરાજી, મંદિરમાં પધાર્યા હતા; અને ત્યાં નજર ન્યોછાવરાદિ થયા પછી, આનંદમાં પોઢયા હતા. શ્રીગોસ્વામિ બાલકો, નિયમાનુસાર પંચ પરિક્રમાઓ કરી, શ્રીપ્રભુના શયનાનંતર, પોતપોતાને સ્થાને પધારવા, નગર તરફ પધાર્યા હતા. શ્રીમાન્ ટિકૈત મહારાજ પણ પોતાને સ્થાને (બાગમાં પછવાડેના મહેલમાં) પધાર્યા હતા. ભગવદ્ ભક્તો પણ, શ્રી પ્રભુની લીલાનું સ્મરણ કરતા કરતા, નગરમાં પોતપોતાને સ્થાને પ્રાપ્ત થયા હતા; અને આખિ રાત્રિ તેજ આનંદમાં મગ્ન રહ્યા હતા.

ચૈત્ર શુક્લા ૧૨ ભૃગુવાર—શ્રીગુસાંઇજીના ઉત્સવનો તથા હટડીનો મનોરથ.

આ દિવસે, મંગલાથી રાજભોગ પર્યંતની સેવા થયા પછી, રાજભોગાનંતર ઉત્સવ ભોગ આવ્યો હતો; અને તદનંતર શ્રી પ્રભુનાં દર્શન મંદિરમાંજ થયાં હતાં. શુમારે બે વાગે દર્શન ખુલ્યાં હતાં. દર્શન સમયે ઉત્તમ શૃંગારથી સુશોભિત શ્રીપ્રભુએ, કેશરી વસ્ત્રો અને ઉત્તમ શૃંગારથી અલંકૃત શ્રીગોસ્વામિ બાલકોના મંડલદ્વારા, આનંદ પૂર્વક ઉત્સવ ઉત્સાહમાં થયેલા મંગલ તિલકથી, દર્શન કર્ત્તાઓના આનંદમાં, વિશેષ વૃદ્ધિ કરી હતી; અને દરેકને સુખપૂર્વક દર્શનાનંદ પ્રાપ્ત કરાવ્યો હતો.

રાત્રિના સમયે શ્રીપ્રભુ, બાગમાં મંદિરના ચોતરા ઉપર, સુશોભિત ઉત્તમ પ્રકારની હટડીમાં, બિરાજમાન થયા હતા. આ સમયે દીપમાલિકાનો મનોરથ હોવાથી, બાગમાં શ્રીપ્રભુ આગળ અને ચોતરફ સડકો ઉપર, દીપકો ગોઠવવામાં

આવ્યા હતા. અન્યત્રપણ બાગમાં ગૅસની રોશની રાખવામાં આવી હતી. શ્રી--નાં દર્શન મંગલ તોપદ્વારા, ભગવદીય જનોને સૂચના થયા બાદ, શુમારે નવ વાગે ખુલ્યાં હતાં. વૈષ્ણવ જનનાં ટોળેટોળાં, બાગમાં કોઈ સ્થલે, કીર્ત્તન ધોળ વિગેરે ગાતાં, કોઈ સ્થલે, શ્રી--ની લીલા સંબંધમાં પરસ્પર વાર્ત્તા વિનોદથી આનંદ કરતાં જોવામાં આવતાં હતાં. વળી કેટલાએક ભગવદ્ ભક્તો તો, પુનઃ પુનઃ જય શબ્દોથી મગ્ન, બાગમાં ચોતરફ ફરતા જણાતા હતા. શુમારે દોઢ કલાક સુધી શ્રી--નાં દર્શન થયાં હતાં; અને પછીથી બાકીનો સેવાક્રમ શરૂ થયો હતો. શયનાનંતર નિત્ય નિયમ પ્રમાણે નિવૃત્ત થઈ, ગોસ્વામિ બાલકો, પોતપોતાને સ્થાને પધાર્યા હતા. ટિકૈત મહારાજશ્રી તથા ચિ૦ લાલબાવા વિગેરે પણ, પોતાને સ્થાને પધાર્યા હતા. ભગવદ્ ભક્તો પણ, દર્શનાનંદનો લાભ પ્રાપ્ત કરી, બાગમાંથી નગરમાં પોતપોતાને સ્થાનેજઈ અન્યકાર્યથી નિવૃત્ત થઈ, દિવસે પ્રાપ્ત થયેલા આનંદનું સ્મરણ કરતા નિદ્રાવશ થયા હતા.

ચૈત્ર શુક્લા ૧૩ શનિવાર—વસંત તથા દોલોત્સવનો મનોરથ.

આ દિવસે, પ્રાતઃકાલ મંગલાદિ નિત્યક્રમ થયાપછી, શુમારે બાર વાગે, બાગના નિજમંદિરમાંથી શ્રીપ્રભુ, સુવર્ણના નાના સુખપાલમાં બિરાજી, લાલબાગમાં આવેલી મોટી કુંડ ઉપરની તિબારીમાં, વસંતના મનોરથથી બિરાજમાન થયા હતા. તિબારીના મધ્ય ભાગમાં શ્રી--સન્મુખ વસંત શોભતી હતી. ઉત્તમ પ્રકારનાં ગુલાલ, અબીર, ચોવા, ચંદન વિગેરે સુગંધિત દ્રવ્યોથી, શ્રીગોસ્વામીજીના શ્રીહસ્તદ્વારા, સુશોભિત થયેલું શ્રીપ્રભુનું સ્વરૂપ, અતિશય શોભતું હતું. શ્રીસન્નિધિમાં ઉડેલાં ગુલાલ વિગેરે દ્રવ્યોથી, ભગવદીય જનોનાં હૃદય આહ્લાદિત થતાં હતાં; તેમજ કુંડનાં પણ પગથીયાં બધાં રંગથી રંગાઈ ગયેલાં સુંદર શોભતાં હતાં. આશરે એક કલાક, શ્રીપ્રભુનાં દર્શન થતાં રહયાં હતાં. પછીથી શ્રીપ્રભુ સુખપાલમાં

બિરાજી, ત્યાંથી **દોલોત્સવને** માટે સુશોભિત થયેલા, નજીકના સ્થાનમાં પધાર્યા હતા; અને ઉત્સવ ભોગ આરોગવા બિરાજમાન થયા હતા. વસંતના મનોરથથી, પ્રત્યક્ષ કાનન સ્થિત વસંત વસ્તુઓનો આનંદ પ્રાપ્ત થયો હતો. વસંત લીલાનાં દર્શન શ્રીપ્રભુએ આનંદથી નિજભક્તોને પ્રાપ્ત કરાવ્યાં હતાં.

શુમારે ચાર વાગે, કુંડની પૂર્વ તરફના બાગમાંના કયારાની વામ બાજુ, રસ્તાની સડકના મધ્યભાગમાં, કે જે ભાગ, લાલબાગમાં દાખલ થવાના દરવાજાથી પેસતાં, વામ હસ્તવાળી સડકથી કુંડ ઉપર જતાં વચમાં ચુનાગચ્ચીઓની સીઢીઓથી શોભાયમાન છે ત્યાં શ્રીપ્રભુ, ઉત્તમ પ્રકારના કદલી સ્તંભથી, તેમજ ચંદન પત્રી વિગેરેથી સજાવેલા **દોલમાં** બિરાજમાન થયા હતા; અને મંગલ તોપની ધ્વનિ સાથે દર્શન ખુલ્યાં હતાં. દર્શન સમયે ભીડ બહુજ હતી. શ્રીમદ્ગોસ્વામિ તિલક **શ્રીગોવર્ધનલાલજી** મહારાજ, તથા ચિં૦ લાલબાવા **શ્રીદામોદરલાલજી** તથા **શ્રીરણછોડલાલજી** મહારાજ, તથા શેરગઢસ્થ **શ્રી ગિરિધરલાલજી મહારાજ**, તથા મથુરાસ્થ **શ્રીગોપાલલાલજી** મહારાજ, પ્રભૃતિ સમસ્ત ગો૦ બાલકો, શ્રીપ્રભુ સમીપ ખેલાવતાં દોલોત્સવના આનંદમાં વિશેષ વૃદ્ધિ કરતાં હતાં. વિવિધ પ્રકારના ખેલથી શ્રીપ્રભુને ખેલાવી પ્રસાદી દ્રવ્યોની ભગવદ્ ભક્તો ઉપર વૃષ્ટિ થતી હતી, કે જે વખતે, તે અબીર, ગુલાલ, ચોવા, ચંદન વિગેરેની સુગંધ, અને ગરદ, આકાશ અને દિશાઓમાં વ્યાપ્ત થઈ હતી; કે જેથી અપૂર્વ આનંદ જણાતો હતો. દર્શન સુખ અપાર હતું. દોલનાં દર્શન આશરે બે કલાક સુધી રહ્યાં હતાં. દર્શનાનંતર શ્રીપ્રભુ સુખપાલમાં બિરાજી, નિજમંદિરમાં પધાર્યા હતા; અને ત્યાં બાકીનો સેવાક્રમ થયો હતો. દોલનાં દર્શન થયા પછી, કેટલાંએક ગોસ્વામિ સ્વરૂપો, તેમજ કેટલાંએક ભગવદ્ ભક્તોનાં ટોળાં બાગમાંથી નગર તરફ રવાના થયાં હતાં; અને કેટલાંએક ભગવદ્ ભક્તોનાં ટોળાં તો, બાગમાંજ આનંદ મગ્ન ફરતાં રહ્યાં હતાં, કે જે શયન દર્શનાનંતર

નગર તરફ આવ્યાં હતાં.

ચૈત્ર શુકલા ૧૪ રવિવાર—રથયાત્રા તથા હિંદોલાનો મનોરથ.

આ દિવસે, રાજભોગ પર્યંતનો સેવાક્રમ થયા પછી, જરીના ઉત્તમ સાજથી શોભિત, અત્યુત્તમ અલૌકિક શૃંગાર યુક્ત અશ્વોવાળા રથમાં; શ્રીપ્રભુ બિરાજમાન થયા હતા. રથ મંદિરના ચોતરા નીચે, પૃથ્વિ ઉપર, દર્શન સમયે સ્થિત થયેલો, શ્રીપ્રભુના પ્રયાણની તૈયારી જાણે સૂચવતો હોય, તેવો જણાતો હતો. શુમારે ત્રણ વાગે શ્રીપ્રભુનાં દર્શન ખુલ્યાં હતાં. દર્શન વખતે શ્રીપ્રભુનો રથ, થોડે થોડે દૂર ચલાવવામાં આવ્યો હતો; કે જે દ્વારા, અપૂર્વ આનંદ ભક્તજનોને પ્રાપ્ત થયો હતો. શ્રીપ્રભુ દર્શનવખતે અતિશય પ્રસન્ન મુખ જણાતા હતા. મેઘ તરફથી પણ, શ્રીપ્રભુના બહાર પધારવાના સમયે, આનંદ દર્શાવવા વિજય શબ્દો કરવામાં આવ્યા હતા; અને શ્રીપ્રભુને સૂર્યના તાપથી પરિશ્રમ ન થાય, એટલા માટે, ઉપર છત્રની પેઠે વાદળોદ્વારા છાયા કરવામાં આવી હતી. દર્શનાનંદ અવર્ણનીયજ હતો. દર્શનનું સુખ દરેક જણને, શ્રીપ્રભુકૃપાથી આનંદપૂર્વક પ્રાપ્ત થયું હતું. લગભગ બે કલાક સુધી, શ્રીપ્રભુએ રથમાં બિરાજી દર્શન આપ્યાં હતાં. ત્યાર પછી દર્શન બંધ થયાં હતાં; અને શ્રીપ્રભુ મંદિરમાં પધાર્યા હતા. અનોસર બાદ ઉત્થાપનાદિ સેવાક્રમ શરૂ થયો હતો.

રાત્રિના સમયે, શ્રીપ્રભુ, બાગમાં પેસવાના દરવાજાની સંમુખની સડકવાળા, દ્રાક્ષ માંડવાની અંદર, પેલી તરફના નાકા ઉપર, હિંદોલામાં બિરાજમાન થયા હતા. કદલીસ્તંભ, ચંદન પત્રી, તથા રંગ રંગી વિવિધ પ્રકારનાં પુષ્પ પ્રભૃતિથી, હિંદોલો સારી રીતે શણગારવામાં આવ્યો હતો. કુદરતી દ્રાક્ષવેલીથી સજાયલી, અને વળી આજે. અન્ય વેલીઓથી વિશેષ શોભાયમાન કરેલી, લોઢાની કમાનોની કુંજગલી જેવી સડક, પ્રત્યક્ષ નિકુંજનું ભાન કરાવતી હતી. નિકુંજમાં સ્તંભાકાર સ્થિત

કરેલાં, ફલસહિત કદલી વૃક્ષો, પૃથ્વિ તરફ ઝૂકેલાં, જાણે દીનતાપૂર્વક શ્રીસન્મુખ ભક્તિ ભાવથી પ્રણામ કરતાં હોય, તેવાં જણાતાં હતાં. નિકુંજમાંના અલૌકિક શોભાવાળા હિંદોલામાં બિરાજી, શ્રીપ્રભુએ શુમારે દશ વાગે ભગવદીયજનોને, દર્શનાનંદદ્વારા કૃતાર્થ કર્યા હતા. દર્શનાનંદ લુબ્ધ ભગવદીય જનો, એક વખત દર્શન પ્રાપ્ત થયા છતાં, પુનઃ પુનઃ શ્રી--દર્શન માટે આતુર જણાતા હતા. નિકુંજની નિકુંજમાં સજાવેલા હિંદોલાની, તેમજ વિવિધ પ્રકારની વેલીની, અને સફલ કદલી વૃક્ષોની શોભાથી, તથા શ્રીપ્રભુ અને શ્રીગોસ્વામિ બાલકોની સ્વરૂપ સુંદરતાથી, દર્શન કર્ત્તાઓનાં મન બીલકુલ તલ્લીન જેવાંજ બની ગયાં હતાં. આશરે એક કલાકથી પણ વધુ, શ્રીપ્રભુનાં દર્શન થતાં રહ્યાં હતાં. આરતી થયા પછી નિત્યક્રમ પ્રમાણે શ્રીપ્રભુ મંદિરમાં પધાર્યા હતા; અને બાકીનો સેવાક્રમ પૂરો થયો હતો. શ્રીમાન્ ટિકેત મહારાજ, શયનાનંતર પોતાને સ્થાને પધાર્યા હતા; અને અન્ય ગોસ્વામિ બાલકો પણ, નિત્યક્રમ પ્રમાણે નગરમાં પધાર્યા હતા. ભગવદીયજન પણ દર્શનાનંદ રસમગ્ન થયેલા, માર્ગમાં વિવિધ પ્રકારથી શ્રીપ્રભુની લીલાઓનું સ્મરણ, શ્રવણ, કીર્ત્તન કરતા, પોતપોતાને સ્થાને નગરમાં પ્રાપ્ત થયા હતા. આજના મનોરથની સજાવટ, મથુરાસ્થ શ્રીમદ્ ગો૦ **શ્રીગોપાલલાલજી** મહારાજની આજ્ઞાનુસાર (ભાવનાથી) કરવામાં આવી હતી.

ચૈત્ર શુકલા ૧૫ સોમવાર—અક્ષય તૃતીયા અને શરદનો મનોરથ.

આ દિવસે, શ્રીપ્રભુ મંદિરમાંજ રાજભોગ સમયે, ચંદનના બંગલામાં બિરાજમાન થયા હતા; અને શ્રીપ્રભુને ચંદન ધરાવવામાં આવ્યું હતું. શુમારે મધ્યાહ્ન પછી શ્રીપ્રભુનાં દર્શન ખુલ્યાં હતાં. દર્શન સમયે ઉષ્ણકાલની દરેક સજાવટથી, અને ચંદનના બંગલાની શોભાથી, દર્શનકર્ત્તાઓને શ્રીપ્રભુનું, અક્ષય તૃતીયાના ઉત્સવનું દર્શન સુખ પ્રત્યક્ષ પ્રાપ્ત

થયું હતું. દર્શન એક કલાક સુધી ખુલ્લાં રહ્યાં હતાં. દર્શનમાં ભીડ આજે વિશેષ ન હતી. રાજભોગમાંજ, ક્રમ પ્રમાણે અક્ષય તૃતીયાનોજ ઉત્સવક્રમ રહ્યો હતો. બાદ અનોસર થયો હતો.

રાત્રિના સમયે રાધાવિલાસમાં, મંદિરની પછવાડેના ભુલભુલૈયા નામના કયારાની સન્મુખ, નવીન ચહેબચાઓની મધ્યમાં, જ્યાં પ્રથમ સાંઝીનો મનોરથ થયો હતો, તેજ સ્થલે આજ પણ, શ્રીપ્રભુ શરદના મનોરથથી બિરાજમાન થયા હતા. શ્વેત શરદઉત્સવાનુસાર સાજથી, તેમજ ઉભય તરફ સિંહાસન ઉપર શોભતા શ્વેત સુગંધિત પુષ્પ ગોટાઓની શોભાથી અધિક આનંદ પ્રાપ્ત થતો હતો. ઉત્સવના ક્રમ પ્રમાણેની શ્રીવ્રજરત્નસીમંતિનીઓની, સાજસહ રાસરસમાં ઉન્મત્ત ભાવને દર્શાવનારી પીછવાઈ, પ્રેમી ભગવદ ભક્ત દર્શન કર્તાઓના ચિત્તને, અલૌકિક ભજનાનંદમાં મગ્ન કરતી હતી. એક તરફ શ્રીમદ્ ગોસ્વામિ સ્વરૂપોથી, તથા બીજી તરફ શ્રીગોપીજનોના ભાવને પ્રદર્શિત કરતી, વિવિધ પ્રકારના શૃંગારથી સુશોભિત સખીઓ (પુતળીઓ)થી, શરદપૂર્ણિમાના આ ઉત્સવમાં અપૂર્વ શોભા જણાતી હતી. શરદ પૂર્ણિમાના પ્રકાશિત ચંદ્ર કિરણો સાથે મિશ્રિત થતો, ગૅસના દીપકોનો પ્રકાશ પણ, આ સમયે અધિક આનંદ દર્શાવતો હતો. નીચેના ભાગથી ક્યારાની એક તરફ, કઠેરાને લગતો દર્શન માટે જવા આવવાનો માર્ગ સાંઝીના મનોરથના દિવસ પ્રમાણેજ, બહુ સગવડ ભરેલો હતો; અને તેથી દર્શન કરનારને શ્રીમુખ નિહાળવાનો અને નેત્રદ્વારા સારી રીતે શ્રીમુખ નીહાળી, ભાવ પૂર્વક શ્રીપ્રભુને હૃદયસ્થિત કરવાનો, ઉત્તમ લાભ પ્રાપ્ત થતો હતો. શુમારે આઠ વાગે, અલૌકિક ભજનાનંદ દાતા, રસાત્મક શ્રીરાસેશ્વર સ્વરૂપ શ્રીપ્રભુનાં દર્શન, સ્વાતિબિન્દુવત્ ભગવદીયજન ચાતકોને પ્રાપ્ત થયાં હતાં; કે જેઓ, શરદ મનોરથરૂપ સ્વાતિનક્ષત્રમાં, દર્શનાનંદ રસરૂપ વૃષ્ટિને માટે, મધ્યાહ્ન

સમય પશ્ચાત્‌ના દ્વિપ્રહરાત્મક અષ્ટમાસિક સમયને, જયધ્વનિના શબ્દો, અને મંગલ ધોળ કીર્ત્તનાદિના રટણથી, વ્યતીત કરતા બાગમાંજ સ્થિત થયેલા હતા. દર્શન સમયે મધુર મધુર વાગતુ વાજુ (બૅંડ) પણ કર્ણને આનંદ આપી, શ્રીરાસેશ્વરના રાસોત્સવના આનંદમાં, ઉપયોગી થતું જણાતું હતું. શ્રી--નાં દર્શન લગભગ બે કલાક સુધી ખુલ્લાં રહ્યાં હતાં;અને પછી આરતી થઈ હતી. પશ્ચાત્‌ શ્રીપ્રભુ સુખપાલમાં બિરાજી, મંદિરમાં પધાર્યા હતા; અને નિયમાનુસાર નિત્યક્રમ થયો હતો. આનંદ ભગવદીય જનોને બહુજ સારો પ્રાપ્ત થયો હતો; અને તે શ્રીપ્રભુની કૃપાનુંજ કારણ હતું.

*ચૈત્ર કૃષ્ણા (વ્રજ વૈશાખ કૃષ્ણા) ૧ મંગલવાર—શ્રાવણ ભાદરવાની શોભાવાળા બંગલામાં, ચંદનના સિંહાસન ઉપર બિરાજવાનો મનોરથ.

આ દિવસે, પ્રાતઃકાલથી સાંજ સુધીની સેવા, નિત્યક્રમ પ્રમાણે થઈ હતી. સાયંકાલે શુમારે સાત વાગે, રાધાવિલાસવાળા બગીચામાં, પછવાડે વાવડી (વાય) ની પાસેના, નવા શ્રાવણ ભાદરવાની શોભાવાળા તેજ નામથી શોભિત, બંગલામાં (શીમલામાં) સામેની બાજુ, શ્રીપ્રભુ સુંદર સુગંધિત શીતલ ચંદનના સિંહાસન ઉપર, બિરાજમાન થયા હતા. શ્રીપ્રભુ સુવર્ણના નાના સુખપાલમાં બિરાજી, ભગવદીયજનોને દર્શન આપતા, મંદિરમાંથી બંગલામાં પધાર્યા હતા. દર્શન સમયે, બંગલાની યથા નામ તથા ગુણ રૂપ શોભા દર્શાવવા,

---

* આ દિવસે છપ્પન ભોગનો મનોરથ થવાનો હતો, પરંતુ શ્રીમાન્‌ ટિકેત મહારાજ શ્રીગોવર્ધનલાલજીની ઇચ્છા, શ્રીકાંકરોલીથી શ્રીમદ્દ્વારકાધીશ્વર પ્રભુને પણ છપ્પનભોગના મનોરથમાં પધરાવવાની હોવાથી, તે સંબંધી વિચાર કરવામાં, અને તેજ દિવસે પધરાવવા વિગેરેની યોગ્ય વ્યવસ્થા નહીં બની શકવાથી, છપ્પનભોગ મનોરથ આ દિવસે બંધ રાખ્યો હતો; અને શ્રીદ્વારકાધીશ્વર પ્રભુને પધરાવવાનો, શ્રીમદ્‌ ગો૦શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ સાથે નિશ્ચય કરી, તે સંબંધી અન્ય વ્યવસ્થાઓના વિચારો કરવામાં આવ્યા હતા.

ઈંદ્ર રાજાએ પણ મેઘદ્વારા વૃષ્ટિ કરાવી, પ્રત્યક્ષ શ્રાવણ ભાદરવાનું ભાન કરાવી દીધું હતું; અને શ્રીપ્રભુની યોગ્ય સમયે સેવા કરી, શ્રીપ્રભુનું પ્રભુત્વ પણ દર્શાવી દીધું હતું. દર્શન સમયે થતી મંદ મંદ વૃષ્ટિ, શ્રીપ્રભુની આજની આ આનંદ લીલાને અનુકૂલ હોવાથી, વૈષ્ણવજનોના હૃદયને રસાર્દ્રિત કરતી જણાતી હતી. નિયમાનુસાર એક પછી એક, એમ બન્ને મંગલ તોપોની સૂચના થયા પછી, શુમારે પાંચ વાગે શ્રી--નાં દર્શન થયાં હતાં. આ સ્થલે દર્શન કરનારની ભીડના પ્રમાણમાં વિસ્તારવાળું સ્થાન ન હોવા છતાં પણ, યોગ્ય રીતે પ્રબંધ કરવામાં આવ્યો હતો, કે જેથી, દરેકને દર્શન પ્રાપ્ત થયાં હતાં. એક કલાકથી વધુ શ્રી--નાં દર્શન થતાં રહ્યાં હતાં; અને તે પછી શ્રીપ્રભુ સુખપાલમાં બિરાજી મંદિરમાં પધાર્યા હતા, અને ત્યાં ક્રમ પ્રમાણે નિયમાનુસાર તે પછીની સેવા વિગેરે થયું હતું. શ્રી ગોસ્વામિ મંડલ, નિત્ય પ્રમાણે શ્રીપ્રભુથી વિદાય થઈ, પોતપોતાને સ્થાને રવાના થયું હતું. વૈષ્ણવ મંડલ પણ પોતપોતાને સ્થાને પ્રાપ્ત થયું હતું. દર્શન વખતે ભીડ સાધારણ હતી.

ચૈત્ર કૃષ્ણા ૨ બુધવાર—ગુલાબના બંગલાનો મનોરથ.

આ દિવસે, પ્રાતઃકાલથી સાંજસુધીની સેવા નિત્યક્રમ પ્રમાણેજ થઈ હતી, સાયંકાલે શુમારે સાત વાગે શ્રીપ્રભુ નિજ મંદિરમાંથી પધારી રાધાવિલાસ બાગમાં મંદીરની પછવાડેના ભુલભુલૈયા નામના, બગીચાના એક ભાગના કયારાના મધ્યભાગે, ગુલાબનાં સુગંધિત પુષ્પોથી શોભિત બંગલામાં બિરાજમાન થયા હતા. શ્રી--ના બંગલામાં પધાર્યા પછી થોડા સમયે દર્શન ખુલ્યાં હતાં. બંગલાની ચારે બાજુ, બગીચાનાં કુદરતી ચાર સ્તંભના રૂપમાં આવી ગયેલાં શેલુવૃક્ષો, અધિક શોભા દર્શાવતાં હતાં. સામેની બાજુના કઠેરાથી, દર્શન કરવા માટે

જવા આવવાનો માર્ગ રાખવામાં આવ્યો હતો. શ્રીપ્રભુનાં દર્શન પણ ત્યાંથીજ થતાં હતાં.

અષ્ટપહેલની શોભાવાળો ગુલાબ બંગલો, બહુજ સુંદર શોભતો હતો. દર્શન કરવ.નું સ્થલ જો કે, શ્રી પ્રભુથી સ્થાન અગવડને લીધે થોડે દૂર હતું; તથાપિ શ્રીપ્રભુના સ્વરૂપાનંદ પ્રકાશથી, તેમજ શ્રીસન્નિધિમાં શોભતા દીપકોના પ્રકાશથી, અને બાજુમાં ગોઠવેલા ગૅસ દીપકોની રોશનીના ઉજ્વલ પ્રકાશથી, શ્રી--સ્વરૂપ સારી રીતે નિરખી શકાતું હતું. શ્રીમદ્ ગો૦ મંડલ, તેમજ શ્રીવહુજી બેટીજી પ્રભૃતિ મંડલ, કીર્ત્તન કર્ત્તાઓ, આમાત્યવર્ગ, સદ્ગૃહસ્થ ભગવદ્ ભકતો, અને અન્ય સભ્યજન મંડલ વિગેરે મંડલો શ્રી--સમીપ સ્થિત હતાં. દૂરથી નિહાળતાં સુંદર વિવિધ લતાવૃક્ષથી શોભતો બાગ, સુંદર ભુલભુલૈયાની લીલા રંગની કુદરતી શોભામાં વૃદ્ધિ કરનાર ગુલાબી બંગલાથી, તેમજ શ્રીપ્રભુના ઉજ્વલ પ્રકાશિત બિલ્લોર કાચના સિંહાસનથી, તથા શ્રીમદ્ ગો૦ બાલકો અને શ્રીવહુજી બેટીજી, તથા અન્ય મંડલનાં વિવિધ રંગનાં વસ્ત્રોથી, અદ્ભુત શોભાવાળો જણાતો હતો; અને દરેક નૂતન શોભાદ્વારા, નેત્રને અધિક રમણીય માલુમ પડતો હતો. એક કલાક દર્શન થયા પછી, શ્રીપ્રભુ મંદિરમાં પધાર્યા હતા; અને પછીથી નિત્ય ક્રમ પ્રમાણે બાકીનો સેવા ક્રમ વિગેરે થયું હતું.

ચૈત્ર કૃષ્ણા ૩ ગુરૂવાર—વસ્ત્ર હરણ લીલાનો મનોરથ.

આ દિવસે, પ્રાતઃકાલનો સેવાક્રમ થયા પછી, રાજભોગમાં શ્રીપ્રભુ વસ્ત્ર હરણ લીલાના મનોરથથી, બાગમાં નિજમંદિરના આગલા ચોતરાના ખૂણા પાસેના, આમ્ર વૃક્ષના થડમાં મધ્ય ભાગે, કમલતલાઈના કીનારા ઉપર, કે જે કમલતલાઈની સન્મુખ દાન એકાદશીનો મનોરથ થયો હતો, ત્યાં આગળ શ્રી પ્રભુ બિરાજમાન થયા હતા. કમલ તલાઈના કુંડને, શ્રીયમુ-

નાજીના ભાવથી માની, તલાઈ (કુંડ) ના તટ ઉપર, શ્રીકાત્યાયિની મહામાયાને પણ, એક નાના સુંદર મંદિરમાં સ્થાપન કર્યાં હતાં; તેમજ આમ્ર વૃક્ષને, કદમ્બવૃક્ષ માની, તેના ઉપર વ્રજભક્ત શ્રીગોપીજનો (કુમારિકાઓ) નાં વિવિધ પ્રકારનાં ચીર (વસ્ત્ર), શ્રીપ્રભુએ હરણ કર્યાના ભાવથી લટકાવવામાં આવ્યાં હતાં. દર્શન સમયે શ્રીયમુનાજીરૂપ કમલતલાઈના તટ ઉપર, કદમ્બ વૃક્ષરૂપ આમ્રવૃક્ષ ઉપર લટકતાં શ્રીવ્રજભકતોનાં વસ્ત્રોથી શોભિત આમ્રવૃક્ષના મધ્ય ભાગમાં બિરાજમાન શ્રીનંદનંદન વ્રજેશ્વર શ્રીમન્નવનીતપ્રિય પ્રભુની શોભા, અલૌકિક રસાનંદ યુક્ત માલુમ પડતી હતી. શ્રી--નાં દર્શન મધ્યાહ્ન સમયે ખુલ્યાં હતાં. વિવિધ રસ સુખ દાન કર્ત્તા, શ્રીપ્રભુનાં દર્શન, સર્વને આનંદથી પ્રાપ્ત થયાં હતાં. કમલતલાઈના તટમાં સ્નાન કરવાના ભાવને, અને શ્રીનંદ ગોપસુત પતિત્વની પ્રાપ્તિ માટે, શ્રદ્ધા પૂર્વક શ્રીકાત્યાયિનીના વ્રત ભાવને પ્રત્યક્ષ કરાવતી, વ્રજભકતો (કુમારિકાઓ) રૂપ પુત્તલિકાંઓ, મનોરથાનંદ રસમાં વિશેષ વૃદ્ધિ કરતી હતી. કમલતલાઈ પણ, શ્રીયમુનાજીના ભાવથી અનેક પ્રકારે શોભિત થયેલી, મનોરથોત્સાહને પૂર્ણ દર્શાવતી હતી. દર્શન લગભગ એક કલાક સુધી થયાં હતાં; તત્પશ્ચાત્ શ્રીપ્રભુ મંદિરમાં પધાર્યા હતા. મંદિરમાં પધાર્યા પછી અનોસર થયો હતો. સાંજે ઉત્થાપનાદિ સેવા ક્રમ નિત્ય પ્રમાણે થયો હતો. આનંદ આજનો ખરેખર અવર્ણનીયજ હતો.

ચૈત્રકૃષ્ણ ૪ શુક્રવાર—પ્રબોધિનીનો મનોરથ.

આ દિવસે, પ્રાતઃકાલથી સાયંકાલ પર્યંત, નિયમ્ પ્રમાણે સેવાક્રમ થયો હતો. શુમારે સાત વાગ્યાને સમયે શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ, નિજમંદિરના ચોતરા ઉપર પ્રબોધિની ઉત્સવના મંગલ મંડપના મધ્યભાગે સિંહાસનઉપર બિરાજમાન થયા હતા. ચોતરા ઉપર હાંડી વિગેરેની રોશની, તથા શ્રી--સન્મુખ

બાગમાં સડકો ઉપર તેલની રોશની ઉત્તમ પ્રકારથી કરવામાં આવી હતી. શ્રીપ્રભુના અલૌકિક સ્વરૂપાનંદ પ્રકાશથી, તેમજ મંગલ મનોરથોત્સવની રોશનીથી, તથા ગૅસના દીપકો (કીટ્સન લાઈટો)ના ઉજ્વલ પ્રકાશથી, બાગની શોભા સ્વર્ગોદ્યાનથી પણ સુંદર જણાતી હતી. શ્રી--નાં દર્શન સાત વાગ્યા પછી ખુલ્યાં હતાં. દર્શનમાં ભીડ વિશેષ હતી. દર્શનનું સુખ દરેકને સારૂં પ્રાપ્ત થયું હતું. આશરે બે કલાક સુધી, શ્રીપ્રભુનાં દર્શન ખુલ્લાં રહ્યાં હતાં; અને ઉત્સવનો માંગલિક ક્રમ થયો હતો. આરતી થયા પછી દર્શન બંધ થયાં હતાં; અને શ્રી--નો શયનક્રમ થયો હતો. શયનાનંતર નિયમ પ્રમાણે સર્વે પોતપોતાને સ્થાને ગયા હતા. આનંદ અત્યુત્તમ રહ્યો હતો. આ દિવસે ટિકૈત મહારાજ શ્રીગોવર્ધનલાલજી, શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુને છપ્પન ભોગમાં પધારવાની વિજ્ઞપ્તિ કરવા શ્રીકાંકરોલી પધાર્યા હતા. સાંજે પાછા શ્રીજીદ્વાર પધાર્યા હતા.

ચૈત્રકૃષ્ણ ૫ શનિવાર—કાચના હિંદોલાનો મનોરથ.

આ દિવસે, પ્રાતઃકાલથી સાયંકાલ સુધીનો સેવાક્રમ નિત્ય પ્રમાણે થયો હતો. શયનમાં સાયંકાલ સમયે શ્રીપ્રભુ નિજમંદિરના ચોતરા ઉપર, સુશોભિત કાચના હિંદોલામાં બિરાજમાન થયા હતા. શ્રીપ્રભુના શૃંગારની, તેમજ હિંદોલાની શોભા અત્યુત્તમ હતી. બે કલાક સુધી શ્રીપ્રભુએ નિજજનોને દર્શનાનંદ લાભ પ્રાપ્ત કરાવ્યો હતો; અને પછી શ્રીપ્રભુની આરતી થઈ હતી. આરતી થયાપછી શ્રીપ્રભુ નિજમંદિરમાં પધાર્યા હતા; અને બાઠીનો ક્રમ પૂરો થયો હતો. શ્રીગોસ્વામિ સ્વરૂપો, શયનાનંતર પોતપોતાને સ્થાને પધાર્યા હતા. તેમજ વૈષ્ણવ જન પણ, શ્રીભગવલ્લીલાનુવાદ કરતા બાગમાંથી નગર તરફ રવાના થયા હતા.

ચૈત્રકૃષ્ણા ૬ રવિવાર—શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુનું, શ્રીકાંકરોલીથી શ્રીજીદ્વાર પધારવું.

આ દિવસે, લાલ બાગમાં, શ્રીમન્નવનીતપ્રિય પ્રભુનો સેવાક્રમ નિયમાનુસાર નિત્ય પ્રમાણેજ રહ્યો હતો. નગરમાં **શ્રીમદ્ ગોવર્ધનધર પ્રભુને** ત્યાં, રાજભોગ પૂર્વનો સેવાક્રમ નિત્યક્રમ પ્રમાણેજ, શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુના પધારવાની માર્ગે સૂચના પ્રમાણે થતો રહ્યો હતો. રાજભોગમાં **શ્રીમદ્ દ્વારકાધીશપ્રભુ**, તેમજ **શ્રીમન્મથુરાધીશ પ્રભુ**, **શ્રીમદ્ ગોવર્ધનધરપ્રભુ** સમીપ પધાર્યા હતા; અને રાજભોગ સાથેજ આરોગ્યો હતો. શુમારે સાડાદશ વાગે, શ્રીમદ્ દ્વારકાધીશપ્રભુ, સાજ સવારી સાથે ધામધૂમથી, અન્નકૂટોત્સવ પ્રમાણેજ, નગારા, નિશાન, પલટણ, છત્ર, ચામર, હસ્તિ, અશ્વો, વિગેરે મોટા સમારોહ પૂર્વક નગરમાં પધાર્યા હતા. શ્રીપ્રભુ નિયમ પ્રમાણે થોડો સમય વિશ્રામાર્થ **શ્રીવ્રજપુરામાં** બિરાજ્યા હતા; અને ત્યાંથી પોતાના મંદિરે ન પધારતાં, બારોબાર શ્રીમદ્ ગોવર્ધનધર પ્રભુ સમીપ પધાર્યા હતા. શ્રીપ્રભુને પધરાવવા મંદિરના સભ્યજનો, છડીદારજી, અધિકારીજી, સમાધાનીજી, ભંડારીજી, કીર્ત્તન કર્ત્તાઓ પ્રભૃતિ મંડલ સન્મુખ ગયું હતું. આનંદપૂર્વક નગર નિવાસીજનોની અને વિદેશી યાત્રાર્થ આવેલા ભગવદીયજનોની જયધ્વનિ સહ પુષ્પવૃષ્ટિથી શોભતો, શ્રીપ્રભુનો સુખપાલ મંદિરમાં પધાર્યો હતો. માર્ગમાં શ્રી—ના સુખપાલને સ્પર્શ કરવાની ઉત્સુકતાથી, ભગવદ્ ભક્તોનાં ટોળાં, શ્રી—ના સુખપાલની આજુબાજુ ધાવતાં આનંદિત જણાતાં હતાં. માર્ગ ઉપર પ્રેમી સ્ત્રીમંડલ પણ, વિવિધ પ્રકારના મંગલ ગાનથી આનંદ મનાવતું હતું. સ્વકીય ભક્તોને આ અલૌકિક સુખપ્રદાન કરતા, શ્રીપ્રભુ, શ્રીમન્નિકુંજેશ્વર શ્રીમદ્ ગોવર્ધનધર પ્રભુ સમીપ પધાર્યા હતા; અને સાથે બિરાજમાન થયા હતા. શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુ પણ, સુંદર સુખપાલમાં બિરાજી, રાજભોગાનંતર

પોતાના મંદિરમાંથી શ્રી--સમીપ પધાર્યા હતા. આ દિવસે રાજભોગનાં દર્શન શુમારે અઢી વાગે ખુલ્યાં હતાં. દર્શનમાં ભીડ અત્યંત જણાતી હતી. દર્શન સમયે અલૌકિકાનંદજ પ્રત્યક્ષ થતો હતો. રાજભોગ આરતી થયા પછી શ્રી—નાં દર્શન બંધ થયાં હતાં; અને તત્પશ્ચાત્ શ્રીમદ્ દ્વારકાધીશ્વરપ્રભુ, તથા શ્રીમન્મથુરાધીશ્વરપ્રભુ, **શ્રીમન્મથુરાધીશ પ્રભુના મંદિરમાં** પધાર્યા હતા. ઉભય શ્રી--સ્વરૂપો અત્રે એકજ સિંહાસન ઉપર પહેલાંની પ્રમાણે બિરાજમાન થયાં હતાં. અત્રે મંદિરમાં ઉભય શ્રી--સ્વરૂપો પધાર્યા પછી, અનોસર રહ્યો હતો; અને અનોસર પછી સાંજે ઉત્થાપનાદિ સેવાક્રમ શરૂ થયો હતો. અત્રેનાં (ગ્રામમાં બિરાજતાં શ્રી--સ્વરૂપોનાં) રાજભોગનાં દર્શન થઈ રહ્યા પછી, વૈષ્ણવજન સપ્રેમ શ્રીમન્નવનીતપ્રિય પ્રભુનાં ઉત્થાપનાદિ સમયનાં દર્શન કરવા, બાગ તરફ રવાના થવા લાગ્યાં હતાં. આજનો શ્રીપ્રભુ પધારવાનો, તેમજ રાજભોગ સમયનો આનંદ અવર્ણનીયજ હતો.

* ચૈત્રકૃષ્ણ ૭ સોમવાર—શ્રીનાથદ્વારાના શ્રીમદ્દ્વારકાધીશ પ્રભુના મંદિરમાં, શ્રીમન્મથુરાધીશ પ્રભુ, તથા શ્રીમદ્દ્વારકાધીશપ્રભુ, તથા શ્રીમન્નવનીતપ્રિયપ્રભુનું સાથે બિરાજવું; અને બંગલાનો મનોરથ.

આ દિવસે, બાગમાં રાજભોગ પર્યંતનો સેવાક્રમ નિત્ય નિયમાનુસારજ થયો હતો. શ્રીમન્મથુરાધીશ પ્રભુના મંદિરમાં, રાજભોગ સુધીનો સેવાક્રમ થયા પછી, **શ્રીમદ્દ્વારકાધીશ પ્રભુ**, તથા **શ્રીમન્મથુરાધીશ પ્રભુ**, સુખપાલમાં બિરાજી શ્રીમદ્ ગોસ્વામિ બાલકોના મંડલથી શોભતા, મંગલ કીર્ત્તનોની

---

* આજે સાંજના સર્વે ગોસ્વામિ બાલકો, મુંબાઈવાળા શેઠ ચતુર્ભુજદાસ મુરારજી, કે જેઓ શ્રી--દર્શનાર્થે અત્રે આવેલા હતા, તેમને તેમની પ્રકૃતિ ઠીક ન હોવાના કારણથી પ્રકૃતિ જોવાને નિમત્ત, અંત સમયમાં દર્શન આપવા કૃપા કરીને તેમના મુકામે પ્રીતમપોલમાં પધાર્યા હતા. શેઠ પણ અંત સમયનો અલભ્ય દર્શન લાભ પ્રાપ્ત કરી, તેજ રાતે શ્રીપ્રભુચરણ શરણ થયા હતા.

ધ્વનિના આનંદ સાથે, **શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુના મંદિરમાં** પધાર્યા હતા. શુમારે દશવાગે ઉભય સ્વરૂપો મંદિરમાં પધારી બિરાજમાન થયાં હતાં. કદલી સ્તંભો, તથા ધ્વજા, પતાકા, તોરણોથી મંદિર શોભાયમાન કરેલું હતું. ઉભય શ્રીપ્રભુ સ્વરૂપો મંદિરમાં પધાર્યા બાદ લગભગ મધ્યાહ્ન સમયે, બાગમાંથી **શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ**, ઉત્તમ સુખપાલમાં બિરાજી, નગારા, નિશાન, વિગેરે સવારીના સાજસાથે ધામધૂમથી નગરમાં **શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુના** મંદિરમાં પધાર્યા હતા. મંદિર આગળ શ્રી—નો સુખપાલ પધારતાંજ, શ્રીમદ્ ગો૦ શ્રી **બાલકૃષ્ણલાલજી મહારાજે** (શ્રીકાંકરોલીવાળા) સહર્ષ સુગંધિત પુષ્પોથી શ્રીપ્રભુને વધાવી લીધા હતા. મંગલ માર્જનાનંતર શ્રીપ્રભુ મંદિરમાં પધાર્યા હતા; અને ઉભય શ્રી——સ્વરૂપો સાથે બિરાજમાન થયાં હતાં. શ્રીપ્રભુના સુખપાલને બાગમાંથી વિજય કરાવવાના સમયે, મંગલ તોપોના શબ્દોથી સૂચના કરવામાં આવી હતી, કે જે સૂચનાદ્વારા ભગવદીયજનો, તે સમયથીજ, શ્રીપ્રભુ પધારવાના આહ્લાદમાં,સ્થલે સ્થલે માર્ગમાં સુગંધિત પુષ્પો હાથમાં લઈ, શ્રીપ્રભુને વધાવવા ઉપસ્થિત થઈ ગયા હતા. શ્રીપ્રભુ પધારવાના રાજમાર્ગમાં પણ, દરેક સ્થલે ધ્વજા, પતાકા, તોરણો, અને બીજાં તેવાંજ અનેક મંગલ ચિહ્નો, જોવામાં આવતાં હતાં. શ્રી——ના સુખપાલની આગળ આગળ, ટિકેત **મહારાજશ્રી**, તથા ચિ૦ **શ્રીલાલબાવા**, તથા મુખ્ય કારભારીઓ અને આમાત્યવર્ગ તથા કીર્તનકર્ત્તાઓ અને અન્ય સદ્ગૃહસ્થ ભગવદ્ભક્તો ચાલતા હતા. મંદિરમાં બિરાજી ત્રણે સ્વરૂપોએ સાથે મનોરથોત્સવનો ભોગ આરોગ્યો હતો. વિવિધ પ્રકારની ઉત્તમ સામગ્રીઓ આરોગ્યા બાદ, શ્રી——સ્વરૂપોનાં દર્શન શુમારે સાંજના પાંચવાગે ખુલ્યાં હતાં. સુંદર ચાંદીના બંગલામાં મધ્યમાં શ્રીનવનીતપ્રિયાજી, તથા વામ ભાગે બિરાજમાન શ્રીમન્મથુરાધીશ પ્રભુ, તથા દક્ષિણ ભાગમાં બિરાજમાન શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુ, અલૌકિકાનંદ રસદાન કરતા હતા. સ્વરૂપોના

શૃંગારની અને બંગલાની શોભા, અતિશય આનંદ પ્રાપ્ત કરાવતી હતી. દર્શનોત્સુક ભગવદ્ભક્તોનાં ટોળાં, શુધ બુધ ભૂલી ગયેલાં તલ્લીનજ જણાતાં હતાં. ભીડ અત્યંત હતી. મંદિરના આગલા દરવાજામાં પેસતાં, સામેની સીઢીઓ ઉપરજ, નિજમંદિરના બારણા આગળ, ઉત્તમ પ્રકારના કદલી સ્તંભોથી શોભિત,ચાંદીના બંગલામાં શ્રી--સ્વરૂપો બિરાજમાન થયાં હતાં; અને તેથી દર્શન કર્ત્તાઓને દ્વાર આગળથીજ, સન્મુખતા પ્રાપ્ત થઈ, શ્રી--દર્શનાનંદ મળી શકતો હતો. દર્શનકર્ત્તાઓ આજ એટલે સુધી આસક્ત થઈ ગયા હતા, કે દ્વાર ઉપર પ્રબંધમાં ઉપસ્થિત, ઝાપટીયાઓ અને અન્ય રાજ્યનોકરો (પોલીસ વિગેરે) તરફથી, વ્યવસ્થા નિમિત્તે થતા (લૌકિકદ્રષ્ટિથી) વિવેક શૂન્ય અને વિચારરહિત વર્ત્તાવ તરફ પણ, કોઈએ લક્ષ આપેલું નહતું. કેટલાએક તો જાણે લૌકિકદ્રષ્ટિ પરિત્યક્ત કરી, ભગવદાસક્તિમાંજ લીન થઈ ગયા હોય, તેમ સપ્રેમ દર્શનાનંદ મગ્ન, આનંદથી અધીરા થતા, હર્ષઘેલાની માફક જ્યાં ત્યાં ભીડમાંજ, શ્રીપ્રભુના જયશબ્દોની ધ્વનિ કરતા, દેહાનુસંધાન રહિત જેવા, શ્રી--મુખ નિરખવા આગળ વધતા જણાતા હતા.

આજનાં અલૌકિક દર્શન,નવયુવકો અને સુધારકો ને અત્યાશ્ચર્યયુક્ત, તેમજ વૃદ્ધ, શ્રદ્ધાલુ,શુદ્ધ ભગવદ્ ભકતોને,અત્યુત્તમ અપ્રાપ્તવત્ માલુમ પડતાં હતાં. સ્થલ સંકોચતા અને સગવડની પ્રતિકૂલતા હોવાથી, તેમજ ભીડ અત્યંત હોવાને લીધે, ઘણા ભગવદ્ ભકતો તો, જયધ્વનિના શબ્દોથી દીનતા પૂર્વક, દર્શનાકાંક્ષા રૂપ શ્રીપ્રભુની પ્રાર્થના કરતા, એક તરફ ઉપસ્થિત થયેલા જણાતા હતા; અને તેવાં કારણોને લીધેજ શ્રીપ્રભુએ કૃપા કરીને, લગભગ બે કલાકથી વધુ બિરાજી, દર્શન લાભ આપ્યો હતો. સમય વિશેષ થઈ જવાથી સાંજ પડવાના કારણને લીધે, દીપકો દ્વારા પ્રકાશની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમ બની શક્યું તેમ દરેકને દર્શન થઈ શકે તેવી સગવડ માટે, યોગ્ય પ્રબંધ દર્શન ખુલ્યા પછી કરવામાં આવ્યો હતો. આજનાં

અલૌકિક દર્શનથી ભાગ્યેજ ભગવદ્ ભકતોને સંતોષ પ્રાપ્ત થયો હશે. આવા અત્યુત્તમ આનંદ રસનો સંતોષ જ શો ? એતો જેટલો પ્રાપ્ત થાય તેટલો ઓછો. અત્રે સંતોષ બિચારાની શી ગણના, કે તેને સ્થાન પ્રાપ્ત થાય. આરતી થયા પછી શ્રી—સ્વરૂપો સુખપાલમાં બિરાજમાન થયાં હતાં. રાત્રિના આઠ વાગ્યાને શુમારે, શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ સવારીની ધામધૂમ સાથે, પ્રથમ પ્રમાણેજ નગરમાંથી પુનઃ લાલબાગમાં પધાર્યા હતા; અને ત્યાં ઉત્થાપનાદિ સેવાક્રમ શરૂ થયો હતો. તેવીજ રીતે, શ્રીમન્મથુરાધીશપ્રભુ, તથા શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુ પણ, સુખપાલમાં બિરાજી શ્રીમન્મથુરાધીશ પ્રભુના મંદિરમાં પધાર્યા હતા; અને બાકીનો સેવાક્રમ શરૂ થયો હતો. આજનો આ અત્યુત્તમ અલૌકિકાનંદ, આધુનિક કલિદોષ ગ્રસિત જીવોને, શ્રીપ્રભુ સ્વરૂપોની કૃપાથી તેમજ ગોસ્વામી શ્રીબાલકૃષ્ણલાલજીના હૃદયોત્સાહના મનોરથાનંદ નિમિત્તથી, તથા ટિકેત મહારાજશ્રીના પ્રારંભિત મનોરથોત્સવોના પ્રસંગથી, અને ગો૰શ્રીરણછોડલાલજીના શ્રીમન્મથુરાધીશપ્રભુસહ અત્રેના શુભાગમનથીજ પ્રાપ્ત થયો હતો. આનંદ ખરેખર અવર્ણનીય અને અપાર હતો.

ચૈત્ર કૃષ્ણ ૮ મંગલવાર—લાલબાગમાં છપ્પનભોગનો મનોરથ.

આ દિવસે, પ્રાતઃકાલથી રાજભોગ પર્યંતનો સેવાક્રમ, નગરમાં બિરાજમાન સ્વરૂપોનો, તથા બાગમાં શ્રીમન્નવનીતપ્રિયાજીનો, નિત્યનિયમાનુસારજ થયો હતો. રાજભોગાનંતર શ્રીમદ્ ગોસ્વામિ તિલક, મહારાજ શ્રીગોવર્ધનલાલજીના મનોરથથી, શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ સાથે છપ્પન ભોગ આરોગવા, નગરમાંથી સર્વે સ્વરૂપો લાલબાગમાં પધાર્યાં હતાં.

શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુનું બાગમાં પધારવું.

પ્રથમ શ્રીમદ્વિઠ્ઠલવર પ્રભુ, રાજભોગાનંતર ઉત્તમ

સુખપાલમાં બિરાજી, શુમારે ૧૧ વાગે પોતાના મંદિરમાંથી બાગમાં પધારવા વિદાય થયા હતા. શ્રીપ્રભુ નગારા, નિશાન, વાજીંત્ર, છત્ર, ચમર, હાથી, ઘોડા પ્રભૃતિ સવારીની ધામધૂમથી, તોપોના મંગલ શબ્દોદ્વારા વિજય દર્શાવતા પધાર્યા હતા. શ્રી--ના સુખપાલ આગળ, શ્રીમદ્ આચાર્યવર્ય ગોસ્વામી શ્રી ગોપેશ્વરલાલજીમહારાજ, તથા ચિ૦લાલબાવા શ્રીકૃષ્ણરાયજી,(ઇન્દોરવાળા શ્રીદેવકીનંદનલાલજી મહારાજના લાલજીશ્રી બચ્ચુબાવા) પોતાના મંદિરના અધિકારીજી, સમાધાનીજી, અને અન્ય સભ્યજનો, તથા કીર્ત્તન કર્ત્તાઓ પ્રભૃતિના મંડલ સાથે પધારતા શોભતા હતા. પાછળ પાછળ, ભગવદ્ ભકતો જયઘોષ કરતા ચાલતા હતા. મંગલ ગાન કરતું સ્ત્રીમંડલ પણ, અત્યુત્તમ શોભા દર્શાવતું હતું. માર્ગમાં સ્થલે સ્થલે, શ્રી--ના સુખપાલ ઉપર કુસુમ વૃષ્ટિ થતી જતી હતી. શ્રીમાન્ ટિકેત મહારાજશ્રીના તરફથી પણ, શ્રીપ્રભુના પધારવાના ઉત્સાહમાં, આની, બેઆની,ચારઆનીઓ વિગેરે, તથા સુવર્ણ અને ચાંદીનાં પુષ્પોની વૃષ્ટિ, શ્રી--ના સુખપાલ આગળ થતી હતી. શ્રીપ્રભુને પધરાવવાનો ઉત્સાહ, શ્રીમાન્ તરફનો પણ ખરેખર પ્રસંશનીયજ હતો. શ્રીપ્રભુને પધરાવવા પોતાના તરફથી ટિકેત મહારાજશ્રીએ, લશ્કર, નગારા, નિશાન, વાજીંત્ર, ઘોડેસ્વાર (રિસાલો)સુંદર શૃંગારેલા અશ્વો, હાથી, વિગેરે સવારીના સાજ સાથે, પોતાના આમાત્ય મંડલને મોકલાવેલું હતું. શ્રીપ્રભુ સવારી સાથે નગરમાંથી લાલબજારને માર્ગે થઈ, લાલબાગમાં પધાર્યા હતા.શ્રીપ્રભુની સવારી આ અદ્ભુત રાજસવારીના આનંદને દર્શાવતી, લગભગ એક કલાકે, બાગમાં પહોચી હતી. માર્ગમાં સ્થલે સ્થલે, ધ્વજા, પતાકા, તોરણો વિગેરે મંગલ ચિહ્નો જોવામાં આવતાં હતાં. શ્રીપ્રભુની સવારી બાગના દ્વાર ઉપર પહોચતાંજ, તોપોના મંગલ શબ્દો પુનઃ થયા હતા; અને શ્રીપ્રભુને મંગલ કલશદ્વારા વધાવી લીધા હતા. શ્રીમદ્ ગોસ્વામિ સ્વરૂપો, તથા ઉપાધ્યાય, પુરોહિત, પંડ્યા, શાસ્ત્રી,

ભટ્ટવર્ગ પ્રભૃતિદ્વારા, મંગલ સ્વાસ્તિવાચન માર્જનાદિ થયાપછી શ્રીપ્રભુનો સુખપાલ બાગમાં પધરાવવામાં આવ્યો હતો; અને **શ્રી છપ્પનભોગ આરોગવાને સ્થલે***શ્રીપ્રભુને પધરાવ્યા હતા. **ટિકેત મહારાજશ્રી બાગના દ્વાર સુધી**, શ્રી—ને પધરાવવા સન્મુખ પધાર્યા હતા. આ સમયે બાગમાં, શ્રીમન્નવનીત પ્રિય પ્રભુને રાજભોગ આવવાનો સમય હતો. શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુને બાગમાં પધરાવીને,સવારીના સાજ સાથે, સભ્ય જનમંડલ, શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી તરફથી, શ્રીમન્મથુરેશ પ્રભુ, તથા શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુને પધરાવવા નગરમાં પાછું ફર્યું હતું.

શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુનું, તથા શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુનું બાગમાં પધારવું.

શ્રીમદ્ વિઠ્ઠલનાથજી પ્રભુના પધાર્યા બાદ, રાજભોગાનંતર **શ્રીમન્મથુરેશપ્રભુ**, તથા **શ્રીમદ્ દ્વારકાધીશપ્રભુ** પણ, શુમારે દોઢ વાગે બાગમાં પધારવા, મંદિરમાંથી સુખપાલમાં બિરાજી વિદાય થયા હતા. શ્રીપ્રભુની સવારી, છત્ર, ચમર, લશ્કર, સવાર, નગારા, નિશાન, વાજીંત્ર, હાથી, ઘોડાઓ પ્રભૃતિથી ઉત્તમ પ્રકારે શોભતી હતી. શ્રીમદ્ દ્વારકાધીશ્વરપ્રભુના સુખપાલ આગળ આગળ, શ્રીમદ્ ગોસ્વામી **શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ**, પોતાના સભ્યજન મંડલ, અને કીર્ત્તન કર્ત્તાઓ સાથે શોભતા પધારતા હતા. શ્રીમદ્દ્વારકાધીશ પ્રભુના સુખપાલ પાછળ થોડા અંતરે, શ્રીમન્મથુરાધીશ પ્રભુનો પણ રથ, સુંદર શ્વેત અશ્વોથી શોભિત ચાલતો આનંદ દર્શાવતો હતો; તેમજ શ્રીમદ્ ગોસ્વામી **શ્રીરણછોડલાલજી મહારાજ**, અને મંદિરના મુખ્ય કારભારીઓ અને અન્ય સભ્યજનો,

---

* છપ્પન ભોગનું સ્થલ, લાલબાગમાં પેસતાં દરવાજાથી વામહસ્તની સડકે જતાં, ખુણામાં જે ચોતરાવાળું મકાન છે તે હતું; કે જેને **બાલભોગ** કહેવામાં આવે છે. ચાલતા આ મનોરથોના દિવસોમાં જે સ્થાનની પાસેજ, ખર્ચભંડાર અને શ્રીકૃષ્ણભંડારના તંબુઓ લાગેલા હતા;અને જેની સન્મુખજ દોલોત્સવનો મનોરથ થયો હતો.

તથા કીર્ત્તન કર્ત્તાઓદ્વારા, શ્રી--ની સવારીનો આનંદ અધિક માલુમ પડતો હતો. પાછળ પાછળ, મંગલ ધોળ કીર્ત્તનોદ્વારા, શ્રીપ્રભુના ગુણાનુવાદ ગાતું ભગવદીયજન શ્રીમંડલ ચાલતું હતું. સૌથી પછવાડે, શ્રીટિકેત મહારાજશ્રી તરફથી, શ્રી--ને પધરાવવા મોકલવામાં આવેલો ઘોડેસ્વારોનો રિસાલો, અપૂર્વ રાજશોભાને દર્શાવતો, સૈન્ય નિયમાનુસાર પોતાનાં ધારણ કરેલાં શસ્ત્રો ઉપરની વિજયપતાકા ફરકાવતો, ઠાઠથી ચાલતો શોભતો હતો.

માર્ગમાં સ્થલે સ્થલે, ભગવદ્ભક્ત મનુષ્યો, શ્રી--ના સુખપાલઉપર સુગંધિત કુસુમવૃષ્ટિદ્વારા હર્ષ દર્શાવી, જયશબ્દોના ઘોષથી પોતાના હૃદયોત્સાહને પ્રકટ કરતાં હતાં. ઉભય શ્રી--સ્વરૂપોના પધારવાના ઉત્સાહ સત્કારમાં, ટિકેત મહારાજશ્રી તરફથી, આની, બેઆની, ચારઆનીઓ વિગેરે, તથા સુવર્ણ અને ચાંદીનાં પુષ્પોની વૃષ્ટિ, શ્રીપ્રભુના સુખપાલ અને રથ આગળ થતી હતી. શ્રીમદ્વિઠ્ઠલનાથ પ્રભુની પ્રમાણેજ, આ ઉભય શ્રી--સ્વરૂપોને પધરાવવા પણ સવારીના સાજસાથે, સભ્યજનમંડલ શ્રી--સેવામાં નગર સુધી મોકલવામાં આવ્યું હતુંજ; અને વળી શિહાડના નાકા આગળ તલાવ ઉપર ચોકીની પાસે પણ, વિશેષમાં ઉપસ્થિત રાખવામાં આવ્યું હતું. શ્રી--ના સુખપાલની તેમજ રથની શોભા અપૂર્વજ દેખાતી હતી. ઉપર્યુક્ત ધામધૂમથી, ઉભય સ્વરૂપો લાલબજારનેજ રસ્તે થઇ, લાલબાગ તરફ પધાર્યા હતાં. તોપોના મંગલ શબ્દોથી તથા મંગલ કલશદ્વારા, દ્વાર ઉપર શ્રીપ્રભુને વધાવી લીધા હતા; અને તદનંતર મંગલ માર્જનાનંતર, શુમારે સાડાત્રણ વાગે, શ્રીપ્રભુનો સુખપાલ તેમજ રથ, બાગમાં દાખલ થયો હતો. શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી શ્રીપ્રભુની સન્મુખ સહર્ષ બાગના દ્વાર સુધી પધાર્યા હતા; અને શ્રીપ્રભુને નમન કરી પાછા શ્રીમન્નવનીતપ્રિય પ્રભુના મંદિરમાં પધાર્યા હતા. આસમયે શ્રીમન્નવનીતપ્રિય પ્રભુનાં રાજભોગનાં દર્શન ખુલ્યાં હતાં. ઉભય શ્રી--સ્વરૂપો બાગમાં દાખલ થયા પછી, શ્રીછપ્પનભોગ આરોગવાના

સ્થલે, શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુની સાથે બિરાજમાન થયાં હતાં. બાદમાં શ્રીમન્નવનીતપ્રિય પ્રભુને પધરાવવાની તૈયારી કરવામાં આવી હતી.

શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ પણ, રાજભોગાનંતર શુમારે ચાર વાગ્યા પછી, સુવર્ણના નાના સુખપાલમાં બિરાજી, ખુલ્લી રીતે ભગવદીયજનોને દર્શનાનંદ પ્રાપ્ત કરાવતા, શ્રીમદ્ ગોસ્વામિ સ્વરૂપો અને સભ્યજનમંડલ સાથે, મંગલ કીર્તનોના આનંદ મધ્ય, શ્રીમાન્ ટિકેત **મહારાજ** **શ્રીગોવર્ધનલાલજીના હૃદયોત્સાહ રૂપ** મનોરથનો પૂર્ણ આનંદ પ્રકટ કરવા નિજમંદિમાંથી **શ્રીછપ્પનભોગ આરોગવાના સ્થલે**, જ્યાં ત્રણે સ્તરૂપો બિરાજમાન થયાં હતાં ત્યાં પધાર્યા હતા; અને આનંદથી સાથે બિરાજમાન થયા હતા. શ્રીમન્નવનીતપ્રિય પ્રભુના પધાર્યા બાદ, શ્રીછપ્પનભોગની વિવિધ પ્રકારની સામગ્રીઓનો ભોગ આવવાનો ક્રમ શરૂ થયો હતો.

આ દિવસે **શ્રીઇંદ્રરાજાએ**, શ્રીપ્રભુના પધારવાના સમયે, સૂર્યરશ્મિદ્વારા થતા શ્રીપ્રભુના, અને શ્રીમદાચાર્યવરોના, તેમજ ભગવદીય જનોના પરિશ્રમને, પોતાના મેઘગણોથી વાદળોદ્વારા, છત્રની પેઠે કુદરતી છાયા કરી દૂર કર્યો હતો; તેમજ સર્વે સ્વરૂપોને આ અપૂર્વ મંગલમનોરથ નિમિત્તે બાગમાં બિરાજમાન દર્શન કરી, શ્રીપ્રભુ સ્વરૂપોની સેવા કરવાનો ઉત્તમ અવકાશ પ્રાપ્ત થયેલો જાણી, સહર્ષ પોતાના મેઘગણો સાથે ભગવદ્ ભકતોને પોતાનું શુભાગમન દર્શાવ્યું હતું, અને ગર્જના રૂપ વિજય શબ્દોદ્વારા, બાગના મનોરથોની સમાપ્તિના છેલ્લા દિવસની સૂચના કરી, શ્રીપ્રભુ સ્વરૂપોની ચારવાગ્યા પછીથી બે કલાક સુધી જલવૃષ્ટિદ્વારા સારી સેવા કરી હતી. માર્ગમાં ઉડતા ગરદાથી થતો પરિશ્રમ પણ દૂર થયો હતો, અને સર્વત્ર શ્રાવણ ભાદરવાની પેઠે ઉત્તમ શોભા પ્રદર્શિત કરી જયજયકાર મનાવ્યો હતો. શ્રીપ્રભુ સ્વરૂપોની છપ્પનભોગ આરોગવાની વખતેજ, જલવૃષ્ટિદ્વારા ઉષ્ણતાની શાંતિ કરી, શીત અને સુગંધયુક્ત બાગના વાયુદ્વારા

કરેલી સેવા ખરેખર પ્રસંશનીયજ હતી; તેમજ શ્રીપ્રભુ સ્વરૂપોએ, અંગીકાર પણ કરેલી જણાતી હતી. શ્રીપ્રભુના મનોરથોત્સવ યજ્ઞની સમાપ્તિના છેલ્લા દિવસે, શ્રીપ્રભુની ઉપર્યુક્ત સેવા પ્રાપ્ત થવાથી પ્રસન્ન થઈ પોતાની સેવાકૃતિની ઓળખાણમાં, અમર કીર્ત્તિ માટે સુયશરૂપ શીત ગુણને થોડો સમય પોતાને સ્થાને સ્થાયી કરી, સાયંકાલે પોતાના મેઘ ગણો સાથે ઇંદ્રરાજા શ્રીપ્રભુ સ્વરૂપોને પ્રણામ કરી સ્વસ્થાને સિધાર્યા હતા. આ સેવારૂપ પરાક્રમ ભગવદ્ ભક્તોના હૃદયથી, આજની આખી રાત્રિમાં, એક ક્ષણ પણ દૂર થયું નહતું. અર્થાત્ પુનઃ પુનઃ તે સેવાનું સ્મરણજ થતું હતું. એટલે સુધી કે,શ્રી--સન્નિધિમાં પણ, તેમના તરફના અત્રે સ્થિત થયેલા ગુણદ્વારા, ભગવદ્ભક્તો તેમનું અને તેમની સેવાનું સ્મરણજ કરતા રહ્યા હતા; તેમજ તેમના તરફના તે ગુણને, સપ્રેમ હૃદયથી લગાવી લીધો હતો, અને ઉચિત સત્કારદ્વારા સંતોષ્યો પણ હતો. ઇંદ્રરાજાની આ સેવા માટે, તેમને કોટિશઃ ધન્યવાદજ ઘટે છે. તેમનો આ ગુણ ખરેખર ઉચિત સમયે સ્મરણ કરવા યોગ્યજ હતો, કે જેણે, દરેકને પોતાના પરાક્રમની પ્રત્યક્ષતા દર્શાવી હતી; અને તેથીજ, આ મંગલ મનોરથાનંદમાં પણ, ચિરકાલને માટે કીર્ત્તિરૂપ અમરત્વ ગણવું યોગ્ય સમજી શુભ સેવાકાર્ય દર્શાવ્યું. આ સેવા સંબંધીજ પ્રતાપ.

બાગમાં સાયંકાલથીજ, દર્શનાતુર ભગવદ્ ભક્તોનાં ટોળે ટોળાં સ્થલે સ્થલે, મંગલકીર્ત્તનોથી તથા શ્રીપ્રભુની લીલાનુવાદરૂપ વાર્ત્તા પ્રસંગથી, તેમજ અન્ય સ્મરણાદિ ભક્તિ સેવાથી, આનંદમગ્ન થયેલાં જોવામાં આવતાં હતાં. જ્યાં ત્યાં શ્રીપ્રભુ દર્શનની રાહ, સ્વાતિચાતક ન્યાયથી જોવામાં આવતી હતી. શ્રી વ્રજરત્ન સીમંતિનીઓની, રાસલીલા પ્રસંગમાં શ્રીપ્રભુના અંતર્ધ્યાન સમયે જેવી હાર્દિક રટણા હતી,તેવીજ આજે ભગવદ્ભક્તોમાં પણ પ્રત્યક્ષ માલુમ પડતી હતી.બાગમાં ચોતરફ,શ્રીપ્રભુદર્શન આતુરતાનાજ શબ્દો કર્ણે પડતા હતા.“ક્યારે ખુલશે ? હવે થોડીવાર

છે.તોપ પડવાની તૈયારી છે. ભોગ સર્યા ? ખુલવાની તૈયારી છે.” પ્રભૃતિ વાકયો ભગવદ્ ભકતોના મુખમાંથી, આતુરતા સાથે નીકળતાં હતાં. શ્રીપ્રભુની આતુરતામાં વળી સમયે સમયે, થોડા સમય પૂર્વની ઇંદ્રરાજાની કરેલી સેવાની સ્મૃતિ થતી જતી હતી; અને તેમના તરફના સ્થિત થયેલા શીતગુણને, યથોચિત સન્માન આપવા લક્ષ દેવામાં આવતું હતું. કોઈએ વસ્ત્રોથી, કોઈએ અગ્નિથી, કોઈએ નિદ્રાથી, કોઈએ અન્ય ઉપચારોથી, યથારીતિ વૃષ્ટયનંતર સ્થિત ઇંદ્રરાજાની મેઘગણોદ્વારા કરેલી સેવાના શીતરૂપ પ્રધાન ગુણને સન્માન આપ્યું હતું. શ્રીપ્રભુનાં દર્શનની રટણા રટતાં રટતાં,કેવલ અધીરા બની ગયેલા ભગવદ્ ભકતોને, તેમજ નિદ્રાવશ થયેલા ભગવદ્ ભકતો વિગેરેને,એકાએકી રાત્રિના અગીઆર વાગ્યાને શુમારે મંગલતોપની જયધ્વનિના શબ્દે ચમકાવ્યા હતા; કે જેથી, સર્વત્ર શ્રીપ્રભુ નામની જયધ્વનિ શ્રવણે પડવા લાગી હતી. આ તોપ ભોગ સર્યાની પડી હતી. ભોગ સર્યાબાદ શ્રીપ્રભુ સ્વરૂપો, છપ્પનભોગ આરોગવા ।। સ્થલેથી, સુખપાલમાં બિરાજી મંદિરમાં પધાર્યા હતાં.શ્રી––સ્વરૂપો નિજમંદિરમાં પધાર્યાબાદ, શુમારે મધ્યરાત્રિના સમયે, શ્રી છપ્પનભોગ સામગ્રી મહાપ્રસાદનાં દર્શન ખુલ્યાં હતાં; અને સપ્રેમ ભગવદીય જનનાં ટોળે ટોળાં, તે તરફ દર્શનાર્થ દોડતાં હતાં. મહાપ્રસાદનાં દર્શન સમયે ભીડ વિશેષ હતી. મહાપ્રસાદનાં દર્શન પ્રાતઃકાલ પર્યંત ખુલ્લાંજ રહ્યાં હતાં. શ્રીછપ્પનભોગની વિવિધ પ્રકારની સામગ્રીઓનો મહાપ્રસાદ તેમજ સન્મુખ સ્થિત હટડીનો બંગલો: (જેમાં શ્રી––સ્વરૂપોએ બિરાજી છપ્પનભોગ આરોગ્યો હતો) દર્શન કર્ત્તાઓના ચિત્તને, અતિશય આનંદપ્રાપ્ત કરાવતો હતો.શ્રી––ના છપ્પનભોગની વિવિધ પ્રકારની સામગ્રીઓ વર્ણનમાં અશકયજ હતી. રાજભોગ પછી છપ્પનભોગનો સેવાક્રમ ચાલુજ રહેવાથી, તેમજ દર્શન ખોલવામાં, ખુલ્યા પછી વિશેષ સમય વ્યતીત થવાનો સંભવ હોવાથી, શ્રી પ્રભુ સ્વરૂપોને વિશેષ પરિશ્રમ ન થાય તેવા ઉત્તમ હેતુને લીધે,

છપ્પનભોગ આરોગ્યા બાદ, તુરતજ દર્શન ન ખોલતાં, શ્રીપ્રભુ સ્વરૂપોને મંદિરમાં પધરાવી અનોસર કરવામાં આવ્યો હતો; અને માત્ર મહાપ્રસાદનાંજ દર્શન ખોલવામાં આવ્યાં હતાં. દર્શન કરી કરીને પુનઃ વૈષ્ણવજન, ઉપર્યુક્ત ક્રમ પ્રમાણેજ કાલવ્યય કરવામાં મગ્ન થયાં હતાં. શુમારે ચારવાગે (અષ્ટમીની પાછલી રાત્રિના એટલે નવમીની પ્રાતઃકાલના) ઉત્થાપન સમયમાં, નિજમંદિરના ચોતરા ઉપર, ઉત્તમ પ્રકારના ફૂલ મંડલીના બંગલામાં, શ્રીપ્રભુનાં દર્શન ખુલ્યાં હતાં. દર્શન સમયે મધ્યભાગમાં શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ, તથા વામભાગે શ્રીમન્મથુરેશ પ્રભુ, અને દક્ષિણભાગે શ્રીમદ્ દ્વારકાધીશપ્રભુ, તથા ઉભય સ્વરૂપોની ગોદમાં, શ્રીસ્વામિનીજી સ્વરૂપ સહિત શ્રીવિઠ્ઠલેશપ્રભુ, અને શ્રીબાલકૃષ્ણપ્રભુ, (શ્રીમન્નવનીતપ્રિય પ્રભુની ગોદના) દર્શન કર્ત્તાઓને, આનંદદાયી, અલૌકિક શૃંગારથી શોભિત, દર્શનાનંદ દાન કરતા, નયન પ્રિય સુખરૂપ માલુમ પડતા હતા. ભીડ બહુજ હતી. દર્શનાનંદ રસથી તૃપ્તિજ જાણે થતી નહતી. પુનઃ પુનઃ દર્શનાભિલાષાથી, શ્રીપ્રભુ સન્મુખ જવાની આકાંક્ષામાં જય જય શબ્દો કરતા, અલૌકિક આનંદ રસ સમુદ્રની લહેરોમાં ખેંચાતા ભગવદ્ભક્તો, ભીડમાં આમતેમ ઝૂકતા જણાતા હતા. આજનો આનંદ પ્રત્યક્ષ અલૌકિકજ હતો. શુમારે નવમીના પ્રાતઃકાલના છ વાગ્યા સુધી દર્શન થયાં હતાં. આરતી ન્યોછાવરાદિ થયા પછી, દર્શન બંધ થયાં હતાં; અને બાકીનો સેવાક્રમ શરૂ થયો હતો. શ્રીમદ્વિઠ્ઠલનાથજીપ્રભુ, તથા શ્રીમન્મથુરાધીશ પ્રભુ, અને શ્રીમદ્દ્વારકાધીશ પ્રભુ, દર્શન બંધ થયા પછી, સુખપાલમાં બિરાજમાન થઈ, નગરમાં પધારવા બાગમાંથી સવારી સાથે વિદાય થયા હતા.

ચૈત્ર કૃષ્ણ ૯ બુધવાર—શ્રીપ્રભુ સ્વરૂપોનું નગરમાં પાછું પધારવું.

શ્રીપ્રભુ સ્વરૂપો, પ્રાતઃકાલના સાત વાગ્યાને શુમારે, ઉત્તમ સુખપાલમાં બિરાજમાન થયાં હતાં. અને તોપોના મંગલ

શબ્દોદ્વારા, વિજય દર્શાવતાં નગર તરફ પધાર્યા હતાં. સવારી પ્રથમ પ્રમાણે, છત્ર, ચમર, નગારા નિશાન, લશ્કર, ઘોડેસ્વારો, હાથી, ઘોડા, વિગેરેથી, તેમજ કારભારી મંડલ, કીર્ત્તન કર્ત્તાઓ અને રાજ્યના અન્ય સભ્યજનો, તથા સદ્‌ગૃહસ્થ ભગવદ્ ભકતો પ્રભૃતિના મંડલથી ઉત્તમ પ્રકારે શોભતી હતી. સવારી આ વખતે બહુજ શીઘ્રતાથી ગામમાં પધારી હતી. માર્ગમાં સુગંધિત પુષ્પવૃષ્ટિથી, તેમજ ભગવદ્ ભક્ત સ્ત્રીજનોના મંગલ ગાનથી, અને જયધ્વનિના શબ્દોથી, અત્યુત્તમ આનંદ પ્રાપ્ત થતો હતો. શ્રીપ્રભુના સુખપાલો નગારખાનાને દરવાજે થઈ મંદિરમાં પધાર્યા હતા; અને ત્યાંથી **ઘોડ્ડીપટીયા** (ફૂલચોક) ઉપર થઈ પોતપોતાને મંદિરે પધાર્યા હતા. શ્રીમદ્ ગો૦ શ્રી બાલકૃષ્ણલાલજી, તથા શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી, તથા શ્રીમદ્ ગો૦ શ્રીગોપેશ્વરલાલજી, પોતાનાં શ્રીપ્રભુ સ્વરૂપોને આનંદથી છપ્પન ભોગ આરોગાવી આનંદિત થયા હતા. શ્રી પ્રભુ સ્વરૂપો પોતપોતાના મંદિરમાં પધાર્યા પછી, આગળનો સેવાક્રમ શરૂ થયો હતો.

શ્રીમન્નવનીતપ્રિય પ્રભુનું પણ, બાગમાંથી નગરમાં પાછું પધારવું.

શુમારે મધ્યાહ્ન સમયે, મંગલ તોપોના શબ્દોદ્વારા આનંદ દર્શાવતા **શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ**, બાગમાંથી નગરમાં પધારવા ઉત્તમ સુખપાલમાં બિરાજમાન થયા હતા; અને સુંદર હાથી, ઘોડા, તામઝામ, નગારા, નિશાન, પલટણ, છત્ર, ચમર, વિગેરે સવારીના ઠાઠથી પ્રથમ પ્રમાણેજ, બાગમાંથી નગર તરફ પધાર્યા હતા. શ્રીપ્રભુના સુખપાલની સાથે, શ્રીમદ્ ગો૦ **શ્રી ગોવર્ધનલાલજી મહારાજ**, તથા ચિ૦ લાલબાવા **શ્રી દામોદરલાલજી**, કારભારી મંડલ, અન્ય સદ્‌ગૃહસ્થ ભગવદ્ ભકતો અને ભટ્ટવર્ગ પ્રભૃતિ સભ્યજન મંડલ સાથે શોભતા હતા. માર્ગમાં સ્થલે સ્થલે, મંગલ ચિહ્નો જોવામાં આવતાં હતાં. શ્રીપ્રભુના પધારવાના માર્ગનું બજાર પણ. પ્રથમ પ્રમાણે

જ મંગલ ચિહ્નોથી શોભતું હતું. વેપારીજનોએ પણ, પોતપોતાની દુકાનો, વિવિધ પ્રકારનાં મંગલ ચિહ્નોથી સુશોભિત કરી, આનંદ પ્રદર્શિત કર્યો હતો. શ્રી--ના સુખપાલ ઉપર સુગંધિત કુસુમ વૃષ્ટિ પણ થતી જતી હતી. શ્રી--ના સુખપાલની પાછળ, ભગવદ્ભક્ત સ્ત્રીપુરૂષોનાં ટોળાં, આનંદથી મંગલ ગાન કરતાં ચાલતાં હતાં. સૌથી પછવાડે ઘોડેસ્વારો, ઉત્તમ રાજશોભાથી અધિક આનંદ દર્શાવતા, શ્રીપ્રભુની સવારીમાં ચાલતા હતા. મોટી ધામધૂમથી શ્રીપ્રભુ નગરમાં પધાર્યા હતા; અને નગારખાનાને દરવાજે થઈ, મંદિરમાં પધાર્યા હતા. શ્રીપ્રભુને, દ્વારઉપર પધારતાંજ, મંગલ તોપોના શબ્દોથી, તેમજ મંગલ કલશથી, વધાવી લેવામાં આવ્યા હતા; અને તત્પશ્ચાત્ સ્વસ્તિ વાચનાદિ મંગલ માર્જન વિગેરે ક્રિયા થઈ હતી. શ્રીપ્રભુ મંદિરમાં પધારી આનંદથી બિરાજમાન થયા હતા; અને બાકીનો સેવાક્રમ મંદિરમાંજ થયો હતો. મનોરથોત્સાહમાં કરેલા બાગ તરફના પ્રયાણનો શુભ દિવસ, શુકલપક્ષની નવમી હોવાથી, આજે કૃષ્ણપક્ષની નવમીના શુભ દિવસે, બરાબર એક પખવાડીયાની, અલૌકિક મનોરથાનંદનિમિત્તે પોતાના સ્વકીય ભક્તોને દર્શનાનંદદ્વારા કૃતાર્થ કરનારી બાગની યાત્રા પૂર્ણ કરી, શ્રીપ્રભુ નિજમંદિરમાં નિત્ય નિયમ પ્રમાણે બિરાજમાન થયા હતા; અને પોતાના ભક્તજનોને દર્શન સુખ આપી આનંદ પ્રાપ્ત કરાવ્યો હતો.

પ્રકરણ ૧૦ મું.

શ્રીમન્નવનીતપ્રિય પ્રભુના મંદિરના ચોતરા ઉપર **હટડીમાં**, અને **શ્રીમન્મથુરાધીશ** પ્રભુના મંદિરમાં **ફૂલના બંગલામાં** પાંચ શ્રીપ્રભુ સ્વરૂપો સાથે બિરાજવાનો મનોરથ.

ચૈત્રકૃષ્ણા ૧૦ (વ્રજવૈશાખકૃષ્ણા) ગુરૂવારને દિવસે, પ્રાતઃકાલથી રાજભોગ પર્યંત સેવાક્રમ નિત્ય પ્રમાણે થયો હતો. રાજભોગ સમયે શ્રીમન્નવનીતપ્રિય પ્રભુના મંદિરના બહારના ચોતરા ઉપર, **શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ**, તથા **શ્રીમન્મથુરાધીશ્વરપ્રભુ**, અને **શ્રીમદ્દ્વારકાધીશ્વરપ્રભુ**, તેમજ **શ્રીવિઠ્ઠલેશપ્રભુ**તથા **શ્રીમદ્બાલકૃષ્ણ પ્રભુ** (ગોદના) એ પાંચ સ્વરૂપો, ઉત્તમ **હટડીમાં** બિરાજમાન થયાં હતાં; અને રાજભોગમાં વિવિધ પ્રકારની મનોરથોત્સાહની અધિકની સામગ્રી સાથેજ આરોગી હતી.

શુમારે દશ વાગ્યા પછી, પોતાને ત્યાં રાજભોગ આરોગી **શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુ**, ઉત્તમ સુખપાલમાં બિરાજમાન થયા હતા; અને તોપોના મંગલ શબ્દો સાથે, સુખપાલ મંદિરમાંથી બહાર પધાર્યો હતો. શ્રીમદ્ ગો૦ **શ્રીગોપેશ્વરલાલજી**, તથા અધિકારીજી, અને અન્ય સભ્યજનો, કીર્ત્તન કર્ત્તાઓ પ્રભૃતિના મંડલ સાથે, મંગલ કીર્ત્તનોદ્વારા આનંદપ્રદર્શિત કરતા, શ્રીપ્રભુ પ્રીતમપોલને રસ્તે થઈ, શ્રીમન્નવનીતપ્રિય પ્રભુના મંદિરમાં પધાર્યા હતા. શ્રીપ્રભુની સવારી, છત્ર, ચમર, વિગેરે રાજચિહ્નોથી, તેમજ ભગવદીયજનોદ્વારા સહર્ષ થયેલી પુષ્પવૃષ્ટિથી, તથા પાછળ પાછળ ચાલતા, ભગવદીયજન શ્રીમંડલના મંગલ ધોળ કીર્ત્તનોથી, ઉત્તમ પ્રકારે શોભતી હતી. શ્રીપ્રભુને મંદિર આગળ મંગલ ક્રિયાઓદ્વારા વધાવી લેવામાં આવ્યા હતા;અને તે

પછી શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ સાથે પધરાવવામાં આવ્યા હતા. શ્રીપ્રભુ આનંદપૂર્વક બિરાજમાન થયા હતા.

શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુના પધારવા પ્રમાણેજ, શ્રીમન્મથુરાધીશ પ્રભુના મંદિરમાંથી **શ્રીમન્મથુરાધીશપ્રભુ**, તથા **શ્રીમદ્દ્વારકાધીશપ્રભુ** પણ, ઉત્તમ સુખપાલમાં બિરાજમાન થઈ, શ્રીમદ્ ગો૦ **શ્રીરણછોડલાલજી**, તથા શ્રીમદ્ ગો૦ **શ્રીબાલકૃષ્ણલાલજી**, અને મંદિરના સભ્યજન મંડલ સહ, મંગલ કીર્તનોથી, તથા પુષ્પવૃષ્ટિથી આનંદ દર્શાવતા, છત્ર, ચમર, વિગેરે રાજસવારીના ઠાઠથી, શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ સમીપ પધાર્યા હતા; અને શ્રી--સ્વરૂપો સાથે બિરાજમાન થયાં હતાં.

પાંચે સ્વરૂપોએ સાથે બિરાજમાન થઇ, મનોરથ ભોગની વિવિધ સામગ્રી આરોગ્યા પછી, શુમારે ત્રણ વાગે દર્શન ખુલ્યાં હતાં. દર્શન સમયે ઉત્તમ શૃંગારથી શોભિત શ્રી--સ્વરૂપોની તેમજહટડીની શોભા,અપૂર્વજ માલુમ પડતી હતી. ભક્ત જનોને દર્શનાનંદ સુખ અત્યુત્તમ પ્રાપ્ત થયું હતું. શ્રી--સ્વરૂપો અત્રે પણ, બાગમાં છપ્પન ભોગના દર્શન વખતે જે પ્રમાણે બિરાજ્યાં હતાં, તેજ પ્રમાણેના ક્રમથી બિરાજ્યાં હતાં; અને તેથી બાગમાંના દર્શનાનંદનું સુખજ, અત્રે પણ પ્રાપ્ત થયું હતું. આજે દર્શન બહુજ સગવડ પૂર્વક સર્વેને પ્રાપ્ત થયેલાં હોવાથી, બાગમાં દર્શનની અભિલાષા, જેની અપૂર્ણ રહેલી હતી, તેવા ભગવદ્ ભક્તોને પણ, પૂર્ણ સુખ પ્રાપ્ત થયેલું હતું; કે જેથી વિશેષ આનંદ થયેલો હતો. શુમારે એક કલાકથી વધુ શ્રી--નાં દર્શન ખુલ્લાં રહ્યાં હતાં. આરતી વિગેરે થયા પછી, દર્શન બંધ થયાં હતાં; અને પુનઃ **શ્રી--સ્વરૂપો** (શ્રીમન્નવનીતપ્રિય પ્રભુ સહિત) પૂર્વોક્ત સવારીના ઠાઠથી, શ્રીમદ્ ગોસ્વામિ બાલકોના મંડલ સહિત, આનંદપૂર્વક સુખપાલમાં બિરાજી, **શ્રીમન્મથુરાધીશ્વરપ્રભુના મંદિરમાં, શ્રીમદ્ગોસ્વામી શ્રીરણછોડલાલજીના મનોરથથી** પધાર્યાં હતાં; અને સાથે બિરાજમાન થયાં હતાં. સાયંકાલે સર્વે સ્વરૂપો પધાર્યાં હતાં. શ્રી-સ્વરૂપો પધાર્યાં પછી, મનોરથોત્સવની વિવિધ પ્રકારની સામ-

શ્રીનો ભોગ આવ્યો હતો; કે જે, શ્રી--સ્વરૂપોએ સાથે આરોગી, શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજીના હૃદયોત્સાહ રૂપ મનોરથને, આનંદપૂર્વક પૂર્ણ કર્યો હતો. ભોગ સર્યાબાદ, શ્રી--સ્વરૂપો ઉત્તમ સુગંધિત **કુસુમમંડલીના બંગલામાં** (મંદિરના ચોકમાં) બિરાજમાન થયાં હતાં. શુમારે રાત્રિના બે વાગ્યાની વખતે દર્શન ખુલ્યાં હતાં. દર્શનમાં રાત્રિનો સમય હોવા છતાં પણ ભીડ વિશેષ હતી દર્શન વખતે પ્રબંધ કર્ત્તાઓ તરફથી વ્યવસ્થા સારી રાખવામાં આવી હતી. જવા આવવાનો માર્ગ પૃથક્ રાખવામાં આવેલો હોવાથી, ભીડ વિશેષ હોવા છતાં પણ, દરેકને સુખપૂર્વક દર્શન થયાં હતાં. આ દિવસે પણ બાગમાંના છપ્પનભોગની રાત્રિ પ્રમાણેજ, ભગવદ્ ભક્તોએ દર્શનાકાંક્ષામાંજ વિવિધ પ્રકારની યાચના, વાર્તાપ્રસંગ, જયધ્વનિ, મંગલ ધોળ કીર્ત્તન વિગેરેથી, આ રાત્રિ પણ વ્યતીત કરી હતી. દર્શન ખુલતા સુધી, ભગવદ્ ભક્ત સ્ત્રીપુરૂષોનાં ટોળાં, ઉપર પ્રમાણેની વિવિધ મંગલક્રિયાઓમાં મગ્ન, સ્થલે સ્થલે, મંદિરની આજુબાજુ સ્થિત થયેલાં જોવામાં આવતાં હતાં. દર્શન ખુલવાની સાથેજ, એકદમ ભીડ એકત્રિત થઈ ગઈ હતી. દર્શન સમયનો આનંદ અવર્ણનીયજ હતો. કુસુમ મંડલીના બંગલાની શોભા બહુજ આનંદ પ્રાપ્ત કરાવતી હતી. શ્રી--સ્વરૂપો પૂર્વોક્ત ક્રમથીજ, અત્રે પણ બિરાજમાન થયાં હતાં. શુમારે બે કલાક સુધી દર્શન થયાં હતાં. આરતી વિગેરે મંગલક્રિયાઓ થયા પછી, દર્શન બંધ થયાં હતાં. દર્શનાનંતર શુમારે ચાર વાગે, (દશમીની પાછલી રાત્રિના એટલે એકાદશીની પ્રાતઃકાલના) **શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુ** ઉત્તમ સુખપાલમાં બિરાજી, છત્ર, ચમર, નગારા, નિશાન, લશ્કર, ઘોડેસ્વાર, પ્રભૃતિ સવારીની ધામધૂમથી, **શ્રીકાંકરોલી** પધારવા, શ્રીનાથદ્વારાથી પધાર્યા હતા. **શ્રીમન્નવનીતપ્રિયપ્રભુ**, તેમજ **શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુ** પણ સુખપાલમાં બિરાજી, આનંદપૂર્વક પોતપોતાને મંદિરે પધાર્યા હતા; અને ત્યાં બાકીનો સેવાક્રમ

થયો હતો. આ દિવસનો આનંદ પણ છપ્પન ભોગના આનંદ જેવોજ હતો. લાલબાગમાંના આરંભેલા મનોરથોત્સવાનંદરૂપ યજ્ઞની સમાપ્તિનો દિવસ પણ આજનોજ હતો. આજના આનંદથી ભગવદ્ ભક્તો અતિશય આનંદવાળા જણાતા હતા.

પ્રકરણ ૧૧ મું.

ટિકેત મહારાજશ્રી તરફની વ્યવસ્થા અને મનોરથ સંબંધી વિશેષ ઉત્સાહ વિગેરેનું સંક્ષિપ્ત વર્ણન.

શ્રીમાન્ ગોસ્વામિ તિલક, આચાર્યરત્ન, મહારાજ શ્રીગોવર્ધનલાલજી તરફથી, આ લાલબાગના મનોરથોત્સવ રૂપ યજ્ઞમાં પૂર્ણરીતે આનંદપૂર્વક દ્રવ્યવ્યય કરવામાં આવ્યો હતો; અને તેદ્વારા શ્રીપ્રભુને નિત્ય નૂતન, આ અલૌકિક વાર્ષિક મનોરથોત્સવનાં લાડ, એક પખવાડીઆ સુધી લડાવ્યાં હતાં. છેલ્લા દિવસના છપ્પનભોગ મનોરથ મહોત્સવદ્વારા, તથા ગ્રામમાં થયેલા, શ્રીપ્રભુના મંદિરના ચોતરા ઉપરના મનોરથ મહોત્સવદ્વારા જયજયકાર મનાવી દીધો હતો. મનોરથ મહોત્સવની મંગલ પત્રિકાઓ, શ્રીમાનના તરફથી પ્રથમથીજ, શ્રીમદ્ ગોસ્વામિ બાલકોને, તથા રાજા રજવાડાઓમાં અને ભગવદ્ ભક્તોને મોકલવામાં આવી હતી. સમાચાર પત્રોમાં પણ ખબર આપવામાં આવી હતી; કે જેથી, દરેક વૈષ્ણવજન આ મંગલ સમાચાર શ્રવણ કરી, સહજમાં પ્રાપ્ત થતા આ અલભ્ય લાભને પ્રાપ્ત કરવા ઉત્સુકતાથી શીઘ્ર આવી શકે. આ ધારણા વિશેષ ભાગે સફલ પણ થઈ હતી. કારણસર શ્રીછપ્પનભોગ, શ્રી પ્રભુની ઇચ્છાથી થોડા દિવસ આગળ વધવાને લીધે, ભગવદ્ ભક્તોને તેટલા દિવસ વધુ મનોરથોનો આનંદ પ્રાપ્ત થયો હતો. કેટલાએક પરદેશી વૈષ્ણવજન; કે જેઓ લૌકિક કાર્યની અડચણથી, પ્રથમ થવાના છપ્પન ભોગના દિવસ ઉપર આવી શકયા નહતા; તેઓ પણ નિરાશ ન થતાં, શ્રીછપ્પનભોગના દિવસને આગળ વધેલો જાણી, શીઘ્ર સ્વકાર્યથી નિવૃત્ત થઈ, શ્રી—દર્શનાર્થે આવી પહોચ્યા હતા. ઘણાજણ રામનવમીના દિવસનો છપ્પનભોગ મનોરથોત્સવ સમજી રહી ગયેલા હતા, તેઓ પણ, યાત્રાર્થે આવેલા

અથવા શ્રીજીદ્વાર રહેતા, પોતાના સ્નેહી ભગવદ્ ભકતોના પત્રદ્વારા પ્રાપ્ત થતા આનંદ સમાચારથી ઉત્સુક થઈ, શ્રીછપ્પનભોગના મનોરથને આગળ વધેલો જાણી, દર્શનાનંદ લાભ પ્રાપ્ત કરવા, પછીથી પણ દેશમાંથી શ્રીજીદ્વાર આવી પહોચ્યા હતા. છપ્પનભોગના દિવસ સુધી, ભગવદ્ ભકતોનું આગમન ચાલતું જ રહ્યું હતું. કેટલાએક ભગવદ્ભકતો તો, સકુટુમ્બ છપ્પનભોગના દિવસેજ, સાંજે શ્રીજીદ્વાર આવી પહોચ્યા હતા; અને અલૌકિક દર્શનાનંદના ભાગી બન્યા હતા. શ્રીમાન્ના તરફથી દરેક પ્રકારે પ્રબંધ ઉત્તમ રહ્યો હતો. શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી તરફથી, શ્રી પ્રભુના ગ્રામમાં પાછા પધાર્યા બાદ, વિદેશી વૈષ્ણવજનોને, તથા નગર નિવાસીઓને, અને પોતાના રાજ્યના નોકરોને, તેમજ અન્ય પ્રજા સમસ્તને, શ્રીછપ્પનભોગ મહોત્સવનો મહાપ્રસાદ, બાગમાં આનંદપર્વક સપ્રેમ લેવરાવવામાં આવ્યો હતો. રાજા રજવાડામાં, વિદેશી સદ્ગૃહસ્થ ભગવદ્ ભકતોને, તથા જ્ઞાતિવર્ગમાં પણ સર્વેને શ્રી--નો મહાપ્રસાદ મોકલવામાં આવ્યો હતો. નગરમાં દરેક શ્રીમહાપ્રસાદદ્વારા આનંદિત જણાતું હતું. મંદિરના સેવકો પણ મહાપ્રસાદથી સંતુષ્ટ થયેલા, પ્રસન્નમુખ પ્રસંશા કરતા જણાતા હતા. તેઓને મહારાજશ્રી તરફથી મંગલ પહેરામણીઓ પણ આપવામાં આવી હતી. શ્રીમાન્ તરફથી બાગમાં પણ દરેક સ્થલે ભગવદ્ ભકતોને માટે, બેસવા ઉઠવાની યોગ્ય વ્યવસ્થા થયેલી હતી; તેમજ સમાધાન વ્યવસ્થા પણ ઠીક હતી. હમેશાં હજાર પાંચસો વૈષ્ણવોનું તો સમાધાન થતુંજ હતું. જલ પ્રભૃતિનો પ્રબંધ પણ સમાધાન ખાતા તરફથી, સમાધાન ખાતાના સ્થાન ઉપર દરેકને ઉપયોગી થઇ શકે તેવી રીતે કરવામાં આવ્યો હતો. સમાધાનીજી જ્યોતિર્વિદ દયારામ ગિરધરજી મિશ્ર મહાશયે, તથા તેમના સહાયક (આસીસ્ટંટ) સમાધાની હરિવલ્લભજીએ, સમાધાનની વ્યવસ્થામાં યોગ્યરીતે લક્ષ આપ્યું હતું; અને સદ્ગૃહસ્થ ભગવદ્ ભકતોને, સમાધાનના પ્રબંધમાં થતા દ્રવ્ય વ્યયના સંબંધમાં ઉત્સુક

કરવા પ્રયત્ન કરી, શ્રીપ્રભુના આ મંગલ મનોરથાનંદમાં પોતે પણ ઉત્સુકતાથી પોતાની સમાધાન કાર્યરૂપ સેવામાં, કટિબદ્ધ રહ્યા હતા. કેટલાએક ભગવદ્ ભક્તોએ માર્ગમાં પણ જલ પ્રબંધાર્થ, બ્રાહ્મણોને જલ લઈ ઉપસ્થિત રહેવા યોજના કરી પોતાના દ્રવ્યનો સદુપયોગ કર્યો હતો; તેમજ કેટલાએક મહાશયોના તરફથી, બાગમાં પણ બ્રાહ્મણો શીતલ જલ લઈ ફરતા હતા. કેટલાએક ભાવુક સદ્ધર્મપરાયણ વૈષ્ણવો, પોતેજ સ્વયં જલ પ્રભૃતિનો સત્કાર કરવા, તનુજાદ્વારા ભગવદ્ ભક્તોની સેવામાં તત્પર રહી, આનંદ અને અહોભાગ્ય માનતા હતા. શ્રી કૃષ્ણભંડારના મુનીમજી હરિશંકર પુરૂષોત્તમદાસ, (વઢવાણ વાળા) તથા ભાટીયા થરપાલદાસજી ગોપાલદાસજી, (શ્રીજીદ્વાર વાળા) તથા પારેખ ગોવર્ધનદાસ મુકુટદાસ સામગ્રી ભંડારી, (સિદ્ધપુરવાળા) તથા પારેખ કૃષ્ણદાસ હરદેવદાસ, (શ્રીજીદ્વારવાળા) તથા જયકૃષ્ણદાસ ઝવેરચંદ શ્રીમાલી બ્રાહ્મણ, (શ્રીજીદ્વારવાળા) તથા ગોપીલાલ મુરલીધરજી પ્રભૃતિ, શ્રી કૃષ્ણભંડારના મહેતા મુસદ્દીઓએ પણ, છપ્પનભોગવાળા સ્થાનની નજીક, બાગની છત્રીમાં શીતલ જલ તથા ઠંડાઈ વિગેરેનો, તેમજ થોડો સમય વિશ્રાન્તિ લેવાનો ઉચિત પ્રબંધ કરી રાખેલો હતો; અને સર્વેનો યોગ્ય સત્કાર કરતા હતા. માર્ગમાં પણ એક સ્થલે આ મંડલ તરફથી જલનો પ્રબંધ રાખવામાં આવ્યો હતો; તેમજ બાગમાં પણ, તેઓના તરફથી બ્રાહ્મણ સર્વે વૈષ્ણવજનોને જલપાન કરાવવા ફરતો હતો. શ્રીપ્રભુના આ અલૌકિકાનંદમાં, પોતપોતાની શક્તિ પ્રમાણે ઘણાજણાઓએ અનેક પ્રકારથી દ્રવ્ય વ્યય કર્યો હતો; કે જેનો આ વખતે ખરો સદુપયોગ જણાયો હતો. કેટલાએક અન્ય પ્રકારની સેવામાં પણ, આ સમયે મગ્ન થયા હતા. અધિકારી વર્ગ પણ પોતપોતાના કાર્યમાં કટિબદ્ધ હતો.

જ્યારથી શ્રીપ્રભુ બાગમાં પધાર્યા હતા, ત્યારથી બાગ અને નગર એક થયેલાં જણાતાં હતાં. રાત્રિદિવસ બગ્ગીઓ,

તાંગાઓ, ઘોડા, સીગરામો, અને રથ, ગાડીઓ પ્રભૃતિ વાહન, નગરમાંથી બાગ તરફ, અને બાગમાંથી નગર તરફ દોડતાંજ જણાતાં હતાં. માર્ગમાં હટો, હટો, શબ્દોજ કર્ણે પડતા હતા. શ્રીમાન્‌ના તરફથી, શ્રીમદ્ ગોસ્વામિ બાલકો માટે, તેમજ પ્રમુખ કારભારીઓ, અને સદ્ગૃહસ્થ ભગવદ્ ભક્તો પ્રભૃતિ માટે, સવારીનો ઉચિત બંદોબસ્ત કરવામાં આવ્યો હતો; એટલે સુધી કે, રાજ્યની તમામ સવારીઓ ઉપરાંત, બીજાં ભાડાનાં વાહન તાંગા, ગાડીઓ, વિગેરે પણ રાખવામાં આવ્યાં હતાં. બાગ પણ હરેક વખતે ભરેલોજ રહેતો હતો. બાગના આગલા અને પાછલા બન્ને દરવાજા આગળ વાહનોની ભીડ જામેલીજ રહેતી હતી. કેટલાએક પરચુરણ દુકાનદારો પણ, બાગમાં દુકાનોનો સામાન લઇ ઉપસ્થિત રહેતા હતા. રાત્રિએ પણ ઉજવલ ચંદ્રના પ્રકાશથી, તેમજ ગૅસના દીવાઓ અને બીજી રોશનીથી, બાગમાં દિવસની પેઠેજ આનંદ જણાતો હતો. આ સમયમાં લાલ બાગ, શ્રીપ્રભુના બિરાજવાથી, પ્રત્યક્ષ અલૌકિક આનંદદાયી અપૂર્વ શોભાને ધારણ કરેલો, રમણીય જણાતો હતો. ગ્રામમાં પણ ઘેર ઘેર એજ આનંદ ગવાતો હતો. લૌકિક પ્રવૃત્તિ અનાયાસજ સર્વેની બંધ થઇ ગયા જેવી જણાતી હતી. બાગમાંથી નગર તરફ, અને નગરમાંથી બાગ તરફ, એમ શ્રી—દર્શનના આનંદમાંજ સર્વે દોડાદોડી કરતાં હતાં.આ મનોરથોત્સવના સમયમાં, શ્રીજીદ્વારમાં યાત્રાર્થે આવેલા ઘણા સદ્ગૃહસ્થ ભગવદ્ભક્તો, અમીર, ઉમરાવો, તથા જાગીરદાર, અમીન પ્રભૃતિઓ વિદ્યમાન્ હતા; અને નિમ્નલિખિત ગોસ્વામિ બાલકો પણ શ્રીજીદ્વારમાં બિરાજતાં હતાં.

ટિકેત મહારાજ **શ્રીગોવર્ધનલાલજી**, (શ્રીનાથદ્વારા)
ચિ૦ લાલબાવા **શ્રીદામોદરલાલજી**, ,,
શ્રીમદ્ ગો૦ **શ્રીરણછોડલાલજી** મહારાજ, (કોટા)
શ્રીમદ્ ગો૦ **શ્રી ગોપેશ્વરલાલજી** મહારાજ(શ્રીનાથદ્વારા)
ચિ૦ લાલબાવા **શ્રીકૃષ્ણરાયજી**, (શ્રીબચ્ચુબાવા, ઇંદોર)

શ્રીમદ્ ગો૦ **શ્રીબાલકૃષ્ણલાલજી** મહારાજ,(કાંકરોલી)
ચિ૦ લાલબાવા **શ્રીદ્વારકેશલાલજી**, ,,
શ્રીમદ્ ગો૦ **શ્રીગિરિધરલાલજી** મહારાજ, (શેરગઢ)
ચિ૦ લાલબાવા **શ્રીવલ્લભલાલજી**, ,,
શ્રીમદ્ ગો૦ **શ્રીગોપાલલાલજી** મહારાજ (મથુરા)
શ્રીમદ્ ગો૦ **શ્રીગોવર્દ્ધનલાલજી** મહારાજ, (મુંબાઇ)
પ્રભૃતિ, તંથા શ્રીવહુજીબેટીજી વિગેરે બિરાજમાન હતાં.

શ્રીપ્રભુ કૃપાથી, તથા શ્રીમહાચાર્ય સ્વરૂપ શ્રીગોસ્વામિ મહારાજશ્રીઓની કૃપાથી, તેમજ તેઓશ્રીના પ્રતાપથી, આ મનોરથ મહોત્સવ યજ્ઞ, નિર્વિઘ્ન આનંદ પૂર્વક પરિપૂર્ણ થયો હતો. આ વિકટ સમયમાં આવા અલૌકિક મનોરથો, કે જે ગત સૈકામાં, પૂર્વે થયેલા **શ્રીમાન ટિકેત મહારાજ શ્રીદાઉજી** ના સમયમાં શ્રીપ્રભુને પધરાવી, માનવામાં આવેલા શ્રવણ કરવામાં આવતા હતા; તે આજે, પરમકૃપાલુ, વર્તમાન શ્રીટિકેત મહારાજ **શ્રીગોવર્દ્ધનલાલજી**એ, સ્વકીય ભકતોના ઉદ્ધારાર્થ, કૃપા કરીને પુનઃ અનાયાસ, શ્રી--દર્શનાર્થ પ્રાપ્ત કરાવ્યા હતા, અને તે નિમિત્તે અલૌકિક સુખનું અનેક પ્રકારે દાન કર્યું હતું. આ સર્વ માત્ર કૃપાનુંજ કારણ હતું. નિજ ભકતો ઉપર સદા સર્વદા, આવા અલૌકિકાનંદનું દાન કરતા, શ્રીમાન્ સ્વામી રૂપે, **અવિચલ બિરાજમાન્** રહો એજ પ્રાર્થના છે.

પ્રકરણ ૧૨ મું.

શ્રીછપ્પનભોગ મનોરથ મહોત્સવના મહાપ્રસાદની વ્યવસ્થા.

ચૈત્ર કૃષ્ણા ૧૧ (વ્રજ વૈશાખ કૃષ્ણા ૧૧) ભૃગુવાર.

શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ.

આ મહોત્સવ પોત પોતાના મંદિરમાંજ દરેક સ્થલે આનંદથી મનાયો હતો. આ દિવસે આગલા દિવસના મનોરથના કારણથી, તેમજ આજે પણ ઉત્સવનો ક્રમ હોવાથી દર્શનમાં વિલમ્બ થયો હતો. **શ્રીમન્નવનીતપ્રિય પ્રભુના રાજભોગ** લગભગ બે વાગે થયા હતા. સર્વત્ર મંદિરોમાં મંગલ ચિહ્નો ઉત્સવનાં આજે પણ જોવામાં આવતાં હતાં. મંગલ વધાઇઓથી આનંદ પ્રાપ્ત થતો હતો. કેશરી સાજશૃંગારથી શોભિત શ્રીપ્રભુ અને શ્રીમદ્ ગો૦ બાલકોનાં દર્શન, ભગવદ્ ભક્તોના હૃદયમાં, **શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટ્યનો પરમ આનંદ** પ્રાપ્ત કરાવતાં હતાં. મહોત્સવ ક્રમનો આનંદ, વૈષ્ણવ જનોએ પણ, મંગલ ધોળ કીર્તન, અને મંગલકલશદ્વારા પ્રકટ કર્યો હતો. **શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુનાં રાજભોગનાં દર્શન,** રાત્રિના નવ વાગ્યા પછી થયાં હતાં.

આજે શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી તરફથી, વિદેશી વૈષ્ણવ જનોને, સપ્રેમ આગ્રહપૂર્વક, **શ્રીછપ્પનભોગના મહાપ્રસાદ** માટે નિમંત્રણ કરવામાં આવ્યું હતું; અને **લાલબાગમાં** સારી રીતે, સર્વેને મહાપ્રસાદ લેવરાવવામાં આવ્યો હતો. **શ્રીમાન્ મહારાજશ્રી** તેમજ ચિ૦ **લાલબાવા** પણ બાગમાં પધાર્યા હતા.

ચૈત્ર કૃષ્ણા ૧૨ શનિવાર—આ દિવસે ગિરિનારા, સાંચોરા, ઔદિચ્ય પ્રભૃતિ **મંદિરના સેવક બ્રાહ્મણોની જ્ઞાતિને,** શ્રીમાન્ મહારાજશ્રી તરફથી, **શ્રીછપ્પનભોગનો મહાપ્રસાદ** લેવરાવવામાં આવ્યો હતો. આજે પણ **મહારાજશ્રી બાગમાં** પધાર્યા હતા.

ચૈત્ર કૃષ્ણ ૧૩ રવિવાર—આ દિવસે શ્રીમાન મહારાજશ્રી તરફથી, વ્રજવાસીઓની **ચારે જ્ઞાતિઓને, શ્રીછપ્પન ભોગનો મહાપ્રસાદ** લેવરાવવામાં આવ્યો હતો. **શ્રીમાન મહારાજશ્રી** પણ ચિ૦ લાલબાવા **શ્રીદામોદરલાલજી** સહિત બાગમાં પધાર્યા હતા.

આ પ્રસંગે **મોરબી** નિવાસી, **શુકલ નથ્થુરામ શર્મા અષ્ટાવધાનીજી** અત્રે આવેલ હતા; અને તેથી આજે **બાગમાંજ** અવકાશ હોવાથી, સાંજના છ વાગ્યાથી આઠ વાગ્યા સુધી, મંદિરના ચોતરા ઉપર, શ્રીમાન્ મહારાજશ્રી, તથા ચિ૦ લાલબાવા, શ્રીમદ્ ગો૦ શ્રીગોપાલલાલજી, (મથુરા) તથા શ્રીમદ્ ગો૦ શ્રીગિરિધરલાલજી, (શેરગઢ) પ્રભૃતિ ગોસ્વામિ બાલકો, તેમજ અધિકારીજી હરિવિલાસજી, શાસ્ત્રીજી રવિજી ભાઈ, પંડિતજી શીતલપ્રસાદજી દારોગા, પંડિતજી મોહન કૃષ્ણજી અદાલત હાકિમ, (માજીસ્ટ્રેટ) પ્રભૃતિ અન્ય મુખ્ય કારભારી અને સભ્યજન મંડલ તથા વિદ્વાન્ વર્ગ સાથે, **સભા ભરી** બિરાજમાન થયા હતા. સભામાં ઉક્ત મહાશયજીએ પોતાની વિદ્યાદ્વારા, શ્રીમાનને તેમજ સભાને પ્રસન્નતા પ્રાપ્ત કરાવી હતી. છુપાવેલી મુદ્રિકા બતાવી આપવી, તેમજ તેવા અન્ય ગણિતદ્વારા થતા એક બે પ્રયોગો, બહુજ સંતોષ કારક દર્શાવ્યા હતા; અને અવધાન પણ સારૂં કર્યું હતું. આ મહાશયજીનું શ્રીમાન્ તરફથી ઈનામ વિગેરે દ્વારા ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું; તેમજ પ્રસન્નતા પૂર્વક શ્રીમાન્ની આજ્ઞાનુસાર **શ્રીઉચિત કારિણી સભા** તરફથી **પરિતોષપત્ર** (સર્ટીફીકેટ) પણ આપવામાં આવ્યું હતું. આ દિવસે અત્રેનાં કારખાનાનાં મનુષ્યોને, તેમજ કચેરીઓ, શ્રીખર્ચભંડાર, શ્રીકૃષ્ણભંડાર, શ્રીવિદ્યાવિભાગ, વિગેરે ખાતાંઓનાં મનુષ્યોને, તથા રાજ્યના અન્ય નોકરો, મહેતા, મુસદ્દીઓને પણ **મહાપ્રસાદ** લેવરાવવામાં આવ્યો હતો.

વૈશાખ શુકલા પ્રતિપદા બુધવાર—આ દિવસે લાલબાગમાં શ્રીમાન્ મહારાજશ્રી તરફથી, **મહેશ્રી વાણીઆ,**

સોની, ચિત્રકાર, પ્રભૃતિ જ્ઞાતિઓને **શ્રીમહાપ્રસાદ** લેવરાવવામાં આવ્યો હતો. દરેક શ્રીમહાપ્રસાદદ્વારા પ્રસન્ન થયા હતા; અને યથોચિત ભેટ કરી આનંદ પામ્યા હતા. **શ્રીમાન્ બાગમાં** પધાર્યા હતા.

વૈશાખ શુકલા ૩ ગુરૂવાર—આ દિવસે **શ્રીઅક્ષયતૃતીયાનો** ઉત્સવ, આનંદપૂર્વક સર્વ મંદિરોમાં થયો હતો. શ્રીપ્રભુ સ્વરૂપો ઉત્તમ ચંદન અને ખસ પ્રભૃતિની સુગંધથી, આનંદ પ્રદર્શિત કરતાં, નિજજનોને દર્શનાનંદ લાભ પ્રાપ્ત કરાવતાં હતાં. **બાગમાં શ્રીમાન્** તરફથી **સુતાર** પ્રભૃતિ જ્ઞાતિઓને **શ્રીછપ્પનભોગનો મહાપ્રસાદ** લેવરાવવામાં આવ્યો હતો.

વૈશાખ શુકલા ૪ ભૃગુવાર—શ્રીમાન્ તરફથી, કેટલાએક નગર નિવાસીજનોની બાકી રહેલી **જ્ઞાતિઓને, શ્રીમહાપ્રસાદ** લેવરાવવામાં આવ્યો હતો; તેમજ ઉચિત વ્યવસ્થા દ્વારા, દરેકનું શ્રીમહાપ્રસાદથી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ ગો૦ **શ્રીગોવર્ધનલાલજી** મુંબાઈવાળા, (શ્રીનૃસિંહલાલજી મહારાજના લાલજી) શ્રીપ્રભુથી વિદાય થઇ, આજે રાત્રિના સમયે **વિદેશ પધારવા** માવલી સ્ટેશને પધાર્યા હતા.

વૈશાખ શુકલા ૬ રવિવાર—આ દિવસે પણ, **શ્રીમાન્**ના તરફથી બાકી રહેલાઓનું **શ્રીમહાપ્રસાદ** દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ ગોસ્વામી **શ્રીગોપેશ્વરલાલજી** (શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરવાળા) રાત્રિના દશ વાગે, અત્રેથી **વિદેશ પધારવા,** શ્રીપ્રભુથી વિદાય થઇ આજે માવલી સ્ટેશને પધાર્યા હતા. નગરમાં સર્વત્ર આનંદજ હતો.

શ્રીમન્મથુરાધીશ્વરપ્રભુની ઈચ્છા હવે વ્રજતરફ **પ્રયાણ** કરવાની હોવાથી, શ્રીમદ્ ગો૦ **શ્રીરણછોડલાલજી મહારાજશ્રીએ** પુનઃ પ્રયાણની તૈયારી કરવા, આજ્ઞા આપેલી હતી. પ્રયાણનું મુહૂર્ત્ત આવતી કાલનું હોવાથી, આજે માર્ગ યાત્રાને લગતી દરેક જાતની વ્યવસ્થા માટે તૈયારીઓ થવા લાગી હતી.

પ્રકરણ ૧૩ મું.

શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુનું શ્રીજીદ્વારથી વ્રજ પધારવું.

શ્રીપ્રભુનું મંગલ પ્રયાણ.

વૈશાખ શુકલા ૭ સોમવાર, વિક્રમ સંવત ૧૯૬૫ (તા. ૨૬ એપ્રીલ સન ૧૯૦૯) ના દિવસે, રત્રિના ૧૧ વાગે **શ્રીમન્મથુરાધીશ પ્રભુએ**, ઉત્તમ રથમાં બિરાજમાન થઈ, **અત્રેથી મંગલ મુહૂર્તમાં વિજય** કર્યો હતો. શ્રીમદ્ ગોસ્વામી **શ્રી રણછોડલાલજી**, તેમજ **શ્રીવહુજીબેટીજી** પ્રભૃતિએ, થોડા સમયથી થયેલા સંયોગાત્મક સ્નેહ સુખાનંદની ભવિષ્ય વિરહ દશા દર્શાવવા, શ્રીમદ્ ગોસ્વામિ તિલક મહારાજ **શ્રીગોવર્ધનલાલજી**, તેમજ **શ્રીવહુજીબેટીજી** પ્રભૃતિથી, ઉચિત પ્રકારે વિદાય સન્માનના સ્નેહને દર્શાવી, આ ચાલુ આનંદનો અંતિમ અનુભવ પ્રાપ્ત કરાવ્યો હતો. શ્રીમદ્ ગો૦ દ્વિજવર પ્રભુ શ્રીરણછોડલાલજી, શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુના સુખપાલ આગળ રથમાં બિરાજમાન થઈ, શ્રીપ્રભુની પંખાની સેવા કરતા હતા. ભક્તજનોના જયઘોષ પૂર્વક, શ્રીપ્રભુ મંદિરમાંથી સુખપાલમાં બિરાજી, નગારખાનાને દરવાજે પધાર્યા હતા; અને ત્યાંથી ઉત્તમ રથમાં બિરાજમાન થયા હતા, કે જે રથમાંજ શ્રીપ્રભુ કોટેથી અત્રે પધાર્યા હતા. શ્રીપ્રભુનો રથ સવારીની ધામધૂમથી આગળ પધાર્યો હતો; અને શ્રીપ્રભુને વિદાય કરવા પધારેલા, **શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી**, તથા ચિ૦ લાલબાવા **શ્રીદામોદરલાલજી** પ્રભૃતિ, શ્રીપ્રભુના અત્રેના બિરાજમાન સમયમાં પ્રાપ્ત થયેલા સુખાનંદ સંયોગાત્મક રહસ્યનું, તેમજ પ્રારંભિત વિરહાત્મકનું, મનન કરતા નિજસ્થાને પધાર્યા હતા. નગર નિવાસીજનો, તેમજ ભગવદ્ ભક્તો, આ શ્રીપ્રભુના મંગલ પ્રયાણને અનેક મંગલ વાર્તાઓ દ્વારા, તથા પ્રાપ્ત થયેલા આનંદના સ્મરણ દ્વારા ચર્ચા-

હતા, પોતેપોતાને સ્થાને વિદાય થયા હતા. નગર નિવાસીજનો અને પરદેશી વૈષ્ણવ જનો, શ્રીપ્રભુ અને ગોસ્વામી શ્રીરણછોડલાલજી મહારાજ ઉપર, સુગંધિત **પુષ્પની** વૃષ્ટિ કરી, તેમજ અંતિમ આ શુભ સમયનાં અલૌકિક આનંદદાયી દર્શન કરી કૃતાર્થ થયા હતા. આજે ભગવદ્ ભકતોની દશા, શ્રીનંદનંદન વ્રજેશ્વર પ્રભુના શ્રીમથુરાંજી પધારવાના સમયે થયેલી, શ્રી ગોપીજનોની દશા પ્રમાણેની વિરહયુક્ત ઘણા ભાગે દર્શતી હતી; કારણ કે, શ્રીપ્રભુના અત્રે (છ માસ જેટલો સમય) બિરાજવાથી, અને તે સમયમાં થયેલા નિત્ય નવીન મનોરથાનંદોથી, સર્વેને શ્રીપ્રભુ અત્રેથી પુનઃ પધારશે એવું સ્મરણ સ્વપ્ને પણ થયું ન હતું. શ્રીપ્રભુ આજે વ્રજ તરફ પધારવાના છે જાણી, શ્રીપ્રભુના પધારવા પૂર્વેજ, વૈષ્ણવજનો મંદિરમાં અને માર્ગ ઉપર, એકત્રિત થવા લાગ્યાં હતાં. સર્વત્ર શ્રી પ્રભુ સંબંધીજ વાતો ચાલતી હતી. કેટલાએક તો શ્રીપ્રભુની સાથેજ જવા તૈયાર થયા હતા. શ્રીપ્રભુને વ્રજતરફ પધરાવવાની સર્વ તૈયારીઓ, શ્રીમદ્ ગો૦ શ્રીરણછોડલાલજી મહારાજ તરફથી પ્રથમથીજ કરવામાં આવી હતી; તેમજ માર્ગના મુકામોની ગોઠવણ પણ આગળથી માણસદ્વારા કરવામાં આવેલી હતી. **મહારાણાશ્રી ઉદયપુર** તરફથી પણ, જોઈતી વ્યવસ્થા બંદોબસ્ત વિગેરેની પ્રથમથી થઈ હતી. તેઓશ્રીએ પોતાની હદમાં દરેક ઠેકાણે પહેલાં પ્રમાણેજ, વ્યવસ્થા કરાવી દીધી હતી. શ્રીમાન્ ટિકેત મહારાજશ્રી તથા શ્રીમાન્ મહારાણાશ્રી ઉદયપુર તરફના બંદોપસ્ત સાથે, પૂર્વ પ્રમાણે સવારીના ઠાઠથી, શ્રીપ્રભુની સવારી **લાલ બજાર**ને રસ્તે થઈ **શ્રીકાંકરોલી** પધારી હતી; અને ત્યાંજ પ્રથમ મુકામ શ્રી પ્રભુનો **શ્રીવિઠ્ઠલવિલાસ**માં થયો હતો.

માર્ગના મુકામો, અને તેનું વર્ણન.

૧ વૈશાખ શુકલા ૮ મંગલવાર—આ દિવસે, શ્રી—નો પ્રથમ મુકામ **શ્રીકાંકરોલીનો** થયો હતો. શ્રીમાન્ **શ્રીકાંકરોલી**

નરેશ ગો૦ શ્રીબાલકૃષ્ણલાલજીના તરફથી, ઉત્તમ પ્રકારે સત્કાર કરવામાં આવ્યો હતો; અને શ્રીપ્રભુના પધારવાથી, અનેક મંગલ ચિહ્નોદ્વારા આનંદ પ્રદર્શિત કર્યો હતો.

૨ વૈશાખ શુકલા ૯ બુધવાર—આ દિવસે પણ શ્રીપ્રભુનો મુકામ **શ્રીકાંકરોલીજ** રહ્યો હતો. આ દિવસે મનોરથમાં, **શ્રીમદ્દ્વારકાધીશ્વર** પ્રભુ પણ, **શ્રીવિઠ્ઠલવિલાસમાં** શ્રી--સમીપ પધાર્યા હતા. દર્શનાનંદ અત્યુત્તમ રહ્યો હતો. ઘણા પરદેશી ભગવદ્ ભકતો અને શ્રીનાથદ્વાર નિવાસીજનો તો, પ્રથમથીજ શ્રીપ્રભુની સવારી સાથે શ્રીકાંકરોલી ગયેલા હતા. ઘણાએક આ દિવસે, **શ્રીવિઠ્ઠલવિલાસમાં જલ વિહારનો (શ્રીયમુનાજીના ભાવથી) મનોરથ** થવાનો છે એમ શ્રવણ કરીને, શ્રી--સ્વરૂપોનાં દર્શન કરવા શ્રીકાંકરોલી ગયા હતા. ભીડ પણ ઠીક હતી.

૩ વૈશાખ શુકલા ૯ ગુરૂવાર—આ દિવસે પણ આખો દિવસ શ્રીપ્રભુનો મુકામ **શ્રીકાંકરોલીજ** રહ્યો હતો. સંધ્યા સમય પૂર્વ **શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુ, શ્રીમદ્ દ્વારકાધીશ્વર પ્રભુ** સમીપ મંદિરમાં પધાર્યા હતા; અને આ અંતિમ દિવસનો, ઉભય શ્રી--સ્વરૂપોએ સાથે બિરાજી, સ્વકીય ભકતોને દર્શનાનંદ લાભ પ્રાપ્ત કરાવ્યો હતો. શ્રીપ્રભુ શયનાનંતર રથમાં બિરાજમાન થઈ, રાત્રિના અગીઆર વાગ્યાને શુમારે, **શ્રીકાંકરોલીથી વિજય કરી** આગળ પધાર્યા હતા. શ્રીમાન્ કાંકરોલી નરેશ ગો૦ શ્રીબાલકૃષ્ણલાલજી નગરદ્વાર સુધી, અમાત્ય મંડલ તથા સભ્યજનો સાથે, શ્રીપ્રભુને વિદાય કરવા પધાર્યા હતા; તથા તેઓશ્રીના તરફથી, શ્રીપ્રભુની સાથે બંદોબસ્ત પણ મોકલવામાં આવ્યો હતો.

૪ વૈશાખ શુકલા ૧૦ શુક્રવાર—આ દિવસે,શ્રી--નો મુકામ પ્રાતઃકાલ થતાં **કુંવારીયા** ગામે થયો હતો; અને પછી ત્યાં મંગલાદિ સેવાક્રમ શરૂ થયો હતો. અત્રે સરબરાહ સંબંધી

વ્યવસ્થા, શ્રીમાન્ ઉદયપુર મહારાણાશ્રીના જાગીરદાર **શ્રીસલુમર રાવજીના** તરફથી કરવામાં આવી હતી. શ્રીપ્રભુ આનંદમાં બિરાજ્યા હતા.

૫ વૈશાખ શુકલા ૧૧ શનિવાર—આ દિવસે, શ્રી--નો મુકામ **પોટલાનો** થયો હતો. અત્રે સરબરાહ, **મહારાણાજી** શ્રી ઉદયપુરના તરફથી કરવામાં આવી હતી.

૬ વૈશાખ શુકલા **૧૨** રવિવાર—આ દિવસે, શ્રી--નો મુકામ **લછમણીઆવાસ**નો થયો હતો. સરબરાહ **શ્રીઉદયપુર** રાજ્યનીજ હતી.

૭ વૈશાખ શુકલા ૧૩ સોમવાર—આ દિવસે,શ્રી--નો મુકામ **પુર**નો થયો હતો. સરબરાહ **શ્રીઉદયપુર રાજ્ય** તરફથીજ થઇ હતી.

૮ વૈશાખ શુકલા ૧૪ મંગલવાર—આ દિવસે, શ્રી--નો મુકામ **ભીલવાડા**નો થયો હતો. ત્યાંના નાયબહાકિમ પ્રભૃતિ, શ્રી--ની સેવામાં ઉપસ્થિત રહ્યા હતા. સરબરાહ **શ્રીઉદયપુર રાજ્ય** તરફનીજ હતી.

આ મુકામે **શ્રીકૃષ્ણગઢ નરેશના કાકાસાહેબ મહારાજા શ્રીરૂગનાથસિંહજી** શ્રી--દર્શનાર્થ પધાર્યા હતા; અને **શ્રીકૃષ્ણગઢ** શ્રીપ્રભુને પધરાવવાની પ્રેમપૂર્વક વિનંતી પણ કરી હતી. દર્શનાનંતર રેલ્વેદ્વારા પાછા શ્રીકૃષ્ણગઢ પધાર્યા હતા. દર્શનાનંદ સારો રહ્યો હતો. દર્શનકર્ત્તાઓ આતુરતાથી એકત્રિત થયેલા માલુમ પડતા હતા. ભેટ પણ શ્રીપ્રભુને યથાશક્તિ કરી હતી. શ્રીપ્રભુનો **શ્રીનૃસિંહજયંત્યુત્સવ** અત્રેજ આજે આનંદપૂર્વક થયો હતો.

૯ *વૈશાખ શુકલા ૧૫ બુધવાર—આ દિવસે, શ્રીપ્રભુનો

---

*માર્ગમાં બે ત્રણ દિવસથી સંગનાં મનુષ્યોમાં કોલેરા વિગેરેનો ઉપદ્રવ થવાથી, સેવક મંડળી વિગેરેનાં ચિત્ત ચિંતાતુર બન્યાં હતાં; અને તેથી આ મુકામે, શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણછોડલાલજી મહારાજશ્રીને, સેવક

મુકામ આખો દિવસ અત્રે **ભીલવાડાજ** રહ્યો હતો. રાત્રિએ શયનાનંતર શ્રીપ્રભુ રથમાં બિરાજી આગળ પધાર્યા હતા.

૧૦ વૈશાખ કૃષ્ણા (વ્રજ જયેષ્ટ કૃષ્ણા) ૧ ગુરૂવાર—આ દિવસે, શ્રી--નો મુકામ **બેરી**નો થયો હતો. સરબરાહ **શ્રીઉદયપુર રાજ્યનીજ** હતી શ્રી--આનંદમાં બિરાજ્યા હતા.

૧૧ વૈશાખ કૃષ્ણા ૨ શુક્રવાર—આ દિવસે, શ્રીપ્રભુનો મુકામ, **કમલ્લીયાવાસ**નો થયો હતો. આ ગ્રામ શ્રીનાથદ્વારાના તાબાનું હોવાથી, સરબરાહ પ્રભૃતિ **શ્રીનાથદ્વારા** તરફથી થઈ હતી; અને શ્રીનાથદ્વારા તરફના અત્રે રહેતા થાનેદાર શ્રી પ્રભુની સેવામાં ઉપસ્થિત રહ્યા હતા.

૧૨ વૈશાખ કૃષ્ણા ૩ શનિવાર—આ દિવસે, શ્રી--નો મુકામ **બરડ***નો કે જેને ખારીનું ઢાળું કહે છે, ત્યાંનો થયો હતો. સરબરાહ **શ્રીઉદયપુર રાજ્ય** તરફનીજ હતી. આ હોડા જીલ્લાની હદ હોવાથી **હોડાહાકિમ** શ્રી--દર્શનાર્થ આવ્યા હતા. અને શ્રી--ની સેવામાં ઉપસ્થિત રહી આનંદ પ્રાપ્ત કર્યો હતો.

૧૩ વૈશાખ કૃષ્ણા ૪ રવિવાર—આ દિવસે, શ્રી--નો મુકામ, **બાંદરવાડા**નો થયો હતો. ત્યાંના **જાગીરદાર** શ્રી--દર્શનાર્થ આવ્યા હતા; અને સરબરાહ પ્રભૃતિ તેઓ તરફથીજ થયું હતું.

મંડલે, શ્રીપ્રભુને અત્રેથીજ પરભાર્યા શ્રીકોટે પધરાવવા, વિનંતી કરી હતી. શ્રીપ્રભુની ઇચ્છા વ્રજ તરફજ પધારવાની હોવાથી, મહારાજશ્રીને વિનંતી કર્યા બાદ શીઘ્રજ રોગની શાંતિ થઇ હતી, કે જેથી સર્વેનાં ચિત્ત પ્રસન્ન થયાં હતાં; અને વ્રજ પધારવાનોજ ઠરાવ કાયમ રહ્યો હતો. આ શ્રીપ્રભુ અને શ્રીરણછોડલાલજી મહારાજશ્રીના પ્રમેયબલનો પ્રતાપ હતો.

* આ સ્થાન મેવાડ દેશની, આ તરફની સીમાનું છેવટનું નિશાન છે; અર્થાત્ ખારી નદીના આ તરફના કીનારા તક મેવાડ દેશ ગણાય છે, અને ત્યાં સુધી ઉદયપુર રાજ્યની હદ છે. નદીના પેલા કીનારાથી આગળ બીજા રાજ્યની હદ છે.

૧૪ વૈશાખ કૃષ્ણ ૫ સોમવાર—આ દિવસે, શ્રી—નો મુકામ **નશીરાબાદ***નો થયો હતો. અજમેરના રસ્તામાં બારા પત્થર બહાર, ગ્રામથી ત્રણ માઈલ ઉપર, શ્રી—ના ડેરા થયા હતા. અજમેર તેમજ નશીરાબાદના કેટલાએક ભગવદ્ ભક્તો, શ્રી—દર્શનાર્થે આવ્યા હતા; અને પોતાના યથાશક્તિ ભેટ કરી, આનંદ પ્રદર્શિત કર્યો હતો. શ્રી—આનંદમાં બિરાજ્યા હતા.

૧૫ વૈશાખ કૃષ્ણ ૬ મંગલવાર—આ દિવસે, શ્રી—નો મુકામ **અજમેર***નો થયો હતો. **આનાસાગર**ની બાજુમાં, **શ્રીપુષ્કરજીના** રસ્તા ઉપર, શ્રીપ્રભુ બિરાજ્યા હતા. વૈષ્ણવ વર્ગ, તેમજ ધર્મિષ્ઠ હિન્દુ માત્ર,શ્રી—દર્શનાર્થે સહર્ષ એકત્રિત થઇ ગયા હતા. ભેટ વિગેરે પણ યથાશક્તિ કરી હતી. દર્શનાનંદ સારો રહ્યો હતો. ભીડ વિશેષ થઇ હતી.

---

* અજમેરથી ખંડવા સુધીની રાજપુતાના માલવા રેલ્વે લાઇનનું, અજમેરથી બીજુંજ આ સ્ટેશન છે. અત્રે ઈંગ્રેજ સરકારની લશ્કરી ઈંગ્રેજી પલટણની છાવણી રહે છે. ગ્રામ સારૂં છે. વસ્તી પણ ઠીક છે.

*અજમેર મોટું અને પ્રખ્યાત શહેર છે. રાજ્ય ઇંગ્રેજ સરકારનું છે. રાજપુતાના માલવા રેલ્વેનું મોટું જંકશન છે. પ્રાચીન સમયમાં **શ્રીપૃથુરાજ ચોહાણની રાજધાની** રૂપે આ શહેર શોભતું હતું. અદ્યાપિ પણ **તારાગઢ** પ્રભૃતિ ચિહ્નો, પ્રાચીન વખતનું સ્મરણ કરાવે છે. અત્રેથી **શ્રી પુષ્કરજી** સાત માઇલને શુમારે દૂર છે. રાજા રજવાડાના કુંવરોને ઇંગ્રેજી ભણાવવા માટે, અત્રે એક **મેયો કૉલેજ** નામની મોટી કૉલેજ છે; તેમજ રેલ્વે પોસ્ટ પ્રભૃતિ ખાતાંઓની, મોટી મોટી ઑફિસો છે. મોટા મોટા ઑફિસરોને માટે સારા સારા બંગલા પણ બાંધેલા છે. **આનાસાગર** નામનું મોટું તળાવ છે. એક બે લોઢા વિગેરેનાં કારખાનાં પણ છે. વેપાર એકંદરે સારો છે. વસ્તી યવનોની વિશેષ છે; તેમજ યવનોનું આ યાત્રાસ્થાન પણ છે. અત્રે યવનોના **ખાજા પીરની** દરગાહ છે, કે જ્યાં, ઉરસનો મોટો મેળો દર વર્ષે ભરાય છે. વારંવાર યવનોનો સમૂહજ અત્રે એકત્ર થતો હોવાથી; તેમજ વસ્તીમાં પણ યવનોનો ભાગ વિશેષ હોવાથી, હિન્દુઓમાં પણ તેમનોજ સંસર્ગ વધી ગયેલો જોવામાં આવે છે. શ્રી નાથદ્વારાથી રાજપુતાના માલવા રેલ્વે લાઇનદ્વારા,શ્રીમથુરાજી વિગેરે જવા

૧૬ વૈશાખ કૃષ્ણા ૭ બુધવાર—આ દિવસે, શ્રી--નો મુકામ શ્રીકૃષ્ણગઢ*નો થયો હતો. શ્રીકૃષ્ણગઢનરેશ, શ્રી--ને પધરાવવા, બે ગાઉ સન્મુખ પધાર્યા હતા; અને સપ્રેમ પોતાને ત્યાંના ઉત્તમ અશ્વો શ્રી--ના રથમાં જોડી, પોતે શ્રી--ના સારથી બની શ્રી--નો રથ ચલાવ્યો હતો. નગર નિકટ શ્રી--નો રથ પધારવાના સમયે તોપોના મંગલ શબ્દોદ્વારા આહ્લાદ પ્રદર્શિત કર્યો હતો. શ્રીપ્રભુની સામગ્રી પ્રભૃતિ દરેક જોઈતી વસ્તુઓની સેવા, તેમજ બટલો, લશ્કર વિગેરે બધાં માણસોની ખાનપાનાદિ દરેક સગવડ, શ્રીમાન્ શ્રીકૃષ્ણગઢનરેશ તરફથી કરવામાં આવી હતી. પોતાને ત્યાં કૃપા કરીને કૃતાર્થ કરવા

માટે આ જંકશને આવવું પડે છે; અને અત્રે ગાડી બદલવી પણ પડે છે. વૈષ્ણવ જનોના વિશ્રામાર્થે, એક મુંબાઇના ભાટીયા સદ્ગૃહસ્થ ભગવદ્ ભક્તે, **કેશરગંજ** તરફ જતાં નજીકમાંજ એક **ધર્મશાળા** બંધાવેલી છે; કે જ્યાં, દરેક રીતની સગવડ છે. ઓળખાણ વિનાના વૈષ્ણવજનોને માટે આખા શહેરમાં આ એકલુંજ ઉત્તમ સ્થાન છે.

* શ્રીકૃષ્ણગઢ પ્રાચીન શૈલીનું રાજપુતાનામાંના પ્રસિદ્ધ રાજ્યસ્થાનની રાજધાનીનું શહેર છે. અજમેરથી જયપુર જતાં, રાજપુતાના માલવા રેલ્વે (સાબરમતી દીલ્લી રેલ્વે) લાઈનનું અજમેરથી બીજું જ સ્ટેશન છે. વસ્તી સારી તેમજ વેપાર એકંદરે ઠીક છે. પ્રાચીન વખતમાં થયેલા શ્રીકૃષ્ણગઢનરેશો, પૂર્ણ ભગવદ્ ભક્ત હતા; કે જેઓની અનન્ય ભક્તિ, આજ સુધી તેમના વંશદ્વારા પણ પ્રત્યક્ષ થાય છે. શ્રીકૃષ્ણગઢ નરેશને ત્યાં, તેમના ભગવદ્ ભક્ત પૂર્વજોદ્વારા સેવિત **શ્રીમદ્વલ્લભાધીશ પ્રભુનું ચિત્રસ્વરૂપ** આજે પણ બિરાજે છે. આખી પૃથ્વિ ઉપર **શ્રીઆચાર્યજીનું ખરૂં ચિત્રસ્વરૂપ** આ એક જ છે; કે જે, શ્રીઆચાર્યશ્રીના વખતમાં બાદશાહના તરફથી, ચિત્રકારોદ્વારા પ્રત્યક્ષ રીતે આચાર્યશ્રીની કૃપાથી જ લેવામાં આવ્યું હતું. બાદશાહની પ્રસન્નતામાં શ્રીકૃષ્ણગઢવાળાઓએ, અન્ય લૌકિક વસ્તુની અભિલાષા ન દર્શાવતાં, પોતાના પ્રાણથી પણ પ્રિય, અત્યુત્તમ, અલૌકિક, આ શ્રીમદ્વલ્લભાધીશ પ્રભુની મોહિની મૂર્તિની અભિલાષા દર્શાવી, સપ્રેમ અત્યાગ્રહપૂર્વક પોતાને ત્યાં આ ચિત્રસ્વરૂપને પધરાવ્યું હતું. અત્રે અન્ય પણ પ્રાચીન મહાનુભાવી ભગવદ્ ભક્તો (અષ્ટસખા, ચોરાસી, બસેંબાવન પ્રભુતિ)નાં કેટલાએક ચિત્રો હોવાનું શ્રવણ કરેલું છે.

પધારેલા શ્રીપ્રભુની સેવામાં રાજાજી આનંદપૂર્વક કટિબદ્ધ રહ્યા હતા; અને સર્વ પ્રકારે યથોચિત સત્કાર કર્યો હતો; કે જેથી, આજે તેઓશ્રીના પૂર્વજોની દૃઢ ભક્તિનું સ્મરણ દરેકને થઈ આવ્યું હતું. દર્શનાનંદ અત્યુત્તમ રહ્યો હતો. શ્રીમાન્ રાજાજી તરફથી, તેમજ જનાના તરફથી, શ્રી--ને ભેટ પણ સારી કરવામાં આવી હતી. આ મુકામે રાજનગર (અમદાવાદ) વાળા શેઠ ગિરિધરલાલ (મણીલાલ) હરીલાલ, (હરિવલ્લભદાસ મુળચંદવાળા) પોતાના વડીલભાઈ શેઠ માણેકલાલભાઈની ક્રિયા ખર્ચના અવસરોને (ટાણાંને) અધૂરા મૂકી, શ્રી--સેવામાં ઉપસ્થિત થઈ ગયા હતા; અને શ્રી--ની સેવામાંજ વ્રજ સુધી સાથે રહ્યા હતા.

૧૭ વૈશાખ કૃષ્ણ ૮ ગુરૂવાર—આ દિવસે પણ શ્રી--નો મુકામ **શ્રીકૃષ્ણગઢજ** રહ્યો હતો. રાત્રિએ શયનાનંતર ધામધૂમથી શ્રીપ્રભુ આગળ પધાર્યા હતા. શ્રીમાન્ રાજાજી તરફથી શ્રી--ની સાથે બંદોબસ્ત પણ આપવામાં આવ્યો હતો; તેમજ સભ્યજનો પણ સાથે મોકલવામાં આવ્યા હતા. અત્રેથી શ્રી નાથદ્વારા તરફના શ્રી--ના રથના ઘોડા વિદાય કરવામાં આવ્યા હતા; અને શ્રીકૃષ્ણગઢનરેશના તરફથી, શ્રી--નારથની સેવા માટે સુંદર અશ્વો આપવામાં આવ્યા હતા. અત્રે શ્રીપ્રભુ જે સ્થલે બિરાજેલા, તે સ્થલે સદાને માટે શ્રી--ની બેઠક સ્થાપવામાં આવી છે.

૧૮ વૈશાખ કૃષ્ણ ૯ શુક્રવાર—આ દિવસે, શ્રી--નો મુકામ **બાંદરસીંદડીનો** થયો હતો. આ ગ્રામ શ્રીકૃષ્ણગઢ રાજ્યનું જ હતું; અને તેથી દરેક વ્યવસ્થા **શ્રીકૃષ્ણગઢ** નરેશના તરફથી થઈ હતી. **શ્રીમાન્ રાજાજી** આ મુકામે પણ શ્રી--દર્શનાર્થે પધાર્યા હતા; અને દર્શન કરી મોટરકારદ્વારા શીઘ્ર પાછા પધાર્યા હતા. શ્રી--અત્રે પણ આનંદમાં બિરાજ્યા હતા. આનંદ અત્યુત્તમ રહ્યો હતો.

૧૯ વૈશાખ કૃષ્ણ ૧૧ શનિવાર—આ દિવસે, શ્રી--નો

મુકામ દુદુનો થયો હતો. **શ્રીકૃષ્ણગઢ નરેશ** આ મુકામે પણ શ્રી—દર્શનાર્થ પધાર્યા હતા.સરબરાહ પ્રભૃતિ વ્યવસ્થા,**જયપુર રાજ્યના જાગીરદાર** (આ ગ્રામનાજ ઠાકોર) તરફથી કરવામાં આવી હતી.તેઓ પોતે પણ શ્રી—દર્શનાર્થ આવ્યા હતા; અને શ્રી—ની સેવામાં ભક્તિપૂર્વક તત્પર રહ્યા હતા.

૨૦ વૈશાખ કૃષ્ણા ૧૨ રવિવાર—આ દિવસે શ્રી—નો મુકામ ભગરૂનો થયો હતો. શ્રી—આનંદમાં બિરાજ્યા હતા.સરબરાહ **જયપુર રાજ્ય તરફથી** થઈ હતી.

૨૧ વૈશાખ કૃષ્ણા ૧૩ સોમવાર—આદિવસે, શ્રી—નો મુકામ જયપુરનો થયો હતો. **શેઠાણીજી કુચામનવાળાંની વાડીમાં** શ્રી—બિરાજ્યા હતા. **સદ્ગૃહસ્થ ભગવદ્ ભક્તોની તરફથી,** તેમજ **રાજ્ય તરફથી** સરબરાહ સારી કરવામાં આવી હતી. રાજ્ય તરફનો બીજો પ્રબંધ પણ ઉત્તમ હતો. શ્રી—ને **ચંદનના વાઘા** ધરાવવામાં આવ્યા હતા; તથા **ફૂલમંડલીનો મનોરથ** પણ આનંદ પૂર્વક માનવામાં આવ્યો હતો. દર્શનાનંદ સારો રહયો હતો. નગરનિવાસી જનો દર્શનાનંદ મગ્ન થયેલા આનંદિત જણાતા હતા. દર્શન સમયે પણ રાજ્ય તરફથી ઉત્તમ પ્રકારનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. રાજ્યના મુખ્ય કારભારીઓ સમય ઉપર ઉપસ્થિત રહયા હતા. નગરનિવાસી સ્ત્રીમંડલ, મંગલ ગાનથી ઉત્તમ પ્રકારનો આનંદ દર્શાવતું હતું. ભગવદ્ ભક્તોએ ભેટ પણ સારી કરી હતી. જનાના તરફથી રાણીજી વિગેરેઓએ, શ્રીપ્રભુને રૂા. ૯૦૦), સુવર્ણની મહોરો૧૧, અને નવ ઉત્તમ ગૌમાતા, વિગેરે ભેટ કરી હતી. શ્રી—આનંદમાં બિરાજ્યા હતા.

૨૨ વૈશાખ કૃષ્ણા ૧૪ મંગલવાર—આ દિવસે પણ શ્રી—નો મુકામ જયપુરનોજ થયો હતો.શ્રી—ને આજે સપ્રેમ, ઋતુ અનુસાર, **ખડબુચાં આરોગાવવાનો મનોરથ** પણ થયો હતો. દર્શનાનંદ સારો રહયો હતો.

૨૩ વૈશાખ કૃષ્ણા ૦)) (વ્રજજ્યેષ્ઠ કૃષ્ણા અમાવાસ્યા)

બુધવાર—આ દિવસે પણ,શ્રી--નો મુકામ આખો દિવસ *જયપુરનોજ રહયો હતો. શયનાનંતર રાત્રિએ, શ્રી--આગળ પધાર્યા હતા. આજે પણ **ફૂલમંડલીનો મનોરથ** થયો હતો. ફૂલમંડલીની શોભા અત્યુત્તમ હતી.

૨૪ જયે૦ શુકલા ૧ ગુરૂવાર—આ દિવસે, શ્રી--નો મુકામ **જરફીબાવડીનો** થયો હતો. શ્રી--આનંદમાં બિરાજયા હતા. સરબરાહ જયપુર રાજય **તરફની** હતી.

૨૫ જયે૦ શુકલા ૨ શુક્રવાર—આ દિવસે, શ્રી--નો મુકામ **ઢોંસાનો** થયો હતો. સરબરાહ પ્રભૃતિ વ્યવસ્થા **જયપુર રાજય તરફની** હતી.

૨૬ જયે૦ શુકલા ૨ શનિવાર—આ દિવસે શ્રી--નો મુકામ **ડુબ્બીનો** થયો હતો. સરબરાહ **શ્રીજયપુર રાજય તરફની** હતી. અત્રે શ્રીપ્રભુ, ઉત્તમ પ્રકારનાં સુગંધિત પુષ્પોની મંડલીમાં **ફૂલમંડલીના મનોરથથી** બિરાજમાન થયા હતા; અને ભક્તજનોને દર્શનાનંદ દાન કરી, આનંદ પ્રાપ્ત કરા-

---

* જયપુર એક પ્રખ્યાત દેશી રાજયનું રાજધાનીનું શહેર છે. રાજયમહેલ સારા જોવા જેવા છે. વસ્તી પણ ઉત્તમ છે. મહાજન લોકો સારા ધનાઢય છે. શહેરની બાંધણી બહુજ પ્રસંશનીય છે. અત્રેની કેટલીએક કારીગરી, જેવી કે પથ્થર વિગેરેની મૂર્ત્તિઓ, તથા અન્ય ચીજો, તેમજ મીનાકારી અને જડાવનું કામ, ચિત્રકામ, વિગેરે સારી વખાણવા જેવી છે. ઝવારાતનો વેપાર સારો છે; તેમજ ઝવેરીઓની વસ્તી પણ વિશેષ છે. રાજયવૈભવ પણ ઉત્તમ છે. રાજપુતાના માલવા રેલ્વે કે જે અજમેરથી દીલ્લી આગ્રા તરફ જાય છે; તે લાઇનનું બાંદીકૂઇ અને અજમેરની વચ્ચેનું, આ એક મોટું સ્ટેશન છે. અત્રેથી સ્ટેટ રેલ્વેની એક શાખા (બ્રાન્ચ રેલ્વે) સવાઇ માધવપુર તરફ ગયેલી છે. **રામનિવાસ** નામનો બાગ બહુજ સારો જોવા લાયક છે.આ શહેરમાં પૂર્વે સ્વસંપ્રદાયાચાર્ય સેવ્યનિધિઓ, **શ્રીચંદ્રમાજી**, **શ્રીમદનમોહનજી** પ્રભૂતિ બિરાજતી હતી; અને રાજય તરફની સારી જાગીર પણ હતી. શ્રીમાન્ રાજાજી કે જે હાલમાં ગાદી ઉપર છે, તેઓ પોતે સારા અને સદ્ધર્મ પરાયણ છે.

વ્યો હતો. ફૂલમંડલીની શોભા અત્યુત્તમ હતી.

૨૭ જયેઠ શુકલા ૪ રવિવાર—આ દિવસે, શ્રી——નો મુકામ માનપુરનો થયો હતો. અત્રે પણ સરબરાહ **જયપુર રાજય તરફની** હતી.

૨૮ જયેઠ શુકલા ૫ સોમવાર—આ દિવસે, શ્રી——નો મુકામ **મહુવાનો** થયો હતો. અત્રે પણ સરબરાહ **જયપુર રાજય તરફની** હતી. શ્રી——આનંદમાં બિરાજયા હતા.

૨૯ જયેઠ શુકલા ૬ મંગલવાર—આ દિવસે, શ્રી——નો મુકામ **હલેણાનો** થયો હતો. સરબરાહ **જયપુર રાજય તરફનીજ** હતી.

૩૦ જયેઠ શુકલા ૭ બુધવાર—આ દિવસે, શ્રી——નો મુકામ ***ભરતપુરનો** થયો હતો. સરબરાહ પ્રભૃતિ વ્યવસ્થા, **ભરતપુર નરેશના તરફથી** કરવામાં આવી હતી. રાજ્યના આમાત્ય વર્ગ તરફથી સારો સત્કાર કરવામાં આવ્યો હતો. શ્રીમાન્ ભરતપુર નરેશ નગરમાં નહતા; તોપણ શ્રી——ની સર્વ વ્યવસ્થા, રાજ્ય તરફથી સપ્રેમ સારી કરવામાં આવી હતી. શ્રી——આનંદમાં બિરાજયા હતા.

૩૧ જયેઠ શુકલા ૮ ગુરૂવાર—આ દિવસે, શ્રી——નો મુકામ **રારાનો** થયો હતો. સરબરાહ **ભરતપુર રાજય તરફની** હતી. શ્રી——આનંદમાં બિરાજયા હતા. **વ્રજમાં પધારવાનો આ છેલ્લો** મુકામ હતો.

---

*ભરતપુર, પ્રાચીન અને પ્રખ્યાત રાજયસ્થાનની રાજધાનીનું શહેર છે. અત્રેના (જાટ)રાજાઓની શૂરવીરતા આજસુધી પણ ઇતિહાસમાં સુપ્રસિદ્ધજ છે. ભરતપુરનો કીલ્લો, પ્રાચીન બાંધણીનો, મજબૂત, જોવાજેવો છે. રાજપુતાના માલવા રેલ્વેની, બાંદીકૂઇ આગ્રા બ્રાન્ચ લાઇનનું, તેમજ નાગદા મથુરા રેલ્વેનું (પંજાબ મેલ લાઇનનું) આ સ્ટેશન અને જંકશન છે. ગામ સારૂં છે; તેમજ વસ્તી પણ એકંદરે સારી છે. રાજ્યમહેલ વિગેરે પણ ઠીક છે.

૩૨ જયે૦ શુક્લા ૯ શુક્રવાર—આ દિવસે, શ્રી—નો મુકામ વ્રજમાં* પ્રથમજ શ્રીગોકુલનો થયો હતો. શ્રી—નિજમંદિરમાં બિરાજમાન થયા હતા. શ્રીગોકુલમાં શ્રીપ્રભુને પધરાવવા શ્રીમદ્ ગોસ્વામી શ્રીગોપાલલાલજી મહારાજ, (શ્રીમથુરાંજીવાળા) કે જેઓ, શ્રીપ્રભુની સાથેજ, શ્રીજીદ્વારથી વિદાય થઈ, શ્રીકાંકરોલી સુધી પધારેલા, અને શ્રી કાંકરોલીથી શ્રીપ્રભુને વિદાય કરી, પોતે સનવાડ સ્ટેશનેથી રેલ્વેદ્વારા પ્રથમથીજ અત્રે આવી પહોચ્યા હતા. તેઓશ્રી તથા કામવનવાળા સપ્તમપીઠાધીશ્વર શ્રીમદ્ ગોસ્વામી શ્રીગોપાલલાલજી મહારાજ, (શ્રીમદનમોહનજીના મંદિરવાળા) તથા શ્રીગોકુલસ્થ ચતુર્થપીઠાધીશ્વર, શ્રીમદ્ ગોસ્વામી શ્રી કહ્નૈયાલાલજી મહારાજ, (શ્રીગોકુલનાથજીવાળા) પ્રભૃતિ ગોસ્વામિ બાલકો પધાર્યા હતાં. શ્રીપ્રભુ એકંદરે એક માસની માર્ગયાત્રા નિમિત્તે, અનેક જીવોને દર્શનાનંદ દાન કરતા, આજે આનંદથી, પોતાના નિજસ્થાન શ્રીવ્રજમાં (શ્રીગોકુલમાં) આનંદ પૂર્વક, શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણુછોડલાલજીના મનોરથને પૂર્ણ કરવા બિરાજમાન થયા હતા. શ્રીપ્રભુના પધારવાના સમયે, શ્રીગોકુલમાં શ્રીમદ્ ગોસ્વામિ મંડલદ્વારા તથા ભગવદીયોદ્વારા, અનેક મંગલ ક્રિયાઓ થઈ હતી. ભગવદ્ ભક્તોનાં ટોળાં આજે શ્રીપ્રભુ દર્શન માટે ઉત્સુક, અને આનંદિત, જય શબ્દોની ધ્વનિ કરતાં, શ્રીપ્રભુ સન્મુખ ધાવતાં જણાતાં હતાં. શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણુછોડલાલજી પણ, આજે આનંદ મગ્ન જણાતા હતા. શ્રીપ્રભુ નિજમંદિરમાં બિરાજમાન થયા પછી સેવા ક્રમ શરૂ થયો હતો.

માર્ગનો આનંદ, અને અન્યવ્યવસ્થા.

શ્રીપ્રભુ, માર્ગમાં જ્યાં જ્યાં થઈને પધારતા હતા, તે

---

*શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણુછોડલાલજી મહારાજે, વ્રજની હદ આવી ત્યાથી, મોજડીઓ તેમજ પાદુકાઓનો ત્યાગ કર્યો હતો; અને પોતે શ્રી પ્રભુની સાથે, ખુલ્લા ચરણારવિંદથીજ પધારતા હતા.

દરેક સ્થલે, પ્રથમની પ્રમાણેજ આનંદ માનવામાં આવ્યો હતો; અને શ્રીપ્રભુ પધારવાના વખતે, મંગલ સૂચક ચિહ્નોથી પણ આનંદ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. સરબરાહ પ્રભૃતિની વ્યવસ્થા પણ રાજ્યોદ્વારા પ્રથમથીજ થતી આવી હતી. ડેરા તંબુ વિગેરેની સગવડ પણ, પેહેલાં પ્રમાણેજ હતી. શ્રીપ્રભુની સાથે, **મહારાણાશ્રી ઉદયપુર** તરફનો, તેમજ **ટિકેત મહારાજ શ્રીગોવર્ધનલાલજી** (શ્રીનાથદ્વારા) તરફનો, લશ્કર, ઘોડેસ્વાર, વિગેરે બંદોબસ્ત પણ હતો. શુમારે સો માણસો લશ્કર વિગેરેનાં, વ્રજ સુધી શ્રી—ની સેવામાંને સેવામાં રહ્યાં હતાં. **શ્રીકોટાનરેશના તરફના** ચાર પહેરા, કે જે, શ્રી—ની સેવામાંજ સાથે રહી નોકરી આપવા સોંપેલા હતા તે પણ સાથેજ હતા. નગારા, નિશાન,અને સભ્ય મનુષ્યો વિગેરે પણ, **શ્રીઉદયપુર મહારાણાજી તરફનાં** શ્રી—ની સવારીમાં સાથે હતાં. શ્રીનાથદ્વારાથી પણ સભ્યજન મંડલ, સાથે મોકલવામાં આવ્યું હતું. ડેરા, તંબુ અને અન્ય સામાનને માટે, બળદગાડીઓ, ઊંટ વિગેરેનો પણ પૂરતો બંદોબસ્ત હતો. સવારીને માટે ગાડીઓ, રથ, તાંગા, સીગરામ, ઘોડા વિગેરે વાહનોનો બંદોબસ્ત પણ હતો. માર્ગ વ્યવસ્થા ઠીક રહી હતી. જો કે ઉષ્ણ કાલનો સમય હોવાથી, તેમજ ચાલતી માર્ગ મુસાફરીથી, કેટલીએક અડચણો માલુમ પડતી હતી; તથાપિ શ્રીપ્રભુ કૃપાથી કંઈ પણ વિઘ્ન જણાયું ન હતું. આવા ઉષ્ણ કાલના સમયમાં, તેમજ મુસાફરીના કારણથી કેટલીએક અવ્યવસ્થાઓમાં, અને **શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણછોડલાલજી મહારાજનું શ્રીઅંગ**, શ્રીજીદ્વાર પધાર્યા ત્યારથી, શ્રીમુખ આગળ થયેલા દરદના કારણને લીધે, દિવસે દિવસે વધુ અસ્વસ્થ થતું જવા છતાં પણ, આ લાંબો વિકટ માર્ગ, નિર્વિઘ્ન આનંદ પૂર્વક પૂર્ણ થયો, એ શ્રીપ્રભુનો,અને શ્રીરણછોડલાલજી મહારાજશ્રીના **પ્રમેય બલનોજ પ્રતાપ** પ્રત્યક્ષ જણાયો હતો. “ **શ્રીપ્રભુ સર્વસામર્થ્યવાળા છે** ” એ, શાસ્ત્ર વાક્યની

પ્રત્યક્ષતા આ વખતે સર્વને થઈ હતી. માર્ગ મુસાફરીની એ વ્યવસ્થા હતી કે, આખો દિવસ મુકામ રહેતો હતો, અને રાત્રિએ શયનાનંતર, પ્રયાણ શરૂ થતું હતું; કે જેથી સેવાક્રમ આનંદથી ચાલતો, અને ઉષ્ણકાલને લીધે મુસાફરીનું પણ દરેકને ઠીક પડતું હતું. ખટલાનાં માણસોને પણ ભોજનાદિ વ્યવસ્થા, દિવસે અનુકૂલ પડતી હતી. માર્ગમાં ભીલવાડા મુકામે, તેમજ પૂર્વના એક બે મુકામોમાં, અધિક ઉષ્ણતાના કારણથી, કોલેરાના ઉપદ્રવ જેવું કંઈક સહેજ જણાયું હતું; પરંતુ શ્રી--ની કૃપાથી શાન્તિ થઈ ગઇ હતી. ઉષ્ણ કાલનો શ્રીપ્રભુનેમાટે, કુવારા, ખસની ટટ્ટીઓ, (પડદા) જલ સિંચનાદિ સેવાક્રમ બરાબર માર્ગમાં ચાલુ રહ્યો હતો. શ્રીપ્રભુ સાક્ષાત્પૂર્ણાનંદ જયાં બિરાજે ત્યાં સર્વ પ્રકારે આનંદજ હોય; અને તે પ્રમાણે માર્ગમાં દરેક સ્થલે,દરેક પ્રકારનો આનંદજ રહ્યો હતો.

શ્રીપ્રભુની, તેમજ શ્રીમદ્ ગોસ્વામિસ્વરૂપોની કૃપાજ, કે જે દ્વારા, આવા કલિકાલમાં પણ, શ્રીપ્રભુસ્વરૂપોને લાડ લડાવવાના નિમિત્તે, અનેક અલૌકિક મનોરથોત્સવો આરંભી, અનેક સ્થાનના જીવોને, પોતાના નિજાનંદથી આનંદિત કર્યા હતા. શ્રીમાન્ મહારાણાશ્રી ઉદયપુર, તેમજ શ્રીમાન્ કોટા નરેશ, તથા શ્રીકૃષ્ણગઢ નરેશ, શ્રીબુંદી નરેશ પ્રભૃતિઓને પણ ધન્યવાદજ, કે જેઓએ, શ્રીપ્રભુની સેવામાં સમયાનુસાર કટિ બદ્ધ રહી, ભક્તિભાવથી આનંદ પ્રાપ્ત કર્યો હતો; અને શ્રીપ્રભુની, તેમજ શ્રીમદ્ ગોસ્વામી મહારાજશ્રીની કૃપા સંપાદન કરી હતી. અન્ય અમીર, ઉમરાવ, અને હાકિમ મુસદ્દીઓ, તથા સદ્ગૃહસ્થ ભગવદ્ ભકતોનાં પણ અહો ભાગ્ય, કે જેઓએ, શ્રીપ્રભુની અને શ્રીગુરૂની યોગ્ય સેવા કરી, અલૌકિક આનંદ પ્રાપ્ત કર્યો હતો. આ ભૂમિ અને આ સમયને પણ ધન્યવાદજ. શ્રીપ્રભુ પુનઃ પુનઃ આવો શુભ સમય પ્રદાન કરી, સ્વકીયોને નિજાનંદદ્વારા સદા સંતોષે, કે જેવો આ અલૌકિક નિજાનંદ પ્રાપ્ત કરાવી સંતોષ્યા હતા.

પ્રકરણ ૧૪ મું.

શ્રીપ્રભુનું વ્રજમાં બિરાજવું, અને જુદે જુદે સ્થલે થયેલા મનોરથો.

જ્યે૦ શુકલા ૧૦ શનિવાર—**શ્રીગંગાદશહરા.** આ દિવસનો શ્રીગંગાદશહરાનો ઉત્સવ **શ્રીગોકુલમાંજ** આનંદપૂર્વક માનવામાં આવ્યો હતો. **શ્રીગંગાજી** તથા **શ્રીયમુનાજીના ભાવથી** જલ ભરવામાં આવ્યું હતું. શ્રી––આનંદપૂર્વક બિરાજ્યા હતા; અને દર્શનાનંદ સુખપૂર્વક ભગવદ્ ભક્તોને પ્રાપ્ત થયો હતો.

જ્યે૦ શુકલા ૧૧—**શ્રી નિર્જલા એકાદશી** પણ **શ્રીગોકુલમાંજ** થઈ હતી. શ્રીપ્રભુ, આજે ઉત્તમ **રૈલમંડલીમાં** બિરાજમાન થયા હતા. દર્શનાનંદ અત્યુત્તમ રહ્યો હતો. દર્શનમાં ભગવદ્ ભક્તોની ભીડ વિશેષ હતી.

જ્યે૦ શુકલા ૧૫—**શ્રીસ્નાન યાત્રા.** આ દિવસે શ્રીસ્નાન યાત્રાનો ઉત્સવ પણ **શ્રીગોકુલમાંજ** થયો હતો. શ્રીમદ્ ગોસ્વામી **શ્રીરણછોડલાલજી મહારાજ** આગલે દિવસે જલ ભરવા પધાર્યા હતા, કે જે સમયની શોભા, અત્યુત્તમ જણાતી હતી: અને અતિશય આનંદ પ્રાપ્ત થતો હતો. શ્રી—ના **જ્યેષ્ઠાભિષેક** સમયે થતી **વેદધ્વનિ**, કર્ણને અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવતી હતી. સ્નાન યાત્રાને દિવસે સાંજે, શ્રીપ્રભુ **શ્રીઠકુરાની ઘાટ** ઉપર, ઉત્તમ પ્રકારનાં સુગંધિત પુષ્પોથી શોભિત થયેલી, **ફૂલમંડલીમાં** બિરાજમાન થયા હતા.

જ્યે૦ કૃષ્ણા ૧(વ્રજ આષા૦ કૃ૦ ૧)—આ દિવસે, **શ્રીપ્રભુ બડીધારાજી** ઉપર બિરાજમાન થયા હતા. અને ત્યાં **ફૂલમંડલીમાં** બિરાજી જલવિહારના મનોરથદ્વારા, શ્રીપ્રભુએ, નિજજનોને આનંદ પ્રાપ્ત કરાવ્યો હતો. શ્રીપ્રભુએ આજસુધી અત્રે બિરાજી, વિવિધ પ્રકારનો આનંદ દર્શાવ્યો હતો. શ્રીપ્રભુ

અત્રેથી કર્નાવલ પધાર્યા હતા; કે જે પોતાનું પ્રાકટ્યસ્થાન હતું. આ મુકામેથી (શ્રીગોકુલથી) શ્રીનાથદ્વારા તથા ઉદયપુરની ગાડીઓ વિગેરે, પાછું રવાના કરવામાં આવ્યું હતું; તેમજ વધારાનાં મનુષ્યોને પણ વિદાય કરવામાં આવ્યાં હતાં. શ્રીનાથદ્વારાવાળા ચોદરી ઘાસીરામજી, કે જેઓને શ્રીનાથદ્વારાથી મહારાજશ્રીએ, શ્રીપ્રભુની સાથે ગાડીઓ વિગેરેના પ્રબંધને માટે મોકલાવેલા હતા; તેમને પણ, સપ્રેમ સત્કારપૂર્વક અત્રેથી વિદાય કરવામાં આવ્યા હતા. લશ્કર પ્રભૃતિ બંદોબસ્ત સાથેજ રાખવામાં આવ્યો હતો.

જ્યે૦ કૃષ્ણ ૨-૩ રવિવાર—આ દિવસે, શ્રીપ્રભુ **કર્નાવલ** પધાર્યા હતા; અને ત્યાં એક મુકામ બિરાજ્યા હતા. શ્રીપ્રભુ અત્રે પોતાના પ્રાકટ્યસ્થાન આગળજ બિરાજ્યા હતા; અને ત્યાં શ્રીમદ્ ગોસ્વામી **શ્રીરણછોડલાલજી મહારાજે**, શ્રીપ્રભુનો શૃંગાર કર્યો હતો. શ્રીપ્રભુને પ્રાકટ્યલીલાના આનંદથી **કેશરી ધોતી** ઉપરણા ધરાવવામાં આવ્યા હતા. આજના શૃંગારની શોભા અદ્ભુત હતી. દર્શન કર્તા ભગવદીયજનોને, આજે જાણે, પ્રત્યક્ષ શ્રીપ્રભુના પ્રાકટ્ય સમયના સ્વરૂપનાંજ દર્શન થતાં હોય તેવું ભાન થતું હતું. આ સ્થલેથીજ શ્રીમન્મથુરાધીશ પ્રભુનું પ્રાકટ્ય થયેલું હતું; કે જ્યાં, અદ્યાપિ પણ **ગુફા (કંદરા) પ્રભૃતિ** ચિહ્નો વિદ્યમાન છે. અત્રે શ્રીયમુનાતટમાં, **શ્રીમન્મથુરાધીશ પ્રભુએ શ્રીમદ્વલ્લભાધીશ પ્રભુને (શ્રીમહાપ્રભુજીને) તાલ સમાન સ્વરૂપથી**, જ્યારે પોતે શ્રીવ્રજમાં પધારેલા, ત્યારે દર્શન આપ્યાં હતાં; કે જે સમયે, દર્શન આપ્યા પછી, સેવા કરવા યોગ્ય સ્વરૂપ ધારણ કરવા શ્રીપ્રભુને વિજ્ઞપ્તિ કરી, શ્રીમહાપ્રભુજીએ પોતાની ગોદમાં પધરાવવા વિચાર્યું, કે તરતજ, શ્રીમન્મથુરાધીશપ્રભુ નાનું સ્વરૂપ કરી, **શ્રીમહાપ્રભુજીની ઉત્સંગમાં** પધાર્યા હતા. શ્રીપ્રભુએ ગોદમાં બિરાજતી વખતે એટલું નાનું સ્વરૂપ ધારણ કરેલું હતું, કે, શ્રીમહાપ્રભુજીની હડપચીએ શ્રીપ્રભુના શ્રીમસ્ત-

કનો સ્પર્શ થયો હતો. હાલ પણ શ્રીમન્મથુરાધીશ પ્રભુ તેજ સ્વરૂપથી બિરાજે છે. આ **શ્રીપ્રભુસ્વરૂપ**, **શ્રીમહાપ્રભુજીએ** મહાનુભાવી અનન્ય ભગવદ્ ભક્ત પોતાના શિષ્ય **શ્રીપદ્મનાભદાસજીને** માથે કૃપા કરીને સેવા માટે પધરાવેલું હતું. એજ સ્વરૂપ, મહાનુભાવવાળાં ભગવદીયા **શ્રીતુલસાંબાઇએ** પણ સેવ્યું હતું, કે જે, સમય પ્રાપ્ત, શ્રીમદ્ ગોસ્વામી પરમકૃપાલુ શ્રીમત્પ્રભુ **શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)** ના પ્રથમ લાલજી **શ્રીગિરિધરજી**ને માથે પધરાવવામાં આવ્યું હતું; જે આજસુધી તેઓશ્રીના વંશમાંજ સેવાય છે. આ **પ્રમાણેની** શ્રીપ્રભુ સ્વરૂપને માટે પ્રાચીન કથા પ્રચલિત છે, કે જેનો આધાર પણ, શ્રીમદ્ ગોસ્વામી **શ્રીદ્વારકેશજીની વાણીમાંથી** તેમજ અન્ય મહાનુભાવી **ભગવદ્ ભક્તોની વાણીમાંથી** મળી આવે છે.

જ્યે૦ કૃષ્ણ ૪ સોમવાર—આ દિવસે,શ્રીપ્રભુ **કર્નાવલથી** **શ્રીમથુરાજી** પધાર્યા હતા; અને ત્યાં શ્રીમદ્ ગોસ્વામી **શ્રી ગોપાલલાલજી** મહારાજશ્રીના ઉત્સાહથી **શ્રીમદનમોહનજી**ના મંદિરમાં બિરાજમાન થયા હતા. શ્રીમદનમોહનજીને, શ્રીદાઉજીના મંદિરમાં, શ્રીદાઉજીની સાથે પધરાવ્યા હતા. શ્રી પ્રભુ શ્રીમથુરાજી પધારી ઉપર્યુક્ત મંદિરમાં આનંદપૂર્વક પોઢયા હતા.

જ્યે૦ કૃષ્ણ ૫ મંગલવાર—આ દિવસે, મંગલાથી સેવાક્રમ અત્રેજ શરૂ થયો હતો. આજે શ્રીપ્રભુ મંદિરમાં મનોરથથી **ફૂલમંડલીમાં** બિરાજમાન થયા હતા. શ્રીમદ્ ગો૦ શ્રી **ગોપાલલાલજીના** ઉત્સાહથી, ફૂલમંડલી ઉત્તમ પ્રકારના સુગંધિત પુષ્પોની સારી કારીગરી અને સજાવટથી, તૈયાર કરવામાં આવી હતી; કે જેની શોભા અવર્ણનીયજ હતી. દર્શનાનંદ ઉત્તમ રહ્યો હતો.

જ્યે૦ કૃષ્ણ ૬ બુધવાર—આ દિવસે, **શ્રીપ્રભુ શ્રીયમુનાજીના સામા કિનારા** ઉપર ફૂલમંડલીના મનોરથથી ઉત્તમ

ફૂલમંડલીમાં બિરાજ્યા હતા; અને નિજજનોને આનંદ સુખ પ્રાપ્ત કરાવ્યું હતું.

જ્યે૦ કૃષ્ણા ૭ ગુરૂવાર—આ દિવસે **શ્રીપ્રભુ,શ્રીદાઉજીના ઘાટ** ઉપર શ્રીગોપીજનોના ભાવથી, મનોરથ નિમિત્તે **ફૂલમંડલીમાં** બિરાજ્યા હતા. આજનાં દર્શન ભાવુક ભગવદ્ ભકતોને પ્રત્યક્ષ અલૌકિકાનંદનુંજ દાન કરતાં હતાં.

જ્યે૦ કૃષ્ણા ૮ શુક્રવાર—આ દિવસે, **શ્રીપ્રભુને મનોરથથી નાવમાં** પધરાવવામાં આવ્યા હતા. વિવિધ પ્રકારનાં રંગીન વસ્ત્રો તથા ફૂલ વિગેરેની સજાવટથી નાવ શણગારવામાં આવી હતી. નાવ રંગબેરંગી ઉત્તમ પ્રકારે શોભતી હતી. શ્રીદાઉજીના **ઘાટથી** શ્રીપ્રભુને નાવમાં પધરાવી શ્રીવિશ્રાન્તઘાટ સુધી શ્રીયમુનાજીમાં અનેક પ્રકારના જલવિહાર મનોરથથી, આનંદ દર્શાવ્યો હતો. મનોરથમાં, કેશરી વસ્ત્રોથી શોભિત શ્રી ગોસ્વાપિ સ્વરૂપોની શોભા, તેમજ શ્રીપ્રભુની ગુલાબી ઘટાની શોભા, અલૌકિક જલવિહાર લીલાને દર્શાવી, આનંદ પ્રાપ્ત કરાવતી હતી. શ્રીપ્રભુ બિરાજેલી નાવને શ્રીમદ્ ગોસ્વામિ સ્વરૂપો, તથા મુખીયા ભીતરીયા પ્રભૃતિ સેવકજનો, વિગેરેઓએ ખેવી (ચલાવી) હતી. દર્શનાનંદ અલૌકિક પ્રાપ્ત થયો હતો. શ્રીપ્રભુએ **વિશ્રાન્ત ઘાટ ઉપર બેઠકમાં, શ્રીમહાપ્રભુજીની સાથે બિરાજી**, વિવિધ પ્રકારની ઉત્તમ સામગ્રી આરોગી હતી. અત્રે **ઉત્તમ બગીચો** પણ રચવામાં આવ્યો હતો. આ વખતે મેઘરાજા પણ શ્રીપ્રભુને ઉષ્ણતાથી થતા પરિશ્રમને દૂર કરવા,પ્રથમથીજ પોતાનાં વાદળોને ઘેરી છત્રરૂપે સેવા કરવા,શ્રી--સેવામાં ઉપસ્થિત રહ્યા હતા; તેમજ શ્રીપ્રભુના મંદિરમાં પધાર્યા પછી, પોઢવાના સમયે, રાત્રિના બાર વાગ્યા પછી પણ જલસિંચનદ્વારા શીતલતા કરી, ઉષ્ણતાને લીધે થયેલા પરિશ્રમને શાન્ત કરવારૂપ શ્રીપ્રભુની સેવાથી તેમણે આનંદ માન્યો હતો.મેઘરાજા પોતે ભગવદ્ ભકતોને, દર્શન પ્રભૃતિમાં વિઘ્નરૂપે નહીં, કિંતુ, આનંદથી સહાયકરૂપે જણાયા હતા. વિશ્રાન્ત ઘાટ ઉપર પણ

બગીચો, ફૂલમંડલી વિગેરેની સજાવટ અત્યુત્તમ હતી. આરતી ત્યાંજ થઈ હતી. આરતી પ્રથમ શ્રીમદ્ ગોસ્વામી શ્રી **રણછોડલાલજીએ** અડધી ઉતારી હતી; અને અડધી ઉતાર્યા બાદ, શ્રીમદ્ ગોસ્વામી **શ્રીગોપાલલાલજીને** (મથુરાજીવાળા) ઉતારવા આપી હતી. આનંદ ખરેખર અવર્ણનીયજ રહયો હતો. **કાશીના બુઢવામંગલને** ભૂલાવે તેવી શોભા જણાતી હતી. રોશની પણ ઉત્તમ પ્રકારે કરવામાં આવી હતી. આ શુભ સમય શ્રીમથુરાનિવાસી જનોને સદા સ્મરણમાં રાખવા જેવો અલભ્ય પ્રાપ્ત થયો હતો.

જયે૦ કૃષ્ણા ૯ શનિવાર—આ દિવસે, **મંદિરમાંજ** પુનઃ **ફૂલમંડલીનો મનોરથ** થયો હતો; અને આનંદથી શ્રીપ્રભુએ પોતાના ભકતોને દર્શન સુખ આપ્યું હતું. શ્રીપ્રભુ અત્રેથી જયે૦ કૃષ્ણા ૧૦ ની રાત્રિએ, આખો દિવસ અત્રે બિરાજી સેવાક્રમ થયા પછી, **શ્રીવૃંદાવન** પધાર્યા હતા.

જયે૦ કૃષ્ણા ૧૧ સોમવાર—આ દિવસે, શ્રીપ્રભુને **શ્રીવૃંદાવનમાં સ્વામિઘાટ (કેશીઘાટ)** ઉપર, શ્રીયમુનાજીના મધ્યમાં પૂલ બાંધીને **ફૂલમંડલીમાં** બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ સમયે **શ્રીયમુનાજી** પણ, પ્રત્યક્ષ અલૌકિક આનંદનું દાન કરતાં,સ્વસ્વામિ સહ ભગવદીય જનોના ઉદ્ધારાર્થે, અલૌકિક નિજસ્વરૂપેજ બિરાજતાં હોય તેવું ભાન થતું હતું. આનંદ અપાર હતો.

જયે૦ કૃષ્ણા ૧૨ મંગલવાર—આ દિવસે, **શ્રીપ્રભુ કાલીય હ્રદ (દહ)ઉપર કમલની ફૂલમંડલીમાં** બિરાજમાન થયા હતા. કમલનાં પુષ્પોથી સુશોભિત ફૂલમંડલીમાં બિરાજમાન શ્રીમન્મથુરેશ પ્રભુની મોહિની મૂર્ત્તિ, દર્શન સમયે કંઈક જુદોજ, આનંદ દર્શાવતી હતી. આ સમયે (કાલીય હ્રદ)કાલીદહ ઉપર કરેલી શ્રીપ્રભુની લીલાનું પ્રત્યક્ષ ભાન થતું જણાતું હતું. જેવી રીતે શ્રીપ્રભુએ કાલીયનું કલ્મષ હરી, તે નિમિત્તે ઇંદ્રિયોના દોષ દૂર કર્યા હતા, અને તેને (કાલીયને) અભય દાન આપ્યું

હતું; તેવીજ રીતે, આ સમયે શ્રીમન્મથુરાધીશ પ્રભુએ પણ, સ્વકીય ભક્ત જનોનું અલૌકિક દર્શનાનંદદ્વારા ઇંદ્રિયોના દોષ રૂપ કલિકલ્મષ હરીને તેમને અભયદાન આપેલું હતું. અત્રે પણ શ્રીમદ્ ગોસ્વામી **શ્રીગોપાલલાલજી મહારાજ** (શ્રીમથુરાંજીવાળા)પધાર્યા હતા. શ્રીપ્રભુ વૃંદાવનથી રાધાકુંડ થઈને, **શ્રીગિરિરાજ (યતિપુરા)** પધાર્યા હતા. **શ્રીગોવર્ધનથી (શ્રીમાનસીગંગાથી)** દ્વિજવર પ્રભુ **શ્રીરણછોડલાલજી મહારાજ**, પુનઃ ખુલ્લા ચરણારબિંદથી ચાલતા પધાર્યા હતા.

જ્યે૦ કૃષ્ણા ૧૩ બુધવાર—આ દિવસે પ્રાતઃકાલના આઠવાગે શ્રીપ્રભુ **યતિપુરામાં** પધાર્યા હતા; અને આનંદથી મંગલક્રિયાઓ થયા પછી, **શુભમુહૂર્ત્તે**, પ્રથમથી સિદ્ધ કરાવી રાખેલા **પોતાના મંદિરમાં** બિરાજમાન થયા હતા. આષાઢ માસના પ્રારંભપૂર્વ, શ્રીપ્રભુ શુમારે બેમાસની માર્ગયાત્રા કરી, અનેક મનોરથોનિમિત્તે, સ્વકીયજનોને દર્શનાનંદદ્વારા કૃતાર્થ કરતા, વ્રજમાં પોતાના સ્થાનમાં (યતિપુરામાં) બિરાજમાન થયા હતા. શ્રીમદ્ ગો૦ પરમકૃપાલુ **શ્રીરણછોડલાલજી મહારાજનો હૃદયોત્સાહ**, પૂર્ણ રીતે, આજે શ્રીપ્રભુને **યતિપુરા** પધારેલા જોઈ, પ્રકટ થયેલો જણાતો હતો. શ્રીપ્રભુના મંદિરમાં બિરાજ્યા પછી, સેવાક્રમ શરૂ થયો હતો. ભગવદીયજનોનાં ટોળાં, આનંદ યુક્ત શ્રી—દર્શનાર્થ, મંદિરમાં આવતાં જતાં જણાતાં હતાં. સ્થલે સ્થલે ભગવદીયજનો મંગલ ધોળ કીર્ત્તનો ગાતાં તથા ભગવદ્ગુણવર્ણનપરાયણ થયેલાં, જોવામાં આવતાં હતાં. આમાત્ય, કારભારી, અને નોકર વર્ગ પોતપોતાના કાર્યની વ્યવસ્થામાં વળગી ગયો હતો. અન્ય મનુષ્યો પણ પોતપોતાના સ્થાનની યોજનામાં જોડાયાં હતાં. મંદિર ધ્વજા, પતાકા, તોરણોથી સુશોભિત કરવામાં આવ્યું હતું. વાજીંત્રાદિની ધ્વનિથી, અને મંગલ સૂચક શબ્દોથી, અવર્ણનીય આનંદ પ્રાપ્ત થતો હતો.

આષા૦ શુક્લા ૨—**શ્રીરથયાત્રાનો ઉત્સવ**. આ દિવસે, શ્રી—નો શ્રીરથયાત્રાનો ઉત્સવ અત્રે આનંદથી થયો હતો. મંદિરના ચોકમાં **ત્રણરથ** સાજવામાં આવ્યા હતા. એક રથને બે

હાથીઓ, અને બે રથને બે બે અશ્વો, સુંદર આભૂષણ સહિત, જોડવામાં આવ્યા હતા. એકમાં **શ્રીપ્રભુ**, એકમાં **શ્રીમહાપ્રભુજીની પાદુકાજી**, અને એકમાં **શ્રીશાલિગ્રામજી**,(**શ્રી ગિરિરાજજી**) એમ ત્રણ રથમાં ત્રણ સ્વરૂપો બિરાજમાન થયાં હતાં. રથ, હાથી, અને ઘોડાઓના સાજ, પરમ મનોહર હતા. દર્શનાનંદ સુખ, શ્રી--કૃપાથી બહુજ ઉત્તમ પ્રાપ્ત થયું હતું. ભગવદીયજનોની ભીડ પણ બહુ જણાતી હતી. વ્રજવાસીજનો, તેમજ શ્રીમથુરાનિવાસી કેટલાએક ભગવદ્ ભક્તો પણ શ્રી--દર્શનાર્થ ઉપસ્થિત થયા હતા.

આષા૦ શુકલા ૬—**શ્રીકસુંબી છઠનો ઉત્સવ.** આ દિવસે, શ્રીપ્રભુએ, ઉત્સવનો આનંદ પ્રાપ્ત કરાવવા, **કસુંબી વસ્ત્ર** ધારણ કરેલાં હતાં; અને સઘળો સાજ પણ **કસુંબી રંગથીજ** શોભતો હતો. આનંદથી સર્વને અલૌકિક ઉત્સવનો દર્શનાનંદ પ્રાપ્ત થયો હતો.કસુંબી રંગ આજે અતિશય આનંદદાયી જણાતો હતો.

શ્રીગિરિરાજમાં કુંડવારો તથા અન્નકૂટના મનોરથો.

આષા૦ શુકલા ૧૨-૧૩ ને દિવસે, **કુડવારો તથા અન્નકૂટના મનોરથો શ્રીગિરિરાજમાં** થયા હતા. ચંદરવા, પીછવાઈ તાણી, **શ્રીગોવર્ધનજીના મુખપાસે** કદલી સ્તંભોથી શોભિત મંડપમાં, શ્રીમદ્ ગો૦ **શ્રીરણછોડલાલજીએ**, ધામધૂમથી આનંદપૂર્વક, **શ્રીગોવર્ધનનું** પૂજન કર્યું હતું. કેશરી ધોતી ઉપરણા તથા આભરણ વિગેરે ધરાવી, ધૂપદીપ સહ યથાવિધિ પૂજન કરી, વિવિધ પ્રકારની કુંડવારાની સામગ્રીનો ભોગ ધરાવવામાં આવ્યો હતો; અને **શ્રીગોવર્ધન** તથા **શ્રીમન્મથુરાધીશ પ્રભુ**, ઉભય શ્રી--સ્વરૂપોએ સાથે આરોગી,આનંદ દર્શાવ્યો હતો. તદનંતર ગોસ્વામી **શ્રીરણછોડલાલજી મહારાજે**, આરતી, ન્યોછવર કરી હતી. અન્ય પણ વ્રજ સ્થિત ગોસ્વામિ સ્વરૂપો, તથા **શ્રીવહુજીબેટીજી** પ્રભૃતિ **શ્રીવલ્લભકુલ**, શ્રી--

સેવામાં આનંદ મગ્ન હતું. દર્શન સમયે, પ્રત્યક્ષ નિજ લીલાનુંજ ભાન થતું જણાતું હતું. શ્રીગોવર્ધનની શોભા પણ અવર્ણનીયજ હતી. કુંડવારાની સાથે અન્નકૂટનો મનોરથ પણ, શ્રીમન્મથુરાધીશ પ્રભુને, **શ્રીગોવર્ધનના શિખર ઉપર પ્રાચીન મંદિરમાં** પધરાવી, શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણછોડલાલજી મહારાજે માન્યો હતો. શ્રી——નાચિત્ર (દેવદમન)ની સાથે, વચ્ચે ચરણ ચોકી ઉપર, શ્રીમન્મથુરાધીશ પ્રભુને પધરાવવામાં આવ્યા હતા. અનેક પ્રકારની અલૌકિક રસયુક્ત સામગ્રીઓ સાજવામાં આવી હતી. ધાનની ધાણીથી અન્નનો કોટ કરવામાં આવ્યો હતો, અને માવંનાં ગુંજાં, તથા શિખર વિગેરે બનાવવામાં આવ્યાં હતાં; કે જેની ઉપર સુંદર કેશર છાંટેલું હતું, તથા તુલસીમાલા પણ અત્યુત્તમ પ્રકારે શોભતી હતી. વિવિધ વૃક્ષો અને લતાઓથી, વિવિધ રંગના વિચિત્ર પ્રકારે શોભતા શ્રીગિરિરાજ, પોતાની રત્નધાતુમય જેવી ઉત્તમ શોભાને દર્શાવી, પોતાના **નિજસ્વરૂપનો** પ્રત્યક્ષ અનુભવ કરાવતા હોય તેમ જણાતું હતું. આરતી સમયે દ્વિજવર પ્રભુ **શ્રીરણછોડલાલજી** પણ, પ્રત્યક્ષ **શ્રીમદ્વલ્લભાધીશ સ્વરૂપેજ**, ભગવદ્ ભક્તોને આનંદ આપતા હતા.

*આ મનોરથોત્સવમાં શ્રીમથુરા નિવાસી ઘણાએક સદ્ગૃહસ્થ ભગવદ્ ભક્તો, તથા વિદેશી વૈષ્ણવજનો, શ્રી——દર્શનાર્થે આવ્યા હતા. **શ્રીમાન્ કૃષ્ણગઢનરેશ** પણ આ આનંદ લાભ પ્રાપ્ત કરવા, શ્રી——ની સેવામાં આવી પહોચ્યા હતા; તેમજ કોટાથી પણ, રાજ્યના કેટલાએક સભ્યજનો આવેલા હતા, કે જેઓએ, **શ્રીપ્રભુને** પુનઃ શીઘ્ર **શ્રીકોટા** (નંદગ્રામ) માં પધરાવી દર્શનાનંદદ્વારા કોટાની પ્રજાનો વિયોગજન્ય તાપ શાંત કરવા, **મહારાજશ્રીને** વિજ્ઞપ્તિ કરી હતી, અને અતિશય આતુરતા દર્શાવી હતી. સખડીના યોગ્ય વ્યવસ્થા, સ્થાન

---

* આ વખતે મથુરાથી, મથુરા જીલ્લાના કલેક્ટર સાહેબ પણ, જોઇતા બંદોબસ્ત સાથે આવેલા હતા.

સંકોચને લીધે, તેમજ બીજી તેવીજ અડચણો હોવાને લીધે ન થઈ શકવાના કારણથી, આ અન્નકૂટોત્સવ મનોરથમાં લાઈ (ધાનની ધાણી)નો ઉપયોગ સખડીને સ્થાને કરવામાં આવ્યો હતો. આ મનોરથ, શ્રીગિરિરાજ ઉપરના શ્રી--જીના જૂના મંદિરમાં આગળ બતાવ્યા પ્રમાણે થયો હતો. આનંદ અત્યુત્તમ પ્રાપ્ત થયો હતો.

આષા૦ શુકલા ૧૫—આ દિવસે **શ્રીમદ્‌ગોસ્વામી શ્રીરણછોડલાલજી મહારાજે, શ્રીગિરિરાજની દંડવતી પરિક્રમા** શરૂ કરી હતી. વર્ષા અત્યંત હતી; તેમજ પોતાનું શ્રીઅંગ પણ **શ્રીમુખ** આગળ થયેલા દરદને લીધે બહુજ શિથિલ હતું, તોપણ **શ્રીગિરિરાજના મુખારબિંદથી દંડવતી શિલા સુધી** પરિક્રમા પોતે કરી હતી.

શ્રીગોવિંદસ્વામીજીની કદમખંડીમાં હરિયાલીનો ઉત્સવ.

આષા૦ કૃષ્ણા ૦)) (વ્રજ શ્રાવણ કૃષ્ણા) અમાવાસ્યા—**શ્રીહરિયાલીનો ઉત્સવ.** આ દિવસે શ્રીહરિયાલીનો ઉત્સવ, શ્રીગોવિંદ સ્વામીજીની કદમખંડીમાં થયો હતો. શ્રીપ્રભુ અત્યુત્તમ હિંદોલામાં બિરાજમાન થયા હતા. **હરિયાલીના ઉત્સવનો હરો (લીલો) સાજ,** ભગવદીયજનોને દર્શનાવસરમાં નેત્રોદ્વારા અલૌકિક રસદાન કરી કૃતાર્થ કરતો હતો. **ઉત્તમ કદમનાં વૃક્ષોની મધ્યમાં, ત્રણ હિંદોલા** અત્યુત્તમ પ્રકારે શોભતા હતા. આજુબાજુના હિંદોલામાં, **શ્રીમહાપ્રભુજીની પાદુકાજી,** તથા **શ્રીશાલિગ્રામજી** બિરાજ્યા હતા; અને મધ્યના હિંદોલામાં **શ્રીમન્મથુરાધીશ્વર પ્રભુ** બિરાજમાન થયા હતા. હરિયાલીના ઉત્સવમાં જોઈતી હરિતરંગની ઘટા, અત્રે કુદરતીજ શોભી રહેલી હતી, કે જેદ્વારા અધિક આનંદ પ્રાપ્ત થતો હતો. દર્શનાનંદદ્વારા ભગવદ્‌ ભક્તોને આજે વિશેષ આનંદ પ્રાપ્ત થયો હતો.

શ્રીમાનસીગંગા ઉપર લાલઘટાનો મનોરથ.

શ્રાવણ શુકલા ૧૧ (અધિક)—આ દિવસે, **શ્રીપ્રભુ શ્રીમાનસીગંગા ઉપર** બિરાજમાન થયા હતા,લાલઘટાના સાજથી શોભિત

હિંદોલામાં શ્રીપ્રભુએ દર્શન આપી, સ્વકીય જનોને આહ્‌લાદ પ્રાપ્ત કરાવ્યો હતો. અત્રે શ્રીપ્રભુ પોતે **મધ્યની તિબારીમાં** બિરાજ્યા હતા. શોભા વિશેષ થઈ હતી. અત્રે **શ્રીપ્રભુને મનોરથથી પવિત્રાં** પણ ધરાવવામાં આવ્યાં હતાં; અને તેથી ભગવદ્ ભકતોને વિશેષ આનંદ પ્રાપ્ત થયો હતો. શ્રીપ્રભુને પવિત્રાં ધરાવતી વખતે, દ્વિજવર પ્રભુ **શ્રીરણછોડલાલજીની મોહિની મૂર્ત્તિનાં દર્શન સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ જેવાંજ** ભક્તજનોને પ્રાપ્ત થયાં હતાં.

શ્રીચંદ્રસરોવર ઉપર શ્વેતઘટાનો મનોરથ.

શ્રાવણ શુકલા ૧૫ (અધિક)--આ દિવસે, **શ્રીપ્રભુ શ્રીચંદ્રસરોવર ઉપર હિંદોલામાં** બિરાજમાન થયા હતા. શ્વેત સાજ અને મુકુટ કાછનીનો શૃંગાર રાસોત્સવના સુખનું દાન કરી ભગવદીયજનોને આનંદ પ્રાપ્ત કરાવતો હતો. શ્રીપ્રભુને આનંદથી હિંદોલામાં ઝુલાવતા, શ્રીરણછોડલાલજી મહારાજ પણ, દર્શન કરનારાઓને **અધિકનો અધિક આનંદ** પ્રાપ્ત કરાવતા હતા. અન્ય પણ આ અધિક માસમાં (**શ્રીપુરૂષોત્તમ માસ**) કેટલાએક મનોરથોદ્વારા આનંદમાં અધિકતા પ્રત્યક્ષ થઈ હતી.

શ્રીગુલાલકુંડ ઉપર કેશરીઘટાનો મનોરથ.

શ્રાવણ શુકલા ૨—આ દિવસે, **શ્રીપ્રભુ કેશરીઘટાના મનોરથથી શ્રીગુલાલકુંડ ઉપર** બિરાજમાન થયા હતા. કેશરીઘટાથી સુશોભિત થયેલો **હિંદોલો** પરમ મનોહર જણાતો હતો. આજે **શ્રી વિઠ્ઠલનાથજી** (કોટાવાળા)નો ઉત્સવ હોવાથી, આનંદપૂર્વક ઉત્સવની મંગલક્રિયાઓ થઇ હતી. હિંદોલામાં બિરાજમાન શ્રીપ્રભુની શોભા અવર્ણનીય હતી. ભગવદ્ ભકતોને દર્શનાનંદ સારો પ્રાપ્ત થયો હતો.

આ સિવાય અન્ય પણ કેટલાંએક સ્થલોએ, શ્રીપ્રભુ મનોરથોથી બિરાજ્યા હતા; કે જે સ્થલો, પ્રાચીન, પરમપવિત્ર, અને શ્રીભગવલ્લીલાદ્વારા અંકિત થયેલાં, અત્યુત્તમ શોભાથી આનંદ પ્રાપ્ત કરાવનારાં હતાં. **શ્યામઢાકમાં શ્યામઘટાના મનો-**

રથથી, હિંદોલામાં બિરાજમાન થયા હતા. **શ્રીગિરિરાજમાં શ્યામશિલાઉપર પલ્લવોના હિંદોલામાં, શ્રી રામદાસજીની ગુફામાં ગુલાબી ઘટાના હિંદોલામાં, શ્રી ગિરિરાજની ગોદમાં, શ્રીમહાપ્રભુજીની બેઠકે, સુરભી કુંડ ઉપર પ્રભૃતિ બીજાં કેટલાંએક સ્થલોએ, હિંદોલામાં** શ્રીપ્રભુએ બિરાજી આનંદ પ્રાપ્ત કરાવ્યો હતો; અને સ્વકીય જનોનો દર્શનાનંદદ્વારા ઉદ્ધાર કર્યો હતો. અનેક સ્થલે મનોરથો નિમિત્તે બિરાજી, પુનઃ શ્રીપ્રભુ, **શ્રીગિરિરાજના શ્રીયતિપુરાના પોતાના મંદિરમાં** બિરાજમાન થયા હતા; અને **વ્રજભૂમિની શોભામાં** વૃદ્ધિ કરી હતી. અત્રે બિરાજ્યા પછી નિયમ પ્રમાણે સેવાક્રમ ચાલતો રહ્યો હતો; તેમજ નિયમાનુસાર ઉત્સવાદિ વિગેરે પણ થયા હતા. **શ્રીપવિત્રાએકાદશી** તથા **શ્રીરક્ષાબંધન** પ્રભૃતિ ઉત્સવો અત્રેજ થયા હતા; તેમજ **શ્રી--નો શ્રીજન્માષ્ટમીનો ઉત્સવ** પણ અત્રેજ થયો હતો.

શ્રાવણ કૃષ્ણા ૦)) (વ્રજભા૦ કૃ૦) અમાવાસ્યાને દિવસે, અત્રેજ **શ્રીગિરિરાજમાં**, શ્રીપ્રભુને મનોરથ નિમિત્તે, અનેક પ્રકારનાં લાડલડાવી, નિજ ભકતોને અલૌકિક સુખનું દાન કરી **શ્રીવલ્લભ વંશભૂષણ પરમકૃપાલુ શ્રીમદ્ ગોસ્વામી શ્રીરણછોડલાલજી મહારાજ**, રાજભોગ આરતી થયા પછી **નિજલીલામાં** પધાર્યા હતા; કે જેથી સર્વત્ર સર્વને એક પ્રકારે **મહાશોક** પ્રાપ્ત થયો હતો.

શ્રીપ્રભુ જ્યારથી શ્રીવ્રજમાં પધાર્યા હતા ત્યારથી વ્રજમાં ઘેર ઘેર આનંદજ થતો જણાતો હતો. કોઈ પણ જાતની અમંગલતા જણાતી ન હતી. શ્રીપ્રભુ જ્યાં સુધી શ્રીવ્રજમાં બિરાજ્યા ત્યાં સુધી વરસાદ પણ સારો હતો. ફલ ફૂલ વિગેરેની બિલકુલ અડચણુજ પડી ન હતી. વ્રજવાસીજનો પણ આનંદ મગ્નજ જણાતાં હતાં.

શ્રીપ્રભુ અત્રે આશ્વિન શુકલા ૧૦ **વિજયાદશમી** સુધી બિરાજ્યા હતા; અને પછી **શ્રીકોટા** (નંદગ્રામ) પધાર્યા હતા.

પ્રકરણ ૧૫ મું.

શ્રીકોટા (નંદગ્રામ) પુનઃ પાછા પધારવાની તૈયારી.

લગભગ એક વર્ષ જેટલો સમય વિવિધ સ્થલોએ બિરાજી, અનેક પ્રકારનાં અલૌકિક આનંદોત્સવનાં નિજભક્તોને દર્શન પ્રાપ્ત કરાવી, પુનઃ **સ્વસ્થાન શ્રીકોટા (નંદગ્રામ) પધારવાની**, અને ત્યાંના પોતાના જીવોના વિયોગ દુઃખને શાંત કરવાની, **શ્રીપ્રભુની ઈચ્છા થવાથી**, વિયોગના સમયમાં પ્રાપ્ત થયેલી આતુરતાથી દર્શનોત્સુક જણાતા, **શ્રીમાન્ કોટાનરેશ** અને ભગવદીય પ્રજાને, સંયોગ સુખનું દાન કરવા તેમની વિજ્ઞપ્તિને વિચારી, શ્રીપ્રભુએ **શ્રીયતિપુરાથી શ્રીકોટા પધારવા**, આશ્વિન શુકલા ૧૦ રવિવારને દિવસે **વિજયાદશમીના શુભમુહૂર્ત્તમાં** વિજય કર્યો હતો.

શ્રીપ્રભાવતી વહુજી મહારાજ, (શ્રીરણછોડલાલજીના લાલજી શ્રીજીવનલાલજીનાં વહુજી) પ્રથમથીજ શ્રીપ્રભુના મંદિરને સમરાવી તૈયાર કરાવવા, તેમજ **શય્યા મંદિરના** કામ વિગેરેની વ્યવસ્થા માટે શ્રીકોટા પધાર્યાં હતાં; કે જેથી, શ્રીપ્રભુના પધાર્યા પછી, શ્રીપ્રભુને કોઈ પણ જાતનો પરિશ્રમ પડે નહીં. શ્રી--ના પધારતા પહેલાં, શય્યા મંદિર કાચનું તૈયાર કરાવવામાં આવ્યું હતું; અને તેમાં લાકડાની ઉપર ચાંદીનું કામ કરાવવામાં આવ્યું હતું. આ સેવા રાજનગર (અમદાવાદ)વાળા શેઠ મણીલાલ (ગિરિધરલાલ) હરીલાલ (હરિવલ્લભદાસ મૂલચંદવાળા) તરફથી કરવામાં આવી હતી; કે જેઓ, શ્રી--ની સેવામાં સાથેજ શ્રીવ્રજથી શ્રીકોટા સુધી પણ રહ્યા હતા.

માર્ગ મુસાફરીની જોઇતી દરેક તૈયારીઓ પ્રથમથી કરવામાં આવી હતી. માર્ગના મુકામો અને બંદોબસ્ત તથા સરબરાહ

(સરભરા) વિગેરેને માટે પણ પ્રથમથીજ લખી વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રીપ્રભુનો શ્રીવ્રજથી શ્રીકોટા માટે વિજય.

મંગલ પ્રયાણ.

વિક્રમ સંવત ૧૯૬૫ આશ્વિન શુકલા ૧૦ રવિવાર **વિજયા દશમી** (**દશાહરા**)ના શુભ દિવસે, ઉત્સવનો મંગલક્રમ થયા પછી રાજભોગાનંતર શુમારે ત્રણ વાગે, શ્રીપ્રભુ **શ્રીયતિપુરાના મંદિરમાંથી** વિજય કરીને સુખપાલમાં બિરાજમાન થયા હતા, અને શ્રી--નો સુખપાલ **રથમાં** પધરાવવામાં આવ્યો હતો; કે જે રથમાં, શ્રીપ્રભુ શ્રીકોટાથી શ્રીજીદ્વાર અને શ્રીજીદ્વારથી શ્રીવ્રજમાં પધાર્યા હતા. શ્રીપ્રભુનો રથ ભગવદીયજનોના જયઘોષ પૂર્વક, પુષ્પવૃષ્ટિથી શોભતો શ્રીગિરિરાજથી આગળ ચાલ્યો હતો. શ્રીપ્રભુની સવારી નગારા, નિશાન, લશ્કર પ્રભૃતિ રાજ્ય સવારીના ઠાઠથી અત્યુત્તમ પ્રકારે શોભતી હતી; તેમજ આગળ પાછળ ચાલતાં વૈષ્ણવ જનનાં ટોળાં, ભક્તિભાવથી વિવિધ પ્રકારનો આનંદ દર્શાવતાં, શ્રીપ્રભુની સવારીની શોભામાં વૃદ્ધિ કરતાં હતાં. શ્રીમદ્ ગોસ્વામી **શ્રીગોપાલલાલજી** (શ્રી કોટાના શ્રીમોટામહાપ્રભુજીવાળા) તથા **શ્રીમોટાંવહુજી મહારાજ શ્રીકૃષ્ણાવતીજી**; (શ્રીરણછોડલાલજી મહારાજનાં વહુજી) તથા **મુખીયાજી ગોકુલદાસજી** તથા બૂંદીવાળા **મન્નાલાલજી**, વિગેરે મંડલ શ્રી--ની સાથે હતું. **શ્રીમાન્ કોટાનરેશ** તરફથી, શ્રીપ્રભુને પધરાવવા આવેલા **જમીંદારજી હીરાલાલજી**, તથા રાજનગર (અમદાવાદ)વાળા ભગવદ્ભક્ત **શેઠ મણીલાલ** (ગિરિધરલાલ) **હરીલાલ**, તથા આમાત્ય વર્ગ અને અન્ય સભ્યજનો, તેમજ ભગવદ્ ભકતો વિગેરે મંડલ પણ, શ્રીપ્રભુની સેવામાં સાથે ઉપસ્થિત રહ્યું હતું.

શ્રીમાન્ કોટાનરેશ તરફથી, ગાડીઓ ૫, અશ્વોના એક્કા ૨ ડેરાતંબુ, નગારા, નિશાન, તથા પચીસ ત્રીસ લશ્કરી માણુસ, આઠ

ઘોડેસ્વારો, તથા કામ કરનારાં બીજાં મનુષ્યો વિગેરે શ્રી--ની સેવામાં મોકલાવી, બીજી પણ માર્ગ વ્યવસ્થા પ્રથમથીજ કરવામાં આવી હતી; કે જેથી શ્રીપ્રભુને પરિશ્રમ ન પડે. શ્રીગિરિરાજથી શ્રીકોટા સુધીની માર્ગયાત્રામાં શ્રીપ્રભુ અગીઆર મુકામે બિરાજ્યા હતા.

માર્ગના મુકામોનું વર્ણન.

૧ આશ્વિન શુકલા ૧૧ સોમવાર—આ દિવસે, શ્રી--નો પ્રથમ મુકામ **ભરતપુરનો** થયો હતો. **ભરતપુર રાજ્ય** તરફથી પ્રથમ પ્રમાણે સરબરાહ* સારીરીતે થઈ હતી. શ્રીપ્રભુ અત્રે આનંદમાં બિરાજ્યા હતા. રાજ્યતરફથી સભ્યજન મંડલ શ્રી--સન્મુખ પધરાવવા, તેમજ શ્રી--ના મુકામે દર્શનાર્થ આવ્યું હતું.

૨ આશ્વિન શુકલા ૧૨ મંગલવાર—આ દિવસે શ્રી--નો મુકામ, **ઉચ્ચીનનો**+ થયો હતો શ્રી--આનંદમાં બિરાજ્યા

---

* સરબરાહ દરેક મુકામે તે તે સ્થાનના અધિપતીઓ તરફથી નિયમ પ્રમાણે થતી રહી હતી.

+ આ મુકામે શ્રીપ્રભુએ, પોતાનું અદ્ભુત માહાત્મ્ય દર્શાવ્યું હતું. જે ઠેકાણે શ્રીપ્રભુનો મુકામ થયેલો હતો; ત્યાં નજીકમાં એક કૂપ હતો, કે જેમાં જલ થોડું અને બીલકુલ ખારૂં હતું. પાસે બીજો કૂપ પણ નહતો. માત્ર તેનાજ જલથી બધો કાર્યવ્યવહાર ચલાવવાનો હોવાથી આગળ આવેલાં ખટલાનાં મનુષ્યો બહુજ ચિંતાતુર બન્યાં હતાં. શ્રીપ્રભુનો રથ પધાર્યા પછી મહારાજશ્રીને વિજ્ઞપ્તિ કરવામાં આવી, કે જેના જવાબમાં મહારાજશ્રીએ મુકામ આગળ બદલવામાં, કેટલીએક અડચણોથી શ્રીપ્રભુના પરિશ્રમમાં થતી વિશેષતાનો વિચાર કરી આજ્ઞા કરી કે "**નિજેચ્છા, સેવાક્રમ તો ચલાવો.**" આ પ્રમાણે આજ્ઞા થવાથી કાર્ય ચાલતું થયું કે તરતજ, ક્રમથી એક પછી એક જલની ગાગર કાઢવાની સાથેજ, શ્રીપ્રભુના પ્રમેયબલથી એકદમ આ કૂપમાં જલ વિશેષ અને મધુર સ્વાદવાળું થતું ગયું હતું. આ શ્રીપ્રભુના અદ્ભુત માહાત્મ્યનો અનુભવ સર્વને પ્રત્યક્ષ થયો હતો. ગામના લોકોને આથી આત્યાશ્ચર્ય થયું હતું; અને સર્વ પ્રસન્નમુખ, શ્રીપ્રભુના અને શ્રીમહારાજના આનંદપૂર્વક અનેક પ્રકારથી ગુણાનુવાદ ગાવા લાગ્યા હતા.

હતા. આ ગ્રામ ભરતપુર રાજ્યનું હોવાથી જોઇતી વ્યવસ્થા પ્રથમથીજ સારી થઈ હતી.

૩ આશ્વિન શુક્લા ૧૩ બુધવાર— આ દિવસે શ્રી--પ્રભુનો મુકામ [+]બિયાણાનો થયો હતો. અત્રે ગ્રામની નજીક એક પહાડની તળેટીમાં, ઉત્તમ રમણીય સ્થાન જોઈ, **શ્રીપ્રભુનો ડેરો** ચોકવામાં આવ્યો હતો. શ્રી--આનંદમાં બિરાજ્યા હતા.

૪ આશ્વિન શુક્લા ૧૪ ગુરૂવાર— આ દિવસે, શ્રીપ્રભુનો મુકામ **સુરેઠ**નો થયો હતો. **શ્રી--નો ડેરો** બગીચામાં ચોંકવામાં આવ્યો હતો. શ્રી--આનંદમાં બિરાજ્યા હતા; અને ભક્તજનોને દર્શનાનંદ સુખ આપ્યું હતું. આ ગ્રામ પણ ભરતપુર રાજ્યનુંજ હોવાથી વ્યવસ્થા સારી રાખવામાં આવી હતી.

૫ આશ્વિન શુક્લા ૧૫ શુક્રવાર— આ દિવસે પણ શ્રી પ્રભુનો મુકામ **સુરેઠ**નોજ રહ્યો હતો. શ્રી--નો **શરદોત્સવ** અત્રેજ આનંદપૂર્વક માનવામાં આવ્યો હતો. શ્રી--ના બિરાજવાથી અને વળી શરદોત્સવના અલૌકિક આનંદથી, બગીચાની શોભા પણ અત્યુત્તમ જણાતી હતી; દર્શનાનંદ ઉત્તમ પ્રાપ્ત થયો હતો.

૬ આશ્વિન કૃષ્ણા ૧ (વ્રજ કાર્ત્તિક કૃષ્ણા) શનિવાર— આ દિવસે, શ્રી--નો મુકામ [×]**હિંડોન**નો થયો હતો. રાજ્ય તરફથી, હાકિમ સાહેબ પ્રભૃતિ, શ્રીપ્રભુને પધરાવવા મંગલ ચિહ્નો સાથે સન્મુખ આવ્યા હતા. સારી ધામધૂમથી શ્રીપ્રભુને પધરાવી આનંદ પ્રાપ્ત કર્યો હતો.

[+] આ ગ્રામ ભરતપુર રાજ્યનું છે; અને બી. બી. સી. આઇનું (નાગદા મથુરા રેલ્વેનું) ભરતપુરથી કોટા જતાં બીજું સ્ટેશન છે.

[×] આ ગ્રામ જયપુર રાજ્યનું છે. વસ્તિ અને વેપાર ઠીક છે. જયપુર રાજ્યનો આ સારો ગણાતો તાલુકો છે. નાગદા મથુરા રેલ્વેનું ભરતપુરથી કોટા જતાં ચોથું સ્ટેશન છે. સ્ટેશનનું નામ હિંડોનસીટી છે.

૭ આશ્વિન કૃષ્ણા ૨ રવિવાર—આ દિવસે, શ્રીપ્રભુનો મુકામ **વજીરપુર**નો થયો હતો. શ્રીપ્રભુ આનંદમાં બિરાજ્યા હતા. આ ગ્રામ **કરોલી** રાજ્યનું હતું.

૮ આશ્વિન કૃષ્ણા ૩ સોમવાર—આ દિવસે, શ્રીપ્રભુનો મુકામ **ગંગાપુર***નો થયો હતો. શ્રી—ને પધરાવવા હાકિમ વિગેરે વાજતે ગાજતે ધામધૂમથી સામા આવ્યા હતા; અને ઉત્તમ પ્રકારે સરબરાહ કરી હતી. અત્રે શ્રી—આનંદમાં બિરાજ્યા હતા. હાકિમ પોતે પણ શ્રી—ની સેવામાં તત્પર રહ્યા હતા; અને પૂર્ણ ભક્તિભાવ પ્રદર્શિત કર્યો હતો. નગર નિવાસી જનો પણ શ્રી—દર્શનાર્થ આવ્યા હતા. હાકિમે દીનતાપૂર્વક સેવા કરવા માટે, શ્રીપ્રભુનું સ્વરૂપ પુષ્ટકરી પધરાવી આપવા વિનંતી કરવાથી, તેમને એક શ્રીપ્રભુનું સ્વરૂપ પુષ્ટ કરી પધરાવી આપવામાં આવ્યું હતું. આનંદ અત્યુત્તમ રહ્યો હતો.

૯ આશ્વિન કૃષ્ણા ૪ મંગલવાર—આ દિવસે, શ્રીપ્રભુનો મુકામ +**મલ્હારના**નો થયો હતો. શ્રીપ્રભુએ આનંદમાં બિરાજી સ્વકીયોને દર્શન લાભ આપ્યો હતો.

૧૦ આશ્વિન કૃષ્ણા ૫ બુધવાર—આ દિવસે શ્રી—નો મુકામ **સવાઇ માધવપુર**નો થયો હતો. રાજ્યતરફથી શ્રીપ્રભુના પધારવાના આનંદમાં જોઈતી તૈયારીઓ કરવામાં આવી હતી. શ્રી—આનંદમાં બિરાજ્યા હતા.

૧૧ આશ્વિન કૃષ્ણા ૬ ગુરૂવાર—આ દિવસે પણ, શ્રીપ્રભુ ×**સવાઈ માધવપુર** મુકામેજ બિરાજ્યા હતા.આનંદ સારો રહ્યો

---

* ગંગાપુર એક સારૂં શહેર જેવું ગ્રામ છે. વેપાર અને વસ્તિમાં ઉત્તમ છે. આ ગ્રામ ગ્વાલિયર રાજ્યનું છે. નાગદા મથુરા રેલ્વેનું ભરતપુરથી કોટા જતાં સાતમું સ્ટેશન છે.

+ આ ગ્રામ જયપુર રાજ્યનું છે અને નાગદા મથુરા રેલ્વેનું ભરતપુરથી કોટા જતાં નવમું સ્ટેશન છે.

× આ ગ્રામ જયપુર રાજ્યનું છે. વસ્તિ વેપાર ઠીક છે. નાગદા-

હતો. અત્રેથી પધારતાં વચમાં **બનાસ** નદી આવી હતી, કે જેમાં, જ્યારે શ્રી--નો રથ પધાર્યો ત્યારે જલ થોડું હોવા છતાં પણ, જાણે શ્રી--ના રથ ઉપર જલ ધસી આવતું હોય તેમ જણાતું હતું; અને તેથી શ્રી--ના રથની ગતિ બિલકુલ બંધ થઇ ગઈ હતી. અશ્વો પણ ઉભાજ થઇ ગયા હતા. અનેક પ્રયત્નો કરવા છતાં, શ્રી--નો રથ આગળ ચાલીજ શકયો નહોતો, કે જે વખતે, શ્રીપ્રભુની ઇચ્છા ઉપરજ આધાર રાખી રથ નદીમાં રહેવા દીધો હતો. પાંચ છ કલાક બાદ, એકદમ અશ્વો કોઈપણ પ્રકારની આગળ ચલાવવાની ચેષ્ટા વિનાજ, જાણે શ્રીપ્રભુની આજ્ઞા થઇ હોય, અથવા કંઇ નવું અલૌકિક બલ પ્રાપ્ત થયું હોય, તેમ પૂરજોશથી આપોઆપ ચાલવા લાગ્યા હતા; અને શ્રી--નો રથ પેલી તરફ પધાર્યો હતો. આથી સર્વે આશ્ચર્ય ચકિત થયેલા, પ્રસન્નમુખ માલમ પડતા હતા.

શ્રીપ્રભુને (શ્રીકૃષ્ણને) શ્રીમથુરાંથી શ્રીગોકુલ પધરાવતી વખતે બનેલા શ્રીયુમુનાજીમાંના બનાવની માફક, આ પણ અત્રે અદ્‌ભુત ભાન થયું હતું. **બનાસ નદી** શ્રીનાથદ્વારા પાસે પણ વહે છે, અને ત્યાં તેને **શ્રીયમુનાજીની ઉપમા** અપાય છે; કે જેથી શ્રીમન્મથુરાધીશ પ્રભુને પધારતાં, આ સ્થલે તેવું વિચિત્ર ભાન થવું એ કંઈ અયુક્ત નથીજ. **શ્રીનાથદ્વારા** પધારતી સમયે પણ, બનાસ નદી નિકટ એવો અદ્‌ભુત અનુભવ થયેલોજ હતો.

૧૨ આશ્વિન કૃષ્ણ ૭ શુક્રવાર—આ દિવસે, શ્રી--નો મુકામ ***ઇંદ્રગઢ**નો થયો હતો. રાજ્ય તરફથી સરબરાહ સારી થઈ હતી. શ્રી--આનંદમાં બિરાજ્યા હતા. અત્રેના (કોટા રાજ્યની જાગીરના જાગીદાર) **જમીનદારજી**. તથા ગ્રામનાં મનુ-

---

મથુરા રેલ્વેનું ભરતપુરથી કોટા જતા અગીઆરમું સ્ટેશન છે; તેમજ અત્રેથી જયપુર તરફ રેલ્વેની એક લાઇન જતી હોવાથી જંકશન પણ કહેવાય છે.

* નાગદા મથુરા રેલ્વેનું કોટાથી ભરતપુર જતાં ચોથું સ્ટેશન છે.

વ્યો વિગેરે મંડલ વાજીંત્રાદિની ધામધૂમથી, મંગલ ચિહ્નો સહિત શ્રી—ને પધરાવવા સામું આવ્યું હતું; અને ભક્તિભાવથી શ્રી—ની સેવામાં સર્વે તત્પર પણ રહ્યા હતા. શ્રી—ને ભેટ પણ યથાશક્તિ સારી કરી હતી. તેમના સપ્રેમ આગ્રહથીજ અત્રે શ્રીપ્રભુ બે મુકામ બિરાજ્યા હતા.

૧૩ આશ્વિન કૃષ્ણા ૮ શનિવાર—આ દિવસે પણ શ્રીપ્રભુ **ઇંદ્રગઢ** મુકામેજ બિરાજ્યા હતા. આનંદ અત્યુત્તમ રહ્યો હતો; કારણ કે જમીનદારજી પોતે બહુજ ભાવુક હતા.

૧૪ આશ્વિન કૃષ્ણા ૯ રવિવાર—આ દિવસે, શ્રીપ્રભુનો મુકામ +**કાપરણ**નો થયો હતો. શ્રી—અત્રે આનંદમાં બિરાજ્યા હતા. સરબરાહ રાજ્યતરફથી બહુજ સારી રીતે કરવામાં આવી હતી. શ્રીપ્રભુનો માર્ગનો આ છેલ્લો મુકામ હતો. અત્રેથી વિજય કરીને, શ્રીપ્રભુ **શ્રીકોટા** (નંદગ્રામ) બિરાજ્યા હતા.

શ્રીપ્રભુનું શ્રીકોટા* પહોચવું; અને નિજમંદિરમાં બિરાજવું.

શ્રીપ્રભુ માર્ગમાં જે જે સ્થલે બિરાજ્યા હતા, ત્યાં સર્વ પ્રકારે આનંદજ રહ્યો હતો. માર્ગ વ્યવસ્થા અને બીજી સઘવડ ઉત્તમ પ્રકારની થઈ હતી. સવારીનો તેમજ સેવાનો ક્રમ પૂર્વ પ્રમાણેજ હતો. શ્રીપ્રભુની આ વખતની માર્ગયાત્રા પોતાના નિજસ્થાન તરફ પાછા પધારવાની હોવાથી, એક પ્રકારે આનંદમાં વિશેષતા પણ જણાતી હતી. શ્રી—ના પ્રમેય બલથી અને કૃપાથી માર્ગયાત્રા નિર્વિઘ્નતાથી પૂર્ણ થઇ હતી. ઉપર પ્રમાણે

× આ ગ્રામ બુંદીરાજ્યનું છે. રાજ્યતરફથી ખગ્લા સાથે સર્વેનો સારો સત્કાર કરવામાં આવ્યો હતો. નાગદા મથુરા રેલ્વેનું કોટાથી ભરતપુર જતાં ત્રીજું સ્ટેશન છે.

*શ્રીકોટાનગર રાજપુતાનામાંનું એક મુખ્ય રાજ્યસ્થાન છે. આ રાજ્યના આગલા રાજાઓ પૂર્ણ ભક્તિવાળા, મહાનુભાવી, અને અનન્ય શ્રીપ્રભુના કૃપાપત્ર થએલા હતા; કે જેઓના વખતમાં મોટી મોટી જાગીરો શ્રીમદ્

માર્ગમાં **અગીઆર** સ્થલે બિરાજીને, **પંદર દિવસની માર્ગયાત્રા** નિમિત્તે, અનેક જીવોને વિવિધ પ્રકારના આનંદનું દાન કરતા, **શ્રીપ્રભુ આશ્વિન કૃષ્ણૈકાદશી સોમવારને દિવસે, શ્રીગિરિરાજથી શ્રીકોટા** પહોંચી ગયા હતા. સોમવારને દિવસે પ્રાતઃકાલના દશ વાગે, ઉત્તમ શુભમુહુર્ત્તમાં અનેક મંગલ ચિહ્નોથી શોભતો, ભગવદીય જનોના ઘોષ સાથે આનંદ દર્શાવતો, **શ્રીપ્રભુનો રથ**, મંદિર આગળ આવી પહોચ્યો હતો; અને **મંગલ ક્રિયાઓ** થઈ હતી. તદનંતર શ્રીપ્રભુને વાજતે ગાજતે ધામાધૂમથી મંદિરમાં પધરાવવામાં આવ્ય હતા; અને ત્યાં પોતાના નિજમંદિરમાં, શ્રીપ્રભુએ મધ્યાહ્ન સમયે **મંગલાનાં મંગલ દર્શન** આપી, **શ્રીમાન્ કોટાનરેશ** તથા કોટાનિવાસી ભગવદ્ ભક્તોનો ઘણા દિવસના (એક વર્ષના) વિયોગથી થયેલો તાપ દૂર કર્યો હતો.

શ્રીપ્રભુના પધારવાથી થયેલો આનંદ.

આજે પુનઃ શ્રીપ્રભુના પધારવાથી શ્રી કોટા શહેર, અત્યુત્તમ શોભાવાળું રમણીય દેખાતું હતું. મંદિરમાં સ્થલે સ્થલે, ભગવદ્ ભક્ત જનોનાં ટોળાં, અનેક પ્રકારના શ્રીમન્મથુરાધીશ પ્રભુના ગુણનું ગાન કરતાં આનંદ મગ્ન જણાતાં હતાં, ધ્વજા

ગોવર્ધનધરપ્રભુ અને શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુ તેમજ અન્ય તેવેજ સ્થલે ભેટ થયેલી હતી, કે જે અદ્યાપિપર્યંત ચાલતી રહી છે. શ્રીમન્મથુરાધીશ્વરપ્રભુનું અત્રે બિરાજવું, એ પણ આ રાજ્યના રાજાઓની ભક્તિભાવનાનુંજ પ્રત્યક્ષ પ્રમાણ છે. વૃદ્ધોના મુખથી શ્રવણ કરવામાં આવેલું છે કે, કોઇએક આ રાજ્યના આગલા રાજા એવા પરમભગવદીય થયા હતા, કે જેમને પ્રભુ સંબંધ થવાની સાથેજ સર્વસ્વ વિનિયોગનો શુદ્ધભાવ શીઘ્ર ઉત્પન્ન થતાં, તેમણે શ્રીગોવર્ધનનાથજીને સર્વસ્વ સમર્પણ કરેલું હતું. હાલમાં પણ શ્રીનાથજીનો મોટો ભંડાર જાગીરપ્રભૃતિની વ્યવસ્થા અને બીજા કામકાજ માટે અત્રે રાખવામાં આવેલો છે; તેતજ શ્રીવિઠ્ઠલેશપ્રભુનો ભંડાર (હવેલી) પણ છે.

પતાકા, તોરણોથી, સ્થલે સ્થલે આનંદ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. **શ્રીમાન્ કોટાનરેશ** પણ આજ આનંદ મગ્ન જણાતા હતા. **શ્રીપ્રભુને પધારવા,** પ્રથમથીજ ત્રણ ગાઉ દૂર **ચોકી સુધી** ધામધૂમથી આમાત્ય વર્ગ અને નગારા, નિશાન વિગેરે રાજ્ય ચિહ્નોથી શોભિત સવારીના ઠાઠ સાથે, વાજીત્રોની ધ્વનિથી મંગલ મનાવતા સામા ગયા હતા; અને પ્રભુને પુનઃ કોટામાં પધારેલા જોઈ પોતાનું અહોભાગ્ય માન્યું હતું. શ્રીપ્રભુની તેમજ આચાર્ય વર્ય પ્રભુ શ્રીરણછોડલાલજી મહારાજની સપ્રેમ વિનય પૂર્વક કરેલી સેવા ભક્તિના ફલરૂપ, **ઉત્તમ પુત્રરત્નની** પ્રાપ્તિ પણ **શ્રીમાન્ કોટાનરેશને** આ અરસામાંજ થઇ હતી; કે જેથી આનંદમાં અભિવૃદ્ધિ થઇ હતી. આ શ્રીપ્રભુ કૃપાનું તથા શ્રીગુરૂદેવના આશીર્વાદનુંજ ચિહ્ન હતું

શ્રીપ્રભુના પધારવાની મંગલ ખબર મળવાની સાથેજ, કોટામાં ભગવદ્ ભક્તોએ ઘેર ઘેર આનંદ માનવો શરૂ કર્યો હતો. દરેક પ્રથમથીજ શ્રીપ્રભુના પધારવાના માર્ગમાં આતુર ચિત્તે ઉભા થઇ રહ્યા હતા. જે વખતે શ્રીપ્રભુનો રથ પધાર્યો, તે વખતે ચોતરફથી જયઘોષો શરૂ થયા હતા; અને શ્રી—ના

અત્રેના હાલના રાજા **મહારાવજી શ્રીઉમેદસિંહજી** પણ, સદ્ગુણ-સંપન્ન, ધર્મિષ્ઠ અને શ્રદ્ધાલુ છે. રાજ્યના મુખ્ય કારભારી ચતુર્વેદીજી(ચોબેજી) અને અન્ય પ્રભૃતિ પણ સદ્ગુણી અને સદ્ધર્મપરાયણ છે.

શહેર સુંદર રમણીય અને રાજધાનીની શોભાને યોગ્યજ છે. વસ્તિ અને વ્યાપાર ઠીક છે. દેશી સુતર અને કસબનું વણાટકામ, પાઘડીઓ, શેલાં, દુપટ્ટા, સાડીઓ, મંડીલ, ચોખાનાં વગેરેનું અત્રે સારૂં બને છે. રાજ્યમાર્ગો, બજાર, અને રાજ્યમહેલોની શોભાપણ સારી છે-

બી. બી. સી. આઈ. રેલ્વેની નાગદામથુરા (પંજાબમેલ લાઇન) લાઇનનું, નાગદાથી આગળ આ એક મોટું ગણાતું સ્ટેશન છે. બારાં કોટા બ્રાન્ચ લાઇન (જી. આઇ. પી. રેલવેની લાઇન) પણ અત્રે સુધી આવવાથી આ જંકશન પણ ગણાય છે. એક સ્ટેશન સીટીના નામથી અને બીજું સ્ટેશન જંકશનના નામથી પ્રસિદ્ધ છે આ દેશ હાડોતીના નામથી ઓળખાયછે.

રથ ઉપર સુગંધિત પુષ્પોની વૃષ્ટિ પણ ચોતરફથી થવા લાગી હતી. આગળ પાછળ આનંદથી ભક્તજનો દોડતા હતા. શ્રી મંડલ પણ આનંદથી મંગલગાન કરતું જણાતું હતું. રાજ્ય માર્ગ મંગલ ચિહ્નોથી સુશોભિત જણાતો હતો. શ્રી—નું મંદિર ભક્તજનોની ભીડથી ભરાયલું અદ્ભુત શોભાને દર્શાવતું હતું. આજે શ્રીકોટાનગરનો આનંદ અવર્ણનીય જેવો જણાતો હતો. **સર્વને એક સરખો આનંદ, એ શ્રીપ્રભુના ઐશ્વર્યનો જ અદ્ભુત પ્રતાપ.** શ્રીપ્રભુ સાક્ષાત્ આનંદનિધિ પ્રત્યેક્ષ પાછા પધારેલા હોવાથી નગરની સોભામાં પણ વિશેષતાજ ગણાઈ હતી; અને લોક પ્રસિદ્ધ શ્રીકોટાનું બીજું નામ શ્રીનંદગ્રામ "યથાનામ તથા ગુણ" ની કહેવત પ્રમાણે પૃથ્વિ ઉપર અધિક શોભાને પ્રાપ્ત કરનારૂં પણ પૂર્વની પ્રમાણેજ પુનઃ થયું હતું.

શ્રીપ્રભુ, પોતાની નિજેચ્છાથી **શ્રીમદ્ ગોસ્વામી શ્રી રણછોડલાલજી મહારાજશ્રીના મનોરથને સિદ્ધ કરવા** અનેક દૈવી જનોને દર્શનાનંદદ્વારા કૃતાર્થ કરતા, શ્રીજીદ્વાર, શ્રીકાંકરોલી, શ્રીગોકુલ, શ્રીમથુરાંજી, પોતાનું પ્રાકટ્ય સ્થલ કર્નાવલ, શ્રીગિરિરાજ, અને અન્ય શ્રીવ્રજમંડલનાં કેટલાંએક સ્થલ પ્રભૃતિ સ્થાનોમાં પધારવાના નિમિત્તે, માર્ગમાંનાં પણ ઘણાંએક સ્થલોને (દેશને) પવિત્ર કરતા **એક વર્ષની મંગલ યાત્રા** પૂર્ણ કરીને, લગભગ ઘણાં વર્ષથી જે સ્થલે બિરાજે છે તે સ્થલેજ **(શ્રીકોટામાં)** પુનઃ પોતાના **નિજમંદિરમાં આનંદપૂર્વક** બિરાજમાન થયા હતા; કે જેથી સર્વને આનંદજ પ્રાપ્ત થયો હતો.

આનંદ ! આનંદ ! આનંદ !

“ स्वाचार्यहृदयस्थायिलीलाशतयुत प्रभो !

सर्वथा शरणं याते

मयि दीने कृपां कुरु ॥ ”

शुभमित्यलम्.

समाप्त.

॥ श्रीकृष्णार्पणमस्तु ॥

"He is the best **Orator** who, in speaking, instructs, delights and animates the minds of his hearers." (CICERO.)

THE "ORATOR."

BY

DR. SHUKLE R. M.

A book full of profound wisdom, and instructions on oratory. It teaches the art of making impressive and instructive speeches. Indispensable for the aspiring orator. Most useful for public life. An important aid to the platform. An analytical treatment of the different branches of oratory in Gujarati. The subject is thoroughly thrashed out.

Price Rs. 2 only.

Few copies in Stock.

Write soon to :—

SHUKLE BROTHERS.

Bombay. No 2.

" વક્તા. "

તમે મૂગાછો ? તમારે વિદ્વાન્ વક્તા થવું છે ? થવું હોય તો ડૉ૦ શુકલના " વક્તા " ને ખરીદો અને અભ્યાસ કરો.

તમારે **સિસેરો, ડેમોસ્થિનિસ,** કે બર્કના જેવા જગવિખ્યાત ભાષણ કરનાર થવું છે ? થવું હોય તો ડૉ૦ શુકલના " **વક્તા** "નું શ્રવણ, પઠન, અને મનન રાત્રિ દિવસ કરો.

ભવિષ્ય સુધારવામાં વકતૃત્વ એ એક ઉત્તમ સાધન છે; જેથી તાકીદ કરો, અને ડૉ૦ શુકલનું " **વક્તા** " નામનું પુસ્તક તમારી લાઇબ્રેરીમાં લઈ લો. કિ૦ રૂ૦ ૨

લખો:—**શુકલ બ્રધર્સ.**

મુંબાઈ નં૦ ૨.